કુમાર

વર્ષ બાવનમું
અંક બીજો
ફેબ્રુઆરી
૧૯૭૫
સળંગ અંક
૬૧૪

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · તંત્રી: બચુભાઈ રાવત

સંસ્થાપક · રવિશંકર રાવળ

રોજગારીનો આરંભ · ફોટો : ગિરીશ પરીખ (જુઓ આ અંકની 'કલાવાર્તા')



('કુમાર' અંક ૬૨૪ · ફેબ્રુઆરી ૧૯૭૫)

કુમાર

ફેબ્રુઆરી ૧૯૬૫ • અંક ૬૧૪

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

ગાંધી યુગમાં રાષ્ટ્રના સાંસ્કૃતિક જાગરણ-યજ્ઞમાં પત્રકારિતાના માધ્યમથી 'કુમાર'ની દીપધ્વજા લઇને, ગુર્જરીની ગૃહકુંજોને પ્રાણ, પ્રેરણા અને પુરુષાર્થનાં જયગીતોથી જગવનાર, માધુર્ય અને માંગલ્યની જ્યોતિ પ્રગટાવનાર, સંસ્કાર-સમૃદ્ધિ માટે સમર્પણની અદ્‌ભુત ગાથા રચનાર, ગુજરાતના તપસ્વી જ્યોતિર્ધર શ્રી બચુભાઈ રાવતને ભારત સરકારે પદ્મશ્રીની પદવી વડે સમાદૃત કર્યા છે તે પ્રસંગે નમ્ર માનાંજલિ :

दीपध्वजां कुमारस्य
दिगन्ते दीपयन् मुदा।
होता संस्कृति-यज्ञस्य
रावतः सुमहीयते॥

तारुण्य-संस्कृतेः वीणां
वादयन् दृष्टिवान् कृती।
गुर्जर्याः गौरवं गायन्
विन्दतां विमलं यशः॥

रम्ये कुमार-मन्दिरे
कल्पयन् पुण्यं सारस्वतं सत्रम्।
पद्मश्री-महितो वै
जयतितरां तापसो रावतः॥

नेपथ्यस्य निकुंजे-
मंजु गुंजन् हे चंचरीक-चुंचुः।
अभिनन्दति मे चित्तम्
पद्मश्री-सुभगं सुबन्धुम्॥

प्रज्ञा-शीलवतां प्रयोग-सरणी
लोकाय वै कल्पताम्।
मव्या संस्कृति-साधना विजयते
राष्ट्रस्य पुण्योदयः॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

ઉપેક્ષા અને આત્મસંતોષ

અંક ૬૧૨માં પૂનાથી વાલજીભાઇએ લખ્યું તે પરથી આ લખવા પ્રેરાયો છું. છેલ્લા ઘણાક સમયથી શ્રી નરોત્તમ પલાણ પોતાની ચકોર નજર ફેરવતા રહી વિદ્વાનોની પણ જે ક્ષતિ-પૂર્તિ કરતા રહે છે તે જોઈ એમની દરેક ક્ષેત્રે પહોંચતી નજર અને જ્યાં કહેવા જેવું લાગે ત્યાં તરત ફોડ પાડીને વાત કરવાની તત્પરતા માટે જરૂર માન ઊપજે.

આપણામાંના કંઈક 'જાણનારા' લોકોને અબોલ રહી બધું જોયા કરવાની રીત કોઠે પડી ગઈ છે; એટલે ઘણું બધું વાંચતા હોય, અધૂરપને ઓળખતા હોય છતાં પણ શાંત રહેવું જ ગમતું હશે. આમાં ઘણાં પરિબળો અદમ્ય રહીને કામ કરતાં હોય. કોઇને ટીકા ગમે-નગમેનો ડર, 'આપણે શું?'-એવી ઉપેક્ષા, સૌ સારાં વાનાં થઈ રહેશે એવી અસ્પષ્ટ શ્રદ્ધા, છે તેનાથી સંતુષ્ટ રહેવાની વૃત્તિ... આવાં અનેક કારણે અબોલ રહેતા મિત્રોએ એમની નકારાત્મક વૃત્તિથી આપણને ઘણું મળતું અટકાવ્યું હશેને?

હું તો ઈચ્છું કે જેને પણ આવું દેખાય તે પોતાના સંતોષની કોટડી છોડીને સૌની વચ્ચે આવે, પોતાની વાત કહે. 'કુમાર' અને 'નવનીત'ના પત્રવિભાગો પહેલા વાંચવાનું મન થાય છે તે આ જ કારણે. જીવંત રસ લઈ ચર્ચા કરવાનું વલણ બીજા સ્વતંત્ર લેખો જેટલા જ આ વિભાગોને આકર્ષક બનાવી રહ્યા છે. અને છેલ્લે આવી પત્રચર્ચામાં તંત્રીના પોતાના મતનું જ સંવર્ધન થતું રહેવાને બદલે તમારા મતથી જુદા મતને પણ પ્રગટ કરવાની જે ઉદારતા દાખવો છો તે બદલ અભિનંદન, બલ્કે એવી તટસ્થતાને કારણે જે ચર્ચા આટલી સમૃદ્ધ બને છે તે પોતે જ અભિનંદનીય છે.

(વડતાલ) —રાજેન્દ્રસિંહ જાડેજા

સોલંકી સંવત-૧

અંક ૬૧૨માં શ્રી પ્રભાશંકર ડી. પંડયાએ નોંધ્યું છે કે અંક ૬૦૦માંના મારા લેખમાં 'સોલંકી સંવત'નો ઉલ્લેખ નથી.

વાત ખરી છે. પણ તેનું કારણ એ છે કે સોલંકી સંવત જેવો કોઈ સંવત છે જ નહિ.

શ્રી પંડયાએ પોતાના વિધાનના સમર્થનમાં જે આધાર આપ્યો છે તે ભીમદેવના સં. ૯૩ના તામ્રપત્રનો છે. એમાં સંવતનું નામ આપ્યું નથી. આ તામ્રપત્ર કચ્છને લગતું છે. 'કચ્છ દેશના ઇતિહાસ'માં ૧૮૭૬માં એ પ્રસિદ્ધ થયું ત્યારે આ વર્ષ ક્યા સંવતનું હશે એ સ્પષ્ટ નહોતું. ભીમદેવ સોલંકી વંશનો હોવાથી એને સોલંકી શકનું અર્થાત્ સોલંકી સંવતનું માનવામાં આવેલું. પરંતુ આ સંવતના અસ્તિત્વ વિષે કોઈ પ્રમાણ મળ્યું નથી.

બીજે વર્ષે ડૉ. બ્યુલરે 'ઇન્ડિયન ઍન્ટિક્વેરી'ના પુ. ૬માં સોલંકી રાજાઓની વંશાવળી આપી ત્યારે આ વર્ષને (૧૦)૯૩ ગણી ભીમદેવ ૧લાનું જણાવેલું. પરંતુ એ પછી બાર વર્ષે (૧૮૮૯)માં ફ્લીટ ઇ. ઍ.ના પુ. ૧૮માં એ તામ્રપત્ર સંપાદિત કર્યું ત્યારે એ તેમના ખયાલમાં નહોતું ને એમણે એ વર્ષને સિંહ સંવતનું માની ભીમદેવ બીજાનું ગણેલું, પછી હુલ્શે ધ્યાન ખેંચ્યું કે દૂતક અને લેખકની વિગત પરથી આ તામ્રપત્ર તો ભીમદેવ ૧લાનું હોવાનું માલૂમ પડે છે. શ્રી ભારતીબહેન શેલતે 'ગુજરાતના સંવતો' વિષેના મહાનિબંધમાં બતાવ્યું છે તેમ ભીમદેવ ૧લાના વિ. સં. ૧૧૧૭ના દાનના પ્રતિગ્રહીતા ને વર્ષ ૯૩ના આ દાનના પ્રતિગ્રહીતા પણ એક જ છે ને શતકના અંક હાલની જેમ પહેલાં પણ ક્યારેક અધ્યાહાર રખાતા એવા બીજા કેટલાક દાખલા મળ્યા છે. પં. ગૌરીશંકર ઓઝા, શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી, ડૉ. સાંકળિયા, ડૉ. અ. કુ. મજુમદાર વગેરે સહુ વિદ્વાનોએ આ વર્ષને વિ. સં. (૧૦)૯૩ ગણ્યું છે. 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ'ના ખંડ ૨(૧૯૬૨)માં પણ આ અભિલેખ એ વર્ષનો ગણાયો છે. ઇતિહાસ-સંશોધનની અદ્યતન જાણકારી ધરાવતા સર્વ વિદ્વાનો આ વર્ષને વિક્રમસંવતનું જ ગણે છે.

સોલંકી સંવતના અસ્તિત્વ માટે કોઈ અન્ય અને અસંદિગ્ધ પુરાવો હોય, તો વિદ્વાનો જણાવે.

(અમદાવાદ) —હરિપ્રસાદ શાસ્ત્રી

૨

અંક ૬૧૨માં 'સોલંકી સંવત' અંગે દુધઈના શ્રી પ્રભાશંકર પંડયાએ અણહિલવાડ પાટણના મહારાજાધિરાજ શ્રી ભીમદેવ (બીજા)નો લેખ (ગુજરાતી ભાષાંતર) રજૂ કર્યો છે તે મૂળ લેખ સંસ્કૃતમાં છે, જે શ્રી રામસિંહજી રાઠોડના પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં પૃ. ૨૭૫ ઉપર છપાયો છે. તેમાં 'સોલંકી શક' એ શબ્દ જ નથી. તેની શરૂઆત 'ॐ राजावलीपूर्व्ववत् ॥ संवत ९३ चैत्र शुदी ११ रवौ' એ રીતે થાય છે. શ્રી રામસિંહજી રાઠોડ ટિપ્પણમાં લખે છે કે 'આ સંવત જો ચાલુ ચાલતા વર્ષ તરીકે સંવત ૯૩ એમ નિર્દેશાયું હોય તો ભીમદેવના રાજ્યકાળ દરમ્યાનનું સં. ૧૦૯૩નું વર્ષ સમજવાનું છે.' મને આ અર્થ ખરો લાગે છે. આ વર્ષ 'સોલંકી સંવત', કે શ્રી રામસિંહજી રાઠોડે 'સિંહ સંવત ૯૩' તરીકે પોતાના ઉપર્યુક્ત પુસ્તકમાં નોંધી તેનું ઉપર્યુક્ત ટિપ્પણ આપ્યું છે તે પ્રમાણે 'સિંહ સંવત' પણ નથી જ. કાઠિયાવાડથી બહાર સિંહ સંવતનો પ્રયોગ થયો નથી. તેમ શ્રી ભીમદેવ બીજાની વિ. સં. સાલ પણ તેથી બંધબેસતી થતી નથી.

(ભુજ) —કંચનપ્રસાદ છાયા

સારસ નહિ લોરડ અને પક્ષી-સંરક્ષણ-નિરીક્ષણ

અહીંના 'પ્રકૃતિ મંડળ'ના સભ્યો અને રસ ધરાવતા અન્ય મિત્રો લગભગ દર રવિવારે સવારે પક્ષી-નિરીક્ષણ માટે જઈએ છીએ અને પછી સાથે બેસી વન્ય જીવન અને તેના સંરક્ષણ અંગેના સમાચાર કે લેખોનું વાચન પણ કરીએ

છીએ. તે રીતે 'કુમાર'ના અંક ૬૧૦માં 'ગુજરાતનું અતિ સુંદર સારસ પક્ષી નાશ પામશે?' એ શીર્ષક હેઠળ(પૃ.૩૪૫)નો ફકરો અમારા વાંચવામાં આવ્યો. તેમાં પક્ષીનું જે વર્ણન છે અને તે અંગે જે વિધાનો કરવામાં આવ્યાં છે તે સારસ (English Name: Sarus Crane; Scientific name Grus antigone) ને નહિ પરંતુ ઘોરડ (English name: Great Indian Bustard, Scientific name: Choriotis nigriceps) અંગેનાં છે.

ઘોરડ, જે સૌરાષ્ટ્રમાં ઘણાં સ્થળોએ સહેલાઈથી જોઇ શકાતું હતું અને પ્રજનન પણ કરતું હતું તે હવે ભાગ્યે જ નજરે ચડે છે.. માનવીની કહેવાતી 'પ્રગતિ'ના નેજા હેઠળ પશુ-પંખીઓના વસવાટક્ષમ વિસ્તારોનો સતત નાશ થતો આવ્યો છે અને થઈ રહ્યો છે. આજથી ૨૦ વર્ષ પહેલાં જે સ્થળે જે જાતનાં પંખીઓ હજારો કે સૈંકડોની સંખ્યામાં દેખાતાં, ત્યાં હવે ગણ્યાં-ગાંઠ્યાં જ દેખાય છે. અમેરિકા જેવા અતિ–પ્રગતિ કરી ચૂકેલા દેશમાં એ વાત અંગે ઘણી જાગૃતિ આવી છે કે પ્રકૃતિ સાથે તાલ મિલાવીને જ માનવી અર્થપૂર્ણ પ્રગતિ કરી શકે. પ્રકૃતિના કોઈ પણ અંગને પહોંચાડવામાં આવતું નુકસાન માનવીના જીવનને કોઈ ને કોઈ રીતે પ્રતિકૂળ અસર પહોંચાડે જ છે. ઘોરડના સંરક્ષણ માટે ઉપયોગી સંશોધન કરવા એક અમેરિકન એક હજાર ડૉલરની રકમ ભેટ આપે તે આ હકીકત પ્રત્યે તેમની જાગૃતિનું ઉદાહરણ છે.

અહીં એક વાત લખવી અસ્થાને નહિ ગણાય. આપણા સમાજના બહુ મોટા ભાગને પક્ષી-સૃષ્ટિની વિવિધતાનો જરા ય ખયાલ નથી. ચકલી, કાગડા ને બગલા, કાબર, કોયલ, કબુતર ને હોલા સિવાયનાં પંખીઓના અસ્તિત્વનો જાણે તેમને કોઈ અંદાજ જ નથી. પક્ષીઓ જોવાં હોય તો નળ સરોવર જ જવું જોઈએ એવી એક માન્યતા બંધાઈ ગઈ છે. એટલે રાજકોટની આજુબાજુંનાં સ્થળો પૈકીના એક સ્થળે, અમારી સાથે પહેલી વાર પક્ષી-નિરીક્ષણ માટે આવનારને ત્રણ કલાકમાં ૨૫થી ૬૦ જાતનાં પક્ષીઓ બતાવીએ છીએ ત્યારે તેમને ઘણું આશ્ચર્ય અને તેટલો જ આનંદ થાય છે. અમારા સભ્યોની યાદીમાં રાજકોટની આસપાસના વિસ્તારમાં જ ૩૦૦ જાતનાં પંખીઓ જોવા મળ્યાંની નોંધ છે. ગુજરાતભરમાં ૪૭૦ જાતનાં પંખીઓ નોંધવામાં આવ્યાં છે. પક્ષી-નિરીક્ષણ એ એક નિર્દોષ આનંદ આપનાર અને પ્રકૃતિની સાથે સ્નેહનો સંબંધ જોડી આપનાર શોખ છે ને નાના-મોટા સૌને એ સંબંધ બાંધવામાં મદદરૂપ થવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

(રાજકોટ) —કિશોર કા. ગોહિલ

પદ્મશ્રી બનતા આ પત્રના તંત્રીને અભિનંદતો કુમાર કાર્યાલય લિમિ.ના ડિરેક્ટર-બોર્ડનો ઠરાવ

છેક ઈ. ૧૯૨૪માં 'કુમાર'ની સ્થાપના થઈ ત્યારથી આજ પર્યંત પૂરાં એકાવન વર્ષથી તેની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાએલા તંત્રી શ્રી બચુભાઈ રાવતને 'કુમાર' દ્વારા તેમણે કરેલી અવિરત અને એકનિષ્ઠ સંસ્કારસેવા માટે ભારત સરકારે આ વર્ષના પ્રજાસત્તાક પર્વદિને 'પદ્મશ્રી' એનાયત કરી એક અધિકારી પુરુષનું બહુમાન કર્યું છે તે કુમાર કાર્યાલય લિમિટેડના ડિરેક્ટરોના બોર્ડને માટે ગૌરવ અને આનંદનો પ્રસંગ છે.

પ્રસિદ્ધિ ને પ્રલોભનોથી સદા ય પર રહી, તેમણે 'કુમાર'ના પૃષ્ઠેપૃષ્ઠે પોતાના અનુભવદગ્ધ અભિજાત વ્યક્તિત્વની નરવી ફોરમ મહેકતી રાખી ગુજરાતની યુવા પેઢીના જ્ઞાન-સંસ્કાર-સંવર્ધન અને ચારિત્ર્યઘડતરમાં અને તે દ્વારા રાષ્ટ્રના નવોત્થાનમાં જે સંગીન ફાળો આપ્યો છે તે ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં તો અચૂક અજોડ છે, પણ કદાચ ભારતના સામયિક-જગતમાં ય અદ્વિતીય ઘટના હશે. જ્ઞાન-વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનની વૈવિધ્યપૂર્ણ અને શ્રદ્ધેય સાહિત્ય-સામગ્રીથી એમણે ગુજરાતની પ્રજા ને પરિવારમાં પદ્મશ્રી સદાય પમરતી રાખી છે. 'કુમાર' દ્વારા એમણે પ્રજાની સંસ્કારલક્ષ્મી સંવર્ધવાનો જે અવિરત પુરુષાર્થ-યજ્ઞ ચલાવ્યો છે તે અમારી જેમ 'કુમાર'-પરિવાર, ગ્રાહકો, વાચકો, ચાહકો સૌને માટે મૂક રહીરહીને પણ મહાન સ્વપ્નને સિદ્ધ કરવાના અનુકરણીય ઉદાહરણરૂપ છે.

એમની નિખાલસ અને નિરાડંબરી સ્વભાવસંપત્તિ તથા વિનમ્ર વ્યક્તિત્વ-સુવાસે એમને અજાતશત્રુ બનાવ્યા છે. ગમે તેવી મુશ્કેલીનો સામનો કરી, અનેક આર્થિક ઊજળી તકોને સ્વેચ્છાએ જતી કરીને પણ એમણે સંતોષી જીવનવૃત્તિ ધારી આયુષ્યનો ખૂબ મોટો ગાળો 'કુમાર'ને સમર્પિત કર્યો છે. 'કુમાર' એ જ એમની લગની. એક ભક્તની રાહે એમણે 'કુમાર'ને આરાધ્યું છે. એને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવા એઓ સતત યત્નશીલ રહે છે. આજે ૭૭ વર્ષની પાકી ઉંમરે યે કોઈ પણ યુવાનને પ્રેરણા મળી રહે તેટલા અદમ્ય ઉત્સાહ અને ખમીરથી એઓ થનગનતા રહી 'કુમાર'નાં પૃષ્ઠો દ્વારા 'કુમાર'–યુવાન–આધેડ–વૃદ્ધ સૌ જનને પ્રત્યેક માસે નિરનિરાળીરીતે મળતા રહે છે.

'કુમાર'ની સુઘડ છપાઈ, આકર્ષક ને કલાત્મક ઉઠાવ ને વૈવિધ્યપૂર્ણ, મનનીય, સત્ત્વશીલ વાચનસામગ્રીની સતત સંભાળ રાખવાની સાથેસાથે એમણે વાચકોના રુચિઘડતરની ખેવના રાખવાનો સાચો સંપાદકધર્મ બજાવ્યો છે, તથા વિવિધ ક્ષેત્રની પાંગરતી પ્રતિભાને એક અચ્છા ઝવેરીની જેમ નાણી લઈ 'કુમાર' દ્વારા પ્રેરી–પોષી છે. નેપથ્ય-(એમના નિવાસસ્થાનનું એ કેટલું સાર્થ નામ!)માં રહી એમણે ગુજરાતી સમાજના સંસ્કાર-તખતા પર અપૂર્વ પ્રદાન કરેલું છે.

ભારત સરકારે સામે ચાલીને એમની પ્રતિભાને બિરદાવી છે તે પ્રસંગે, એમની સૂઝપૂર્વકની સંપાદનદૃષ્ટિ નીચે 'કુમાર' ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન ચડતું રહે અને એ માટે એમને નિરામય ચિરાયુ પ્રભુ બક્ષે એવી અમારી શુભ કામના છે, જેમાં સહુ 'કુમાર'-ચાહકો પણ ભળશે જ એવી અમારી પ્રતીતિ છે.

ડિરેક્ટરોના બોર્ડ વતી
પ્રભુદાસ બાલુભાઈ પટવારી
અધ્યક્ષ

દયાનંદ-સ્મૃતિ

માત્ર ઔપચારિક પ્રશંસા માટે નથી લખતો પણ એકાવન વર્ષનાં વહાણાં બાદ પણ 'કુમાર' ખરેખર 'કુમાર' જ રહ્યું છે. એના પ્રત્યેક અંકની કોઈ ને કોઈ કૃતિ વિશેષતા દાખવતી હોય છે.

ઑક્ટો. '૭૪ના 'કુમાર'માં 'ક્રાંતિકથામાં ગુજરાત'માં શ્રી વિષ્ણુ પંડ્યા લિખિત 'સ્વામી દયાનંદ' અંગેનો નાનો શો લેખ અભ્યાસીઓ માટે મહત્ત્વની કડીઓ રજૂ કરી જાય છે.

સ્વામી દયાનંદ સ્થાપિત 'આર્યસમાજ' આ વર્ષે શતાબ્દી-વર્ષની ઉજવણી કરી રહ્યો છે. સ્વામી દયાનંદ ગુજરાતના ટંકારા ગામે જન્મ્યા હતા. તેઓ ગુજરાતી હોવા છતાં તેમના અંગેનું સાહિત્ય બહુધા હિન્દીમાં લખાએલું છે. પરિણામે ગુજરાતના આવીર સંન્યાસીનાં ઓજસ્વિતાભર્યા જીવનકવનથી ગુજરાતની પ્રજા હજી ય અજાણ રહી હોય તેમ જણાય છે. ખુદ ગુજરાત સરકાર તથા ભારત સરકાર પણ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના આ ક્રાંતિકારી સમાજ-સુધારક, કેળવણીકાર, ધર્મ-પ્રવર્તક, વેદોદ્ધારક,

રાષ્ટ્રભાષા હિન્દીના પ્રથમ પુરસ્કર્તા અને વીર સેનાની અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદજીના ગુરુવર્ય મહર્ષિ દયાનંદના રાષ્ટ્રપ્રેમના રંગે રંગાએલાં કાર્યોથી અજાણ હોય તેમ લાગે છે.

ભારત સરકારે સ્વામી દયાનંદજીના પટ્ટશિષ્ય સ્વામી શ્રદ્ધાનંદનું દિલ્હીના ચાંદની ચોકમાં વિશાળ સ્મારક ઊભું કર્યું છે. પરંતુ તેમના જ ગુરુવર્ય, રાષ્ટ્રીય અસ્મિતાના ઉદ્‌બોધક અને અંગ્રેજ સરકારે જે સંન્યાસી પર કડક ચાંપતો બંદોબસ્ત રાખ્યો હતો તે રાષ્ટ્રસપૂત મહર્ષિ દયાનંદનું સ્મારક ભારત સરકાર યા ગુજરાત સરકાર દ્વારા ક્યાંય નિર્માણ થયું છે ખરું કે?

આશાપૂર્ણ છું કે 'કુમાર' એ ગૌરવપ્રદ ગુજરાતી માસિક છે. તે બહોળો અને અસરકારક વાચકવર્ગ ધરાવે છે. વળી મેં પાંચેક વર્ષ પર તેના આદ્ય સ્થાપક ને ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકરના હસ્તે સ્વામી દયાનંદનો તૈયાર થતો પેઈન્ટિંગ–ફોટોગ્રાફ જોયો હતો તે 'આર્યસમાજ'ના શતાબ્દી વર્ષે 'કુમાર' પ્રગટ કરી ગુજરાતના કલાગુરુના હસ્તે ગુજરાતના રાષ્ટ્રસપૂત મહર્ષિજીને આ 'કાગળ કાપ'ના જમાનામાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી ધન્ય બની રહેશે।

(ગુરુકુલ સૂપા) —ઠાકોરભાઈ ર. મિસ્ત્રી

કરકસર : મંતવ્ય

કરકસર અંગે 'કુમાર'માં આવતાં સૂચનો એક રીતે કંઈક સામાન્ય કક્ષાનાં જણાય છે. 'સામાન્ય કક્ષાનાં' એટલા માટે કે આજકાલની ભાવસપાટીએ ટકવા માટે લગભગ બધાં જ સૂચનો ઘેરઘેર એક યા બીજી રીતે અપનાવાતાં હોય છે. બાંધી આવકમાં જીવવાની એ આપોઆપ અપનાવાઈ જતી ક્રિયા છે.

તો પ્રશ્ન એ થાય છે કે કરકસર એટલે શું? અને કરવી કોણે? એના જવાબ માટે કરકસરની વ્યાખ્યા કંઈક વિસ્તૃત હોવી જોઈએ. કુટુંબ સાથે કરકસર સાંકળવાનો જમાનો ગયો. સામાન્ય સમાજના જીવનધોરણ ઉપર જેની અસર પડે તે કરકસર, તેવી વ્યાખ્યા વિચારીએ તો?

આ વ્યાખ્યાના સમર્થનમાં અનેક દાખલા ટાંકી શકાય અને અનેક વાચકો પણ આપમેળે વિચારી શકશે. ફક્ત પોષાઈ શકે છે માટે ખરચ કરવો, અથવા કરકસર કરવી નહિ એવી વૃત્તિ દૂર કરવામાં આવે તેને કરકસર કહી શકાય.

આ દૃષ્ટિથી આ વ્યાખ્યાની મૂલવણી કરીએ તો ખાસ કરીને શ્રીમંતો, ઉદ્યોગો વગેરે કેટલા પ્રમાણમાં કરકસર કરી શકે, અને સામાજિક જીવનનાં કેટલાં પાસાં ઉપર તેની અસર પડી શકે તેનો ચિતાર આપવો તેના કરતાં વાચકો જ વિચારે તે કદાચ વધુ યોગ્ય રહેશે. પણ એ ક્યારે થઈ શકે? કરકસર એ એક મનની વૃત્તિ–approach of mind–છે, દલીલબાજી નથી,

એ જો સમજીએ તો માનું છું ઘણું બધું થઈ શકે.

(વલ્લભ વિદ્યાનગર) —એ. કે. દેસાઈ

હલ્લીસક નૃત્ય

૬૧૨મા અંકમાં 'હલ્લીસક નૃત્ય'ના ચિત્રમાં બે નૃત્ય-મંડળી છે. ડાબી તરફની નૃત્ય-મંડળીમાં બધાં પાત્રો ઊભાં છે અને તેનો પ્રકાર રાસને મળતો છે, ત્યારે જમણી તરફની નૃત્ય-મંડળીમાં આખો પ્રકાર ભજન મંડળી જેવો છે. બેઠાબેઠા મુખ્ય પાત્ર ગીત ગાય છે સાથે ઢોલકનો સાથ આપનારી સ્ત્રી પણ બેઠેલી છે.

બંને ચિત્રો ધાર્મિક ભાવ રજૂ કરે છે. ડાબી તરફનું ચિત્ર રાસમંડળનું, અને જમણી તરફનું ચિત્ર કીર્તનભક્તિનું છે. બાઘની ગુફાનું આ ચિત્ર આપીને 'કુમારે' ધાર્મિક ગીતોના બે ભાવોની પ્રાચીનતા કેટલા સૈકા જૂની છે તે રજૂ કરી છે.

(વિરમગામ) —નાથાલાલ મંડલી

નવેમ્બર અંક

નવેમ્બરના અંકમાં શ્રી વિલિયમ હેન્રી ચૅનિંગનું My Symphony ને તેની પાછળનો નાનો-શો ઇતિહાસ ખૂબ ગમ્યાં. એનું ગુજરાતીકરણ પણ સારું થયું છે. પરંતુ છેલ્લે, This is to be my symphonyને 'આ મારી સંવાદગીતિ હજો' એ મૂકવું વધુ યોગ્ય નથી? Symphonyને 'સંવેદકગીત' કહી શકાય?

શ્રી ભાનુપ્રસાદની કવિતા અને શ્રી નેમ મોતાની વાર્તા ગમ્યાં. જો કે, વાર્તાના અંત વિષે પહેલેથી જરા ખયાલ આવી જાય છે; છતાં અંતમાંની સંવેદનશીલતા ઘણી ચોટદાર, અસરકારક છે. વાર્તા ઘણી સરળ રીતે વહે છે. જો શ્રી મોતાએ યાદદાસ્તના જુદા જુદા સંવાદોમાં અનનુભૂત સંવેદનશીલતાનો એકાદ પ્રસંગ વણી લીધો હોત તો એ વધુ સુંદર થાત।

લઘુકથા અમૃત-વાટકી 'કુમાર'ને માટે છેક જ Sub-standard ગણાય. જીવનચરિત્રના લેખમાં શ્રી જોન્સ માટે ક્યારેક એકવચન અને ક્યારેક બહુવચનનો થતો ઉપયોગ ખટકે છે. ખરી રીતે તો બહુવચનનો (માનાર્થે) ઉપયોગ થવો ઘટે. 'વનફૂલ'ના સુંદર અનુવાદો માટે વાચકો સુકન્યાબહેનના ઋણી રહેશે.

(અમદાવાદ) —જગદીશ પરીખ

[લગભગ બધાં ચરિત્રોમાં જીવનનો ઉગમકાળ એકવચનમાં રજૂ થાય છે, એ આપે જોયું હશે.]

ઢંકાવટી

૬૧૦મા અંકના 'ઢંકાવટી'માંની કાવ્યકડી દરેક દીકરીએ વાંચવા જેવી છે. ઘરમાં મોટા અક્ષરે લખી ટાંગવા જેવી છે.

પાઉડરના ડબ્બાનું ઢાંકણ બનાવ્યું, પણ તેની એક ધાર વાગ્યા કરતી હતી—બરાબર કાપી છતાં તે પછી તેના ઉપર કયૂટીકયુરાની ઍડહેઝિવ ટેઈપ લગાડી દીધી ને સરસ થઈ ગયું.

(ત્રાલસા) —હીરાભાઈ ડી. પટેલ

ડિસેમ્બર અંકમાં 'આ માસ ઇતિહાસમાં' એ વિભાગમાં 'મુસલમાનોના દમનના ભયથી ધર્મરક્ષા માટે કેટલાક જરથોસ્તીઓ વતન છોડી ઈ.૭૧૫ની ૬ઠ્ઠી ડિસેમ્બરે હિંદમાં સંજાણ બંદરે ઊતર્યા' એમ નોંધ્યું છે. પારસીઓ સંજાણ બંદરે ક્યારે આવ્યા તેની એક પ્રાચીન નોંધ જળવાએલી છે તેમાં સંવત ૭૭૨ દર્શાવ્યું છે. તે પ્રમાણે ઈ. ૭૧૬માં સંજાણ બંદરે પારસીઓ આવેલા. પારસીઓ ઈરાનથી સીધા સંજાણ બંદરે નહિ પણ દીવ (દ્વીપ) ૧૯ વર્ષ રહીને સંજાણ આવેલા. આમ ભારતમાં તેઓ પ્રથમ દીવ-(દ્વીપ)માં ઊતર્યા હતા એ અતિ નોંધપાત્ર છે. ત્યાં કોઈક ભયંકર મુસીબત આવી હોવી જોઈએ, તેથી દીવ (દ્વીપ)થી સ્થળાંતર કરવાની ફરજ પડી હોય। જૂની જળવાએલી નોંધમાં સંવત ૭૭૨ સાથે 'શ્રાવણ માસ'ની નોંધ પણ મળી આવે છે તે દર્શાવે છે કે પારસીઓ ડિસેમ્બર માસમાં સંજાણ નથી આવેલા. આમ ડિસેમ્બર માસમાં પારસીઓ સંજાણ બંદરે સીધા ઈરાનથી આવીને ઊતર્યા હતા તે હકીકત સત્યથી વેગળી છે. છતાં ગુજરાતના ઇતિહાસકારો આ પર સવિશેષ પ્રકાશ પાડી શકે।

(વિરમગામ) —પ્રફુલ્લ રાવલ

ઑગસ્ટના અંકમાં મારાં લખેલાં ત્રણ હાઈકુ પૈકી પહેલા હાઈકુની પંક્તિમાં છાપદોષ થયો લાગે છે. ખરી રીતે તે આમ છે:

વર્ષાએ સીંચી
ઠરે ધીકતી ધરા,
બળતી વીજ.

(ગાંધીનગર) —(કુ.) વીણા હ. શાહ

જુલાઈ અંકમાં કલાકાર વાસુદેવભાઈ તથા શ્રી ભાઈલાલભાઈ પટેલનો અભિપ્રાય વાંચ્યો. ચૌદ ભાષામાં પ્રકટ થતા 'રીડર્સ ડાઈજેસ્ટ' જેવા માસિકમાં પણ લખાણ અંગે વિભાગવાર પુરસ્કાર–પારિતોષિક અપાય છે અને તે અંગે જાહેરાત આવે છે. એ બાબત પરત્વે એમનું નમ્રતાપૂર્વક ધ્યાન ખેંચી શકું?

(સુરત) —(ડૉ.) નલિન મ. વૈદ્ય

બાળપણથી જ હું 'કુમાર' પ્રત્યે આકર્ષાયો હતો અને હજી પણ (૩૦ વર્ષ બાદ) 'કુમાર' એટલું જ ફ્રેશ લાગે છે બલ્કે ત્યારથી પણ કંઈક વધારે. ઉમર સાથે કોઈ યુવાન થતું હોય તો તે 'કુમાર' જ છે: આટલા સૌન્દર્ય અને સુઘડ સંચાલન માટે આપ સર્વેને અભિનંદન.

(મુંબાઈ) —વિજય પોરેચા



ઘોડદોડ (ફોટો • એ. એલ. સૈયદ) પાલનપુરના ભૂતપૂર્વ નવાબી રાજ્યના સમયમાં ત્યાંના જાગીરદારોમાં યોજાતી ઘોડદોડની સ્પર્ધાનો આ ફોટોગ્રાફ સાદા બૉક્સ કૅમેરાથી લીધેલો છે. આવા ફિક્સ્ડ ફોકસ કૅમેરામાં અમુક અંતર પછીની બધી જ વિગતો ફોકસમાં રહે છે. અમુક રીતે આ એક મર્યાદા છે, પણ ફોટોગ્રાફરે અહીં એનો લાભ લીધો છે. ચિત્રમાં ઘોડા સામેથી દોડતા આવતા હોઈ એમની ગતિ ચિત્રમાં એની છાપને રોળી નાખતી નથી. વળી, ઘોડાના દાબડાથી ઊડતી ખેપટ પર સામી બાજુથી પડતા પ્રકાશને કારણે ચિત્રમાં જે ધૂંધળાપણું રચાય છે એનાથી પશ્ચાદ્ભૂ અસ્પષ્ટ બની ઘોડાને વધુ ઉઠાવ મળે છે અને ચિત્રમાં ઊંડાણ રચાય છે. પ્રાપ્ય સાધનની મર્યાદાને સમજી લઈને એનો કૌશલપૂર્વક કરેલો ઉપયોગ આ ચિત્રને ઉમદા બનાવે છે.



પકડદાવ (ફોટો • ગિરીશ પરીખ) આ ચિત્રમાં પણ દોડતાં પાત્રોની ગતિ દર્શાવવાનો જ ખયાલ છે, પણ અહીં એને ઝડપવાની રીત જુદી છે. ફોટોગ્રાફીમાં એને પૅનિંગ (panning) કહે છે. એમાં ગતિમાન પાત્રના સાથે જે દિશામાં એ જતું હોય એ જ દિશામાં કૅમેરાને પણ ઘૂમતો રાખીને પાત્ર જ્યારે યોગ્ય સ્થાને આવે ત્યારે જ ચાંપ દાબી ચિત્ર ઝડપાય છે. પરંતુ આ વખતે પણ કૅમેરા તો ઘૂમતો જ રખાય છે- પરિણામે પાત્ર સ્પષ્ટ તથા તેની આંગળ પાછળની વિગતોની છાપ (કૅમેરા ઘૂમતો રહેવાથી) અસ્પષ્ટ અને રેલાઈ ગયેલી આવે છે. કૅમેરા હલી જવાથી બગડેલા ચિત્રોમાં પણ આવી જ છાપ પડે છે, પણ પેનિંગમાં મુખ્ય પાત્ર લગભગ સ્પષ્ટ રહી ચિત્રમાં ગતિનો ખયાલ ઊપસે છે.



ગાડામાર્ગના પ્રવાસી · ચિત્રકાર: ના. શ્રી. બેન્દ્રે (બ્લૉકો: કલાકારના સૌજન્યથી)

વિસ્તૃત પ્રવાસ દ્વારા નીરખેલા વૈવિધ્યપ્રચુર કલાસૌંદર્યની ચિત્રનોંધો એ કોઈ પણ કલાકારની મહામોલી મિરાત છે. આવી હજારો ચિત્રનોંધો કરી કરીને કલાકાર બેન્દ્રેએ પોતાની કલાસમૃદ્ધિ અને કલાસિદ્ધિ વિકસાવી છે. એની પ્રતીતિરૂપ આ બે કૃતિઓ છે. એકમાં નિર્જન વગડામાંથી પસાર થતું ગાડું અને તેમાં બેઠેલી સ્ત્રીઓ ચિત્રમાં પ્રાણ પૂરવા સાથે રંગસૌંદર્ય ઉમેરે છે તો બીજામાં નિરાંતે બેઠેલી ભેંસો પ્રાણ પૂરે છે. એકમાં વળાંક લેતો ગાડાચીલો ને બીજામાં દૂર દેખાતી ઝાડી ચિત્રને ઊંડાણ આપે છે. વિગતો ભરીને નહિ, પણ ખાલી રાખેલા ચિત્રવિસ્તાર વડે એમણે તપતા બપોરના પ્રભાવને સુંદર રીતે રજૂ કર્યો છે.

(શ્રી બેન્દ્રેના વિચારો માટે જુઓ આ અંકમાં 'મારી માન્યતા')

કાઠિયાવાડી ભેંસો · ચિત્રકાર: ના. શ્રી. બેન્દ્રે



ભાનુપ્રસાદ ત્રિવેદી / અમારો વાંક

• ગાન •

વનમાં ગ્હેકયા મોર — અમારો વાંક!
આંબે લ્હેકયા મ્હોર — અમારો વાંક!

ટહુકો વાવ્યો નેણ, નેણમાં ઝૂકયાં વન ઘેઘૂર,
લીલનું લીલમ ઘેન, ઘેનની છોળ અડી ચકચૂર;
વાગ્યા પોયણિયાના ન્હોર... અમારો વાંક!

ભર્યા તૃણોના ઘૂંટ, રોમમાં છકયો માટીનો છાક,
ઘટ ઘ્રાણની લૂંટ, હવાનો ચસચસ ચૂસ્યો થાક;
અમે તો પમર્યાં આઠે પ્હોર... અમારો વાંક!

ડણકયા ડુંગરઢાળ, આભલે ફૂટયા કણકણ સ્વેદ,
રગમાં વગડા-ફાળ, ટેરવે વેત્ર વાયુના છેદ;
બ્હેકયા ચાંદલિયાના થોર... અમારો વાંક!

મનોહર ત્રિવેદી / ઝૂમવા લાગી

• ગઝલ •

શિશિરના પગરવે લો સ્તબ્ધતાઓ ઝૂમવા લાગી,
ફૂલોને 'આવજો' કહી રિક્તતાઓ ઝૂમવા લાગી.

પણે વગડામાં સૂકાં પર્ણની સીટી વગાડીને—
ચડી વૃક્ષોની ડાળો પર ખિઝાંઓ ઝૂમવા લાગી.

છલોછલ ઓસનો આસવ પીધો છે રાતભર એણે,
સવારે ઘાસની આંખે દિશાઓ ઝૂમવા લાગી.

તિમિરની મ્હેક લઈને સાંજ પણ આવી ઘરે મારે,
તમારી યાદથી ત્યારે વ્યથાઓ ઝૂમવા લાગી.

ત્વચા ઉપર ઊગેલા સ્પર્શને ખેઠી વસન્તો ત્યાં
ટહુકયું લોહી ને ધમની-શિરાઓ ઝૂમવા લાગી.

શિલ્પિન્ થાનકી / ક્ષણ-બોધ

• ગઝલ •

એક પળ પડતાં મૂકો સૌ આવરણ,
શુદ્ધતમ બનશે સકળ વાતાવરણ.

મૂર્તિ નિર્મિત હોય છે હર પથ્થરે,
છે અપેક્ષિત માત્ર કોર્તક ઉપકરણ.

દિવ્ય-જીવન-પન્થ આમન્ત્રે સતત,
આપણે જો માંડીએ કેવળ ચરણ.

ખંડનાત્મક છો બધી પ્રવૃત્તિઓ,
ઊર્ધ્વચેતસ્ આવશે ઇતિહાસ-ક્ષણ.

શાખ વચમાં / ભાનુપ્રસાદ પંડયા

• શિખરિણી •

'ચલો ભૈ માળાના, ઝટ ઊપડીએ; આ તણખલાં
હગારે લીંપેલાં મલિન, વળી ત્રોફાય થૂંળ શી
અહીં પીછે પીછે બરછટ સળીઓ, તસુ નથી
ખસાતું આ ખોબા સરીખડી જગામાં; હચમચી
રહેતી ડાળી પે પડું પડું થતો નીડ તજીને
હવે લૈએ તોળી સમીર, ફરી પાછાં લઘુ તરુ
પરે આવી રહેવું કદી ય ખગને લાજિમ નહિ
શ્વસંતા થૈને બે થનગન થતી પાંખ વચમાં.'

'ખમી જા, પંખાળા! ઘડી નીરખવા દે; અહીં મને
પરોવેલાં ભાસે સહુ તણખલે ઊલટભર્યાં
પરોઢો, સંધ્યાઓ, કંઈક દિવસો; ને ચણ ભૂલી
વિણાએલી આ સૌ સળી ઉપર સેવાઈ રહેલું
હુંફાતી આશાનું; પ્રથમ શ્વસવું, કૂંપળ સમું
પછી આ પાંખોનું ફૂટવું—બધું આ શાખ વચમાં'

રહ્યો! / 'ચાતક'

• ગઝલ •

જિંદગીથી કેમ હું ડરતો રહ્યો?
મોતને તો માથે લૈ ફરતો રહ્યો!

હું ન'તો—એ મારો પડછાયો હતો;
એ જ ઓસરતો ને વિસ્તરતો રહ્યો.

મૌનના જેવી મધુરતા ના મળી,
વૈખરીને વ્યર્થ કરગરતો રહ્યો.

મોતને શણગારવાના સ્વપ્નમાં
જિંદગીનું હું કફન કરતો રહ્યો.

કેમ કોઈ પણ મને સમજ્યું નહિ?
હું જ મુજને પ્રશ્ન એ કરતો રહ્યો!

ક્યાંક તો 'ચાતક' નિખાલસતા મળે!
હૈયે હૈયે ઢૂંઢતો ફરતો રહ્યો.

હાઇકુ

કોયલ બેઠી
ડાળીએ, ટહુકાઓ
વગડે ફરે.

ફિલિપ કલાર્ક

પ્રખર બુદ્ધિશાળી પ્રાચ્યવિદ્યાવિદ્, સંસ્કૃત સાહિત્ય અને ભારતીય ઇતિહાસના પથાન્વેષી મનીષી, ધાર્મિક દુરાચારો અને સામાજિક કુધારાઓના કટ્ટર વિરોધી સુધારક, શિક્ષણોદ્ધારક અને પરદુઃખકાતર ચિકિત્સક તથા રાષ્ટ્રીય અસ્મિતાના પ્રબોધકાલીન જાગ્રત પુરુષ રામકૃષ્ણ વિઠ્ઠલ લાડ

'જો મારા દેશમાં જ્ઞાન-વિજ્ઞાનની વૃદ્ધિ થાય અને દેશ એક બાબત યોગ્ય બને કે પોતાનું શાસન પોતે સાચવી શકે, તો મને ખાતરી છે કે ઈંગ્લૅન્ડ ભારતને સ્વાધીન બનાવીને પોતાના માથા પરથી શાસનનો ભાર ફેંકી દેવા માટે રાજી થશે. ત્યારે તેમને એ વાતનો સંતોષ થશે કે તેમણે ભારતીયોને જ્ઞાન-વિજ્ઞાન પ્રદાન કરીને દેશને પ્રભુતા-સંપન્ન સ્વતંત્ર દેશ બનાવ્યો છે.'

ભારતની આઝાદીનું સ્વપ્ન કંડારતા આ શબ્દો ઈ. ૧૮૫૭ના બળવા પછી બે જ વર્ષે બોલાએલા. ઈ. ૧૮૫૯માં અંગ્રેજ સરકારે વ્યાપાર અને ઉદ્યોગ પર એક આકરો કર નાખ્યો ત્યારે તેની વિરુદ્ધ એક ભાષણમાં પ્રસ્તુત શબ્દો ઉચ્ચારાએલા. એ ઉદ્‌ગારો કાઢનાર તે ડૉ. ભાઉ દાજી.

ઇ. ૧૮૨૨માં ગોવા અને સાવંતવાડીની સીમા પર આવેલા માંજરે નામક ગામમાં એક ગરીબ બ્રાહ્મણને ત્યાં પોતાના મોસાળમાં ભાઉ દાજીનો જ્યારે જન્મ થયો, ત્યારે પેશવાઈનો અસ્ત થઈ ચૂક્યો હતો અને મહારાષ્ટ્રમાં અંગ્રેજ અમલ શરૂ થઈ ગયો હતો. રાજકીય સંઘર્ષ આથમી ગયો હતો અને વૈચારિક તથા સાંસ્કૃતિક સંઘર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. આવા સંક્રાન્તિકાળમાં અંગ્રેજી શિક્ષણ પામેલા આંગ્લ વિદ્યા-વિભૂષિતોની પહેલી પેઢી મુંબાઈ, પૂના અને મદ્રાસ તરફ પાંગરી રહી હતી. તેના જ પ્રભાવથી અંગ્રેજ-પરસ્ત લોકોનો એક વર્ગ પશ્ચિમી સં-સ્કૃતિના ચળકાટથી અભિભૂત થવા લાગ્યો હતો, અને આત્મવિસ્મૃતિ-ના વમળમાં આપણી સામાજિક અને સાંસ્કૃતિક નૌકા ઝોકાં ખાઈ રહી હતી. એવા વિષમ કાળે આત્મગૌરવ અને સ્વાવલંબનનું હલેસું દૃઢતાથી પકડી પશ્ચિમી પવનને પોતા માટે અનુકૂળ બનાવી, પ્રજાજીવનની નૌકાને પ્રગતિને પંથે લઈ જનાર, વર્તમાન મુંબાઈ અને મહારાષ્ટ્રના સમર્થ ઘડવૈયા તરીકે જે કેટલીક વિભૂતિઓ ઇતિહાસમાં ચિરસ્મરણીય બની ગઈ છે તેમાં ડૉક્ટર ભાઉ દાજીનું સ્થાન મોખરે છે.

એમના પિતા રમકડાં બનાવીને કુટુંબનું ભરણપોષણ કરતા. ઈ. ૧૮૩૪માં એઓ પોતાના બન્ને દીકરા ભાઉ અને નારાયણને લઈને મુંબાઈ જઈ વસેલા. ગામમાં એઓ દાજી તરીકે સંબોધાતા, અને પુત્રને લાડમાં ભાઉ કહેતા. આથી એ પુત્રે મોટા થઈને પણ નાનપણનું જ એ નામ જાળવી રાખ્યું. બાકી ભાઉ દાજીનું મૂળ નામ તો રામકૃષ્ણ વિઠ્ઠલ લાડ. પિતા મુંબાઈ આવ્યા એટલે પુત્રનું પ્રાથમિક શિક્ષણ ત્યાંની એક મરાઠી શાળામાં શરૂ થયું.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ કહેવત ભાઉને બરાબર લાગુ પડતી. હજુ તો એમનું ભાષાનું શિક્ષણ પણ શરૂ થયું નહોતું, ત્યારે શતરંજની રમતમાં એ કુશળ બની ગયા હતા, અને ભલભલા નિપુણ ખેલાડીઓને પણ તે હરાવી દેતા! એમની બુદ્ધિપ્રતિભાની આ વાત મુંબાઈના તત્કાલીન ગવર્નર અર્લ ઑવ ફૉકલૅન્ડના કાન સુધી પહોંચી એટલે એઓ જાતે ભાઉની રમત નિહાળવા આવ્યા. એની બુદ્ધિપ્રતિભા જોઈ ગવર્નરના મનમાં થયું કે આવા આશાસ્પદ અને મેધાવી કુમારને સારી કેળવણી મળવી જ જોઈએ. એટલે સુધી કહેવાય છે કે ત્યારે મુંબાઈમાં એવી શાળા ન હોવાથી માત્ર ભાઉ માટે પણ એક સ્કૂલ શરૂ કરવી જોઈએ એવી ઇચ્છા ગવર્નરે પ્રગટ કરેલી. તદનુસાર શાળાની વ્યવસ્થા થઈ ગઈ. મુંબાઈની એ સૌપ્રથમ સરકારી મરાઠી શાળા.

ઈ. ૧૮૪૦માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી તેઓ ઉચ્ચ શિક્ષણ માટે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ (વર્તમાન એલ્ફિન્સ્ટન કૉલેજ)માં દાખલ થયા. ત્યાં એમને મુંબાઇમાં અંગ્રેજી શિક્ષણના પ્રસિદ્ધ પ્રચારક હાર્કનેસ, જૉન ([illegible])

આર્લેબાર, બાલશાસ્ત્રી જાંભેકર જેવા ખ્યાતનામ વિદ્વાનોની છત્રછાયામાં તાલીમ મળી. આ ગુરુવર્યોની માન્યતા હતી કે યુવાનોને માત્ર પુસ્તકિયા નહિ પણ સારા નાગરિક બની એઓ દેશની સરકાર અને પ્રજાના ઉત્થાનમાં સહાયક બને તેવી નક્કર કેળવણી આપવી જોઈએ. આવા ગુરુઓ પાસે તાલીમ લેતા મેધાવી ભાઉ દાજીએ પોતાનું બધું જ શિક્ષણ ઉપરાઉપર શિષ્યવૃત્તિઓ જીતતા જઇને લીધું હતું અને સદા પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે આવી અનેક પારિતોષિકો અને ચંદ્રકો પ્રાપ્ત કર્યાં હતાં. આ ગાળા દરમિયાન જ એમણે ખાનગી રીતે સંસ્કૃત ભાષા અને સાહિત્યનું પણ સારું જ્ઞાન સંપાદન કરી લીધું. એમની બુદ્ધિપ્રતિભાથી પ્રભાવિત થઈ એમના એક અધ્યાપક ગો. ના. માડગાંવકરે તો પોતાની કૃતિ 'નીતિ સંવાદ' પોતાના આ પ્રિય શિષ્યને ઇ. ૧૮૫૦માં અર્પણ કરી હતી! વળી વિજ્ઞાન વિષયમાં પણ એમની તેજસ્વિતા એવી પ્રખર હતી કે હજી તો એ વીસીમાં હતા ત્યાં ૧૮૪૩થી ૪૫ દરમિયાન એમને રસાયણશાસ્ત્ર અને ભૌતિક વિજ્ઞાનના અધ્યાપક બનાવવામાં આવ્યા હતા. પછી ૧૮૪૫માં મુંબાઈમાં પહેલી મેડિકલ કૉલેજ સ્થપાઈ, ને ભાઉ દાજી અધ્યાપક-કર્મ છોડી તેમાં જોડાઈ ગયા. ત્યાંથી ૧૮૫૧માં જી. જી. એમ. સી.ની દાક્તરી પરીક્ષા એમણે પ્રથમ નંબરે પાસ કરી.

મેડિકલ કૉલેજમાંથી સ્નાતક થયા પછી એમણે થોડા સમય સુધી ઍસિસ્ટન્ટ સર્જન તરીકે સરકારી નોકરી કરી. ત્યાર બાદ તેમણે ડૉક્ટરનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. જોતજોતામાં તો ભાઉ દાજી અને તેમના ભાઈ નારાયણ દાજીએ અચ્છા સર્જન અને તબીબ તરીકે ખ્યાતિ મેળવી ધીકતી પ્રૅક્ટીસ જમાવી દીધી અને એમાં એઓ નામ સાથે દામ પણ ખૂબ કમાયા. પરન્તુ માત્ર ધન કમાવું એ જ એમનું લક્ષ્ય નહોતું. દીન-દુઃખીઓની સેવાને જ તેઓ પોતાનો પરમ ધર્મ માનતા હતા. એટલે પોતાના ભાઈ નારાયણ દાજીની મદદથી એમણે 'નાગદેવી ધર્માર્થ દવાખાનું' શરૂ કર્યું અને બાર વર્ષ સુધી ચલાવીને ગરીબોની મફત સારવાર કરી. પણ પછી સટ્ટામાં દેવાળું નીકળવાને લીધે વિવશ થઈને એમને આ દવાખાનું બંધ કરવું પડેલું. છતાં ઈ. ૧૮૬૦માં શ્રી ડૉસાભાઈ ફરામજી કામાએ પાયધુનીમાં એક ધર્માદા દવાખાનું કાઢ્યું તેમાં એ બન્ને ભાઇઓ કોઇ પણ પ્રકારનું મહેનતાણું લીધા વગર સેવા આપતા હતા.

સર ફિરોજશાહ મહેતા જ્યારે સાત વર્ષના હતા ત્યારે માંદા પડેલા. એમનો ઉપચાર ડૉ. ભાઉ દાજીએ કર્યો હતો અને એ છોકરો પરાક્રમી નીવડશે એવી ભવિષ્યવાણી પણ ભાખી હતી. કવિ દલપતરામ ડાહ્યાભાઈએ નવ મહિના સુધી ભાઉ દાજી પાસે પોતાની આંખની સારવાર કરાવી હતી. વળી કવિ નર્મદે તો પોતાનું 'નર્મગદ્ય' એમને અર્પણ કર્યું હતું! એ સમયે મોટા મોટા રાજાઓ, શેઠ-શાહુકારો અને સરકારી અમલદારો પોતાની બીમારીનો ઈલાજ કરાવવા ડૉ. ભાઉ દાજી પાસે આવતા. અંગ્રેજો પણ એમને માન આપતા અને ડૉક્ટર ભાઉ કહીને બોલાવતા. બે વાર તો એમને મુંબાઈના શેરિફ બનાવવામાં આવ્યા હતા.

ભાઉ દાજીને આયુર્વેદ માટે પણ પ્રગાઢ પ્રેમ હતો, આયુર્વેદનો અભ્યાસ કરી એમણે અનેક હસ્તલિખિત ગ્રંથોનું સંપાદન કર્યું હતું. વનવગડાની વિવિધ વનસ્પતિઓનું સંશોધન કરીને એમણે મહારોગ રક્તપિત્ત માટે એક ગુણકારી ઔષધ શોધ્યું હતું. આ સંશોધનને લીધે એમનું નામ પરદેશમાં પણ જાણીતું થઈ ગએલું. તે વખતના ભારત-સચિવ ડ્યૂક ઑવ આરગાઈલ અને ન્યાયમૂર્તિ ન્યૂટને એમની શોધને ખાસ બિરદાવી હતી. ડૉ. ભાઉ દાજી રક્તપિત્ત માટે કઈ વનસ્પતિનો

ડૉ. ભાઉ દાજી





वदनं प्रसाद-सदनम् सदयं हृदयं, सुधामुचोवाचः।
करणं परोपकरणम् एषां केषां न ते वन्द्याः॥

લેખક - **પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર**

ઉપયોગ કરતા હતા તે વિષે અભ્યાસીઓ હાલ સંશોધન કરી રહ્યા છે.

આવા વ્યસ્ત રહેવા છતાં ડૉક્ટર ભાઉ દાજીને દેશ માટે પણ અપાર લાગણી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના પૂર્વે રાજનૈતિક કાર્યો માટે ઈ. ૧૮૫૫માં 'બૉમ્બે એસોસિયેશન' નામક જે સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી તેના ભાઉ દાજી પ્રેરણાસ્રોત અને કાર્યવાહક મંત્રી પણ હતા. આ સંસ્થાના ઉદ્દેશો હતા: **સમસ્યાઓના સમાધાન** માટે જનતાની સહાયતા લેવી, શાસનનાં લોકહિત-વિરોધી કાર્યોનો પ્રતિકાર કરવો, ને શાસનની સુધારણા માટે સલાહ આપવી. ૧૮૬૨ (?)માં ભારતીય પ્રજાજનો તરફથી ફરિયાદનું જે નિવેદન એસોસિયેશને રજૂ કર્યું હતું તે ભાઉ દાજીએ તૈયાર કર્યું હતું. તેની પ્રશંસા ભારતમાં જ નહિ પણ ઇંગ્લૅન્ડમાં ય થઈ હતી. ત્યાર બાદ આગળ જતાં પોતાના તબીબી વ્યવસાયમાં વધુ વ્યસ્ત રહેવાને લીધે તેઓ આ સંસ્થાના મંત્રીપદેથી છૂટા થયા હતા, છતાં દાદાભાઈ નવરોજીએ ઇંગ્લૅન્ડમાં ઇસ્ટ ઇન્ડિયા એસોસિયેશનની સ્થાપના કરી હતી તેની મુંબઈ શાખાનું ઈ. ૧૮૬૯માં નિર્માણ થતાં ભાઉ દાજી તેના ઉપપ્રમુખ નિમાયા હતા. એઓ અંગ્રેજોનાં અમુક કાર્યોના પ્રશંસક હોવા છતાં એમના શાસનની ખામીઓને ખુલ્લી પાડવાનું ચૂકતા નહિ. એઓ કદાપિ સરકારી નોકરીમાં રહ્યા નહોતા તેથી સરકારી તંત્રની નિર્ભયપણે આકરી ટીકા કરી શકતા.

આ ઉપરાંત એમને સામાજિક કાર્યોમાં પણ યુવાન વયથી જ રસ હતો. ઈ. ૧૮૪૪માં મુંબઈ પ્રાંતની સરકારે કચ્છ અને સૌરાષ્ટ્રના અમુક રાજપૂતોમાં નવજાત બાળકીઓને દૂધ પીતી કરીને (ધગધગતા દૂધમાં ડબોળીને) હત્યા કરવાની ચાલતી પ્રથા વિષે એક નિબંધસ્પર્ધા રાખી હતી. આ ક્રૂર પ્રથા વિષે ભાઉ દાજીએ અનેક સ્થળેથી માહિતી મેળવીને લખેલો શોધપૂર્ણ નિબંધ સૌથી ઉત્તમ ગણાયો અને એને છ સો રૂપિયાનું ઈનામ મળ્યું. પ્રસ્તુત નિબંધ ઈ. ૧૮૪૭માં મુંબઈ સરકારે ગુજરાતીમાં પ્રગટ પણ કરેલો. પછી તો એઓ સમાજ સુધારણાની પ્રવૃત્તિમાં સક્રિય રસ પણ લેવા લાગ્યા ઈ. ૧૮૫૬માં સરકાર તરફથી વિધવા વિવાહને કાયદાની સ્વીકૃતિ મળી તે પછી ૧૮૫૮માં નડિયાદના મોઢ બ્રાહ્મણ ગણપતરામે સુરતની દેવકુંવર નામક બાઈ સાથે પુનર્લગ્ન કર્યું તેનો વિધિ પ્રાર્થના સમાજના આગેવાન ડૉક્ટર આત્મારામ પાંડુરંગને ઘરે ગિરગામમાં થયો હતો. આ પ્રસંગે જાણીતા ગુજરાતી આગેવાનો નાનાભાઈ હરિદાસ, કરસનદાસ મૂળજી, કવિ નર્મદાશંકર વગેરે જે દોઢસો એક સદ્‌ગૃહસ્થો ઉપસ્થિત રહ્યા હતા તેમાં ડૉ. ભાઉ દાજી પણ હતા. આ જ રીતે ઈ. ૧૮૬૯માં એક મહારાષ્ટ્રીય બાઈના પુનર્લગ્નમાં પણ તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વળી, શ્રી ગોવિન્દરાવ કરકરે નામના એક ખ્રિસ્તી અધ્યાપક સાથે ભોજન કરતાં એમને સમાજમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા હતા. પોતાના પુત્રના યજ્ઞોપવીત-સંસ્કાર વખતે પરમ્પરા પ્રમાણે ચાલતા ધંધાદારી નર્તકીઓના નૃત્યનો એમણે બહિષ્કાર કર્યો હતો. તે જમાનાની દૃષ્ટિએ આ અને આવાં બીજાં સાહસિક પગલાં ભરતાં તેઓ કદી ખચકાયા નહોતા.

ધર્મને નામે સમાજમાં જે દુરાચારો ચાલતા હતા તેના તેઓ કટ્ટર વિરોધી હતા. વલ્લભ સંપ્રદાયના વૈષ્ણવ મહારાજોનાં કુકૃત્યો પ્રત્યે ગુજરાતના વિખ્યાત સમાજસુધારક કરસનદાસ મૂળજીએ એક મોટી ઝુંબેશ ઉપાડી હતી. તે અંગે વૈષ્ણવ સંપ્રદાયના શ્રી જદુનાથ મહારાજે કરસનદાસ સામે પોતાને બેઆબરૂ કર્યાનો ન્યાયાલયમાં મુકદ્દમો દાખલ કર્યો. ત્યારે ભાઉ દાજીએ કરસનદાસના પક્ષને મજબૂત કરવા માટે જોરદાર ગવાહી આપી હતી. પોતાની એ સાક્ષી દરમિયાન ડૉ. ભાઉ દાજીએ બતાવ્યું હતું કે જદુનાથ મહારાજ પોતાની જાતીય બીમારીના ઉપચાર માટે એમની પાસેથી કઈ કઈ દવાઓ લઈ જતા હતા. ગુજરાતમાં 'મહારાજ લાઈબલ કેસ'ના નામથી જાણીતી થએલી આ ઘટનામાં કરસનદાસને વિજયી બનાવવામાં ભાઉ દાજીનો ફાળો મુખ્ય હતો. આ મુકદ્દમા દરમિયાન ભાઉ દાજીને ધંધાકીય દૃષ્ટિએ ઘણું સહન કરવું પડ્યું હતું, પરંતુ એમણે સત્યનો સાથ છોડ્યો નહોતો. એમની આ અજબ હિમ્મત એમની સામાજિક સુધારાની તીવ્ર લાગણીની દ્યોતક છે. તે યુગના મુંબઈના મહાર સમાજસેવકો પૈકી રાવસાહેબ વિશ્વનાથ નારાયણ માંડલિક ('નેટિવ ઓપિનિયન'ના તંત્રી) અને 'લોકહિત વાદી'ના નામથી પ્રખ્યાત રાવબહાદુર ગોપાળરાવ હરિ દેશમુખ સાથે રહી ભારતના નવજીવનના એ પ્રભાતકાળે ભાઉ દાજીએ વિવિધ સામાજિક ક્ષેત્રોમાં નમૂનેદાર અને નોંધપાત્ર કામગીરી કરી હતી.

એમનો શિક્ષણ અને સાહિત્ય રસ પણ એટલો જ ઉદ્દીપ્ત હતો. શિક્ષણ-વિસ્તારના ઉદ્દેશથી ઈ. ૧૮૪૮માં 'સ્ટુડન્ટ્સ લિટરરી ઍન્ડ સાયન્ટિફિક સોસાએટી'ની રચના કરીને દસ વર્ષ સુધી તેના પ્રમુખપદે રહી એમણે પ્રશસ્ય કામગીરી પણ બજાવી. ઈ. ૧૮૫૪માં સર મંગળદાસ નથુભાઇએ જે ગુજરાતી કન્યાશાળા સ્થાપી તથા મુંબઈની લોહાર ચાલમાં જે ગુજરાતી કન્યાશાળા શરૂ થઈ તેનો ખર્ચ કેટલાંક વર્ષો સુધી ભાઉ



યુવાન ડૉ. ભાઉ દાજી અને ભાઈ નારાયણ: ભાઉ દાજીનું મૂળ નામ તો રામકૃષ્ણ વિઠ્ઠલ લાડ, પણ નાનપણમાં ભાઈ નારાયણ તથા પછી તો ઘરમાં અને બહાર સૌ એમને ભાઉ કહી સંબોધતા. આ જ રીતે પિતા વિઠ્ઠલને સૌ દાજી કહેતા. આમ, એમનું નામ ભાઉ દાજી જ પ્રચલિત બની ગયું. એમની 'લાડ' અટક પણ એમના કોઈ પૂર્વજે યાદવ રાજના દલપતિ તરીકે દક્ષિણ ગુજરાતના લાટ પ્રદેશ પર સફળ ચડાઈ કરેલી તેના પરથી ચાલુ થએલી.

દાજીએ ઉપાડયો હતો. એમાંની એક શાળાનું નામ ભાઉ દાજી કન્યાશાળા રાખવામાં આવ્યું હતું. ૧૮૫૮માં મુંબાઈ યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે તેની સેનેટમાં જે કેટલાક ભારતીય સદ્‌ગૃહસ્થો લેવામાં આવ્યા તેમાં ડૉ. ભાઉ દાજીનો પણ સમાવેશ થતો હતો.

એમનો સાહિત્યશોખ પણ ભારે. ફાર્બસ ગુજરાતી સભા માટે જે ફાળો ઉઘરાવવામાં આવ્યો તેમાં ભાઉ દાજીએ રૂપિયા પાંચ સો ભર્યા હતા. વળી, તેમના ગ્રંથપ્રેમે ઈ. ૧૮૪૫માં 'નેટિવ જનરલ લાયબ્રેરી'ની સ્થાપના કરાવી હતી. આ જ રીતે 'પિટિટ ઇન્સ્ટિટ્યૂટ' અને 'ડેવિડ-સાસૂન ગ્રંથાલય' સાથે પણ તેઓ સંકળાએલા હતા.

મહાકવિ કાલિદાસ અને સમ્રાટ વિક્રમાદિત્ય વિશે ઐતિહાસિક માહિતી મેળવવા માટે એમણે ઈ. ૧૮૬૦માં વર્તમાનપત્ર દ્વારા નિમંત્રણ પાઠવેલું અને યોગ્ય પુરસ્કાર આપવાની જાહેરાત પણ કરેલી. સાહિત્યિક સંશોધન માટે પુરસ્કાર આપવાની વ્યક્તિગત પહેલ કરવાનું માન પણ એમને ફાળે જાય છે. એઓ જ્યારે એલ્ફિન્સ્ટન કૉલેજમાં હતા ત્યારે 'કાલિદાસ સોસાએટી'ની સ્થાપના એમણે કરેલી, અને તે દ્વારા ૧૮૬૭માં પ્રોફેસર મોનિયર વિલિયમ્સે કરેલું 'શાકુન્તલ' નાટકનું અંગ્રેજી ભાષાંતર પ્રશંસનીય રીતે રંગમંચ પર રજૂ કરી બતાવેલું.

આ ઉપરાંત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો, શિલાલેખોની છાપો, તામ્રપત્રો અને જૂના સિક્કા વગેરે એકઠાં કરવાનો અને તે દ્વારા પુરાતત્ત્વીય શોધ કરવાનો એમને અજબ વ્યાસંગ હતો. 'પ્રબંધ ચિંતામણિ' નામક પ્રખ્યાત પ્રાચીન ગ્રંથનું સંપાદન પણ ભાઉ દાજી કરે એવું ફાર્બસ સભાએ ઠરાવ્યું હતું. પ્રાચીન ઇતિહાસ, પુરાતત્ત્વ અને સંસ્કૃતિનાં શોધકાર્યો વડે એમણે આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ડૉ. ભાઉ દાજી પહેલાં સ્ટીવન્સન એક એવા વિદ્વાન હતા કે જેમણે પશ્ચિમ ભારતના ઘણા શિલાલેખોનું ભાષાંતર કર્યું હતું. એમના અવસાન પછી ડૉ. ભાઉ દાજીએ પશ્ચિમ ભારતના ઇતિહાસ ને પુરાતત્ત્વ-શોધનું કામ ઘણી આસ્થા અને ઉત્સાહથી ઉપાડી લીધું. એક ઐતિહાસિક મનીષી તરીકે ભારતીય સાહિત્ય ને ઇતિહાસના વિદ્વાનો તરફથી એમના કાર્લિદાસ (અનુ. પૃ. ૫૦)



રા. સા. વિશ્વનાથ મંડલિક. સુપ્રસિદ્ધ વકીલ અને સમાજ સેવક, રૉયલ એશિયાટિક સોસા. (મુંબાઈ)-ના ઉપાધ્યક્ષ, અંગ્રેજી-મરાઠી 'નેટિવ ઓપિનીઅન' સાપ્તાહિકના સ્થાપક અને સંપાદક, સ્વભાવે અત્યંત આકરા, પણ ડૉ. ભાઉ દાજીને પિતાતુલ્ય ગણી માન અને એમની બધી પ્રવૃત્તિઓમાં સાથ આપતા. ભગવાનલાલ ઇન્દ્રજીના લેખોનું અંગ્રેજી ભાષાંતર પણ કરી આપતા. એમનો વિસ્તૃત પરિચય હવે પછી.



ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી ગુજરાતના પુરાતત્ત્વસંશોધનના ઈતિહાસના આદ્ય પુરુષ ગણાય છે. કેવળ પ્રાથમિક શ્રેણીનો શાળાભ્યાસ અને પિતા પાસેથી સંસ્કૃત શીખવા ઉપરાંત એમની જે વિદ્વત્તા હતી એ બધી જ એમણે આપબળે કેળવી હતી. પણ એમનો ખરો પુરુષાર્થ તો પ્રાચીન શિલાલેખોની વાચનાઓનો તથા અન્ય પુરા-સંશોધનોનો હતો. જેમ્સ પ્રિન્સેપે પ્રાચીન લેખો પરથી તારવેલા બ્રાહ્મી લિપિના મૂળાક્ષરોના આધારે એમણે જૂનાગઢનો અશોકનો શિલાલેખ ઉકેલ્યો એટલું જ નહિ, એ અગાઉની વાચનાઓની ક્ષતિઓ પણ સુધારી હતી. અજંતા, નાસિક, કાર્લા, ભાજા, જુન્નર, નાનાઘાટ વગેરેની ગુફાઓમાંના લેખો પણ એમણે ઉકેલ્યા હતા. જેસલમેરના જૈન ભંડારોના દુર્મિલ ગ્રંથોની નકલો એમણે કરેલી, ને માત્ર સિક્કાઓ પરથી અસંભવિત મનાતી ક્ષત્રપોની વંશાવલિ યોજેલી. ખારવેલના અતિ અઘરા અભિલેખો એમણે ઉકેલીને આપેલા તે નિર્ણયોમાં હજી કોઈ ફેર પાડી શક્યું નથી. રાષ્ટ્રકૂટોના ઇતિહાસ પર એમણે નવો પ્રકાશ પાડેલો. સમગ્ર ભારતનો પ્રવાસ ખેડીને એમણે મબલખ ઐતિહાસિક સામગ્રી એકઠી કરેલી. સાથોસાથ જ્યાં જતા ત્યાંના રીતરિવાજો, ભાષા-ભૂષા, ઔષધીય વનસ્પતિઓનો પરિચય પણ કરતા. વૈદકનું એમને જ્ઞાન હતું અને ગરીબોની તેઓ મફત દવા કરતા. એમનાં સંશોધનોમાં ડૉ. ભાઉ દાજીની ઘણી મોટી સહાય હતી. બંને વચ્ચેનો સંબંધ ગુરુ-શિષ્યનો અને પ્રેમપૂર્ણ હતો. અવસાન પહેલાં પોતાની સમસ્ત શોધસામગ્રી મુંબાઈની એશિયાટિક સોસાએટીને સોંપી અને ડૉ. ભાઉ દાજીની સામગ્રીની બાજુમાં જ મૂકવાની ઈચ્છા વ્યક્ત કરી ભગવાનલાલે પોતાની ગુરુભક્તિ દર્શાવી હતી. એ ગુરુની છબિ સમક્ષ પુષ્પો ધર્યા સિવાય તેઓ જમતા પણ નહિ. પ્રાચીન ભારતીય ઇતિહાસનાં સંશોધનોની તવારીખમાં આ ગુરુ-શિષ્યની જોડને છૂટી પાડીને જોવી અશક્ય છે. ગુજરાતના પુરાવિદ્યા-વિકાસના પ્રારંભકર્તા ભગવાનલાલનાં સંશોધનો પાછળના મુખ્ય પ્રેરક બળ તરીકે ડૉ. ભાઉ દાજીનું ગુજરાત આડકતરી રીતે ઋણી હોઈ એમને યાદ કરે એ સર્વથા ઉચિત છે. (સંપાદકીય)

'વનફૂલ' લિખિત સ્ત્રીનાં પ્રેમસ્વરૂપની કથા

છાયા ને વાસ્તવ

અનુવદ · સુકન્યા ઝવેરી

હું દવાખાને પહોંચ્યો એવી જ મારી નજર વરંડામાં બેઠેલી એક કાળીમેશ ગર્ભવતી યુવતી પર પડી. તેની સામે એક ચીબલો બાળક બેઠેલો હતો, ને તેની પાછળ એક માંદલા જેવો માણસ, જેનું મોઢું ઢાંકેલું હતું. હું જેવો પહોંચ્યો કે મારો દવાખાનાનો નોકર સિતાબી બોલ્યો: 'દાક્તરં સાહેબ, આ લોકો કાલ રાતનાં અહીં બેઠાં છે.'

કાલે સાંજે હું દવાખાને આવ્યો નહોતો; સિનેમા જોવા ગયો હતો. ફિલ્મ ખૂબ મજાની હતી. વાર્તા પણ ઘણી અસરકારક હતી. એક પૈસાદારની તરુણ પુત્રી એક ગરીબ યુવકનાં રૂપ અને અવાજ પર મોહીને પ્રેમમાં પડી હતી. તરુણીની મા બાળપણમાં મરી ગઈ હતી તેથી એના પિતાની એ ખૂબ લાડકી હતી. એના પિતા એને બેહદ પ્યાર કરતા. કોઈ વાતની ના કહેતા નહિ. અને લાડલી દીકરી પણ મન ફાવે એમ વર્તતી. નાચતી, ગાતી, સાઈકલ ચલાવતી, ઘોડેસવારી કરતી, ભરપૂર નદીમાં કૂદી પડતી, ઝાડની ટોચે ચડી ફળફૂલ તોડી લાવતી. પિતા કદાપિ વારતા નહિ: હેતભરી નજરે મા વિનાની કન્યાને નીરખી રહેતા. ફક્ત છોકરીને મોટી કરનાર નોકર તેની જોડે ઝગડો કરતો; અટકાવવા પ્રયત્ન કરતો. પિતા ફક્ત હસતા અને આંખ આડા કાન કરતા.

પરંતુ જ્યારે દીકરી એક અજ્ઞાત-કુલશીલ ગરીબ યુવાનના પ્રેમમાં પડી ત્યારે બાપે આંખ ઊંચી કરી. શુદ્ધ હિંદીમાં એમણે જે કહ્યું એનો જો અંગ્રેજીમાં અનુવાદ કરીએ તો 'Thus far and no further.' બસ! પોતાની વંશમર્યાદા, વડવાઓનો ઇતિહાસ, પોતાની પ્રેમમયી પત્નીની પવિત્ર યાદ, એ બધાંને કલંકિત કરી કોઈ બંસીવાળા સુંદર પણ અસંસ્કારી અભણ્યા છોકરાને જમાઈ કરવા તે કોઈ રીતે ય તૈયાર થયા નહિ. છોકરી પણ એવી જ જિદ્દી. રાધા, મીરાં, સાવિત્રી, દમયંતીના દાખલા દઈ, ડોક વાંકી કરી બોલી: દુનિયામાં પ્રેમ જ 'અણમોલ ધન' છે. જ્યારે મને એ અનાયાસે પ્રાપ્ત થયું છે ત્યારે હું એને છોડી શકીશ નહિ. કુળ અને વંશમર્યાદા? 'સબ સે ઊંચી પ્રેમસગાઈ!' તે વખતે હાઉસમાં લગભગ બે મિનિટ સુધી તાળીઓનો ગડગડાટ થઈ રહ્યો.

અંતે નાયિકા પોતાના પ્રેમી જોડે ચાલી ગઈ. પણ પછી થોડા દિવસમાં જ એને ખબર પડી કે ઉક્ત પ્રેમાસ્પદ નાયક ફક્ત નાયિકાનું જ નહિ પણ બીજી ઘણી બધી કુમારિકાઓનું દિલ હરણ કરી ચૂક્યો હતો! તે હતો બહુવલ્લભ. બસ ખલાસ. એ પછી ચિત્રની નાયિકાએ જે આચરણ કર્યું તે વાસ્તવિકરીતે જ ખૂબ આશ્ચર્યજનક હતું. તે પોતે પણ રૂપવતી અને કોકિલકંઠી હતી. તેથી તેના પ્રણયીઓનો તોટો ન રહ્યો. અંતમાં એક દુર્દાન્ત ડાકુ તેનો પ્રેમી બન્યો. એની સહાયથી તેણે પેલા બંસીવાળાને પકડી મંગાવ્યો અને એની પાસે પોતાની માફી મંગાવી. નાયિકાનો અહમ્ સંતોષાયો: 'બસ, મારી શિક્ષા પૂરી થઈ છે. પાર્થિવ પ્રેમ એટલે પાશવિક પ્રેમ એ મને સમજાઈ ગયું છે. પુરુષમાત્ર પશુ છે એમાં શક નથી. મેં તેથી નક્કી કર્યું છે કે હું મારો પવિત્ર પ્રેમ કોઈ પુરુષને ચરણે ન ધરતાં ભગવાનને જ ચરણે ન્યોછાવર કરીશ. વૃંદાવનની કુંજગલીમાં ઘૂમતી હું એનું જ કીર્તન કરીશ અને એને જ ઢૂંઢતી ફરીશ.' ડાકુ આવેગમાં આવી બોલ્યો: 'પધારો દેવી, હું તમને વૃંદાવન પહોંચાડી દઉં.' આ જ એની વાર્તાનો ટૂંક સાર. એ સિવાય સિનેમામાં પ્રેમનાં દૃશ્યો હતાં, પહાડ-પર્વત-નદી-જંગલ હતાં, હાથી-ઘોડા-વાઘ ને આલ્સેશિયન કૂતરો સુધ્ધાં હતાં. અલબત્ત, ગીતો ને નૃત્યો તો હતાં જ. મારામારીનાં દૃશ્યો હતાં, અને બીજું બધું ઘણું યે હતું. પરંતુ એ બધું જ બાદ કરીએ તો પણ પ્રેમની એ ઉચ્ચ પરિણતિએ જ મારા સમગ્ર ચિત્તને અભિભૂત કરી દીધું હતું. દવાખાનામાં પ્રવેશ્યો ત્યારે પણ એ અનુભૂતિએ મારા ચિત્તનો કબજો છોડયો નહોતો.

હું ખુરશી પર બેઠો કે તરત જ પેલી યુવતી પ્રણામ કરી સંકોચપૂર્વક મારા ટેબલ સામે આવી ઊભી રહી. મેં પૂછ્યું: 'શું થાય છે?'

'મને નહિ દાક્તર સાહેબ, મારા ધણીને. માથું ગરમ થઈ ગયું છે.'

'બોલાવ એને.' યુવતીએ બોલાવ્યો: 'અહીં આવો તો.'

મોઢું ઢાંકેલો માણસ અંદર આવ્યો. મેં કહ્યું: 'મોઢું ખોલો.'

મોઢા પરથી કપડું હટાવ્યું તો જણાયું કે જમણી આંખ થોડી મોટી હતી. જમણી બાજુના હોઠનો ખૂણો જરા નમી પડયો હતો અને જમણી બાજુનો મોઢાનો ભાગ ભાવહીન.' મેં કહ્યું 'આંખ બંધ કર.'

જમણી આંખ બંધ કરી શકયો નહિ.

'સીટી વગાડ'. સીટી પણ વગાડી શકયો નહિ.

સમજાઈ ગયું કે જમણી બાજુના મોંને પક્ષાઘાત થયો હતો. દાક્તરી ભાષામાં જેને કહે છે 'ફેશ્યલ પૅરાલિસિસ' ઘણાંબધાં કારણોમાં એક કારણ 'ગરમી'—સિફિલિસ—પણ છે.

મેં પૂછ્યું: 'તને ક્યારે ય ગરમી થઈ હતી કે?' 'ના, સા'બ.'

'દાક્તર સા'બ પાસે જુઠું બોલ છ?' એની સ્ત્રી બોલી: 'હા સા'બ, એને ગરમી, પરમો, બધું ય થયુ હતું.' મેં કહ્યું: 'એનું લોહી તપાસવું પડશે. હમણાં અહીં રહી શકશે?' 'હા, સા'બ.'

લોહી લીધું અને તપાસવાથી માલૂમ પડયું કે લોહીમાં સિફિલિસનું ઝેર હતું. ધણી બજારમાં ખાવાનું લેવા ગયો હતો અને પેલી યુવતી દીકરાને લઈને વરંડામાં બેઠી હતી. તેને જોઈને મને ખૂબ દુઃખ થયું. મોં સુકાએલું, વાળ વિખરાએલા, ને પેટના ભારથી કંટાળેલી લાગતી હતી.

'તું આટલું કષ્ટ વેઠી એની સાથે કેમ આવી?'

'શું કરું બાપુ? એનું બીજું કોઈ કરે એમ નથી. ને એને પૈસા દેતાં યે ડર લાગે છે. ક્યાંક દારૂ-પીને પડયો રહે તો? ખૂબ બદમાશ છે.'

'તારે છોકરાં કેટલાં?'

'પાંચ, માબાપ, એક તો કાચું જ પડી ગયું. આ જ છોકરો સૌથી નાનો છે.' છોકરાનું નાક બેઠેલું હતું. મોઢાનો ચહેરો પણ સ્વાભાવિક નહોતો. લાગતું હતું, કાળરોગે બાળકના શરીરને પણ આક્રમી લીધું હતું.

'લોહીમાં શું આવ્યું દાક્તર સા'બ' 'ગરમીનું ઝેર.'

'હું તો જાણતી જ હતી.'

'તો પછી તું આવા બદચરિત્ર પાજી માણસ જોડે કેમ રહે છે?'

'તે કેમ થાય સા'બ? એની જોડે મારાં લગન થયાં છે. તે ય બચપણમાં. મારા સિવાય એનું કોઈ નથી. એને એકલો કેમ છોડાય?' યુવતીના કંઠમાં લાગણીનો ભાવ વરતાતો હતો. હું ચૂપ રહ્યો.

થોડી વારમાં પેલો પાછો આવ્યો. ગામછાને છેડે ગાંઠિયાનું પડીકું બાંધેલું હતું. યુવતીએ ગુસ્સો કરી કહ્યું: 'તમારાં બધાં કરતૂત પકડાઈ ગયાં છે.' પેલો માણસ અપરાધીની જેમ ઊભો રહ્યો.

મેં કહ્યું: 'અહીં આવ, તને દવા લખી દઉં. તારું નામ શું?' 'બુલબુલ'.

પ્રિસ્ક્રિપ્શન લખતો હતો ત્યાં પેલી યુવતી મારી પાસે આવી ઊભી રહી. 'આપની ફી શું સાહેબ?' 'દસ રૂપિયા.'

એણે પાલવને છેડેથી દસ રૂપિયાની નોટ છોડીને ટેબલ પર મૂકી. મ્લાન મુખે હું તેની સામે જોઈ રહ્યો. એ બોલી: 'હું માછણ છું હું માછલી વેચું છું.'

'દસ રૂપિયા તો તને બહુ આકરા પડશે ને?' (અનુ. પૃ. ૪૬)

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું
આત્મકથાનક અને
'ગુજરાત કલાસંઘ'ની કથા-૧૫



▷ કલારસિક વિદ્વાન
શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી

અમદાવાદની છઠ્ઠી સાહિત્ય પરિષદના પ્રદર્શન માટે નીચે મુજબ ત્રણ મુખ્ય વિભાગો અને બીજા અંતરંગ વિભાગો રાખવામાં આવ્યા હતા. તે ઉપરાંત ફૂલોનાં સુશોભનો, સંગીતના મેળાવડા તેમજ અભિનયો ગોઠવવામાં આવ્યા હતા. તેની સૂચના આજે પણ સંસ્કાર-પ્રેમી સંસ્થાઓને લાભદાયક જણાશે.

૧) સાહિત્ય અને કેળવણી: હસ્તલિખિત પ્રાચીન ગ્રંથોની પ્રતો, સુંદર રૂપમાં છપાએલાં પુસ્તકો, શિક્ષણનાં સાધનો, વાચનમાળાઓના નમૂના, સાક્ષરો તથા કવિઓની છબિઓ, વર્તમાનપત્રોના નમૂના.

૨) કલા: ચિત્રકામ, મૂર્તિકામ, સ્થાપત્ય, ફોટોગ્રાફી, છાયાકલાની કૃતિઓ, ધાતુશિલ્પ, કાષ્ઠશિલ્પ તથા કાષ્ઠકોતરણી, ભરતગૂંથણ, સુંદર અક્ષરાલેખન, વિદ્યાર્થીઓની કલાકૃતિઓ, રૂપમંડિત વણાટકામ વગેરે.

૩) પુરાતત્ત્વ: પુરાતન કલા, ઐતિહાસિક પદાર્થો, જૂનાં ઓજારો, શસ્ત્રો, ઐતિહાસિક સ્થળોનાં ચિત્રો, સિક્કા, અજાયબીભર્યા પદાર્થો વગેરે.

આ પ્રદર્શન માટે નમૂના ભેગા કરવામાં હું ડૉક્ટર હરિપ્રસાદ સાથે ઘણા કારીગરો અને કલાકારોને ત્યાં જઈ તેમનો પરિચય પામ્યો. વાલજી કંસારાએ તાંબા-પિત્તળના ભંગારમાં મળેલી પ્રાચીન કારીગરીની દીવીઓ, હિંડોળાની સાંકળો, આરતીઓ, પૂતળીઓ વગેરે હાજર કરેલી. વૃદ્ધ સુથાર સોમનાથ મિસ્ત્રીએ કાષ્ઠ-કોતરણીમાં પાષાણની અટપટી આકૃતિઓ કોરેલી પણ તેના ઘરાકને અભાવે ઘરમાં કપડાં વીંટી રાખી મૂકેલી, તે પ્રદર્શનમાં મુકાવી. એવું અદ્ભુત કાષ્ઠ-કોતરકામ મેં કદી જોયું નહોતું. આખા પ્રદર્શનની અજાયબી રૂપ એ હતું. પ્રાચીન કારીગરોને પણ મુગ્ધ કરે એવા એ કામને પ્રદર્શનનો સુવર્ણચંદ્રક આપાયો હતો.

પ્રદર્શનમાં ચિત્રકામ લગભગ શૂન્ય જેવું હતું. છતાં મારા મહેમાન થએલા આંધ્ર-ચિત્રકાર સ્વ. રામરાવનાં એક-બે ચિત્રો, મારાં 'પ્રણય-બંસરી' તથા બીજાં ચિત્રો ઉપરાંત થોડા ફોટોગ્રાફો પણ મૂકેલા. રામરાવનું એક ચિત્ર અને મારો એક લૅન્ડસ્કેપ અમદાવાદના સિવિલ સર્જન કર્નલ ટચૂકે ખરીદી લીધાં. મને કર્નલ ટચૂકનો પરિચય કરાવનાર તેમને ગુજરાતી ભાષાના પાઠો આપનાર મારા મુ. મનસુખરામ દ્વિવેદી હતા. તેમના જ કારણે કર્નલ ટચૂક ગુજરાતી કલાનું સંભારણું લેવા પ્રેરાયા હતા. ગુજરાતના શ્રીમંતોને તે ચાનક આપનાર દૃષ્ટાંત કહેવાય. ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની ગુજરાત વિદ્યાસભા)એ સચિત્ર હસ્ત-પ્રતોનો સંગ્રહ મૂકેલો. તેમજ સ્વ. ચિત્રકાર શિક્ષક મગનલાલ શર્માનાં રવિ વર્માની શૈલીએ કરેલાં મોટા કદનાં થોડાં મૌલિક ચિત્રો ડૉ. હરિપ્રસાદે આણી આપેલાં. જોકે એમનાં વિધવાએ એ ચિત્રો વેચવાની તો ના પાડેલી; ને એ વખતના વેપારી શ્રીમંતોને તે માટે જરા પણ આકર્ષણ લાગ્યું નહોતું.

દોશીવાડાની પોળના એક ખૂણે વસતા શેઠ મોહનલાલ ખેમચંદનું ઘર પુરાતન કાષ્ઠકોતરણીથી ભરપૂર છે. તેમની પાસેથી જૂની શાલો, પિત્તળનાં વાસણો, મૂર્તિઓ વગેરે પ્રદર્શન માટે મળ્યાં હતાં.

. તા. ૧૦મી ડિસેમ્બરની સવારે ખુલ્લું મુકાયું તે પ્રસંગે ડૉ. હરિ-પ્રસાદે પ્રદર્શન માટે જે ભાષણ કર્યું તેમાં તેમનો ગુજરાતની વિવિધ કળાવસ્તુઓ અને કારીગરો માટેનો પ્રેમ છલકાતો હતો. એ સભામાં કવિવર ટાગોર આવેલા તેમની સાથે શાન્તિનિકેતનના મનીષી પંડિત ક્ષિતિમોહન સેન પણ હતા. પ્રદર્શનમાં આંટો મારી તરત કવિવરે ક્ષિતિબાબુને કહ્યું કે બપોરના ફરી આવીને ત્રાંબા-પિત્તળનો જૂનો સામાન ને હસ્તપ્રતોની બારીક નોંધ લેજો ને નંદુબાબુને પૂરી વાત કહેજો.

ત્યાર પછી કવિવર ટાગોરનાં મૂળ બંગાળી ભાષામાં પ્રકટ થએલાં કાવ્યોનું વાચન-વિવેચન ક્ષિતિબાબુએ ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટ્યૂટમાં કર્યું. તે પછી શ્રી કરુણાશંકર માસ્તરે ક્ષિતિબાબુને અતિથિ તરીકે પોતાને ઘેર આમંત્ર્યા ત્યાં મારો પરિચય થયો અને મને ઉદ્દેશી તેમણે શાંતિ-નિકેતનના કલાભવનમાં નંદબાબુ કેવું કામ કરે છે અને કઈ પ્રતિભાઓ જગાડી રહ્યા છે તેની સમજ પાડી. તેઓ સરસ હિંદી બોલી જાણતા અને ચકોર ભાષાશાસ્ત્રી હતા એટલે સરળ હિંદીમાં વચ્ચે કદીક મજાકમાં ગુજરાતીમાં વાત કરી હસાવતા. તેમને અમદાવાદની પોળનું જીવન એટલું ગમી ગયું કે એ સાંભળી શ્રી અંબાલાલભાઈના વિશાળ ભવનમાં અતિથિ બનેલા ટાગોરે કહી દીધું કે 'હું તો સોનાના પિંજરમાં પુરાયો છું, પણ તમે લોકો વચ્ચે રહી ગુજરાતનું ખરું લોકજીવન નીરખો અને તે અનુભવો શાંતિનિકેતન લઈ આવો.'

કવિવર ટાગોરને સાહિત્ય પરિષદે માનપત્ર આપ્યું તેમાં તેમના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથે અમદાવાદના પ્રાર્થના સમાજ મંદિરમાં ઉપદેશ આપેલો તેનું, તથા તેમના વડીલ ભાઈ સત્યેન્દ્રનાથ ટાગોરે કલેક્ટર તરીકે લાંબો વખત અમદાવાદમાં ગાળેલો અને તે ગુજરાતી ભાષામાં વાર્તાલાપો કરતા તેનું, તેમજ એ દરમિયાન કવિવર પોતાની કુમારાવસ્થામાં સાબર-મતીને તીરે આવેલા એમના બંગલામાં (હાલના રાજભવનમાં) રહેતા તેનું, તથા ત્યાંનાં કબૂતરો અને મધમાખીઓનાં જે સ્મરણો તેમણે પોતાની જીવનસ્મૃતિમાં આલેખ્યાં છે તેનું વગેરે સ્મરણો તાજાં કરાવ્યાં હતાં. તેમને નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે ભારતવર્ષની સમગ્ર પ્રજાની સાથે ગુજરાત પણ હર્ષ પામ્યું હતું. મહાન આદર્શો જીવનમાં કેમ ઉતારવા તેનું અનુપમ દૃષ્ટાંત તેમણે શાંતિનિકેતન સ્થાપીને પ્રત્યક્ષ કરાવ્યું હતું. તેમની ગંભીર તત્ત્વદૃષ્ટિ, ઊભરાઈ જતી પ્રભુભક્તિ, નીડરતા, સત્યનિષ્ઠા, સ્વદેશપ્રેમ અને સકળ જનતા માટેનો સમભાવ દેશને મુગ્ધ કરી રહ્યો હતો વગેરેનો એ માનપત્રમાં ઉલ્લેખ હતો.

પ્રદર્શન દરમિયાન શિક્ષિત કારીગરો પોતાના ધંધાની માહિતી આપતા નમૂના તથા ક્રિયાઓ બતાવે, વ્યાખ્યાન આપે, તેની યાદી રૂપે થોડાક વિષયો પણ સૂચવાયા હતા. કાપડ-છાપકળા, કુંભકારકામ, બાંધ-કામ, લીથોગ્રાફી, ઢાળા પાડવાનું, મીનાકામ, ભરતકામ, રંગાટકામ, શેત-રંજીનો વણાટ, રમકડાં કરવાં, ગૃહસુશોભન વગેરે કલાપ્રકારોનો પરિચય વગેરે જે ભાગ્યે જ કોઈ સાક્ષરી શિક્ષણ સંમેલનમાં અપાતો હોય છે તે રજૂ કરવાની અભિલાષા હતી. પરંતુ તે ફળી નહોતી. છતાં એ પરિષદના અહેવાલમાંના આભારદર્શન-લેખમાં પ્રકાશકોએ છાપ્યું છે કે: 'સાહિત્ય અને કળાનું પ્રદર્શન તો ભાઈ હરિપ્રસાદ દાક્તર અને શ્રી રવિશંકર રાવળે તનતોડ શ્રમ ન કર્યો હોત તો આટલું આકર્ષક ન જ થાત.'

એ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવા માટે શેઠ પુરુષોત્તમ માવજીને વિનંતી કરતાં ડૉ. હરિપ્રસાદે અમદાવાદની જૂની કલા-રસિકતાની ખૂબ જ પ્ર-શંસા કરી હતી. તેમાં સોમનાથ સુથાર મિસ્ત્રીની કોતરણીવાળી કૃતિઓ વિષે બોલતાં તેમનું મન ઊછળતું હતું. રાસમાળા સચિત્ર કરવા માટેના વૂડકટ બ્લૉક્સ એમણે કરી આપેલા. તેમણે પ્રાચીન કોતરણીની હૂબહૂ સ્પર્ધા કરતી બારીક કાષ્ઠકોતરણી કામની જે કૃતિઓ કરેલી તેની જગત-



ગુજરાતી સાહિત્ય પરિષદના અમદાવાદ-અધિવેશન (૧૯૨૦)ના અતિથિવિશેષ કવિવર શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના માનમાં યોજાએલા ઉદ્યાન-સમારંભમાં ગુજરાતની ભજન-મંડળીઓમાં કવિવર ખૂબ રસથી ફર્યા હતા. એ પ્રસંગની આ છબિમાં ડાબી બાજુથી: મહાત્મા ગાંધીજી, શ્રીમતી સરલાદેવી સારાભાઈ, શાંતિનિકેતનના આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન ને કવિવર ઠાકુર. ક્ષિતિબાબુની પાછળ પાઘડીમાં ચંદુલાલ બહેચરલાલ પટેલ-ગોંડલ રાજ્યના શિક્ષણાધિકારી તથા પછીથી 'ભગવદ્ ગોમંડળ'ના કોશના કાર્યકારી સંપાદક. ▷

માં જોડ નથી. તે ગુજરી ગયા તે સાથે તેમની કળાનો વિલય થયો. આવા ઉમદા કારીગરોની અમદાવાદના શ્રીમંતો કદર કરી શક્યા નહોતા. તેમને મિલોના કૉન્ટ્રેક્ટો મેળવી કે યુરોપિયન સાહેબોને કૃતિઓ ભેટ કરી ગુજરાન ચલાવવું પડતું હતું. જોકે તે વખતના અમદાવાદના શહેરીઓએ તેમના નિવાસના ખાંચાનું નામ ભૂધર મિસ્રીનો ખાંચો આપેલું છે.

રેશમ સૂતર અને જરીકસબ એ ત્રણ તારો વડે હાથશાળો પર થતા નકશીકામવાળા કિનખાબો પર હજી અમદાવાદની પ્રતિષ્ઠા ટકી હતી. ઉપરાંત ગાલીચા બનાવનારાં પણ બે પ્રસિદ્ધ કારખાનાં હતાં પણ અફસોસ કે તેની કદર પરદેશોમાં જ થાય છે એવો ઉલ્લેખ કરીને છેવટ ડૉ. હરિપ્રસાદે કહેલું કે કલાની પૂજાથી અશુદ્ધ જીવન જરૂર સ્વચ્છ બનશે. આવું પ્રદર્શન ભરવા માટેની સૂચનાનો મુખ્ય જશ મારા મિત્ર ચિત્રકાર રવિશંકર રાવળને છે. તેમની સાથે ડૉ. ચંદુલાલ મણિલાલ દેસાઈ-(વસંત-વિનોદી)ની સતત મહેનત ન હોત તો પ્રદર્શનની રચનામાં છે એવી સંપૂર્ણતા અમને મળી ના હોત.

પ્રદર્શનના ઉદ્ઘાટન-કર્તા શેઠ શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજીએ તે પણ પોતાના વિશાળ જ્ઞાન, અનુભવો અને રસિકતાનો પરિચય આપતું જે સુંદર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું તે તો પુસ્તક રૂપે આજે પણ ઉપયોગી નીવડશે. એમાં એમણે સમસ્ત વિશ્વની કલાના ભવ્ય કાળની નોંધ સદીવાર આપી હતી. પ્રાચીન કાળ, યુરોપનો મધ્યકાળ તથા આધુનિક સમયની રુચિ-રસિકતા અને શક્તિના વિગતવાર પરિચય સાથે આધુનિક કલાવસ્તુઓનું નિદર્શન કરાવી બે હજાર વર્ષોની ભારતીય કલાની પ્રવીણતા અને શ્રેષ્ઠતાને એમણે બિરદાવી હતી અને કહ્યું હતું કે અંગ્રેજી રાજ્યકર્તાઓના અનુકરણે ચાલવાવાળા દેશી રાજ્યકર્તાઓએ પણ અંધ ભાવથી એમની રચનાઓ પોતાના રાજ્યમાં દાખલ કરી એટલે હિંદુસ્તાનની કળારસિકતાના અભાવે, પોષણના અભાવે અને વિદેશી કલારચનાના પરાભવમાં ક્રમે ક્રમે નષ્ટ પામી.

લગભગ ૫૪ પાનાંનું એ વ્યાખ્યાન કળાના સર્વ દેશોના પ્રમુખ ગુણો તેમજ કલાકારોનાં નામો અને વિદ્વાનોના આધારભૂત ફકરાઓથી સમૃદ્ધ છે. છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના અહેવાલમાં તે સાદ્યંત છપાયું છે તે આજે પણ અત્યંત ઉપયોગી લાગે તેવું છે. ગુજરાતનું એ સદ્ભાગ્ય હતું કે એ પરિષદમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર જેવી વિભૂતિને અને આવા કલાપ્રદર્શનના ઉદ્ઘાટક પ્રમુખ અને કલાની આશ્રયદાતા વ્યક્તિને સન્માનવાની તક મળી.

પરિષદની પૂર્ણાહુતિ પછી છેલ્લે દિવસે તા. ૫મી એપ્રિલની સાંજે નદી કિનારે આવેલા રાણીબાગ (વિક્ટોરિયા ગાર્ડન)માં સર્વ પ્રતિનિધિઓ, મહેમાનો તથા સ્થાનિક સભ્યોની પરસ્પર મુલાકાત માટે ઉદ્યાન-મિલન યોજવામાં આવ્યું હતું, તેમાં કવિવર ટાગોર સાથે ગાંધીજી પણ આવ્યા હતા. એ મિલન વખતે ડૉ. હરિપ્રસાદે ગુજરાતનાં વિશિષ્ટ તત્ત્વો તરીકે મહિલાઓના ગરબાની તથા એકતારાનાં તેમજ ઢોલ, તબલાં, ઝાંઝ સાથે સુરાવટ જમાવતી ભજનમંડળીઓની યોજના કરી હતી. કવિવર ટાગોર તો ગુજરાતના ગરબાઓ અને એકતારાવાળાઓનાં ભજનોથી મુગ્ધ બન્યા હતા અને તેને ગુજરાતની એક વિશિષ્ટતા લેખી હતી.

ગુજરાતના નવરાત્રિના અજવાળામાં ગામેગામ અને પોળેપોળમાં નિજાનંદમાં મહાલતી અભણ સ્ત્રીઓના મીઠા સ્વરોમાં તેમની મુગ્ધતા અને હૃદયના ભાવો ઉછાળતી વર્ષોજૂની આ કળા નવસુશિક્ષિતજનો માટે ઉપેક્ષિત હતી પણ તે નિહાળી ટાગોર તો તાજ્જૂબ થયા અને એમ પણ જણાવ્યું કે 'એમને (ગરબા ગાનારી બાળાઓને) શાંતિનિકેતન મોકલો. હું તેમને રાજવંશીઓની જેમ મારે ત્યાં રાખી, તેમની પરોણાગત કરી અને બંગાળી બાળાઓને આ ગરબા શીખવાડી તરત એમને વિદાય કરીશ.' તે સમય પછી ગુજરાતમાં ગરબા ગાનારાં મંડળો સ્થપાવા લાગ્યાં અને શ્રીમંત ઘરની સુંદરીઓ પણ ઘણો મોટો ઉત્સવ -

લઘુકથા

પ્રતિબિંબ

અશ્વિન મ. વસાવડા

'શિવમ'નાં પાંચ પગથિયાં ચડતાં રામજીને આજે ખૂબ પરિશ્રમ પડયો. અનેક વિચારો એના મગજમાં ઊઠતા હતા. બારણું ખૂલતાં જ નાના શેઠ આરામખુરસીમાં બેસી છાપું વાંચતા હશે. મને પૂછશે તો હું શો જવાબ આપીશ?

થરથરને હાથે એણે બારણું ખોલ્યું. દીવાનખાનાની દીવાલ ઉપરના મોટા શેઠના ફોટાને નિત્યનિયમ પ્રમાણે હાથ જોડયા. 'મોટા શેઠ જીવતા હોય તો મારા આ ગુના માટે કદાચ ફટકા જ મારત. જે ઘરનું લૂણ મારી રગોમાં વહે છે તે ઘરમાંથી મેં ચોરી કરી?... ના, પણ હવે નાના શેઠની માફી તો માગી જ લઈશ. ભીંખુએ દફતર લઈ દેવાની જીદ કરી અને મારાથી પાપ થઈ ગયું. તમારે જે સજા કરવી હોય તે કરો.'

શેઠાણીબાને આજે તે જેશ્રીકૃષ્ણ પણ ન કરી શકયો. 'નાના શેઠ કેમ મોડા ઊઠયા હશે? કદાચ રાતે કબાટના રૂપિયા ગણ્યા હસે? મારા સિવાય બીજું કોણ આ ઘરમાં કબાટ ખોલે છે? નક્કી મારી તરફ શંકા ગઈ જ હશે.' ગઈ કાલે રાતે કબાટમાંથી દસની નોટ લીધી ત્યારે થએલી એ કરતાં ય અનેકગણી વધારે કંપારી એ દશની નોટ અત્યારે યથાસ્થાને મૂકતાં રામજીએ અનુભવી.

ડાઇનિંગ ટેબલ ઉપર ચા-નાસ્તો લેતાં નરેશે કહ્યું: 'નીતા, આ પહેલી તારીખથી રામજીનો પગાર થોડો વધારી દેજે—'

'કેમ કંઈ એકાએક ઉદારતા આવી ગઈ?'

'ના, પણ રાતમાં ઊંઘ ઊડી જતાં મને એનો વિચાર આવેલો કે એ બીચારો ટૂંકી આવકમાં અત્યારે પાંચ માણસનું કેવી રીતે પૂરું કરતો હશે?'

દીવાનખાનામાંના અરીસાને લૂછતાં રામજી શેઠ-શેઠાણીની આ વાત સાંભળી રહ્યો હતો. એ રડતો હતો, જ્યારે અરીસામાંનું એનું પ્રતિબિંબ તેની સામે હસતું હતું. □

હોય તેમ ગરબા સાથે શોભા અને સંગીતનો સુમેળ કરી સંભાવિત સંસ્કાર સંપન્ન જનોને સંભળાવવા નિમંત્રણો પાઠવતી થઈ.

કવિવરે એક સવારે શેઠ અંબાલાલના 'રીટ્રીટ' બંગલે સર્વ સાહિત્ય-પ્રેમીઓને અવિધિસર મુલાકાત આપી તેમાં 'વિશ્વભારતી'નું સ્વરૂપ સમજાવ્યું, અને ત્યાર પછી જ શાંતિનિકેતન અને બંગાળી ભાષાના અભ્યાસ પ્રતિ ગુજરાતના વિદ્યાર્થીઓ આકર્ષાયા. આમ કવિવર શ્રી ટાગોરના આગમને ગુજરાતના કળા અને સંસ્કારમાં નવા રંગ પૂર્યા અને કવિ નર્મદનાં આશાભર્યા વચનોવાળું 'અરુણું પરભાત' દેખાયું.

પ્રદર્શન વીત્યા બાદ હું આર્થિક ખોટ સાથે બીમાર થઈ ગયો. એ વખતે મારા મિત્ર હીરાલાલ પારેખ અને કેવા મદદરૂપ થઈ પડયા, જીવણલાલ કંપનીવાળા રામજીભાઈ કમાણીએ મને કેવી રીતે બંગાળનો પ્રવાસ કરાવ્યો અને મારામાં કેવા નવા સંકલ્પો જાગ્યા, અને ત્યાંથી પછી ભાવનગર જઈ મારા પરિવારને લાવી કેમ મોટું ઘર વસાવ્યું તથા વિદ્યાર્થી-મંડળ જમાવ્યું તે હકીકત અગાઉ આવી ગઈ છે. આમ ૧૯૩૨ના વર્ષ સુધીમાં તો 'કુમાર' પત્ર અને તેને લીધે મારી પાસે તૈયાર થએલા યુવાન ચિત્રકારોનાં નામ ગુજરાતમાં અને અન્ય ક્ષેત્રોમાં ગાજતાં થયાં હતાં.

ઈ. ૧૯૩૨ના નવેમ્બરમાં નૃત્યકાર રાગિણી દેવી અમદાવાદ આવ્યાં ગુજરાતમાં જાહેર નૃત્ય બતાવનાર તે પહેલાં જ હતાં. કોઈ સદ્‌ભાવી મિત્ર તેમને 'કુમાર' કાર્યાલયની મુલાકાતે લઈ આવેલા ત્યારે મારા જુવાન ચિત્ર-વિદ્યાર્થીઓ બહુ પ્રભાવિત થયા હતા અને આવા કલા-સંસ્પર્શથી ચિત્રકાર મંડળ તરીકે ગર્વ લેતા થયા હતા.

આ જ અરસામાં મેં ડૉ. હરિપ્રસાદના આગ્રહથી નદી પાર એલિસબ્રિજ વિસ્તારમાં રચાએલી એક ગૃહનિર્માણ સમિતિમાં મકાન બંધાવવા માટે નામ નોંધાવેલું. તેમાં મેં મારા કુમાર કાર્યાલયના સંચાલક ને સાથી મિત્ર શ્રી બચુભાઈ રાવતનો પ્લૉટ પણ મારી જોડાજોડ રખાવેલો જેથી હમેશાં કામમાં સહકાર અને સરળતા રહે. એ આશા ને અંદાજ ખરાં પડયાં છે એમ આજે ૫૦ વર્ષ પછી પણ નિશ્ચયપૂર્વક કહી શકું છું.

ઘર તૈયાર થતાં હતાં તે દરમિયાન મજૂર મહાજન સંઘના મંત્રી શ્રી ગુલઝારીલાલ નંદાએ દારૂનિષેધ માટે ઉપાડેલી ઝુંબેશ સારુ મેં મારા વિદ્યાર્થીઓની સહાયથી મોટાં પ્લાઈબોર્ડ પર એ વ્યસનનાં વિકરાળ વિવિધ કટાક્ષચિત્રો કરી આપ્યાં. આ દેશસેવાથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ જાગી અને વિનામૂલ્યે કામ કરી આપવાને કારણે ગુલઝારીલાલ પ્રસન્ન થયા.

તેમણે મારા મોટા પુત્ર નરેનને જોઈ પૂછયું કે એ શું કરે છે? મેં જણાવ્યું કે બે વાર મૅટ્રિકમાં પાસ થઈ શકયો નથી એટલે ફોટોગ્રાફી અને કાર્યાલયમાં બ્લૉકનું કામ શીખવા લાગ્યો છે. તેમણે સૂચવ્યું કે રાજ્યને ફોટોગ્રાફીની બહુ જરૂર છે. માહિતી ખાતા માટે ડૉક્યુમેન્ટરી ફિલ્મ માટે જોઈતા માણસો નથી. હું તેના માટે સ્કૉલરશિપની ભલામણ કરું તો તે મુંબાઈની કોઈ ફિલ્મ કંપનીમાં ચલચિત્ર લેવાનું શીખવા જશે?

મને તો તેના માટે કોઈ નિશ્ચિત જીવનકાર્ય શોધવાની તીવ્ર ઈચ્છા હતી જ. મુંબાઈ તેના માટે અનુભવ અને શિક્ષણનું પરમ ધામ છે એવી મને આશા હોવાથી મેં તેમની માગણીનો સ્વીકાર કર્યો. તેમાં દૂર દૂર મનમાં એવી પણ ભાવના હતી કે ફિલ્મનું ક્ષેત્ર ભાવિ વિશ્વમાં સર્વ કળાઓનું કેન્દ્ર સ્થાન લેશે અને તે વખતે મારી કલાભાવનાને વિશાળ પટ મળી રહેશે. એ વાત બની કે નહિ, પણ કનુ દેસાઈએ ફિલ્મ-જગતમાં કલાનો પ્રભાવ બતાવ્યો છે એ તો જગજાહેર બીના છે. નરેન્દ્ર તા. ૧૫-૧૧-૩૨ને રોજ મુંબાઈ ગયો અને ત્યાં એણે મારા અનેક મિત્રોની સહાયથી માહિતીખાતાના સ્કૉલર તરીકે બૉમ્બે ફિલ્મ કંપનીમાં વર્ષો કાઢયાં. (ચાલુ)

અનુસંધાન] છાયા અને વાસ્તવ [પૃષ્ઠ ૪૩થી

'ના સા'બ. દાક્તરની ફી ના આલીએ તો બીમારી સારી થાય નહિ.' અને તરત જ મારા પગ પકડીને કહેવા લાગી: 'એને સારો કરી દો બાપુ. હું મારાં ઘરેણાં વેચીને ય એનો ઈલાજ કરીશ.'

'બસ, બસ; એ તો સારો થશે કે ફરી બદમાશી શરૂ કરશે.'

યુવતી ઊઠીને ઊભી થઈ. મૃદુ હસીને બોલી: 'એ તો કરશે જ. આપને ખબર છે સા'બ? મારી પાસેથી પૈસા ચોરી લઈને આ બધી બદમાશી કરે છે. શું કરું સા'બ, મારું નસીબ!'

પ્રિસ્ક્રિપ્શન લઈને તેઓ ચાલ્યાં ગયાં. હું સ્તબ્ધ વિમૂઢની જેમ બેસી રહ્યો. એ કાળી કદરૂપી ગર્ભવતી માછણનું મોં કેમે કરી ભૂલી શકયો નહિ, સિનેમાની પેલી વાર્તા પણ મનમાંથી એકદમ ભૂંસાઈ ગઈ. □

લાખો એકર જમીનની સીંચાઈ, સેંકડો મેગાવૉટ વીજળી, નવા જળમાર્ગો દ્વારા અનેક ઉદ્યોગ-વ્યવસાયની શક્યતા વગેરેના ભોગે પ્રાદેશિક હૂંસાતૂંસીમાં અટવાતી રહેલી

નર્મદા યોજના

લેખક · અમૃતલાલ વ. પંડ્યા

નર્મદાને નાથવાનો પ્રશ્ન એ એક રાષ્ટ્રીય કક્ષાનો સળગતો પ્રશ્ન છે. એની સાથે સંબંધિત બાબતોનાં મૂળિયાં ઇતિહાસમાં ખૂબ ઊંડે જાય છે. ઇ. પૂ. ૧૫૦૦ પહેલાં સુધી પશ્ચિમ ભારત—એટલે કે સિંધ, પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાત—એ સંયુક્ત રૂપે માનવજાતની એક પ્રાચીનતમ નગર સંસ્કૃતિ-અર્થાત્ હડપ્પા સંસ્કૃતિ (ઇ. પૂ. ૨૫૦૦–૧૫૦૦)નું મુખ્ય ક્ષેત્ર હતાં. અને આજે?

પાછલાં દસેક હજાર વર્ષથી આપણે પૃથ્વીના ઇતિહાસના એક એવા યુગમાં પસાર થઈ રહ્યા છીએ કે જ્યાં જળની ઉપલબ્ધિ ઘટતી જાય છે, અને ઇ.સ. ૫૦,૦૦૦ના અરસામાં આ યુગનો મધ્યાહ્નકાળ આવતાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે! આ ગરમ યુગનું નામ છે નિયોથર્મલ (Neotbermal). એ પ્લાઈસ્ટોસીન મહાયુગના પેટાનો ચોથો હિમાંતર (Interglacial) યુગ છે. આ મહાયુગનો આરંભ માનવના વિકાસની સાથે સાથે લગભગ દસેક લાખ વર્ષ પૂર્વે થયો હતો. એના અત્યાર સુધીમાં વારાફરતી ચાર ઠંડા હિમયુગો (Glacial epochs) અને તેમની વચ્ચેના ત્રણ ગરમ હિમાંતરયુગો પસાર થઈ ગયા છે અને ચોથા હિમયુગ વુર્મ (Wurrm) પછી દસેક હજાર વર્ષ પૂર્વેથી આ નિયોથર્મલ કહેવાતો ગરમ હિમાંતર ચાલી રહ્યો છે.

એનો આરંભ થતાં જ જેમ જેમ ગરમી વધતી ગઈ તેમ તેમ પૂર્વ ગોળાર્ધમાં ઍટલાંટિકના તટપ્રદેશથી વરસાદ ઓછો થવા લાગ્યો અને તેની સાથેસાથે વનો સુકાવા લાગ્યાં. આ પ્રક્રિયા શુષ્કીભવન (Desiccation) કહેવાય છે. એમાં પહેલાં વન સુકાઇને ત્યાં ઘાસનાં બીડો થાય છે. એમાં ખેતી થઈ શકે છે. આગળ જતાં એ સુકાય એટલે ત્યાં પશુપાલન થઈ શકે. વરસાદનું પ્રમાણ જ્યારે પાંચેક ઇંચ રહી જાય એટલે જમીન તદ્દન ભેજવિહોણી બનતાં તે સૂકી રેતી અગર ધૂળ રૂપે પલટાઇને પવનના વેગથી ટીંબાઓના આકારે ગોઠવાવા લાગે છે. પછી અહીં માનવી ભાગ્યે જ રહી શકે. આ પ્રક્રિયા દ્વારા જ ધીમે ધીમે સહારા, મધ્યપૂર્વ (ઇજિપ્તથી ઈરાન), મધ્ય એશિયા અને ગોબીનાં રેતાળ રણો સરજાયાં છે અને તેને પરિણામે ત્યાંની વસતિના સારા એવા ભાગને કેટલાક અન્ય દેશોનું શરણું શોધવું પડ્યું છે. હિમાચ્છાદિત હિમાલય પર્વતમાળાની હાજરીને લઈ ભારત એમાંથી બચી ગયું છે. બલુચિસ્તાન થોડેક અંશે એના પ્રભાવ હેઠળ આવ્યું છે.

ખેતીમાં મહાનદીઓને કાંઠે જ્યારે સીંચાઈ થવા લાગી ત્યારે ઉત્પાદન વધતાં નાઇલ (ઇજિપ્ત), યુફ્રેટીઝ (ઈરાક, પ્રાચીન બૅબિલોનિયા. આસીરિયા) અને સિન્ધુ-સરસ્વતી (પશ્ચિમ ભારત)ની ખીણોમાં માનવજાતની પ્રથમ નગર-સંસ્કૃતિઓ ઉદ્ભવ પામીને ફાલવા લાગી. ભારતની આ નગર-સંસ્કૃતિ હડપ્પા સંસ્કૃતિ (ઈ. પૂ. ૨૫૦૦–૧૭૦૦) કહેવાય છે. ગુજરાતમાં એ ખૂબ ફૂલી હતી. એ સમયે પશ્ચિમ ભારતની ભૂગોળ જુદી હતી. મરુભૂમિ 'થળ' (પશ્ચિમ રાજસ્થાન)નું અસ્તિત્વ ન હતું. કચ્છના ખારા રણને સ્થાને અરબી સમુદ્રની એક પાંખ (રણસમુદ્ર) હતી, જે નળકાંઠા–ભાલને માર્ગે ખંભાતના અખાતને જઈ મળતી હતી. રણસમુદ્રને સિંધુ અને સરસ્વતી આ બંને મહાનદીઓ મળતી. ચોમાસું જ્યારે રણસમુદ્ર પરથી પસાર થતું ત્યારે તેના ભેજની અસરથી કચ્છ, ઉત્તર ગુજરાત, સિંધ અને પશ્ચિમ રાજસ્થાનમાં જોઇતો વરસાદ પડતો. જેમ જેમ આ નદીઓના ઉપરવાસાદિમાં જંગલો કપાતાં ગયાં તેમ તેમ વરસાદનાં પાણીના વહેણને નિયંત્રિત કરતાં મૂળિયાંની ગેરહાજરીને કારણે આ નદીઓમાં વિનાશક પૂરો આવવા લાગ્યાં અને હડપ્પા, મોહેંજો ડેરો, લોથલ વગેરે નગરો ક્ષતિગ્રસ્ત થવા લાગ્યાં.


ઈ. પૂ. ૧૭૦૦ના અરસામાં એક મોટો ધરતીકંપ આવ્યો. સરસ્વતીનો પ્રવાહમાર્ગ તથા રણસમુદ્રનું તળિયું ઊંચે આવ્યાં. સરસ્વતી વહેતી બંધ પડી એના પાણીના પુરવઠાના અભાવે રણસમુદ્રનાં પાણી સુકાઇને ત્યાં ખારું રણ બન્યું. ચોમાસાના ભેજથી આકર્ષનાર પાણી રણની સપાટી પરથી તદ્દન ગેરહાજર બન્યું એટલે ઉત્તર સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, પશ્ચિમ રાજસ્થાન અને સિંધ પૂરતા વરસાદથી વંચિત બન્યાં. હડપ્પા સંસ્કૃતિ વિનાશને ભેટી અને ત્યારથી પશ્ચિમ ભારતની અવદશા બેઠી.

કટોકટી વધુ ઘેરી બનતાં પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં મરુભૂમિના ટીંબા બંધાયા, થળનું રેતાળ રણ અસ્તિત્વમાં આવ્યું. શાંતનુના સમયે બાર વર્ષનો ભીષણ દુષ્કાળ પડ્યો. પછી તો એની પરંપરાની ઇતિહાસ સાહેદી આપે છે. નિયોથર્મલ યુગ આ રીતે આગળ ચાલ્યો.

પાછલા સૈકામાં ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે પાણીના અનેક નવા ઉપયોગો શોધાયા. સ્ટીમ એન્જિન અને જળવિદ્યુત દ્વારા યંત્ર-ચાલક શક્તિનું ઉત્પાદન એમાં મહત્ત્વપૂર્ણ છે. યંત્રોની ગરમીને કાબૂમાં રાખવા માટે પણ પાણી જોઇતું હોય છે.

પશ્ચિમ ભારતના હાલના સળગતા સવાલોની હવે આપણે નોંધ લઇએ. વરસાદ ૧૫ થી ૫ ઇંચ જેટલો હોવાથી પશુપાલન ઠીક ઠીક થઈ શકે છે, પણ ખેતી નબળી હોય છે, મરુભૂમિ વિભાગમાં વહેતી નદીઓ નથી. દેશની જનસંખ્યા ઝડપભેર વધી રહી છે અને અનાજની ખોટ પડે છે. જ્યારે બીજી બાજુ આ પ્રદેશમાં ૯૦ લાખ હેકટર જેટલી ફળદ્રુપ જમીન સીંચાઈને અભાવે લગભગ નકામી પડી છે. પ્રદેશમાં ખનિજો છે, પણ કોલસો નથી. કોલસો પૂર્વ ભારતથી આવે છે જે ચાલકશક્તિના ઉત્પાદન માટે ભાગ્યે જ પરવડે છે. ગૅસ અને ફર્નેસ ઑઈલ પણ મોંઘાં છે એટલે ઔદ્યોગિક વિકાસ માટે જળવિદ્યુતની જ આવશ્યકતા છે, જે સસ્તી હોય છે. અલ્પવૃષ્ટિ થાય કે પછી અતિવૃષ્ટિ થાય, નદીઓમાં વિનાશક પૂરો આવે છે અને તેમના કાંપ વડે ગુજરાતનાં બંદર પુરાતાં જાય છે. ભૂગર્ભનાં પાણી ખારાં બનતાં જાય છે અને ઊંડાં જતાં જાય છે. કચ્છના રણનો ખાર અને થળની રેતી અંદરના પ્રદેશની જમીન પર અતિક્રમણ કરતાં એ જમીન બગડતી જાય છે.

આવી વિષમ સમસ્યાઓ દેશના બીજા ભાગોમાં નથી. જ્યાં જ્યાં હતી ત્યાં જુદા પ્રકારની હતી અને એમના નિરાકરણ માટે પગલાં લેવાઈ ગયાં છે અગર લેવાઈ રહ્યાં છે. ઉત્તરની નદીઓ હિમાલયમાંથી નીકળતી હોવાથી ઉનાળામાં બરફ ઓગળતાં તેમનો પ્રવાહ ચાલુ રહે છે અને સીંચાઈ તથા જળવિદ્યુત-ઉત્પાદનની ત્યાં સારી વ્યવસ્થા થઈ ચૂકી છે. પૂર્વ અને દક્ષિણમાં વરસાદ વધુ હોવા ઉપરાંત અનેક મોટી નદી ખીણ-યોજનાઓ ત્યાં કામ કરી રહી છે. મહારાષ્ટ્રમાં કોયના વગેરે અનેક યોજનાઓ મૂર્ત બની છે. મધ્ય પ્રદેશના માળવા-ગ્વાલિયર વિભાગ તથા રાજસ્થાનના ઉચ્ચ પ્રદેશ વિભાગ (જયપુર, ઉદેપુર ને કોટા ડિવિઝનો) માટે ચંબલ યોજના અમલમાં આવી છે. ગુજરાતમાં તાપી યોજનાના લાભ ફક્ત સૂરત અને વલસાડ જિલ્લાઓ પૂરતા મર્યાદિત છે. જો કે મહારાષ્ટ્રનાં ધૂળિયા અને જળગામ જિલ્લાઓને પાછો એનો લાભ ખરો.



ખોસલા સમિતિની ભલામણ પ્રમાણે નર્મદા અને એને જોડાતી ઉપનદીઓ પર (વર્તુળો દ્વારા બતાવેલા) બાંધવા યોગ્ય બંધનાં સ્થાન


સવાલ રહ્યો પશ્ચિમ રાજસ્થાન (મરુભૂમિ) અને ગુજરાતના પ્રાકૃતિક એકમનો કે જ્યાં, આપણે ઉપર જોયું તેમ, સીંચાઈ, જળવિદ્યુત ઉત્પાદન અને પૂરની સમસ્યા દેશમાં સૌથી વધુ વિષમ છે. એમાં રાજસ્થાનના ગંગાનગર, બિકાનેર, ચૂરુ, નાગોર, જોધપુર, જેસલમેર, બાડમેર અને ઝાલોર જિલ્લાઓ તથા ગુજરાતના બનાસકાંઠા, કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, વડોદરા ને ભરૂચ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

જો સરસ્વતી જીવંત કરવામાં આવે તો પશ્ચિમ રાજસ્થાનના ઉપર્યુક્ત જિલ્લાઓ સીંચાઈ હેઠળ આવે, પણ હવે સીમલાની ટેકરીઓમાંના તેના અસલ મૂળમાંથી તેમ થઈ શકે નહિ. હા, નજીકની કોઈ મહાનદીમાંથી કોઈ મોટી નહેર કાઢી શકાય. નજીકની એવી નદીઓ બિયાસ, સતલજ અને યમુના છે. ઈ. ૧૮૯૭માં મહારાજા બિકાનેરે એમાંથી ગંગા-નહેર કાઢીને પોતાના રાજ્યમાં ગંગાનગર વસાવ્યું; પણ ખેતી કરવા માટે ખેડૂતો ન મળ્યા એટલે પંજાબીઓને વસાવવા પડયા. ઈ. ૧૯૫૧માં ભારત સરકારે રાજસ્થાન-નહેર-યોજના ઘડેલી જે હવે અમલમાં મુકાઈ રહી છે. એની લંબાઈ ૪૨૫ મા. (૬૮૦-૨૫ કિ. મી.) થશે. એનાથી રાજસ્થાનના ગંગાનગર, બિકાનેર અને જેસલમેર જિલ્લાઓમાં ૩૬,૨૯,૧૦૦ એકર જમીનની સીંચાઈ અને ૨૨,૦૦૦ કિલોવૉટ વિદ્યુત ઉત્પાદન થશે. પણ જેસલમેર જિલ્લાથી આગળ એ જઈ શકે તેમ નથી. એટલે મરુભૂમિના બાડમેર અને ઝાલોર જિલ્લાઓ એના લાભથી વંચિત રહી જાય છે. અને તેની સાથેસાથે ગુજરાતના સંલગ્ન સૂકા જિલ્લાઓનો સવાલ ખરો. ઉત્તરની નદીઓની ક્ષમતા રાજસ્થાન નહેરો સાથે સમાપ્ત થાય છે. ગુજરાતની સાબરમતી, મહી અને નર્મદામાંથી માત્ર નર્મદા વડે આ પ્રશ્ન ઉકેલી શકાય તેમ છે.

પૂરતી સીંચાઇને અભાવે ગુજરાત ખાદ્યાન્નોના ઉત્પાદનની બાબતમાં સ્વાવલંબી નથી. ઔદ્યોગિક વિકાસમાં દેશમાં આ રાજ્યનો ક્રમ ચોથો છે. કપાસ, ઇસબગુલ, કાપડ, ખનિજ તેલ, મીઠું, સિમેન્ટ, બૅાક્સાઈટ (ઍલ્યુમિનિયમની કાચી ધાતુ), ચિનાઈ માટી અને તેમાંથી બનતી વસ્તુઓ, દૂધ-ઉદ્યોગો, ભારે અને સૂક્ષ્મ રસાયનો, ઑઇલ એન્જિન વગેરેના ઉદ્યોગોની બાબતમાં ગુજરાત દેશમાં મોખરે છે. ઉત્તર ભારત માટેનું મહાબંદર કંડલા પણ ગુજરાતમાં જ છે. ગુજરાતમાં હાલ ૮૯૨ મેગાવૉટ જેટલું વીજળીનું ઉત્પાદન થાય છે. આવતાં ૧૦ વર્ષમાં આ જરૂરીઆત ૨૦૦૦ મેગાવૉટ જેટલી થશે. નર્મદા સિવાયની એની બીજી બધી નદીઓના જળજથ્થા દ્વારા એની ખેડાણ જમીનના માત્ર ૩૮ ટકાની જ સીંચાઈ થઇ શકે એમ છે જે એની કમનસીબી છે. નર્મદાના એ ક્ષમતા ઈ. ૧૯૪૬માં જ જણાઈ આવી હતી. એનાં જળ વડે રાષ્ટ્રને એકંદરે ૧,૧૦,૦૦,૦૦૦ એકર સીંચાઈ તથા ૨,૦૦૦ મેગાવૉટ જળવિદ્યુત પ્રાપ્ત થાય તેમ છે. વધુમાં ખંભાતના અખાત કાંઠાથી મધ્યપ્રદેશના હાર્દમાં છેક હોશંગાબાદ સુધી એમાં સળંગ જળવ્યવહાર થઈ શકશે.

નર્મદાનો વર્ણનાત્મક પરિચય 'કુમાર' ફેબ્રુ.-૧૯૪૬ના અંકમાં પ્રગટ થએલા મારા 'નદીવરેણ્યા નર્મદા' નામક લેખમાં અગાઉ અપાઈ ગયો છે. આ નદી ૮૬૧ માઈલ લાંબી છે. એ ત્રણ કાંપ-મેદાનો ધરાવે છે, તેમાંનાં બે મધ્યપ્રદેશમાં અને એક ગુજરાતમાં છે. એ અમરકંટકથી નીકળીને રેવા, મંડલા અને સિવની જિલ્લાઓમાં ૧૯૦ માઈલ ગૅાંડવાનાના ઉચ્ચ પ્રદેશમાં વહે છે, જ્યાં એનાં પાણી માત્ર ૩૨ લાખ એકરની સીંચાઈ માટે જોઈએ. ત્યાર પછી જબલપુર નજીક ભેડાઘાટ (માર્બલ રૉક્સ)થી માંડી હિરનફાલ (બરવાની નજીક) સુધી તે ૫૦૦ માઈલ ઉત્તરે વિંધ્યાચળ અને દક્ષિણે સાતપુડા પર્વતમાળાઓની વચ્ચે તંગ ખીણમાં વહે છે, જ્યાં એનું પાણી સીંચાઈ માટે વાપરી શકાય તેમ નથી. આ પ્રદેશમાં સરેરાશ વરસાદ ૩૦થી ૪૦ ઇંચ છે. બંને પર્વતમાળાઓ નદીથી એકંદરે ૧૫ ૧૫ માઈલ દૂર છે, એટલે નહેરો માટે જોઇતો ઢાળ એમાં નથી. વિંધ્યાચળની ઉપર માળવાનો ઉચ્ચ પ્રદેશ પ્રસરેલો છે જેને ચંબલ-યોજનાનો લાભ મળી રહ્યો છે. વળી ત્યાં વરસાદ પૂરતો પડે છે. બીજી બાજુ એનાં પાણી સાતપુડા પર ચડાવી શકાય તેમ નથી. હિરનફાલના ૨૫ માઈલ પછી મધ્યપ્રદેશ પૂરો થાય છે અને નદી ઉત્તરે સાગરસંગમ સુધી ગુજરાતમાં વહે છે. માત્ર દક્ષિણે શરૂઆતમાં ૨૬ માઈલ સુધી મહારાષ્ટ્રના ગુજરાતી ભાષી વિસ્તારમાંથી વહે છે. પછી બંને બાજુ ગુજરાત છે.

ઈ. ૧૯૪૮થી કેન્દ્ર સરકારે (સેન્ટ્રલ વૉટર ઍન્ડ પાવર કમિશન દ્વારા) નર્મદાયોજના ઘડવા માંડી. મધ્ય પ્રદેશમાં ત્રણ સ્થળે (બર્ગી, તવા, પુનાસા) ને ગુજરાતમાં એક (નવાગામ નજીક ગોરા આગળ, ઊંચાઈ ૩૨૦') બંધ બાંધવાનું ૧૯૫૯માં નક્કી થયું. તે વખતે ગુજરાત મુંબાઈ રાજ્યનું અંગ હોઈ આ યોજનામાં કચ્છની ગણતરી નહોતી થઈ. જોકે રાજસ્થાન નહેરની મૂળ યોજના કચ્છ સુધી પાણી પહોંચાડવાની હતી. પણ પછી જણાયું કે એ નહેર જેસલમેર જિલ્લાની દક્ષિણે નહિ જઈ શકે એટલે કચ્છ અને રાજસ્થાનના બાડમેર અને ઝાલોર જિલ્લાઓ માટે માત્ર નર્મદામાંથી જ પાણી મળી શકશે. ઈ. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ગુજરાતે મહારાષ્ટ્ર પાસેથી ડાંગ લીધું, પણ નર્મદાના દક્ષિણ કાંઠાના ગુજરાતીભાષી અક્રાણી અને અક્કલકૂવા તાલુકાઓ ત્યાંની પ્રજાની ઇચ્છાની વિરુદ્ધ મહારાષ્ટ્રને સોંપી દઇને ગંભીર ભૂલ કરી



નર્મદા-યોજનાની વિચારણા આરંભાઈ તે દરમિયાન ગુજરાતમાં ઉકાઈ, કડાણા, કાકરાપાડ, મહી, દાંતીવાડા, હાથમતી, મેશ્વો, સરસ્વતી, ભાદર, શત્રુંજી પર પાલીતાણા અને ખોડિયાર તથા મચ્છુ વગેરે બંધો દ્વારા સીંચાઈની યોજનાઓ થઈ. પણ નર્મદા-યોજનાથી ગુજરાતને જે લાભ મળી શકે તેની સરખામણીમાં આ બધી યોજનાના લાભ ઘણા ઓછા છે. પણ જો નર્મદાના એક દાયકા જેટલા સમયથી ચાલતા રહેલા પ્રશ્નનો નિકાલ થાય અને નવાગામ બંધની ઊંચાઈ ૫૦૦ ફૂટની રખાય તો કચ્છના વરસાદ વિહોણા રણપ્રદેશ સાથે ગુજરાતના (નકશામાં બતાવેલા વિસ્તાર જેટલી) લાખો એકર જમીન ફળદ્રુપ બની ત્યાં નંદનવન બની જતાં વારંવારના દુષ્કાળનો ભય ટળી મબલખ પાક ઊતરે ને લાખો ઢોર ઢાંખર, સેંકડો મેગાવૉટ વીજળી મળતાં ખેતી અને ઉદ્યોગ વિકસે ને પાણીની ખેંચ દૂર થાય; મધ્યપ્રદેશમાં છેક હોશંગાબાદ સુધીનો જળમાર્ગ ખૂલે, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પણ આવા લાભોથી વંચિત ન રહે, પણ......

(નકશામાં સીમા સ્કેલ પ્રમાણે નથી)

નાખી. વળી ઉકાઈ-યોજના માટે તાપીકાંઠાની મહારાષ્ટ્રની હદમાંની નદીના બંને કાંઠે છેક નંદરબારના સાન્નિધ્ય સુધી જે બબ્બે માઈલની પટ્ટી મેળવી છે તેવું નર્મદાના બાબતમાં ન કર્યું.

ગુજરાતના વિકાસ પરત્વે કેટલાક મહારાષ્ટ્રીય નેતાઓનું વલણ જાણીતું છે. હવે નર્મદા બાબતમાં રાજરમત શરૂ થઈ. મધ્ય પ્રદેશે કહેવા માંડ્યું કે સીંચાઈ માટે અમારી નર્મદાના પાણીની જરૂરીઆત ૩ કરોડ ૬ લાખ એકર ફીટ જેટલી છે; નહિ કે ૭૦ લાખ એકર ફીટ જેટલી, જેની અમે અગાઉ રજુઆત કરેલી! રાજસ્થાન-નહેરની મર્યાદાઓ જણાતાં નર્મદા-યોજના નવેસરથી ઘડવાની તો હતી જ, એટલે નર્મદાના રાષ્ટ્રીય માસ્ટર પ્લાન માટે કેન્દ્ર સરકારે ૧૯૬૪માં ખોસલા સમિતિ નીમી. તેમ છતાં બીજા બધા લાગતાવળગતાઓને અંધારામાં રાખી મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશે નવાગામ બંધની વિરુદ્ધ પોતાની હદમાં જળસિંધી ખાતે બંધ બાંધવા કરાર કર્યો! આ જળસિંધી બંધ દ્વારા માત્ર વિદ્યુત-ઉત્પાદન થશે; નહેરો તો આ પ્રદેશમાં થઈ શકે તેમ છે જ નહિ. એટલું જ નહિ પણ મધ્ય પ્રદેશે કહેવા માંડ્યું કે નર્મદા અમારા રાજ્યમાં સૌથી વધુ લંબાઈ ધરાવતી હોવાથી એનાં ૯૦ ટકા પાણી પર અમારો અધિકાર છે! વળી, આપણે અગાઉ જોયું તેમ, એના જે પ્રદેશમાં નહેરો થઈ શકે તેમ છે જ નહિ તેમાં જળસિંધીની ઉપરવાસે હિરનફાલ અને મહેશ્વર ખાતે માત્ર વિદ્યુત ઉત્પાદન માટે જ તેણે બે બીજા બંધોની યોજના તો ઘડી છે.

ખોસલા સમિતિએ ૧૯૬૫માં નર્મદાના રાષ્ટ્રીય માસ્ટર-પ્લાનની યોજના સુપ્રત કરી. એમાં મધ્યપ્રદેશમાં ૧૨ મોટા બંધો (રોજરા, બસાનિયા, બાર્ગી, ચિનકી, બારાસ, હોશંગાબાદ, નર્મદાસાગર એટલે પુનાસા, બરવાહ—આટલા નર્મદા પર અને બાકીના એની ઉપનદીઓ પર) અને કેટલાય નાના બંધો, તથા ગુજરાતમાં એક તે નવાગામ (જેની ઊંચાઈ ૫૦૦ ફીટ રાખવી) બાંધવા માટે ભલામણ થઈ. એથી સીંચાઈ માટે જે પાણી સપરાશે તેમાંથી ૬૫ લાખ એકર માટે મધ્યપ્રદેશ, ૧ લાખ એકર

માટે મહારાષ્ટ્ર અને ૪૫ લાખ એકર માટે ગુજરાતને પ્રાપ્ત થશે. રાજસ્થાન માટે માત્ર ૧ લાખ એકર માટે પાણી બચતું હોવાથી એવી સલાહ થઈ કે જે નર્મદાનહેર રાજસ્થાન તરફ જાય તેની સમાનાંતરે મહીમાંથી ૭ લાખ ૫૦ હજાર એકરની સીંચાઈ જેટલું પાણી લઈ જતી એક નહેર થાય અને તેમ થતાં રાજસ્થાનના ઝાલોર અને બાડમેર તથા ગુજરાતના કચ્છ જિલ્લાને પાણી પ્રાપ્ત થશે. નવાગામ બંધ ખાતે ૧૪૫૦ મેગાવૉટ વિદ્યુત ઉત્પન્ન થાય, તેમાંથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતને અનુક્રમે તેનો અઢી, એક અને એક ભાગ આપવામાં આવે અને નવાગામ બંધને ખર્ચે ટ્રાન્સમીશન લાઇનો એક બાજુ મહારાષ્ટ્રના ધૂળિયા જિલ્લાના અક્કલકુવા અને આક્રાણી (ધડગામ) તાલુકાઓ તથા મધ્યપ્રદેશમાં ૨૦૦ માઈલ દૂર છેક ઓમ્કારેશ્વર સુધી લઈ જવામાં આવે.

ઉપર્યુક્ત યોજના પણ મધ્યપ્રદેશે ફગાવી દીધી છે! કહે છે કે અમારે નર્મદાના પાણીને અમારા પૂર્વ (બાઘેલખંડ) અને દક્ષિણ (છત્રીસગઢ) વિભાગો તરફ વાળવાં છે અને એ પાણી અમારી પોતાની માલિકીનાં છે માટે અમે તેનું ગમે તે કરીએ; ને વધેલાં પાણી છોને દરિયામાં જતાં પણ અમારે નવાગામ બંધ થવા દેવો નથી. એનાથી અમારી ઘણી જમીન ડૂબમાં જશે. જોકે ગુજરાતે તેના બદલે જમીન આપવાનું કહ્યું છે, પણ તેઓ હઠ લઇને બેઠા છે. આંતરરાજ્ય નદીઓનાં પાણીની બાબતમાં આપણું બંધારણ ત્રુટિપૂર્ણ છે, એટલે તેને સુધરાવવાની ગોઠવણ ચાલી રહી છે. દેશની વસતિ વધતી જાય છે અને ઘણી કટોકટીઓ આપણી સમક્ષ આવી રહી છે, એટલે અંતે મધ્યપ્રદેશને પોતાનો હઠવાદ છોડ્યે જ છૂટકો છે. કેન્દ્ર સરકારે હાલમાં એક રાષ્ટ્રીય વૉટર ગ્રીડની યોજના ઘડી છે. તેને અનુસરતાં ગંગા–કાવેરી નહેર દક્ષિણ તરફ જતાં મધ્ય પ્રદેશમાંથી પસાર થતાં તેમાંથી ગંગાનાં પાણી નર્મદાને આપવાની પણ તજવીજ છે.

અમેરિકા અને ચીનમાં જે દૂરંદેશીપૂર્વક ટેનેસી અને હોઆંગહો યોજના થઈ છે તે દૂરદેશી આપણી યોજનાઓ પાછળ જણાતી નથી. પૂરનિયંત્રણ માટે નદીઓના પાર્વત્ય ભાગોમાં વનો રોપીને ધોવાણ અટકાવવા સારુ કશાં પગલાં લેવાતાં નથી. વનવિનાશ વધતો જાય છે. આ હિમાંતર યુગમાં પાણીની તંગી વધ્યે જ જશે, પણ આપણા દેશની નદી યોજનાઓ બાંધવા પાછળ કોઈ લાંબી દૃષ્ટિ હોતી નથી. ફાટે એટલે થીગડું મારવું એવી નીતિ અપનાવાઈ છે. ભાખરા-નાંગલ ને દામોદરી ખીણ યોજનાઓએ આ દર્શાવી આપ્યું છે. છેલ્લે નર્મદા યોજના જે વડાપ્રધાનની લવાદી પર હતી તે બદલીને ફરી એક સમિતિને સોંપાઈ છે. મધ્યપ્રદેશના શાસન અને પ્રજા તરફથી પોતાને પક્ષે ફેંસલો આવે એવા જે પ્રયત્નો થાય છે તેવા કમનસીબે આપણે ત્યાં થતાં નથી. શાસન તો રજૂઆત કરે છે, પણ આ બાબતમાં આપણી પ્રજા જોઇએ એટલી જાગ્રત ને સચેત નથી. □

અનુસંધાન] ડૉ. ભાઉ દાજી [પૃષ્ઠ ૪૨થી

વિષયક નિબંધ, અજંતાની ગુફાઓ, રુદ્રદામન અને સ્કંદગુપ્તના શિલાલેખોનાં ભાષાન્તર વગેરે શોધકાર્યો માટે એમને ધન્યવાદ ને સન્માન અપાઈ ચૂક્યાં હતાં. ત્યાર પછી 'Invades of the Scithians into India'થી એમની ખ્યાતિમાં ઓર વધારો થયો. એમણે શિલાલેખોની નકલો તૈયાર કરવા માટે તેમજ આપણાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકો એકત્રિત કરવા પાછળ સમય ને સંપત્તિ ખર્ચવામાં કોઈ મણા રાખી નહોતી.

ડૉ. ભાઉ દાજીને જ એ વાતનું શ્રેય છે કે એમણે શક લોકોના આક્રમણ વિષે પ્રકાશ પાડતી કાલકાચાર્યની જૈન કથા શોધી કઢી હતી. તે ઉપરાંત જૈન પટ્ટાવલીના તિથિક્રમને તથા યાદવરાજ મહાદેવના વિદ્વાન મંત્રી હેમાદ્રિના સમયને પણ એમણે નક્કી કરી આપ્યા હતા. પ્રાચીન લિપિશાસ્ત્રજ્ઞ પ્રિન્સેપે શાહવંશના સમ્રાટોના બે શિલાલેખો પૈકી એકનું ભાષાંતર કરેલું તેની કેટલીક ત્રુટિઓ શોધી કાઢી ડૉ. ભાઉ દાજીએ એનું ફરી ભાષાંતર કરેલું. આ ઉપરાંત બીજા અનેક શોધલેખો એમણે આપેલા છે.

એઓ સંસ્કૃત, પાલી, પ્રાકૃત અને અરબી ભાષાના પ્રકાંડ પંડિત હતા. પ્રખ્યાત પ્રાચ્યવિદ્યાપંડિત મૅક્સમૂલરે એમના વિષે કહ્યું છે :'I always look upon Bhau Daji as a man who has done excellent work in his life.' (પોતાના જીવન દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર તરીકે હું ભાઉ દાજી તરફ મીટ માંડું છું.) એટલું જ નહિ પણ ત્રિખંડ પંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરે એમના વિષે કાઢેલા આ ઉદ્ગારો એમની મહત્તામાં એક છોગું ઑર ચડાવે છે: 'No one who wishes to write a paper on the antiquities of the last two thousand years can do so without referring to Dr. Bhau's writings.' (છેલ્લાં બે હજાર વર્ષના પ્રાચીન ઇતિહાસ અંગે કોઈ એ શોધલેખ લખવો હોય તો તે ડૉ. ભાઉનાં લખાણો જોયા વગર પોતાનું કાર્ય આગળ ચલાવી શકે નહિ.) પુરાતત્ત્વનાં ક્ષેત્રમાં આટલું મહત્ત્વનું હતું. એમનું પ્રદાન। ભારતીય ઇતિહાસની અભ્યાસના અને કાલવિભાજનની સમસ્યા વિષે એમનાં સંશોધનો ઘણાં મૂલ્યવાન ગણાયાં છે.

પ્રાચીન વિદ્યાઓ માટેના પોતાના વ્યાસંગ-કાજે પ્રવાસ-પર્યટન સારુ જે સમય જોઈએ તે તેમના તબીબી વ્યવસાયને લઇને એમને મળી શકતો નહિ. એમના આ કાર્યમાં ભગવાનલાલ ઇન્દ્રજી જેવા નિષ્ઠાવાન અને સુશિક્ષિત સહાયક શિષ્યમાન્ય મળી ગયા. ભાઉ દાજીના સંસર્ગથી પ્રાચીન લિપિ ઉકેલવામાં ભગવાનલાલને નિપુણતા મળી ગઈ. એઓ ડૉ. ભાઉને પોતાના ગુરુ ગણતા. અને ગુરુનો શિષ્યપ્રેમ પણ કેવો? ઈ. ૧૮૬૫માં મહા મંદીનું મોજું આવ્યું ત્યારે ડૉ. ભાઉ દાજીની આર્થિક સ્થિતિ કથળી છતાં ય એમણે ભગવાનલાલને છૂટા કર્યા નહોતા. એ ભગવાનલાલ શોધકાર્ય માટે નેપાળ ગયા ત્યાં હવાપાણી તથા ખોરાકની પ્રતિકૂળતાને કારણે બીમાર પડતાં ભાઉ દાજીએ એમને માટે તુવેરની દાળનો એક થેલો છેક નેપાળ મોકલ્યો હતો. એમના હમદર્દ હૈયાનો એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે: 'ટેલિગ્રાફ અને કુરિયર' નામક છાપાના એક અંગ્રેજ તંત્રીને ઘેર વિઠોબા મલ્હારી દરજીનું કામ કરતો હતો. એ દરજીના લહેણા સો રૂપિયા આપવાની પેલા અંગ્રેજે ના પાડી. આથી દરજીએ સ્મૉલ કૉઝ કોર્ટમાં દાવો માંડ્યો. પણ તે હાર્યો અને એકવીસ દિવસની જેલ થઈ. એને થએલા આ અન્યાયની જાણ ડૉ. ભાઉ દાજીને થઈ અને દીનવત્સલ હૈયું ઊકળી ઊઠ્યું. એમણે વિઠોબા પાસે વડી અદાલતમાં અપીલ કરાવી એનો મુકદ્દમો જિતાડી આપ્યો અને નુકસાનીના રૂપિયા ૫૦૧ અપાવ્યા તે જુદા। વળી, તે વખતે મુંબાઈ નગરપાલિકામાં મ્યુનિસિપલ કમિશનર સર આર્થર ક્રૉફર્ડના ભ્રષ્ટ વહીવટથી સૌ વાજ આવી ગયા હતા ત્યારે ડૉ. ભાઉ દાજીએ જ તેમની સામે વીરતાપૂર્વક માથું ઊંચક્યું હતું.

આવા પ્રખર બુદ્ધિશાળી, પ્રાચ્યવિદ્યાવિદ, સંસ્કૃતિ અને ઇતિહાસના પથન્વેષી મનીષી, સક્રિય સમાજસુધારક અને શિક્ષણોદ્ધારક, પરદુઃખકાતર પીયૂષપાણિ ચિકિત્સક અને રાષ્ટ્રીય અસ્મિતાના પ્રબોધકાલીન જાગ્રત પુરુષ ડૉ. ભાઉ દાજીનું ઈ. ૧૮૭૪ની ૩૧મી મેના રોજ અવસાન થયું ત્યારે તેમની સ્મૃતિને કાયમ રાખવા એક નિધનોત્તર ભંડોળ ઊભું કરવામાં આવેલું. એ પાંચ હજારનું ભંડોળ મુંબાઈ યુનિ સિટીને અપાએલું, જેના વ્યાજમાંથી બી. એ.માં સંસ્કૃત સાહિત્ય સાથે પ્રથમ આવનાર તેજસ્વી વિદ્યાર્થીને પુરસ્કાર આપવાનું ઠરાવાયું હતું. આ પુરસ્કાર પ્રાપ્ત કરનારાઓમાં કોશકાર વામન શિવરામ આપ્ટે, પ્રા. શ્રીધર રામકૃષ્ણ ભાંડારકર, સાક્ષરવર્ય નરસિંહરાવ દિવેટિયા અને પ્રા. બાલાજી ગોવિંદજી દેસાઈ જેવા આગળ તરી આવે છે.

એમની મૃત્યુશતાબ્દી ગયે વર્ષે ઊજવાઈ ત્યારે એ કોમળ હૃદયી, પ્રકાંડ પુરુષાર્થી પંડિત ને રાષ્ટ્રભક્ત મનીષી આપણી વર્તમાન વિદ્યા-અર્થી પેઢીને માટે પથદર્શક ઉદાહરણ બની રહે તો જ એમનું તર્પણ કર્યું ગણાશે. □

મા ○○○○ પ્રાચીન સિક્કા [૨] ઐતિહાસિક સંશોધનોમાં સિક્કાનું મહત્ત્વ

લેખક - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

માનવ-સમાજમાં આર્થિક વ્યવહારના માધ્યમ તરીકે સિક્કાનું સાધન પ્રચલિત થતાં ઘણી સરળતા સાંપડી. શરૂઆતમાં સુવર્ણ જેવી કીમતી ધાતુના ભૂકાનો કે ટુકડાનો ઉપયોગ થતો, પરંતુ લેવડદેવડના દરેક વ્યવહાર વખતે એનો તોલ કરવામાં અને એની ધાતુની શુદ્ધિ ચકાસવામાં ઘણી કડાકૂટ પડે. આથી આર્થિક અને/અથવા રાજકીય સત્તા ધરાવતી અધિકૃત વ્યક્તિ કે સંસ્થા શુદ્ધ ધાતુના પતરાના નિયત તોલના કટકા તૈયાર કરાવી એના ઉપર પોતાના વિશિષ્ટ ચિહ્નની છાપ મારતી. આવી છાપ ધરાવતો એ ધાતુનો કટકો લેવડદેવડના વ્યવહારના માધ્યમ તરીકે પ્રમાણિત ગણાતો. આ છે સિક્કાનું આદ્ય સ્વરૂપ.

આમ સિક્કો એટલે પ્રમાણિત ચલણી નાણું—જે પ્રાય: ધાતુના નિયત તોલ તથા નિયત મૂલ્યના 'મુદ્રાંકન રૂપે' હોય છે. આથી સંસ્કૃતમાં એને 'રૂપ' તેમજ 'મુદ્રા' કહેતા. પરંતુ આ બંને શબ્દ જુદા અર્થમાં પણ પ્રયોજાતા હોઈ અહીં એના માટે 'સિક્કો' શબ્દ જ પ્રયોજવો ઉચિત છે.

આગળ જતાં એમાં સિક્કા પડાવનાર રાજ્ય, સંસ્થા કે રાજાનું નામ અંકિત થયું. વળી રાજાની આકૃતિ અથવા એનું ઉત્તરાંગ (bust) કે ઉત્તમાંગ (મસ્તક) પણ ઉમેરાયું. કેટલીક વાર ઇષ્ટ દેવ કે દેવીની આકૃતિ ઉમેરાતી. ક્યારેક મૃગયા, યજ્ઞ ઇત્યાદિ પ્રસંગનું દૃશ્ય અંકિત થતું. સમય જતાં સિક્કા પાડયાનું વર્ષ ઉમેરાયું. સિક્કા જુદાજુદા તોલ-પ્રમાણના હતા, જે અલગઅલગ નામે ઓળખાતા. વળી એના અનેક ગુણક તથા ભાજક હોય તેવા મોટાનાના પ્રમાણના ય સિક્કા બનતા. સમય જતાં સિક્કા પર એનું નામ તથા મૂલ્ય ઉમેરાયું, જેમકે એક રૂપિયો, અર્ધો રૂપિયો, પા રૂપિયો; બે આના, એક આનો, બે પૈસા, એક પૈસો, એક પાઈ; પાંચ પૈસા, દસ પૈસા, પચીસ પૈસા, પચાસ પૈસા વગેરે. કોઈ વાર કોઈ મહત્ત્વની ઘટના કે વ્યક્તિની યાદગીરીમાં સિક્કા પડાય છે તો તેમાં તે ઘટના કે વ્યક્તિનો ય નિર્દેશ કરવામાં આવે છે.

સમય જતાં સિક્કાના તોલ ઉપરાંત તેનો આકાર પણ નિયત અને નિયમિત થતો ગયો. એમાં ચોરસ અને ગોળ આકાર સહુથી વધુ પ્રચલિત છે. વળી સોનું, રૂપું, તાંબું જેવી કોઈ એક ધાતુને બદલે બે-ત્રણ ધાતુઓનું મિશ્રણ થવા લાગ્યું. આમ સમય જતાં સિક્કાનાં સ્વરૂપમાં વિપુલ વૈવિધ્ય વિકસ્યું. ભારત જેવા દેશોના લાંબા ઇતિહાસપટમાં સિક્કાના વિકાસની કથા પણ લાંબી હોય એ સ્વાભાવિક છે.

પરંતુ સિક્કા ઇતિહાસના સાધન તરીકે આનુષંગિક ઉપયોગિતા ધરાવે છે. ઘણા અન્ય પ્રાચીન દેશોની જેમ ભારતના ઇતિહાસ-સંશોધનમાં આ સાધન ઘણું ઉપયોગી નીવડયું છે. રાજકીય ઇતિહાસમાં એવા અનેક રાજવંશ છે કે જેમની માહિતી મુખ્યત્વે તેઓના સિક્કાઓ પરથી જ ઉપલબ્ધ થઈ છે. દા. ત. ઉત્તર-પશ્ચિમ ભારતમાં થએલા ભારતીય-યવનોના અને શક-પહ્લવ રાજાઓના સિક્કા ન મળ્યા હોત તો તેમાંના થોડાક રાજાઓનાં જ નામ જાણવામાં આવ્યાં હોત. કુષાણ વંશના કનિષ્ક, હુવિષ્ક ને વાસુદેવના તો અભિલેખ પણ મળ્યા છે, પરંતુ કનિષ્કના બે પુરોગામીઓની માહિતી તેઓના સિક્કાઓ પરથી જ મળી છે. ગુજરાતના ઇતિહાસમાં ચાવડા વંશની માહિતી માત્ર સાહિત્ય પરથી અને મૈત્રક વંશની માહિતી મુખ્યત્વે તેમનાં તામ્રપત્રો પરથી મળે છે તેમ ક્ષત્રપ રાજાઓની માહિતી મુખ્યત્વે તેઓના સિક્કાઓ પરથી જ પ્રાપ્ત થાય છે. સિક્કાઓ પર આપેલાં તેઓનાં પૂરાં નામો પરથી તેમજ સિક્કાઓનાં વર્ષો પરથી એ રાજાઓની વંશાવળી તથા સાલવારી બંધ બેસાડી શકાય છે. ઉત્તર ભારતનાં અનેક ગણરાજ્યો તથા જનપદ રાજ્યોની માહિતી પણ તેઓના સિક્કા પૂરી પાડે છે. મગધના ગુપ્ત સમ્રાટોને લગતી કેટલીક રસપ્રદ માહિતી તેઓના વિવિધ સિક્કાઓ પરથી પ્રકાશમાં આવી છે. યૌધેયો ને માલવોના પ્રદેશ તેઓના સિક્કાઓનાં પ્રાપ્તિસ્થાનો પરથી જાણવા મળ્યા છે.

રાજકીય ઇતિહાસની જેમ સાંસ્કૃતિક ઇતિહાસમાં પણ સિક્કાઓ વિપુલ માહિતી પૂરી પાડે છે. દા. ત. કુષાણ રાજાઓના સિક્કાઓ પર અંકિત થએલી વિવિધ ધર્મોનાં દેવદેવીઓની આકૃતિઓ તે રાજાઓનો એ ધર્મો પ્રત્યેનો સમાદર સૂચવે છે. એમાં બુદ્ધ, શિવ, કાર્તિકેય જેવા ભારતીય દેવો ખાસ નોંધપાત્ર છે. ગુપ્ત સમ્રાટ કુમારગુપ્ત પહેલાએ અશ્વમેધ યજ્ઞ કર્યાની માહિતી તેના અશ્વમેધ પ્રકારના સિક્કાઓ પરથી જ ઉપલબ્ધ થઈ છે. અલ્લાહાબાદ શિલાસ્તંભલેખમાં ઉલ્લિખિત સમુદ્રગુપ્તની સંગીતરુચિની પ્રતીતિ તેના વીણા પ્રકારના સિક્કાઓ પરથી થાય છે. સિક્કાઓ પરની રાજાઓની આકૃતિઓનાં રેખાંકન પરથી તેઓની વિવિધ વેશભૂષા તથા કેશભૂષા જોવા મળે છે. સિક્કાઓ પર અંકિત થએલાં લખાણો પરથી તે તે પ્રદેશમાં તે તે સમયે કઈ ભાષા તથા કઈ લિપિ પ્રચલિત હતી તે જાણવા મળે છે. સિક્કાઓ કઈ ધાતુના છે, કેટલી સંખ્યામાં મળે છે, તે ધાતુમાં હલકી ધાતુનું મિશ્રણ કેટલા પ્રમાણમાં થયું છે વગેરે બાબતો તે તે રાજાના સમયની આર્થિક સ્થિતિની ચડતીપડતીનું પ્રતિબિંબ પાડે છે. આમ સિક્કાઓ રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક ઇતિહાસ પ્રકાશ પાડતું એક મહત્ત્વનું સાધન છે.

અગાઉના સમયના કે અન્ય દેશના સિક્કા ઓળખવા માટે ઘણી વાર એના વિશિષ્ટ જ્ઞાનની જરૂર પડે છે. ઇતિહાસસંશોધન કરનાર વિદ્વાનો આવા પ્રાચીન સિક્કાઓના વિવિધ પ્રકારોની જાણકારી ધરાવે છે એટલું જ નહિ, પ્રકાશમાં આવતા જતા પ્રાચીન સિક્કાઓનો તલસ્પર્શી અભ્યાસ કરી ઇતિહાસમાં નવી માહિતી પણ ઉમેરતા હોય છે. દા. ત. પચીસ-ત્રીસ વર્ષ પર ભરતપુર રાજ્યના બયાના ગામ પાસે ગુપ્ત સમ્રાટોના લગભગ બે હજાર જેટલા સોનાના સિક્કાઓનો નિધિ અચાનક પ્રાપ્ત થયો ત્યારે ડૉ. અલતેકરે તેનો સૂક્ષ્મ અભ્યાસ કરી તેનો વિગતવાર સૂચિગ્રંથ તૈયાર કર્યો. એલન અને રૅપ્સને બ્રિટિશ મ્યુઝિયમમાંના ભારતીય સિક્કાઓ પૈકીના અમુક વંશોના સિક્કાઓના એવા સૂચિગ્રંથ તૈયાર કરેલા તે ભારતીય ઇતિહાસના સંશોધનમાં ઘણા ઉપયોગી નીવડેલા. કનિંઘમ, બ્રાઉન, સ્મિથ, વ્હાઈટહેડ અને રાઈટ જેવા વિદ્વાનોએ પણ સિક્કાઓને લગતા સૂચિગ્રંથ તૈયાર કરેલા છે. હોડીવાલા અને સિંઘલ જેવા વિદ્વાનોએ ગુજરાતના સુલતાનો તથા મુઘલોના સિક્કાઓનો સૂક્ષ્મ અભ્યાસ કરેલો. ભારતમાં સિક્કાશાસ્ત્રનો અભ્યાસ ઉત્તરોત્તર વધતો જાય છે. ઈ. ૧૯૧૦થી 'ન્યુમિસ્મૅટિક સોસાએટી ઑવ ઇન્ડિયા' નામે સંસ્થા ભારતીય સિક્કાશાસ્ત્રના અધ્યયનને સક્રિય પ્રોત્સાહન આપે છે ને 'ન્યુમિસ્મૅટિક જર્નલ ઑવ ઇન્ડિયા' નામે ખાસ સામયિક પણ ચલાવે છે. તાજેતરમાં વડોદરામાં 'ન્યુમિસ્મૅટિક સોસાએટી ઑવ ગુજરાત' નામે સંસ્થા સ્થપાઇ છે.

ભારતના સિક્કાઓ વિષે પણ જો કે ઘણા અભ્યાસગ્રંથ તથા સૂચિગ્રંથ પ્રકાશિત થયા છે, છતાં ભારતનાં અનેક મ્યૂઝિયમોમાં સંગૃહીત થએલા સંખ્યાબંધ સિક્કાઓના સૂચિગ્રંથ પ્રકાશિત થવા બાકી છે. દા. ત. ગુજરાતનાં મ્યૂઝિયમોમાં ક્ષત્રપો, ગુપ્તો અને સુલતાનોના કેટલા બધા સિક્કા સંગૃહીત થએલા છે, પરંતુ તેના કોઈ સૂચિગ્રંથ હજી પ્રસિદ્ધ થયા નથી.

સિક્કાઓ હવે માત્ર ઇતિહાસના સાધન તરીકે નહિ, ટપાલની ટિકિટોની જેમ સંગ્રહ-શોખના પ્રકાર તરીકે પણ મહત્ત્વ ધરાવે છે. કેટલાક તો સિક્કાના ક્રય-વિક્રયનો ધંધો પણ કરે છે. આ બંને વર્ગના લોકો જુદાજુદા દેશોના પ્રાચીન તથા અર્વાચીન સિક્કાઓ એકઠા કરતા હોય છે ને તેઓને એ સિક્કા કયા રાજ્યના અને કયા સમયના છે (અનુ. પૃ. ૭૦)

શુક્ર પછી સૌથી વધુ તેજસ્વી દેખાતો ગ્રહ મંગળ
(સૂર્યમાળાના ગ્રહો-૩)

ડૉ. યશવંત ગુ. નાયક

સૂર્યમંડળના બધા ગ્રહોમાં રક્તવર્ણો મંગળ સૌથી વધુ કુતૂહલપ્રેરક રહ્યો છે. સૂર્યની આસપાસની પૃથ્વીની ભ્રમણ-કક્ષાની બહારનો એ પહેલો ગ્રહ છે અને દૂરબીન દ્વારા આજ પર્યંત એનું સતત અવલોકન થતું રહ્યું છે. ઓગણીસમી સદીના અંતમાં એક એવી પ્રબળ માન્યતા હતી કે મંગળ ઉપર જીવનનું અસ્તિત્વ છે અને કદાચ મનુષ્યથી પણ ઉત્કૃષ્ટ પ્રકારના, વધુ યાંત્રિક પ્રગતિવાળા અને વધુ બુદ્ધિમત્તાવાળા માનવીઓ ત્યાં હશે. અને આવી કલ્પનાના આધાર પર મંગળવાસીઓએ પૃથ્વી પર કરેલાં અવતરણો અને હવે પછીનાં એમનાં આક્રમણો વિશે અનેક રસિક વાર્તાઓ ને લેખો લખાયાં છે. મંગળનો માનવી અત્યંત મોટા મસ્તક (મગજ)વાળો ને દોરડા જેવા પાતળા અને નાજુક હાથપગવાળો કલ્પવામાં આવતો હતો. એ માનવ તેના મોટા મગજની ભારે બુદ્ધિમત્તાથી એટલી યાંત્રિક અને ભૌતિક કુશળતા ધરાવતો કલ્પવામાં આવ્યો હતો કે તે બહુ જ આસાનીથી પૃથ્વીના માનવીઓને મહાત કરી શકે. એચ. જી વેલ્સના 'વૉર ઑવ ધ વર્લ્ડ્ઝ' નામના પુસ્તકમાં આવી એક ચડાઈનું રસપ્રદ અને રોમાંચક વર્ણન ધ્યાન ખેંચે તેવું છે.

ઝળહળતા રક્તરંગી માણેકની જેમ ચમકતો આ ગ્રહ આકાશમાં શુક્ર પછી બીજા નંબરનો તેજસ્વી ગ્રહ છે. એના અંગારા જેવા પ્રકાશને કારણે તે યુદ્ધના દેવ તરીકે પ્રાચીન કાળના લોકોમાં માન્યતા ધરાવતો હતો. કદાચ આથી જ વાર્તાઓમાં મંગળના માનવીઓને પણ લડાયક અને આક્રમણખોર વર્ણવવામાં આવ્યા છે.

પૃથ્વી કરતાં આ ગ્રહ પ્રમાણમાં ઘણો નાનો છે. એનો વ્યાસ ૬૭૬૨ કિ. મી. (૪૨૦૦ માઈલ) જેટલો છે, અને એનું વજન પૃથ્વીના કરતાં દસમા ભાગનું છે. મંગળ સૂર્યની ફરતે લંબવર્તુલ કક્ષામાં ફરે છે. સૂર્યથી એનું સરેરાશ અંતર ૧૮,૭૮,૧૫,૦૦૦ કિ. મી. (૧૪,૧૫,૦૦,૦૦૦ મા.) છે. પૃથ્વીથી એનું અંતર મોટા પ્રમાણમાં વધેઘટે છે. પૃથ્વી સાથેની પ્રતિ-યુતિ વખતે એનું મહત્તમ અંતર ૭,૮૨,૪૬,૦૦૦ કિ. મી. (૪,૮૬,૦૦,-૦૦૦ મા.) થાય છે જ્યારે લઘુતમ યુતિ વખતે તે અંતર ૫,૫૭,૦૬,૦૦૦ કિ. મી. (૩,૪૬,૦૦,૦૦૦ મા.) જેટલું હોય છે. આ લઘુતમ યુતિ વખતે ખગોળશાસ્ત્રીઓ મંગળનો મોટા પાયા ઉપર અભ્યાસ યોજે છે. આવી અનુકૂળ યુતિઓ દર ૧૫ થી ૧૭ વર્ષે થાય છે. ઈ. ૧૯૫૬માં આવી એક



▷ યર્કી (ઉ. અમેરિકા)માંથી ૬૦" વ્યાસના દૂરબીન દ્વારા મંગળનું દર્શન

સૌથી વધુ અનુકૂળ યુતિ થઈ હતી.

મંગળ દર સેકન્ડે ૨૪·૧૫ કિ. મી. (૧૫ મા.)ના વેગથી પોતાની કક્ષામાં રહી સૂર્યની પ્રદક્ષિણા કરે છે. એનું આવું એક ભ્રમણ ૬૮૭ દિવસમાં પૂરું થાય છે જ્યારે પોતાની અક્ષ ઉપર ૨૪ કલાક અને ૩૭ મિનિટમાં એનું એક ચક્રભ્રમણ પૂરું થાય છે. આથી મંગળનું વર્ષ આપણા ૬૮૭ દિવસ જેટલું અને એના દિનરાત લગભગ આપણા દિનરાત જેટલાં હોયછે.

મંગળને બે ચંદ્રો છે: 'ફોબોસ' અને 'ડિમોસ'. ફોબોસ મંગળની સપાટીથી ૫,૯૫૭ કિ. મી. (૩,૭૦૦ મા.) ઊંચે પરિભ્રમણ કરે છે અને ૭ કલાક ૩૯ મિનિટમાં મંગળની એક પ્રદક્ષિણા પૂરી કરે છે. એનો વ્યાસ ૨૭·૩૭ કિ. મી. (૧૭ મા.)નો છે અને એ કાળમીંઢ પથ્થર જેવો છે. 'ડિમોસ'નો વ્યાસ માત્ર ૬·૪૪ કિ. મી. (૪ માઈલ)નો છે અને તે ૨૩,-૫૦૬ કિ. મી. (૧૪,૬૦૦ મા.) ઊંચે પ્રદક્ષિણા કરે છે. ૧ દિવસ અને ૬૧ કલાકમાં તે પ્રદક્ષિણા પૂરી કરે છે. મંગળના ઉષ્ણકટિબંધની સપાટી ઉપરનું ઉષ્ણતામાન ૮૦° ફે. જેટલું મહત્તમ બને છે અને રાત્રીનું ઉષ્ણતા-માન −૪૦° ફે. જેટલું નીચું ઊતરે છે. ધ્રુવપ્રદેશોમાં લઘુતમ ઉષ્ણતામાન −૧૯૦° ફે. જેટલું શીત હોય છે.

મંગળનીસપાટી ઉપરનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વી કરતાં (અઢીમા) ૨½ ભાગનું છે. આને કારણે એના પરના વાયુના અણુઓનો પલાયન વેગ દર સેકન્ડે ૪·૮૩ કિ. મી. (૩ મા.) જેટલો જ હોય છે. પૃથ્વી ઉપર આ વેગ

'ચંદ્રમુખી' વિશેષણ હવે નારીને અપમાનકારક લાગે એવી ચંદ્રની સપાટીનાં વાસ્તવિક દર્શનો, અને તદ્દન નિર્જીવ એવા એ ઉપગ્રહ વિશે-નાં વિવિધ સંશોધનો બાદ આધુનિક ખગોળશાસ્ત્રનું લક્ષ 'મંગલ' પ્રતિ વિશેષ કેન્દ્રિત થયું. મંગળ (Mars) એના રક્તરંગી દર્શનને કારણે યુદ્ધોત્તેજક ઉગ્ર ગ્રહદેવતા મનાતો હતો, અને એટલે જ એના બે ઉપગ્રહોને પણ 'ફોબોસ' (એટલે કે 'ભય') અને 'ડેઈમૉસ' (આતંક) જેવાં નામ અપાયાં. મંગળની અનેક આગવી લાક્ષણિકતાઓને કારણે એના વિશે જુદાજુદા કાળે વૈજ્ઞાનિક તેમજ કાલ્પનિક એવી અનેકવિધ માન્યતાઓ પ્રચલિત બની હતી. પણ હવે મંગલ પ્રતિ મોકલેલાં અમેરિકાનાં 'મરીનર' શ્રેણીનાં અને રશિયાના 'માર્સ' શ્રેણીનાં યાનો દ્વારા ઘણી હકીકતો પર નવો પ્રકાશ પડવા લાગ્યો છે. પૃથ્વી ઉપરાંત અવકાશમાં, અને ખાસ કરીને મંગળ પર કોઈ અનન્ય જીવસૃષ્ટિ હોવાની કલ્પનાથી પ્રેરાઈને એ અંગે થવા માંડેલાં સંશોધનોમાંથી 'એક્ઝોબાયૉલૉજી' નામે એક આગવી વિજ્ઞાનશાખા પણ હવે વિકસી છે. હજી યે મંગલ પ્રતિ વધુ યાનો મોકલવાની યોજનાઓ ઘડાય છે. રશિયાના આ અંગેના કાર્યક્રમની તો જાણ નથી, પણ એ પોતાના યાનને મંગળની સપાટી પર સફળતાથી ઉતારી શક્યું છે. અમેરિકા આ વર્ષે પણ ઑગસ્ટમાં યાન મોકલશે જે આવતા (૧૯૭૬) વર્ષના જુલાઈની ૪થી તારીખે મંગલની સપાટી પર ઊતરશે. અમેરિકાના સ્વાતંત્ર્યની ૨૦૦મી જયંતીની એની ઊજવણીનું આ પણ એક અંગ છે. આ યાન દ્વારા મંગળની સપાટી પરની માટીનું પૃથક્કરણ કરવાની એની નેમ છે. આ પછી ઈ. ૧૯૭૯માં મંગળ પર ફરીફરી ઊડે તેવું એક વાહન મોકલીને પૃથ્વી પરથી તેનું સંચાલન કરી વધુ સંશોધનો કરવાની તથા ત્યાર બાદ ઈ. ૧૯૮૧માં વધુ એક યાન મોકલી મંગળની માટીના નમૂનાને પૃથ્વી પર આણવાની અમેરિકાની યોજના છે. (સંપાદકીય)





મંગળના વિષુવવૃત્ત નજીક એક સુષુપ્ત જ્વાળામુખીનું લગભગ ૧૧૨·૭૦ કિ. મી. પહોળું વિશાળ જ્વાળા-મુખ અને (જમણી બાજુ) મંગળની સપાટી પર દેખાતી નદી જેવી એક ખીણ. અમેરિકન યાન 'મરીનર-૯' દ્વારા લેવાએલી છબિઓ.

દર સેકન્ડે ૧૧·૨૭ કિ. મી. (૭ મા.) જેટલો હોય છે. આ ઓછા ગુરુત્વાકર્ષણ બળના કારણે એના ઉપર નોંધપાત્ર વાતાવરણ નથી. આથી આપણે મંગળની સપાટી સામાન્ય દૂરબીન વડે પણ સારી રીતે જોઈ શકીએ છીએ.

મંગળની સપાટીનું મોટા ભાગનું બિંબ રતૂમડા રંગનું દેખાય છે અને તેમાં વચ્ચે કાળાં અને નીલ રંગનાં ધાબાં દેખાય છે. આમાં કાળાં ધાબાં સ્થિર જણાય છે જ્યારે નીલ રંગનાં થોડાં બદલાયા કરે છે. આ નીલ ધાબાં કદાચ સમુદ્રોનાં હશે એમ અગાઉ મનાતું હતું, પરંતુ એ માન્યતા સદંતર ખોટી ઠરી છે. મંગળની જમીન ઉપર કે હવામાં પાણી નથી એવું હવે સ્પષ્ટ માલૂમ પડચું છે. કદાચ ઉત્તર અને દક્ષિણ ધ્રુવપ્રદેશોમાં દેખાતાં સફેદ ધાબાંઓમાં બરફ રૂપે પાણી જામેલું હોય તેમ મનાય છે. મંગળના રતૂમડા રંગના પ્રદેશો રણ-વિસ્તારો સૂચવે છે, જ્યારે નીલરંગી વિસ્તારના રંગ અને તેજમાં ફેરફારો થતા હોઈ ઘણા એવું માને છે કે તેની સપાટી ઉપર ઊગતી અને મરી જતી વનસ્પતિને કારણે આ ફેરફાર થતા હશે. ધ્રુવપ્રદેશનાં સફેદ ધાબાંના વિસ્તારમાં પણ નોંધપાત્ર વધઘટ થાય છે. આ સફેદ ધાબાંમાં મુખ્યત્વે બરફ, અને તેમાં ઠરેલા ધૂળ અને રાખના રજકણો તથા ઘન કાર્બનડાયૉક્સાઈડ હશે એમ લાગે છે. ઉનાળામાં આ સફેદ છત્ર વિસ્તારમાંથી પ્રથમ કાર્બન ડાયૉક્સાઈડનું બાષ્પીભવન થાય છે અને ત્યાર બાદ થોડા બરફનું પણ બાષ્પીભવન થાય છે. બરફમાંથી

નીચે: મંગળના એક ઉપગ્રહ 'ફૉબોસ'ની 'મરીનર-૯' દ્વારા ૫,૫૪૦ કિ. મી. દૂરથી લેવાએલી પ્રથમ છબિ. માત્ર ૨૫ કિ. મી.ની લંબાઈ અને ૨૧ કિ. મી. પહોળાઈવાળો આ ઉપગ્રહ અતિ પ્રાચીન હોવાનો અંદાજ છે. પૃથ્વીના કરતાં એક હજારમા ભાગના તેના ગુરુત્વાકર્ષણને કારણે એનો વિચિત્ર લંબ આકાર જળવાઈ રહ્યો છે.



પાણી બનતું નથી પરંતુ અત્યંત તરલ વાતાવરણમાં બરફમાંથી સીધી પાણીની વરાળ બને છે. ઉત્તર ધ્રુવ પ્રદેશમાંથી જ્યારે બાષ્પીભવન થવા લાગે છે ત્યારે દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં ઠારણ થઈ સફેદ છત્રનો વિસ્તાર વધે છે. એવું મનાય છે કે ઉત્તર ધ્રુવ પ્રદેશનું સફેદ છત્ર કેટલાક માઈલ ઊંચા સ્તરોનું બનેલું હશે અને તેમાં પુરાતન કાળમાં ગ્રહ ઉપરનું સમગ્ર પાણી બરફ રૂપે જમા થયું હશે.

મંગળની સપાટીની બીજી ધ્યાન ખેંચે તેવી બાબત તેની ઉપર દેખાતી અનેક લાંબી કાળી રેખાઓ છે. આ કાળી રેખાએ ભૂતકાળમાં મોટો વિવાદ સર્જ્યો હતો. લૉવેલ નામના એક મહાન ખગોળશાસ્ત્રીએ ઈ. ૧૮૯૪ અને ૧૯૧૬ની વચ્ચે અનેક નાનીમોટી શોધ કરી હતી જેમાં મંગળ ઉપરની આ 'નહેરો' હોવા વિષેનો તેનો વાદ ભારે ચર્ચાનો વિષય બન્યો હતો, પણ અંતે તે વાદ ખોટો ઠર્યો છે.

અમેરિકાએ ઈ. ૧૯૭૧ના મેની ૩૦મી તારીખે મંગળના અવલોકન માટે 'મરીનર-૯' નામનું અવકાશ-યાન છોડયું હતું, જે ૧૬૭ દિવસે આશરે ૪,૦૨,૫૦,૦૦૦ કિ. મી. (૨ કરોડ ૫૦ લાખ મા.)ની મુસાફરી કરી મંગળની ફરતે કક્ષામાં ફરતું થયું હતું. આ સમયે મંગળ પૃથ્વીથી સૌથી વધુ નજીક આવેલો હતો. ઈ. સ. ૧૯૭૧ના નવેમ્બરની ૧૩મી તારીખે એ યાન ત્યાં પહોંચ્યું હોવા છતાં શરૂઆતમાં તો તે મંગળની સપાટીનું અવલોકન કરી શક્યું નહિ, કારણ કે મંગળની સપાટી ઉપર એકાદ માસ પહેલાંથી ધૂળનાં પ્રચંડ તોફાનો શરૂ થયાં હતાં. મંગળ ઉપર સ્થળે સ્થળે આવા વંટોળો વારંવાર પેદા થાય છે. પરંતુ આ વખતના વંટોળોએ મંગળની સમગ્ર સપાટીને છાવરી લીધી હતી અને તે લાંબા વખત ચાલુ રહ્યા હતા. ઈ. ૧૯૭૨ના જાન્યુઆરીના અંતમાં આ વંટોળ શમ્યા અને મંગળની સપાટી સ્પષ્ટ દેખાવા લાગી. આ યાન વડે લગભગ ૭૫૦૦ જેટલી છબીઓ પૃથ્વી પર પ્રાપ્ત થઈ, અને આગળનાં કોઈ પણ અવલોકનો કરતાં વધુ સંખ્યાનાં અને વધુ સ્પષ્ટ અવલોકનો થઈ શક્યાં. ઈ. ૧૯૬૫ અને ૧૯૬૯માં મરીનર શ્રેણીનાં અવકાશયાનો મંગળ પાસેથી પસાર થયાં હતાં, પરંતુ 'મરીનર-૯' તેની સૌથી વધુ નજીક પહોંચ્યું અને મંગળની પ્રદક્ષિણા કરતું રહ્યું. આથી મંગળની અનેક સમસ્યાનો ઉકેલ મળી શક્યો છે. તેમાંથી મળેલી માહિતીનો સારભાગ નીચે પ્રમાણે છે. મરીનર-૧૦ ઉપરથી કરેલાં અવલોકનો આશરે ૨૦,૧૨૫ કિ. મી. (૧૨,૫૦૦ મા.)ની ઊંચાઈએથી કરવામાં આવ્યાં હતાં.

મંગળની સપાટી ઉપર અનેક પર્વતોની હારમાળા છે અને અનેક ઊંચાં જ્વાળામુખી શિખરો છે. એમાંનો એક જ્વાળામુખી તો ૨૦·૧૫ કિ. મી. (૧૫મા.) ઊંચો છે અને તેના શિખરનો વિસ્તાર ૪૦૨·૫ કિ. મી. (૨૫૦મા.) લાંબો અને ૨૮૫·૯ કિ. મી. (૧૯૦ માઇલ) પહોળો

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા · ઉમરેઠ)) ની સલાહ

ᗡ ફળોમાં ફ્રુક્ટોઝના રૂપમાં શર્કરા હોઈ તેની ચયાપચય ક્રિયાથી લોહીમાંની શર્કરાના પ્રમાણને અસર થતી નથી, તો શું ડાયાબિટિસના દર્દીથી દ્રાક્ષ ખવાય?

* કેટલાંક ફળોમાં ફ્રુક્ટોઝ મુક્ત શર્કરાના રૂપમાં તો બીજામાં સુક્રોઝના રૂપમાં ગ્લુકોઝ સાથે જોડાએલી છે. ચયાપચય ક્રિયાથી કલેજામાં ફ્રુક્ટોઝ ગ્લુકોઝમાં પરિણમે છે અને બીજી શર્કરાની જેમ જ તેનું ચયાપચય થાય છે. ને તેના છેલ્લા રૂપાંતરથી લોહીની શર્કરાના પ્રમાણને અસર પહોંચે છે. માટે ડાયાબિટિસના દર્દીથી ફ્રુક્ટોઝવાળા પદાર્થો છૂટથી ખવાય નહિ.

દ્રાક્ષના બારેક દાણા એક ફળ બરાબર હોઈ તેમાંથી આસરે દસ ગ્રામ કાર્બોહાઇડ્રેટ અને ચાળીસ કૅલોરી મળે છે. રોગીની કૅલોરીની જરૂરિયાત નક્કી થઈ શકી હોય તો દ્રાક્ષના કાર્બોહાઇડ્રેટ અને કૅલોરીના પ્રમાણની ગણતરી કરી અમુક મર્યાદામાં દ્રાક્ષ લઈ શકે.

ᗡ પાઉં (બ્રેડ) ને ઘરમાં શી રીતે સાચવી શકાય?

* બ્રેડને તેમાંની ભીનાશ વધે કે ઘટે નહિ તે રીતે રાખવા જોઈએ. ભેજ વધે તો એમાં ફૂગ પેદા થાય અને ઘટે તો બ્રેડ સુકાવા લાગે. સરળ રસ્તો એ છે કે બ્રેડ પરનો ચીકણો કાગળ રહેવા દઈને એને પોલીથિલીનની કોથળીમાં મૂકવો ને હવાની આવજા માટે એ કોથળીનું મોં ખુલ્લું રાખવું. રેફ્રીજરેટરમાં રાખવાથી તેના પર ફૂગ વળતી નથી, પણ તે જલ્દીથી બિસ્વાદ બને છે. પણ જો પોલીથિલીનની કોથળીમાં સારી રીતે વીંટાળીને ડીપફ્રીઝમાં રખાય તો વધુ વખત જળવાય છે.

ᗡ મારી પુત્રીને નખ કરડવાની ટેવ છે. શું કારણ હશે?

* પાંચ-દસ વર્ષની વયનાં બાળકોમાં આ ટેવ સામાન્ય છે. કદાચ તે અનિશ્ચિતતાની લાગણી દર્શાવનારું કૃત્ય હોઈ શકે. નાનું બાળક અંગૂઠો ચૂસે છે તે આ કારણે જ. આ ટેવ અટકાવવા એને વારંવાર ટોકવું કે ઠપકો આપવો યા તતડાવવું કે મારવું યોગ્ય નથી. એને રમતગમત કે એવાં ગમતાં કાર્ય પ્રત્યે વાળી દેવું. ધીરે ધીરે આપોઆપ ટેવ ભુલાઈ જશે.

ᗡ દૂધ અને દહીંનાં વિટામિનો, ઉષ્ણાંક મૂલ્યો વગેરેમાં શો ફેર છે?

* આથો આણનાર જીવાણુઓની ક્રિયાથી દૂધનું લેક્ટોઝ લેક્ટિક ઍસિડમાં ફેરવાતાં દૂધ જામીને દહીં બને છે. દૂધ કરતાં દહીંમાં અમ્લતાનો વધારો અને લેક્ટોઝ તથા સ્પેસિફિક ગ્રેવટીમાં ઘટાડો થાય છે, તો લેક્ટિક ઍસિડ, વાયવી ઍસિડો ને આલ્કોહોલ વધે છે; કોલોઈડ કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ દ્રાવ્ય બને છે તથા આર્દ્રતા ઘટવાથી દૂધના ઘટ્ટ પદાર્થો વધુ સંઘટિત થાય છે. પણ આ ફેરફારો છતાં એનાં ઉષ્ણાંક મૂલ્ય ને વિટામિનો વગેરેમાં માત્ર નહિવત્ ફેરફાર જ થાય છે.

પોષણની દૃષ્ટિએ દહીંમાં પેદા થએલા લેક્ટિક ઍસિડથી કૅલ્શ્યમ ને ફૉસ્ફરસ સારી રીતે ઉપયોગમાં લેવાય છે. વળી, આંતરડાંમાં કોહવાટ ઉપજાવનાર જીવાણુઓની વૃદ્ધિ અટકવાથી હોજરી ને આંતરડાંના રોગોમાં દહીં લાભકર નીવડે છે.

છે. લગભગ બધા જ જ્વાળામુખીઓ અત્યારે સુષુપ્ત અવસ્થામાં છે, પરંતુ ભૂતકાળમાં લાંબા કાળ સુધી તેમાંથી લાવારસના પ્રચંડ પ્રવાહો સપાટી પર વહ્યા હતા અને પરિણામે નાનામોટા પહાડો તેમજ ખીણોની રચના થઈ હતી. અત્યારે તો બધા જ જ્વાળામુખીઓ મૃત અવસ્થામાં છે, પરંતુ કોઈક જગાએ પાણીની વરાળ નીકળી વાદળો રચાતાં હોય તેવી શક્યતા છે. આવાં સફેદ વાદળો અવારનવાર ત્યાંનાં ઊંચાં શિખરો પર જોવા મળે છે.

મંગળની સપાટી ઉપર મોટે ભાગે અત્યંત બારીક ધૂળનું આવરણ હોય તેમ લાગે છે. આ ધૂળમાં અત્યંત સૂક્ષ્મ રેતીના કણો (સિલિકોન ડાયૉક્સાઈડ) મુખ્ય છે. ત્યાંનું વાતાવરણ અત્યંત પાતળું છે અને પૃથ્વીની ઉપર ૧૬·૧ કિ. મી. (૧૦ મા.) ઊંચે આવેલી હવાની સમકક્ષ છે. પૃથ્વી ઉપર કલાકના ૨૫થી ૩૨ કિ. મી. ઝડપે ફૂંકાતા પવનો વડે ધૂળની ડમરીઓ ચડે છે, પરંતુ મંગળના તરલ વાતાવરણમાં કલાકના ૧૬૧થી ૪૮૩ કિ. મી.ની ઝડપે ફૂંકાતા પવનો જ આવી ધૂળની ડમરીઓ પેદા કરે છે. આ ધૂળના કણો અત્યંત સૂક્ષ્મ હોવાથી એને શમતાં પણ ઘણો લાંબો સમય લાગે છે. વળી મંગળની સપાટી ઉપર નાનીમોટી સૂકી નદીના પટો પણ માલૂમ પડ્યા છે અને તે સૂચવે છે કે ભૂતકાળમાં મહાન નદીઓનાં વહેણથી તે પેદા થયા હશે. આ નદીના પટો કેટલીક જગ્યાએ લગભગ ૧૫૦થી ૨૫૦ કિ. મી. પહોળાઈના જણાયા છે.

મંગળ ઉપર તેના વાતાવરણનું દબાણ માત્ર ૫ થી ૬ સેન્ટિમીટર જેટલું છે, જ્યારે પૃથ્વી ઉપર તે ૭૬ સેન્ટિમીટર જેટલું છે. આ વાતાવરણમાં ઑક્સિજન વાયુ તો નહિવત્ હોય તેમ લાગે છે. એમાં પાણીની વરાળ પણ નથી. આથી એમ મનાય છે કે મંગળના વાતાવરણમાં મુખ્યત્વે નાઇટ્રોજન વાયુ હશે, અને બીજો હશે કાર્બન ડાયૉક્સાઇડ.

મંગળની સપાટી ઉપર નજરે પડતા મહત્ત્વના ફેરફારોમાં એના ઉત્તર અને દક્ષિણ ધ્રુવો ઉપરનાં સફેદ છત્રો છે. ઓ છત્રોનો વિસ્તાર ઉનાળામાં નાનો થાય છે અને શિયાળામાં વધે છે. આ સફેદ છત્રો મુખ્યત્વે કાર્બન ડાયૉક્સાઈડના કારણથી પેદા થાય છે. એની નીચે પાણીના બરફના કાયમી સ્તરો હશે તેમ લાગે છે. ત્યાંનું મહત્તમ ઉષ્ણતામાન શૂન્ય અંશથી પણ નીચું રહેવાથી બરફ પીગળીને પાણી બની શકતું નથી, પરંતુ એ બરફમાંથી થોડો ભાગ સીધો બાષ્પીભવન પામી પાણીનો ભેજ વાતાવરણમાં ભળતો હશે તેમ મનાય છે.

મંગળ ઉપર જીવનની શક્યતા બહુ ઓછી લાગે છે, કારણ કે ત્યાં મુક્ત અવસ્થામાં ઑક્સિજન વાયુ નથી અને જીવનને જરૂરી પાણી પણ વાતાવરણમાં કે જમીન ઉપર નથી. ઋતુના બદલાવાની સાથે મંગળની સપાટી ઉપર જે કાળા અથવા નીલ રંગના વિશાળ પટ પેદા થતા જોવામાં આવે છે તે પરથી કેટલાક અનુમાન કરે છે કે આ પટો કોઈક પ્રકારની લીલ જેવી પ્રાથમિક વનસ્પતિના ફેલાવાને કારણે રંગો ધારણ કરતા હશે. પણ 'મરીનર-૧૦'નાં અવલોકન ઉપરથી જાણવા મળ્યું છે કે આ ધારણા પણ ખોટી છે. આ રંગોના ફેરફારનું કારણ મંગળ ઉપરની ધૂળના પટોની પવનોને કારણે થતી ઊથલપાથલનું જ છે. મંગળની સપાટી ઉપર પાર-જાંબલી કિરણો પણ એટલી પ્રબળતાથી પહોંચે છે કે તેને કારણે પણ વનસ્પતિ કે પ્રાણી ત્યાં જીવંત રહી શકે નહિ.

મંગળ ઉપર લૉવેલને મતે આવેલી નહેરોની સમસ્યા પણ હવે સ્પષ્ટ થઈ છે. આ નહેરો નથી, પરંતુ ભૂમિપટના દબાણથી પેદા થએલી નાનીમોટી ખાઈઓ છે. આ ફેરફારોથી ભૂમિ ઊંચીનીચી થઈ તેમાં સળ પડી ગએલા છે અને તે દૂરથી નહેરો જેવા લાગે છે. આમ, 'મરીનર-૧૦'નાં અવલોકનથી લૉવેલનો નહેરોનો વાદ ખોટો ઠર્યો છે. □

નિબંધ-હરીફાઈનું પરિણામ

લાયન્સ ક્લબ ઑવ અંધેરી, મુંબાઈ તરફથી જાહેર કરવામાં આવેલી 'લોકોપયોગી સેવા'ના વિષય ઉપરની નિબંધ-હરીફાઈ માટે આવેલા નિબંધોનું સ્તર, લેખ-પ્રકાશન માટે અનુરૂપ લાગ્યું નથી. છતાં શ્રી દ્વારકાદાસ લ. પટેલને રૂ. ૨૫–૦૦નું આશ્વાસન–પારિતોષિક ક્લબ તરફથી મળે છે.

'બંગાળના નટસૂર્ય' અહિન્દ્ર ચૌધરી ▷



લેખક· અજિત શેઠ

ચોથી નવેમ્બર, ૧૯૭૪. સૂર્યોદયના થોડા સમય પહેલાં બંગાળના રંગમંચ ને ચિત્ર-જગતનો નટસૂર્ય અસ્ત થઈ ગયો. ખ્યાતનામ અદાકાર અહિન્દ્ર ચૌધરીનું ૭૯ વર્ષની પાકટ વયે અવસાન થયું. બંગાળના નાટ્યક્ષેત્ર માટે એક ન પુરાય તેવી ખોટ પડી. છેલ્લાં થોડાં વર્ષોમાં બંગાળી નાટ્ય અને ફિલ્મ અભિનય જગતના એક પછી એક મહારથીઓએ વિદાય લીધી છે. વર્ષો પહેલાં શિશિરકુમાર ભાદુરી ચાલ્યા ગયા, પછી નરેશ મિત્ર, દુર્ગાદાસ બૅનરજી, છબિ વિશ્વાસ, જહર ગાંગુલી, પહાડી સન્યાલ અને હવે છેલ્લે અહિન્દ્ર ચૌધરી. બંગાળના નાટ્યશિલ્પનો એક યુગ પૂરો થયો છે.

સતત કર્મરત જીવન જીવનાર અને નિજની કર્મસુવાસે બંગાળના નાટ્યક્ષેત્રના વાતાવરણને પુલકિત કરનાર, અભિનયક્ષેત્રે અલ્પસંખ્ય મહાનુભાવોમાંથી સૌથી વયોવૃદ્ધ અહિન્દ્રબાબુના અવસાનથી બંગાળના સમસ્ત સંસ્કારજીવનને એક મોટી ખોટ પડી છે. નાટ્યાચાર્ય શિશિરકુમારના યુગથી માંડીને શંભુ-તૃપ્તિ મિત્ર સુધીના અર્વાચીન યુગના સર્વ પ્રવાહોના તેઓ સાક્ષી રહ્યા હતા. બંગાળની રંગભૂમિ પર પરંપરા અને પ્રયોગના સંસ્કારનું જે અભીષ્ટ વાતાવરણ છેલ્લી અરધી સદીમાં સર્જાયું તેના તેઓ પુરોધા સમા હતા.

જેમણે અભિનયને જ જીવનની સાધના માની હતી એવા આ સંનિષ્ઠ કલાકારે અરધી સદીથી યે વધારે સમય સુધી બંગાળી નાટ્યક્ષેત્રની સેવા કરી. કેવળ રંગમંચ પર તેમનાં અભિનીત ચરિત્રોની સંખ્યા શતાધિક છે. લગભગ તેટલી જ સંખ્યાની ફિલ્મોમાં પણ તેમણે અદાકારી કરી છે. થોડી હિન્દી ફિલ્મોમાં પણ તેમણે કામ કર્યું હતું. ઈ. ૧૯૪૦માં કલાતીર્થ ન્યૂ થીએટર્સે ખ્યાતનામ લેખક શૈલજાનન્દ મુખોપાધ્યાયની નવલકથા 'અવલમ્બને' પરથી ઉતારેલી હિન્દી ફિલ્મ 'ડૉક્ટર'માં યુવાન ડૉક્ટર અમરનાથ (ચિત્રમાં પંકજ મલ્લિક)ના પિતા રાયધામના જમીનદાર સીતાનાથ ચૌધરીનું ચરિત્ર અહિન્દ્રબાબુએ ભજવેલું તે ઘણાંને આજે ય યાદ હશે।

હું નાનપણથી પંકજ મલ્લિકનો આશક. નાની વયે મેં આ 'ડૉક્ટર' ફિલ્મ મૂળ બંગાળીમાં પણ જોઈ હતી. તેમાં પુત્ર-શોકાતુર વૃદ્ધ જમીનદાર સીતાનાથ તરીકે અહિન્દ્રબાબુનો અભિનય જોએલો તે આજે પણ મનઃચક્ષુમાં તાદશ થઈ જાય છે. મૂળ બંગાળી ચિત્રમાં અન્ત અત્યંત કરુણ હતો. જીવનઆરે પહોંચેલો જમીનદાર સીતાનાથ પુત્રવિયોગનો આઘાત હવે વધુ જીરવી શકતો નથી. ધર્મનિષ્ઠ જમીનદારના આદર્શો અને કુળની પરંપરાને ચૂર્ણ કરી વર્ષો પહેલાં યુવાન ડૉક્ટર પુત્ર અમરનાથ વિશાળ હવેલી છોડી ચાલી નીકળ્યો હતો તે શું આજે ફરી પાછો હવેલીમાં પ્રવેશશે ખરો? સ્નેહશીલ શોકાતુર પિતા મનોમન ગોપી રહ્યો છે—પુત્ર આગમનની પ્રતીક્ષા કરી રહ્યો છે. ત્યાં ઓરડાની બહાર પગરવ સંભળાય છે. વર્ષો પછી દરવાજે, હવે વૃદ્ધ થઈ ચૂકેલો, પુત્ર આવે છે. જમીનદારને ખબર નથી. પુત્ર અમરનાથ ભાવવિહ્વળ થઈ 'બાબા' કહી આર્દ્ર પુકારે છે ને બીજી જ ક્ષણે અંતરમાં સ્વમાન જાગતાં હવેલીનાં પગથિયાં ઊતરી જાય છે અને પછી 'ખોકા, ખોકા' કહેતા રઘવાયા બની ગએલા શોકસંતપ્ત વયોવૃદ્ધ પિતા તરીકેનો અહિન્દ્રબાબુનો વલોપાત—એ અભિનય એટલો મર્મસ્પર્શી હતો કે આજે પણ તેનું સ્મરણ થતાં મન ભરાઈ આવે છે।

અહિન્દ્રબાબુને વાડિયાના 'રાજનર્તકી' નામના હિન્દી બોલપટમાં પણ ભૂમિકા ભજવતા જોયા હતા. બંગાળી ચિત્રોમાં દેવકી બોઝ રચિત ફિલ્મ 'સોનાર સંસાર'માં સર શંકરનાથ તરીકેનો તેમનો અભિનય શ્રેષ્ઠ ગણાય છે. રંગમંચ પર તેમણે અનેક યાદગાર ભૂમિકા ભજવી છે. તેમાં ખાસ કરીને ચન્દ્રબાબુ, શાહજહાં, ઔરંગઝેબ, ડૉ. બોઝ, ભોલા માસ્ટર, સવ્યસાચી, માઈકેલ મધુસૂદન અને ગુલામહુસેન તરીકેનો તેમનો અભિનય બંગાળી જનતા કદી યે નહિ ભૂલે. મેં તેમને ગુરુદેવ રવીન્દ્રનાથના એક નાટકમાં કામ કરતા જોએલા. આ નાટક હતો 'ગૃહપ્રવેશ'. મૃત્યુ-પથ-યાત્રી એક પુરુષ રોગશય્યા પર સૂતો સૂતો પ્રેમની—પરિણયની મનોમન જાળ વણે છે: અપૂર્ણ આકાંક્ષાઓના આવેગમાં તે સ્વપ્ન જુએ છે. રંગમંચ પર હર્યાફર્યા વગર શય્યાશાયી અવસ્થામાં કેવળ કંઠનાં માધ્યમ દ્વારા સ્વરના આરોહ-અવરોહથી ચરિત્રને પ્રાણવંત કરવાનું કામ કપરું હતું, પણ અહિન્દ્રબાબુએ તે સફળતાપૂર્વક સર્જ્યું હતું. કલા અને કસબનો એ અનેરો સંયોગ હતો. સાંભળ્યું છે કે તેઓ જે ચિત્રમાં કામ કરતા તે ચિત્ર તેઓ કદી જોતા નહિ. સાધના એ જ તેમના જીવનનું ચરમ લક્ષ હતું, સિદ્ધિ નહિ. આથી તેઓ સદા અભિનયકળામાં જ નિમગ્ન રહેતા. સિદ્ધિ અને પ્રસિદ્ધિની તેમણે કદી ખેવના રાખી નહિ. તેમણે અનેક યાદગાર ભૂમિકાઓ ભજવી છે, પણ તેઓ પોતે રવીન્દ્રનાથના 'ચિરકુમાર સભા' નાટકમાં ચન્દ્રબાબુની ભજવેલી ભૂમિકાને સૌથી ઉત્તમ લેખતા. છેક નાની વયે તેમણે ચન્દ્રબાબુની ભૂમિકા કરેલી તે છેક છેલ્લાં વર્ષો સુધી ભજવી.

તેમની કારકિર્દીની શરૂઆતમાં થોડા મિત્રોના સહયોગથી 'ફોટોપ્લે સિન્ડિકેટ ઑવ ઇન્ડિયા' નામની કંપની ઈ. ૧૯૨૯માં સ્થાપી હતી અને એક મૂક ચિત્ર 'સોલ ઑવ ઇન્ડિયા' બનાવ્યું હતું. પ્રમુખ ભૂમિકા ઉપરાંત અહિન્દ્રબાબુએ આ ચિત્રના વાર્તાલેખક, સંપાદક અને દિગ્દર્શકની જવાબદારી સંભાળી હતી. ચલચિત્રના માધ્યમમાં આ નવા અભિનેતાનો જન્મ ત્યારના બંગાળી સમાજે ખૂબ આનંદથી આવકાર્યો. એ જ વર્ષમાં તેમણે નાટ્યાચાર્ય સર્વપ્રશસ્ત શિશિરકુમાર ભાદુરી જોડે 'કર્ણાર્જુન' નાટકમાં અર્જુનની ભૂમિકા ભજવી. શિશિરકુમાર સમા નાટ્યવિશારદ સામે નાટકમાં મુકાબલો કરવો એ જેવાતેવાનું કામ નહિ. પણ યુવાન અહિન્દ્રે એ ભૂમિકા દીપાવી. તેમનો એ અભિનય એટલો બધો વખણાયો કે રાતોરાત તેમનું નામ બંગાળનાં ઘેરઘેર ગાજતું થઈ ગયું।

અહિન્દ્રબાબુએ જાહેરમાં શરૂઆત કરી હતી રૂપેરી પરદા પરથી, પરંતુ તેમનો પ્રથમ પ્રેમ હતો રંગમંચ. વસ્તુતઃ નાટ્ય અભિનેતાના સ્વરૂપમાં જ તેમની પ્રતિભાનો પ્રથમ પ્રકાશ પ્રકટ્યો અને પૂર્ણ પરિણતિને પામ્યો. ઐતિહાસિક નાટકોમાં મુશ્કેલીભર્યા પાઠ ભજવવામાં અહિન્દ્રબાબુ અજોડ ગણાતા. ફિલ્મોમાં પણ તેમનો અભિનય અસાધારણ રહ્યો છે. જો કે ચલચિત્રના આધુનિક યુગમાં લોકોએ તેમને જોયા નથી, તેથી નવી પેઢીને તેમની અભિનયશક્તિની ઝાંખી થવી મુશ્કેલ. પણ જેમણે તેમને નાટકોમાં અદા કરતા જોયા છે તેમ જ પાછલી પેઢીના ચિત્ર-નિર્માતાઓ જેમણે તેમની સાથે કામ કર્યું છે તે સર્વે અહિન્દ્રબાબુની અભિનય-પ્રતિભા અંગે ભારોભાર પ્રશંસા કરે છે.

લગભગ પાંચથી છ દસકાની અવિરત અભિનયધારા, તે દરમ્યાન એકસોથી વધુ નાટકો અને લગભગ તેટલી જ સંખ્યાનાં ચલચિત્રોમાં ભૂમિકા,—આ તેમની અવિરત અભિનયકળાની સેવાથી મંત્રમુગ્ધ થઈ બંગાળની કદરદાન જનતાએ વર્ષો પહેલાં 'નટસૂર્ય'ની ઉપાધિ આપી

તેમને વિભૂષિત કર્યાં હતા. ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી'નું સન્માન બહુ વર્ષો બાદ છેક ૧૯૬૪માં કરાયું, પણ ત્યારે તો તેમણે અભિનેતા તરીકે તખ્તા પરથી વિદાય લઈ લીધી હતી. ઈ. ૧૯૫૬માં 'શ્રાવણ-સંધ્યા' નામની ફિલ્મમાં તેમણે છેલ્લી ભૂમિકા ભજવી. ઈ. ૧૯૫૭ની ૧૧મી સપ્ટેમ્બરે તેઓ રંગભૂમિ પર 'શાહજહાં' નાટકમાં મુખ્યપાત્રની ભૂમિકામાં છેલવેલ્લીવાર પ્રેક્ષકો સમક્ષ આવ્યા. તે દિવસ સમસ્ત બંગાળી સમાજ માટે અવિસ્મરણીય બની રહ્યો. અહિન્દ્રબાબુએ આ જ ભૂમિકાથી તેમના અભિનય-જીવનની શરૂઆત કરી હતી. સત્તર વર્ષની ઉંમરે ઈ. ૧૯૧૨માં તેઓ સર્વ પ્રથમ 'શાહજહાં' નાટકમાં મુખ્ય ભૂમિકામાં બંગાળી પ્રેક્ષકો સમક્ષ આવેલા ને એ જ ચરિત્ર તેમણે ૧૯૫૭માં છેલવેલ્લું ભજવ્યું. જનતા ભાવગદ્‌ગદ થઈ ગઈ હતી. એ નાટક 'અભિનેત્રી સંઘ'ના લાભાર્થે યોજાયો હતો. 'અભિનેત્રી સંઘ'ની સ્થાપનામાં અહિન્દ્રબાબુએ જબરો પુરુષાર્થ કર્યો હતો. આ સંઘ હેઠળ તેમણે બંગાળના સમસ્ત નાટ્ય તેમ જ ચલચિત્ર જગતને એકસૂત્રે ગૂંથવા પ્રયત્ન કર્યો હતો જે ખરેખર સફળ રહ્યો છે.

અભિનયોત્તર જીવનમાં તેમણે બંગાળી રંગમંચના વિવિધ પ્રશ્નો, પ્રગતિ અને આંદોલનમાં સક્રિય ભાગ ભજવ્યો. રંગમંચ છોડયા બાદ દસ વર્ષ સુધી તેમણે પશ્ચિમ બંગાળના રાજ્યની સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ તરીકે સતત સેવા આપી. તેમના જ અથાક પ્રયત્ને અકાદમી રવીન્દ્ર-ભારતી વિશ્વવિદ્યાલયમાં રૂપાંતરિત થઈ હતી. આ એક જબરી સિદ્ધિ હતી જેને માટે અહિન્દ્રબાબુ સર્વ રીતે યશના અધિકારી છે.

અહિન્દ્રબાબુનો સૌથી ઉત્તમ ગુણ હતો તેમની એકાત્મનિષ્ઠા. કેવળ અભિનયક્ષેત્રે જ નહિ પણ નાટ્યક્ષેત્રના દરેક વિભાગમાં. રંગમંચ પરથી વિદાય લીધી હોવા છતાં પણ બંગાળી નાટ્યશાળાની શતવર્ષ-પૂર્તિ-ઉત્સવમાં તેમણે અગ્ર ભાગ ભજવ્યો હતો ને નાટકશાસ્ત્ર પરનો તેમનો વિપુલ પુસ્તકસંગ્રહ સમગ્ર નાટ્યરસિકો માટે ખુલ્લો મૂકી દીધો હતો. વળી તેમણે 'થીએટર રીસર્સ ઇન્સ્ટિટ્યૂટ'ની પણ સ્થાપના કરી હતી.

જીવનના અંતિમ દિનોમાં તેઓ પોતાના ઉત્તરાધિકારીઓને અંતરના આશીર્વાદ દઈ ગયા છે. નિઃશંક છે કે બંગાળી નાટ્યશિલ્પે તેનો એક પરમ ઉપાસક અને અનન્ય પુરસ્કર્તા ગુમાવ્યો છે. બંગાળનું સંસ્કાર જીવન આજે રંક બન્યું છે. નાટ્યક્ષેત્રે પોતાના પ્રશાન્ત પ્રતિભા-પારસથી ઉજાળનાર એક પ્રગલ્ભ ને નિર્મમ કલાસાધકે આજે વિદાય લીધી છે; બંગાળના નટસૂર્યનો આજે અસ્ત થયો છે. □

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃષ્ઠ ૫૮થી

બીજો એના રાજગાદી વિષેના કવિત્વભર્યા ખયાલોને કારણે આકર્ષણ જમાવે છે. એના ઊર્મિલ ઉદ્‌ગારો સ્પર્શી જાય તેવા છે. આ કવિ-રાજા, પદભ્રષ્ટ થયા પછી પણ કેદખાનામાં પોતાની દુર્ભાગી અવસ્થા વિષે રસપ્રદ ચિંતન કરે છે. એના નિઃશ્વાસ અને ઘડિયાળના ટકોરાનું સામ્ય તારવીને તે ઉદ્‌ગાર કરે છે:

Now, sir, the sound that tells what hour it is
Are clamorous groans, which strike upon my heart,
Which is the bell; so sighs and tears and groans
Show minutes, times, and hours.

શેક્સપીઅરે રિચર્ડ બીજાના ચિત્તની લીલાનું, એના વ્યક્તિત્વની સંકુલતાનું સુભગ ચિત્રણ કર્યું છે. આરંભે સામાજિકોનો તિરસ્કાર ને અંતે સદ્‌ભાવ-સમભાવ પામનારા આ રાજાનું પાત્ર વિશિષ્ટ છે. એ પદભ્રષ્ટ થયો તે પછી એના સમર્થકોએ તેની આસપાસ સાધુપણાની અને શહાદતની આભા ઊભી કરી. બીજી તરફ હેન્રી ચોથાના ટેકેદારોએ તેને મૂર્ખ અને નિર્બળ જ માન્યો હતો. રાજતંત્ર ચલાવવાની તેની અશક્તિને કારણે જ તેને ગાદી છોડવી પડી. શેક્સપીઅરે આ બંને ચિત્રનું નાટ્યાત્મક સંમિશ્રણ કર્યું છે. શેક્સપીઅરની ઊર્મિકવિતાને રિચર્ડના પાત્ર દ્વારા પ્રગટ થવાનો આમાં સારો અવકાશ મળ્યો છે, અને એ ઊર્મિલ ઉદ્‌ગારો રિચર્ડના વ્યક્તિત્વને નિરાળું બનાવે છે. એક વિવેચકે કહ્યું છે તેમ Richard II is a poet, poetically conceived.

• હેન્રી ચોથો : ભાગ ૧, ૨ (ઈ. ૧૫૯૭-૯૮)

શેક્સપીઅરે 'રિચર્ડ ત્રીજો' નાટકમાં એક વિલક્ષણ ખલપાત્રનું ચિત્ર રજૂ કર્યું; રિચર્ડ બીજાને તેણે કવિ-ચિંતક કલ્પ્યો અને ઊર્મિકવિ તરીકેની પોતાની પ્રતિભાનો પ્રસન્ન પરિચય કરાવ્યો; એ પછી 'હેન્રી ચોથો' નાટકમાં તે રાજકીય ઘટનાઓ સાથે હાસ્યરસનું વિલક્ષણ મિશ્રણ કરી એક નવું જ પરિમાણ સાધે છે. આમાં મુખ્ય વસ્તુ હેન્રી ચોથાનો પુત્ર રાજકુમાર હૅલ (Hal), જે પાછળથી હેન્રી પાંચમા તરીકે ગાદીએ બેઠા, તેના શિક્ષણનું છે. મધ્યકાલીન 'મૉરાલિટી પ્લેઈઝ'ના પડઘા આમાં સ્પષ્ટપણે સંભળાય છે; તેમ છતાં તેનો tone અને treatment જુદાં છે. ઉદાહરણ તરીકે ફૉલ્સ્ટાફ (Falstaff) એ રૂઢિગત દુરાચાર (vice)-ના મૂર્તરૂપે રજૂ થતો નથી, પણ એક કૉમિક પાત્ર તરીકે રજૂ થાય છે. શેક્સપીઅરનાં હાસ્યરસિક પાત્રોમાં ફૉલ્સ્ટાફનું પાત્ર વિવેચકોની સારી એવી પ્રશંસા પામ્યું છે. એ પોતે તો રમૂજી (witty) છે જ, સાથે સાથે he is 'the cause that wit is in other men'. એની નબળી બાજુઓ ઘણી છે. તેમ છતાં Boar's headના પીઠાનો અને ડાકુઓની બનાવટી ધાડનો પ્રસંગ ભજવાય છે ત્યાં નિયમ-સંયમનાં બધાં બંધન બાજુએ મૂકીને જે ખડખડાટ હાસ્ય તે પ્રેરે છે ત્યાં લગભગ 'હીરો' બની જાય છે.

શેક્સપીઅરે આ નાટકમાં રાજા સામે બળવો અને ફૉલ્સ્ટાફની સોબતમાં રાજકુમાર હૅલનાં દુરાચારના પ્રસંગો એમ બે વાર્તાપ્રવાહ ગૂંથી લીધા છે. રાજકુમાર હૅલ છેવટે પોતાના પ્રિય પાત્ર ફૉલ્સ્ટાફને હડધૂત કરે છે અને ફૉલ્સ્ટાફની સમગ્ર હાસ્યસૃષ્ટિ ખંડિત બને છે. ફૉલ્સ્ટાફ પ્રત્યે રાજકુમારનો છેવટે તિરસ્કાર એ વિવેચકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ડેવિડ ડેચિસ એનો ખુલાસો એ રીતે સૂચવે છે કે ફૉલ્સ્ટાફ મજાક કરાવી શકે તેવો engaging હતો, પણ સન્માનપાત્ર નહોતો. તે બોર્સ હેડ પીઠાની અંધારી ગલીનો મહેમાન હતો. ખ્રિસ્તી રાજકર્તાની નૈતિક સૃષ્ટિમાં તેને સ્થાન ન મળે?

આ નાટક ઘટનાઓથી ખચિત છે અને વિવિધ પ્રકારનાં નૈતિક તથા સામાજિક સ્તરોની સહોપસ્થિતિ રજૂ કરીને શેક્સપીઅરે નાટકને નવો ઘાટ આપ્યો છે. એક તરફ ટાઢોબોળ રાજા હેન્રી ચોથો અને તેનું સલાહકાર મંડળ, બીજી તરફ તેનો પુત્ર હૅલ અને ફૉલ્સ્ટાફની મંડળી,- આ બે વચ્ચેનો વિરોધ પણ સુંદર ઊપસ્યો છે. રિચર્ડ બીજાથી માંડીને ટ્યૂડર વંશ સુધીના ઇતિહાસ-આલેખનની ભાત આ નાટકોમાં જરૂર જોઈ શકાય. પરંતુ તે ઉપરાંત માનવપ્રકૃતિનું જે સૂક્ષ્મ ચિત્રણ તેણે કર્યું છે તે કારણે આ નાટકનું મૂલ્ય વધે છે. (ચાલુ)

કેવળ કૉલેજિયનો કે વિદ્યાર્થીઓને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી
ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૨

શેક્સ્પીઅરનાં ઐતિહાસિક નાટકો

શેક્સ્પીઅરની નાટ્યલેખન પ્રવૃત્તિનો સમય વિવેચકોએ સામાન્યપણે ઈ. ૧૫૯૦ થી ઈ. ૧૬૧૬ સુધીનો ગણ્યો છે. એ રીતે જોતાં નાટ્યકાર તરીકેની તેની કારકિર્દી પચીસેક વર્ષની ગણાય. આ સમયગાળામાં તેણે ઐતિહાસિક, સુખાંત, કરુણાંત એમ વિવિધ પ્રકારનાં નાટકોનું સર્જન કર્યું. શેક્સ્પીઅરનાં નાટકોની ચર્ચા કાળક્રમાનુસાર કરવાનું મુશ્કેલ છે, કારણ કોઈ પણ એક નિશ્ચિત સમયગાળામાં તેણે એક જ પ્રકારનાં નાટકો રચ્યાં હોય તેમ બન્યું નથી. તેણે નાટ્યસર્જનકાળના દરેક તબક્કે વિવિધ પ્રકારો એકસાથે અજમાવ્યા છે. તેમ છતાં તેની કારકિર્દીના આરંભમાં તેણે સવિશેષપણે ઐતિહાસિક નાટકો રચવાનું મુનાસબ માન્યું છે. તેની પાંગરતી કલાના એ દિવસો હતા. અભિનેતા તરીકે કામ કરીને તેણે તખ્તાસૂત્ર મેળવી લીધી હતી, અને એના જમાનાના સામાજિકોનાં રુચિ અને રંગ પણ તે બરાબર પામી ગયો હતો. પ્રજાને એ સમયે પોતાના રાષ્ટ્રના ઇતિહાસમાં બનેલી મહાન ઘટનાઓને તખ્તા પર ભજવાતી જોવામાં જીવંત રસ હતો. આ પ્રકારનાં નાટકોમાં કલા કરતાં ઇતિહાસ પર વધુ ઝોક નાટ્યકારે આપ્યો હોય તો એ તેની સર્જકતરીકેની મહત્તા લેખાતી. સામાજિકોની ગર્વવૃત્તિને એથી સંતોષ વળતો અને જ્ઞાનલાભ પણ હતો જ.

શેક્સ્પીઅરે ઇલિઝાબેથ યુગનાં ઐતિહાસિક નાટકો વિષેના ખયાલને સહજપણે સ્વીકારી લીધો. એક માત્ર 'રાજા જ્હૉન' (King John)-નો અપવાદ બાદ કરતાં (એમાં એણે બીજાં ઐતિહાસિક નાટકોના સમય કરતાં જુદો—બસો વર્ષ પહેલાંનો સમય લીધો છે) એણે ઐતિહાસિક નાટકોની શ્રેણિમાં, રિચર્ડ બીજાને ગાદી ઉપરથી ઊથલાવી પાડવામાં આવ્યો ત્યારથી શરૂ કરીને હેન્રી ૭માએ દુષ્ટ રાજા રિચર્ડ ત્રીજાને બૉઝવર્થના યુદ્ધમાં મારીને, સો વર્ષ ચાલેલા ગુલાબ-વિગ્રહનો અંત આણ્યો અને ટ્યૂડર વંશની સ્થાપના કરી ત્યાં સુધીનો ઇતિહાસ રજૂ કર્યો છે.

ઇલિઝાબેથના રાજ્યકાળ દરમિયાન જ 'શેક્સ્પીઅરનાં નાટકોમાં આવી મહત્ત્વપૂર્ણ ઘટનાઓ તખ્તા પર રજૂ થઈ-ઇલિઝાબેથ અને તેના પ્રજાજનોને એમાં રસ પડચો જ. આ શ્રેણિબદ્ધ નાટકોમાં ઇંગ્લૅન્ડની પ્રજાની આશા, નિરાશા, શરમ અને ગૌરવ, એ બધું જ પ્રગટ થયું છે. પોલીડોર વર્જિલ (Polydore Vergil), એડવર્ડ હૉલ (Edward Hall), રૅફેલ હૉલિન્શેડ (Raphel Holinshed) અને ટ્યૂડર સમયના બીજા ઇતિહાસકારોએ આ સમયની ઘટનાઓ ને વ્યક્તિઓનો ઇતિહાસ રચેલો જ હતો. શેક્સ્પીઅરે એની સહાય લીધી જ હોય. તદુપરાંત ઇલિઝાબેથની પ્રજાને ઇતિહાસ એ 'mirror for magistrates' રૂપ હતો, અને રિચર્ડ બીજો ગાદી પરથી ઊથલી પડચો. હેન્રી પાંચમાએ લડાયક ગુણો પ્રગટ કર્યો, ગુલાબ-વિગ્રહે દેશની કમ્મર તોડી નાખી, એ બધી ઘટનાઓ પદાર્થપાઠ રૂપ હતી.

શેક્સ્પીઅરે ઐતિહાસિક નાટકોમાં ઇંગ્લૅન્ડના રાજાઓની ચિત્રાવલી રજૂ કરી તેમાં તેણે આદર્શ રાજા કેવો હોય તેની કલ્પના આપવાનો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ હેતુ રાખ્યો હોય એ સાવ સંભવિત છે. આ પ્રકારનાં નાટકોમાં અગાઉનાં 'મૉરાલિટી પ્લેઇઝ'નો તંતુ વિકસેલો જોઈ શકાય. એ નાટકોમાં મુખ્ય પ્રયોજન આનંદ નહિ પણ ધર્મપ્રચાર અથવા ઉપદેશ હતું. શેક્સ્પીઅરે, સંભવ છે, બચપણમાં આવાં નાટકોની છાપ ચિત્તમાં ઝીલી હોય. તેણે ઐતિહાસિક નાટકોમાં ધર્મશ્રદ્ધાને બદલે ઇતિહાસ-જ્ઞાન અને દેશપ્રેમનાં, નવા જમાનાને અનુરૂપ મૂલ્યો પ્રગટ કર્યા.

ઐતિહાસિક નાટકોમાં શેક્સ્પીઅરની પ્રારંભિક નાટ્યકાર તરીકેની કચાશ તરત જ નજરે ચડે, ને આજના ભાવકોને ઇતિહાસદૃષ્ટિએ જ તેનું મહત્ત્વ દેખાય. વળી માર્લો જેવા નાટ્યકારની છાયા પણ તેના 'રિચર્ડ ત્રીજો' જેવા નાટકમાં જોવા મળે છે. શેક્સ્પીઅરે ઇલિઝાબેથ યુગની નાટ્યપરંપરાને આ નાટકોમાં અપનાવી છે અને ઇંગ્લૅન્ડના ઇતિહાસને અનુલક્ષીને રચાએલાં 'ક્રૉનિકલ પ્લેઇઝ' (Chronicle Plays)-નો પણ તેણે આધાર લીધો છે. 'હેન્રી છઠ્ઠો' નાટકમાં તેની તરત પ્રતીતિ થઈ શકે. આ બધી સામગ્રીનો પોતાનાં નાટકોમાં તેણે યોગ્ય રીતે વિનિયોગ કર્યો અને પોતાની નાટ્યપ્રતિભાની તેના પર મુદ્રા અંકિત કરી. આમ તેણે હૉલિન્શેડનાં 'ક્રૉનિકલ નાટકો'માંથી વિપુલ પ્રમાણમાં ભલે ઘટનાઓ લીધી હોય તો પણ તેણે એને સુંદર કલાઘાટ આપ્યો છે. વળી તે હૉલની અને પોતાના જમાનાની રાજકીય ફિલસૂફીથી પણ સુપરિચિત હતો જ. નાટક 'ગોરબોડક' (Gorboduc)ની રીતિથી પણ તે જ્ઞાત હતો. એ રીતે જોતાં. ટિલિયાર્ડ (E. M. W. Tillyard)નું એ વિધાન ઉચિત લાગે છે કે તેનાં સુખાંત અને કરુણાંત નાટકોની જેમ જ આ ઐતિહાસિક નાટકો પણ તેની આગવી લાક્ષણિકતા પ્રગટ કરનારાં છે.

શેક્સ્પીઅરે રચેલાં ઐતિહાસિક નાટકોમાં 'હેન્રી છઠ્ઠો' (ત્રણ ભાગ), 'રિચર્ડ ત્રીજો', 'રિચર્ડ બીજો', 'હેન્રી ચોથો' (બે ભાગ), 'હેન્રી પાંચમો', 'રાજા જ્હૉન' ઇત્યાદિનો મુખ્યત્વે સમાવેશ કરી શકાય. 'હેન્રી છઠ્ઠો' એ નાટકથી તેણે ઐતિહાસિક નાટ્યપ્રકાર ખેડવો શરૂ કર્યો; પરંતુ કલાદૃષ્ટિએ નહિ, ઇતિહાસદૃષ્ટિએ—ખાસ કરીને શેક્સ્પીઅરનો ઇતિહાસ વિષેનો દૃષ્ટિકોણ સમજવા માટે-તેનું મહત્ત્વ છે. અલબત્ત એમાં પણ તેની સર્જક પ્રતિભાના ઝબકારા છે; અને 'ક્રૉનિકલ પ્લેઇઝ'ની ઐતિહાસિક હકીકતોથી પાર જઈ સામગ્રીને મનોહર કલાઘાટ આપવા તેની સર્જકતા પાંખો ફફડાવી રહી હોવાની પ્રતીતિ પણ તેમાં થાય છે.

રિચર્ડ ત્રીજો

રિચર્ડ ત્રીજો (૧૫૯૩ અંદાજે) નાટકમાં એ પોતાનું લક્ષ્ય ઉપર જ પાત્ર કેન્દ્રિત કરી એક નવું શિખર સર કરે છે. રિચર્ડ દેખાવે અતિ વિરૂપ—રસ્તા પરનાં કૂતરાં પણ એને જોઈને ભસી ઊઠે એવો વિરૂપ—છે. એનો બેડોળ હાથ ખૂનથી ખરડાએલો છે. એને લોકો 'elvish-marked abortive rooting hog' અને 'poisonous hunch-backed toad' તરીકે ઓળખે છે. એની દુષ્ટતાની, બેડોળતાની સહુ કોઇને પ્રતીતિ છે, અને આ ધિક્કાર એને મહાવરામો લાગે છે; અને એથી જ એણે પણ જાણે મનોમન નિર્ધાર કર્યો છે કે ભલે હું બેડોળ, કદરૂપો રહ્યો; ભલે કોઈ સુંદરીનું સન્માન મને ન મળે; ભેંકાર છું તો ભેંકાર રહીશ અને ભય પ્રસારીશ. આ બધી દુષ્ટતા અને વેરવૃત્તિ છતાં રિચર્ડની વાણીને વરદાન છે. અંતરમાં વેરની અગન રાખીને પણ જીભ પર એ ધર્મસૂત્રો રમાડી શકે છે. એની મોહક વાણી સુંદરીઓને જ નહિ, સેનાપતિને અને ધર્મગુરુને પણ ભુલાવામાં નાખે છે. રાણી ઍનના પતિની હત્યા કર્યા પછી પણ એ રાણી ઍન પાસે ધૃષ્ટતાપૂર્વક પ્રેમની માગણી કરે છે. ઍનના સતત, સખત ફિટકારથી પણ એ ઝંખવાતો નથી. એની વાગ્મિતા રાણી ઍનને પણ વિસ્મિત અને મોહિત કરી મૂકે છે. રાણી ઍનને એ વીનવે છે: 'તારા પતિની મેં હત્યા કરી. શા માટે એ તું સમજે છે? તું મારાં સ્વપ્નોની

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૦

આમળ

આમળને આયુર્વેદની પરિભાષામાં 'ગુદભ્રંશ' કહે છે. આયુર્વેદના મતે ગુદામાં ત્રણ વલ્લીઓ હોય છે અને તેમનું માપ જે તે વ્યક્તિના સાડા ત્રણ આંગળ જેટલું હોય છે. આ વલ્લીઓ પોતાનાં સ્થાને સ્થિર ન રહેતાં બહાર નીકળી આવે તેને લોકભાષામાં આમળ નીકળી એમ કહે છે.

ગુદભ્રંશ થવાનું મુખ્ય કારણ ગુદાના સ્નાયુઓની શિથિલતા છે. કબજિયાતને લઈને મળપ્રવૃત્તિ માટે વધુ જોર કરવાથી ઝાડા યા મરડાના રોગમાં મળપ્રવૃત્તિ વધી જવાને લીધે ગુદાના સ્નાયુઓ શિથિલ થાય છે. બાળકોમાં સ્નાયુ સહજ શિથિલ હોઈ આ રોગનું પ્રમાણ તેમનામાં વિશેષ જોવા મળે છે. કેટલીક વાર બાળકોને ઉધરસ આવતાં પણ ગુદભ્રંશ થવાનું જોવા મળે છે.

ઉપચાર

૧) રોગી મળપ્રવૃત્તિ કરી રહે પછી ગુદાપ્રદેશ સાફ કરી તેને ચોખ્ખા રૂ કે લૂગડાથી હળવેથી દબાવીને ગુદાને અંદર બેસાડી દેવી પછી તેના ઉપર સારી પેઠે રૂ કે લૂગડાં મૂકી કડક લંગોટ પહેરાવી દેવો અને માત્ર મળપ્રવૃત્તિ વખતે જ તેને છોડવો જેથી ગુદા મૂળ સ્થાને રહેવા અભ્યાસી બને. ૨) દૂધ, દશમૂલ ક્વાથ અને મૂષક-માંસથી સિદ્ધ કરેલા તલના તેલને રોગીને ૪ થી ૫ ગ્રામની માત્રમાં દિવસમાં બે વાર પાવું. ગુદા ઉપર આ તેલનું માલીશ કરવું અને આ તેલનું પોતું ગુદામાં મૂકી લંગોટ પહેરાવી રાખવી. ૩) ઉપર પ્રમાણે લંગોટ પહેરાવી આછો અને ધીમો શેક લંગોટ ઉપર કરવો. ૪) ધાતકી મૂલના ચૂર્ણનો કલ્ક ગુદાપ્રદેશ ઉપર દબાવી રાખવો. ૫) કેવડાના મૂળના રસમાં ઘી મેળવી તેને પકવી ગુદા ઉપર લગાવવું. ૬) ભાંગની પોટીસ બનાવી ગુદા ઉપર ગરમગરમ દબાવવી. ૭) ત્રિફલા ચૂર્ણમાં મધ મેળવી ગુદાપ્રદેશ ઉપર ચોપડવું. ૮) આટલા સ્થાનિક ઉપચારોથી લાભ થઈ જ જાય છે. તે ઉપરાંત આયુર્વેદના મતે માંસ માંસનું વર્ધન ને સ્થાપન કરે છે તે અનુસાર ચિકન (મરઘીનાં બચ્ચાં)નો સૂપ રોગીને પાવો. આ પ્રયોગથી ઝડપી લાભ થાય છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

સુંદરી હતી. તારા સૌંદર્યની મોહિની મને વિવશ કરી ગઈ. તું વિશ્વની રૂપવતી ઓરત ન હોત તો મેં તારા ધણીના ખૂનમાં મારો હાથ ખરડયો ન હોત, અને છતાં તારા પતિનો હત્યારો તારી સમક્ષ ગર્દન ઝુકાવીને ઊભો છે, તારા પ્રેમ માટે એનું જિગર તલસે છે. એના કાળજામાં પરોવી દે તારી તલવાર. તારા પતિનું વેર લેવા તું મુક્ત છે. રિચર્ડ તારા સૌંદર્યની પાછળ પાગલ હતો...'

.અને રાણી ઍન રિચર્ડની બનીને જ રહી!

ઇંગ્લૅન્ડની રાજગાદીના વારસોને ખતમ કર્યા પછી એ પોતાના વિષે સાધુપણાની છાપ ઊભી કરી શકે છે એ જ એના વ્યક્તિત્વની ખૂબી છે. રાણી ઍનને ખતમ કર્યા પછી, કુમારી ઇલિઝાબેથમાં તેનો રસ જાગ્યો છે. એના બે ભાઈઓનું પણ આ દરમિયાન તેણે કાસળ કાઢી નાખ્યું છે, અને છતાં પૂરી નફ્ફટાઈથી—પૂરી પ્રગલ્ભતાથી એ ઇલિઝાબેથની માતા પાસે લગ્નની માગણી મૂકે છે. ભારે ફિટકાર વરસાવીને ઇલિઝાબેથની મા હાંફી રહી છે એ તક ઝડપીને રિચર્ડ તેને કહે છે: 'તમારે એક સુંદર રાજકુમારી છે—એ પણ ઇલિઝા. એનું રૂપ, એની છટા...' ફરી ભારે શાપભર્યા શબ્દોની પસ્તાળ પડી, છતાં ધૃષ્ટપણે રિચર્ડ કહે છે: 'તમારાં સંતાનનો હત્યારો હું નથી. મને ભલે જલ્લાદ સમજો. હું તમારો હિતસ્વી છું. ઇલિઝા માટે મારા હૃદયમાં સાચે જ પ્રેમ છે. એને હું ઇંગ્લૅન્ડની રાણી બનાવીશ.' રાણી સંતાનોની હત્યા ભૂલી શકતી નથી તો પણ રિચર્ડની વાણીના પ્રવાહમાં તે ઘસડાતી જાય છે. 'કેમે કરીને એ હું ભૂલી શકતી નથી. તેં મારાં સંતાનોને વિના કસૂર વધેરી નાખ્યાં...' રિચર્ડ એને રીઝવતો કહે છે: 'તમારાં સંતાન તમારી દીકરીના ગર્ભમાં દટાયાં છે. તમે નિશ્ચિંત રહો. એ રૂડીપેરે રાજ્ય ભોગવશે. તમારા આનંદનાં એ નિમિત્ત બનશે.' અને રાણી પણ રિચર્ડની મોહક વાણીથી મુગ્ધ બની.

રિચર્ડ એ ખલ પાત્ર છે ને છતાં નાટકનો નાયક છે. શેક્સપીઅરે તેની અંધારી બાજુની લાક્ષણિકતાઓ બરાબર પ્રગટ કરી છે. એનું વ્યક્તિત્વ એક બાજુ તિરસ્કાર પ્રેરે છે, તો સાથેસાથે તેની પ્રપંચલીલા માટેની બુદ્ધિ ને તેની સુયોજિત વાગ્મિતા વિસ્મય પમાડે છે. રિચર્ડના ચરિત્ર-ચિત્રણે વિવેચકોના ચિત્તમાં અનેક પ્રશ્નો જગાડ્યા છે. ટિલયાર્ડના મત પ્રમાણે આ નાટક ધાર્મિક રૂપનું છે, અને રિચર્ડ અતિશય દુષ્ટતા દાખવી અંતે રિચમંડને હાથે મૃત્યુ પામે છે એમ દર્શાવીને શેક્સપીઅરે ઈશ્વરના અનુગ્રહથી ઇંગ્લૅન્ડ અંધાધૂંધીમાંથી બહાર આવી કેવી રીતે વ્યવસ્થિત બન્યું તે સૂચવ્યું છે. રિચમંડ આ ઈશ્વરી યોજનામાં વાહન બન્યો છે. રિચર્ડના પાત્ર દ્વારા રાજ્યપદ માટેનો રૂઢ સિદ્ધાંત રજૂ કર્યો છે. રિચર્ડ રાજા હતો; અને રાજા સામે તો બળવો થઈ શકે જ નહિ. પણ રિચર્ડ ખૂની અને ગાદી પચાવી પાડનારો હતો, તેણે જુલ્મગારનું બિરુદ મેળવ્યું હતું, એટલે આવા જુલ્મી રાજા સામે બળવો કરવામાં અનુચિત કશું નહોતું. રિચમંડ રિચર્ડ સામે યુદ્ધ કરતાં પહેલાં પોતાની સેના સમક્ષ આ વસ્તુ સ્પષ્ટ કરે છે: A bloody tyrant and a homicide.

શેક્સપીઅરે શું રિચર્ડની દુષ્ટતા ઘેરા રંગે ચીતરી છે? ઐતિહાસિક રિચર્ડ આટલો બધો દુષ્ટ હતો ખરો? આ પ્રશ્નો પણ વિવેચકોએ જગાવ્યા છે. પણ શેક્સપીઅરે એના વ્યક્તિત્વને વિલક્ષણ રૂપ આપ્યું છે. એને શયતાન પણ ચીતર્યો છે અને માનવ પણ રાખ્યો છે. લૅમ્બ કહે છે: Shakespeare has not made Richard so black a monster as is supposed. Wherever he is monstrous, it was to conform to vulgar opinion. But he is generally a Man.'

ડાઉડન(Dowden)નો મત એવો છે કે, 'His dominant characteristic is not intellectual; it is rather a daemonic energy of will. He is of the diabolical class. He is single-hearted in his devotion to evil. He has a fierce joy, and he is an intense believer–in the creed of hell. And therefore he is strong. He inverts the moral order of things, and tries to live in this inverted system. He does not succeed; he dashes himself to pieces against the laws of the world which he has outraged.

શેક્સપીઅરે, આમ આરંભનાં ઐતિહાસિક નાટકોથી જ એની ચરિત્ર-ચિત્રણની શક્તિ પ્રગટ કરી દીધી હતી. પાત્રના ચિત્રનાં અનેકવિધ પાસાં અને તેની સંકુલતા જે હવે પછીનાં નાટકોમાં પ્રગટ થવાનાં હતાં, તેનાં સ્પષ્ટ એંધાણ રિચર્ડ ત્રીજાના પાત્રમાં જોવા મળે છે.

રિચર્ડ બીજો

ઈ. ૧૫૯૫-૯૬માં લખાએલું નાટક 'રિચર્ડ બીજો' પણ વિવેચકોએ સમસ્યાપ્રદ ગણ્યું છે—જો કે તેનું સ્વરૂપ સંકુલ છે અને સમગ્ર નાટક ક્રિયાવિધિઓથી સભર છે, રિચર્ડ ત્રીજાને સામે પલ્લે બેસે તેવું રિચર્ડ બીજાનું ચરિત્ર છે. પ્રકૃતિએ વિલાસી, નાદાન, ચંચળ અને નિર્બળ રાજા રિચર્ડ

(અનુસંધાન પૃષ્ઠ ૫૬)

પોરબંદરનો લોહાણો વેપારી યુવાન અને તે પછી હુસેન રહીમ નામધારી તથા સાનફ્રાન્સિસ્કોથી પ્રગટ થતા 'ગદર' પત્રની ગુજરાતી આવૃત્તિનો તંત્રી

છગન ખેરાજ વર્મા

—વિષ્ણુ પંડ્યા—

સ્વતંત્રતાની લડાઈ કોઈ એકાદ અગોચર ખૂણે જ લડાતી હોતી નથી. તેનો વ્યાપ ચોતરફી અને અનેકમાર્ગી યે હોય છે. આપણા સ્વાતંત્ર્ય-જંગમાં આવું જ બન્યું છે. સત્યાગ્રહ-સંગ્રામ પૂર્વે ભારતમાં જે સશસ્ત્ર ક્રાંતિકારી પ્રવૃત્તિએ અંતિમવાદનો સાક્ષાત્કાર કરાવ્યો તે કેવળ ભારત પૂરતો મર્યાદિત નહોતો રહ્યો; તેના શતસહસ્ર તણખા દુનિયાના દેશો લગી વેરાયા હતા. આ દેશોમાં અમેરિકાના વિવિધ પ્રદેશો, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, રશિયા, જર્મની, જાપાન, તુર્કસ્તાન, અફઘાનિસ્તાન અને બીજાં ઘણાં રાષ્ટ્રોનો સમાવેશ થાય છે. ભારતમાંના સ્વાધીનતા-જંગ જેટલો જ રસપ્રદ અને સમાંતર એવો ઇતિહાસ વિદેશમાં રહેલા હિન્દુસ્તાનીઓએ ખેલેલી લડાઇનો યે છે.

વિદેશભૂમિ ઉપરના આ પ્રયત્ન-પ્રકરણમાં યે ગુજરાત ? હા, ગુજરાતી ક્રાંતિકારોનાં એવાં કેટલાંક નામો મહત્ત્વનાં બની જાય છે, જેમણે વિદેશમાં 'સ્વતંત્રતા-જંગ'માં પ્રવૃત્ત રહીને નિશ્ચિત વળાંક પણ આપ્યા. લંડન અને પારી(સ)માં પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા અને તેમના 'ઇંડિયા હાઉસ' તેમજ 'ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ' પત્રની પ્રવૃત્તિઓ, તથા તેમના મિત્ર લીમડીના સરદારસિંહ રાણા—એ બે જ્વલંત પાત્રોની સ્મૃતિકથા પૂર્વે થોડાં અજાણીતાં નામોથી પણ પરિચિત થઈએ.

એવું એક નામ છે હુસેન રહીમ. પણ એ તો તેનું ક્રાંતિ સાથે જોડાએલું છદ્મ નામ. મૂળ તો છગન ખેરાજ વર્મા. ઈ. ૧૯૧૮માં ભારત સરકારે નીમેલી સમિતિએ આપેલા Sedition Committee Report-માં તેને ખેમચંદ દામજી નામ અપાયું છે. પણ જે હો તે—આ સાહસિક 'લોહાણા વણિક'નું બચપણ પોરબંદરની કોઈ સાંકડી ગલીના અંધારા મકાનમાં વીત્યું હશે. ઈ. ૧૮૬૫માં તેનો જન્મ નોંધાયો છે, તે ય તત્કાલીન બ્રિટિશ ગુપ્તચર તંત્રના વડા અધિકારીએ શોધી આપેલો છે.

અમેરિકામાં 'ગદર' ચળવળ સાથે આ ગુજરાતીનો ગાઢ સંબંધ હતો; ને વિદેશમાં થએલા ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભકર્તા પણ તે જ હતો! પહેલા ગુજરાતી પત્રકાર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ પારી(સ)થી ઈ. ૧૯૦૫ના જાન્યુઆરીમાં 'ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ' બહાર પાડેલું તે અંગ્રેજીમાં હતું. બરાબર તેનાથી નવ વર્ષ બાદ ઈ. ૧૯૧૪ના મે મહિનામાં અમેરિકાના સાનફ્રાન્સિસ્કોમાંથી ગુજરાતી ભાષામાં પત્ર નીકળ્યું તે 'ગદર', અને તેનો તંત્રી આ હુસેન રહીમ ઊર્ફે છગન ખેરાજ વર્મા!

તેના સંઘર્ષમય જીવનની રસપ્રદ વિગતો મળી શકે છે તેટલી જાણીએ તો યે ગુજરાતની ક્રાંતિકથામાં અજાણ રહી ગએલા આ નામને અવિસ્મૃત કરી શકાય તેટલું તે ગૌરવમય છે.

ત્રીસ વર્ષની વયે એ પોરબંદરની વિદાય લે છે. સાહસિક સૌરાષ્ટ્રીઓ માટે આ અઘરું નહોતું. પરદેશવાસ અને સાહસો તેની ગળથૂથીમાં યે ખરાં. સૌરાષ્ટ્રના વિશાળ સાગરકાંઠાએ એવા કેટલા યે યાત્રિકોથી ખીચોખીચ વહાણો અને આગબોટોની વિદાય સંઘરેલી છે. છગન પણ એ રીતે ગયો; પણ એ ધૂંધવાતા દિવસો હતા. ભારતીયો માટે ચોતરફ બહુધા અવરોધો અને આપત્તિઓ જ હતી. હોનોલુલુથી તેણે કેટલીક રકમ સાથે સ્થળાંતર કર્યું ત્યારે જ નામ બદલાવી નાખ્યું. એક પક્કો લોહાણો મુસલમાન બની ગયો—(પછીથી એવું રોમાંચક વેશપરિવર્તન સુભાષચંદ્ર બોઝે પણ કરેલું ને ?)—ને નામ રાખ્યું હુસેન રહીમ.

૧૪ જાન્યુઆરી, ૧૯૧૦ના દિવસે તે અમેરિકાના વાન્કુવર (Vancouver) બંદરે પહોંચ્યો; અને ત્યાં જતાંવેંત તેને લડાઈ માંડવી પડી ઇમિગ્રેશન ઍક્ટ (વસાહતીઓના કાયદા) સામે, તથા ભારતમાંની બ્રિટિશ સત્તા સામે. એ સમગ્ર લડત ભારતીય સશસ્ત્ર ક્રાંતિમાં 'ગદર ચળવળ' તરીકે જાણીતી છે. કોઈ એક વ્યક્તિનો એ આવેશ નહોતો; અમેરિકામાં વસેલા મોટા ભાગના ભારતીયોની સામૂહિક ક્રાંતિકથા હતી. એની ભૂમિકા સમજીશું તો હુસેન રહીમના કાર્યને ન્યાય આપી શકીશું.

ઓગણીસમી સદીની અંતિમ અર્ધશતાબ્દીમાં સિંગાપુર, મલાયા, હૉંગકૉંગ, બ્રહ્મદેશ અને ચીન જેવાં સ્થાનોએ ભારતીયો હતા. તેમને ચીનાઓએ માહિતી આપી કે કૅનેડામાં તેઓ વધુ સ્થાયી અને સુખી બની શકે તેમ છે. પરિણામે ઓગણીસમી સદીના અંત સુધીમાં કૅનેડા તરફ ભારતીયોનો પ્રવાહ વધી ચૂક્યો. તેમાંના મોટા ભાગના પંજાબીઓ હતા. ત્યાંના ઉદ્યોગપતિઓને માટે ભારતીય મઝદૂરો વધુ પ્રામાણિક અને મહેનતુ પણ લાગ્યા. પરંતુ કૅનેડાની પ્રજા આ 'કાળા ભારતીયો'ને સાંખી શકે તેવા મિજાજમાં ન હતી. પરિણામે કાનૂનો ઘડાયા, દમન શરૂ થયું, હકાલપટ્ટીની નોબત પણ વાગી. અને ઈ. ૧૯૧૧માં તો કૅનેડાની ભૂમિ પર ભારતીયોના ઉતરાણને જ પ્રતિબંધિત કરી દેવાયું! પરિણામે ભારતીયોની નજર અમેરિકા તરફ ગઈ. ત્યાં પણ આવી જ પરિસ્થિતિ ઊભી થવા માંડી. ઈ. ૧૯૦૯માં તો સાનફ્રાન્સિસ્કોમાં હિંસક દેખાવો પણ યોજાયા. આમ છતાં કેટલાક ભારતીયોએ ફિલિપાઈન્સ થઈને અમેરિકાવાસ નિયોજિત કર્યો હતો. આને કારણે ત્યાં વસી ચૂકેલા ભારતીયોને કાનૂની લડાઈ દ્વારા પોતાના સ્થાયીપણાનો સ્વીકાર કરાવવો પડ્યો.

હુસેન રહીમ પણ આમાં સંડોવાયો. મોન્ટ્રિયલના પ્રવાસ માટે કૅનેડા જવાની તેને પરવાનગી મળી, અને પછી તેને માટે જ મુકદ્દમો ચાલ્યો! ઈ. ૧૯૧૦માં ચાલેલા આ મુકદ્દમામાં કોણ જીતે છે એ ત્યાં વસેલા ભારતીયો માટે લગભગ 'પ્રાણપ્રશ્ન' હતો. હુસેન તેમાં જીતી ગયો, અને તેના આત્મવિશ્વાસે તેને ત્યાંના ભારતીયોની ઇમિગ્રેશન ઍક્ટ સામેની લડતનો આગેવાન બનાવી દીધો. ફરી ઈ. ૧૯૧૦માં જ તેના પર બીજો કેસ થયો. તેમાં યે તે વિજયી થયો.

બરાબર આ જ દિવસોમાં સશસ્ત્ર ક્રાંતિના સ્વપ્નદ્રષ્ટાઓ, એક પછી એક, અમેરિકામાં પ્રવેશી ચૂક્યા હતા. અમેરિકા તેમનું આશાસ્થાન હતું : મુક્તિદાતા લિંકનની એ કર્મભૂમિ હતી' સ્તો! અમેરિકનોનું મન પણ ભારતીયો તરફ ઢળેલું હતું. બ્રિટિશ સામ્રાજ્યવાદ સામેની લડાઈમાં ઉદારમતવાદીઓ ભારતની પ્રજાની તરફેણ કરતા હતા. અમેરિકાના તત્કાલીન પ્રમુખે પોતાનો કાર્યભાર સંભાળતાં પહેલાં જે પ્રવચન કર્યું હતું તેની અસંખ્ય પ્રતો બ્રિટિશ વિરોધી પ્રચારમાં ક્રાંતિકારોએ પ્રયોજી હતી. વળી, આયર્લૅન્ડના સેનાનીઓ અમેરિકામાં રહીને જ પોતાની લડાઈ લડ્યા હતા ને? આ બધાં કારણોસર કેટલાક ભારતીય ક્રાંતિકારો અમેરિકા પહોંચ્યા.

આ પુરુષાર્થી પાત્રો કોણ હતાં? એક હતો તારકનાથદાસ : ભાવનાશાળી અને બુદ્ધિજીવી બંગીય જુવાન. ઈ. ૧૯૦૬ના ઉનાળામાં તે ન્યૂયૉર્ક ઊતર્યો—કોઈ નવા જ નામે, અને ત્યાર પછી તો બીજા ઘણા આવ્યા. સારંગધર દાસ, શૈલેન્દ્ર ઘોષ, વસન્તકુમાર રાય, ચન્દ્ર ચક્રવર્તી, અને આ બધામાં સૌથી ઊકળતા જ્વાળામુખી જેવા લાલા હરદયાળ.

તારકનાથે આવીને ભૂમિકા બાંધી : એક પત્ર શરૂ કર્યું. એનું નામ 'ફ્રી હિન્દુસ્તાન'. ભારતીય વિદ્યાર્થીઓ સમક્ષ તેનાં પ્રવચનો થયાં. ઇંગ્લૅન્ડે

અરવિન્દ ભગિની નિવેદિતા અને વડોદરા



ભગિની નિવેદિતાને સ્વામી વિવેકાનંદનાં શિષ્યા તરીકે જેટલાં જાણીએ છીએ, તેટલું જ તેમનું ક્રાંતિવિષયક જીવન પણ મહત્ત્વનું છે—અને રસપ્રદ પણ. અરવિન્દ ઘોષને એ સૌથી પહેલાં મળ્યા વડોદરામાં ત્યારથી તેમનો સશસ્ત્ર ક્રાંતિકારો સાથેનો સંપર્ક શરૂ થયો ને દેશભરના ક્રાંતિકારોના સંગઠનનું સમાયોજન કરવા માટેની સમિતિમાં પણ જોડાયાં.

એ સમિતિનું સભ્યપદ તેમણે શાને સ્વીકાર્યું? એ પણ રસપ્રદ ઘટના છે. શસ્ત્રો અને યુવકો એકબીજાના પર્યાય બનવા માંડયા તેનો પ્રારંભ તો મહારાષ્ટ્રમાં જ થયો. એવા એક સંગઠનનું નેતૃત્વ ઉદયપુરના રાજપૂત સરદાર રામસિંહે સંભાળેલું. અરવિન્દને તેની જાણ વડોદરામાં જ થએલી. એ દરમિયાન તેમણે યતીન્દ્રનાથ બૅનરજીને સૈનિક તરીકે તાલીમ અપાવીને વડોદરાથી બંગાળ મોકલ્યો. ઈ. ૧૯૦૧માં અરવિન્દ 'મહારાષ્ટ્ર-ગુજરાત ગુપ્ત સમિતિ'ના સભ્ય થયા. દરમિયાન અરવિન્દના ભાઈ બારીન્દ્ર પણ વડોદરાથી કલકત્તા ગયા. પણ યતીન્દ્ર જેનું નામ. પાકો અનુશાસનવાદી. તેની સખ્તાઈ ઘણાને ખૂંચી ગઈ. એટલે અરવિન્દ ખાસ રજા લઇને કલકત્તા ગયા, અને 'સેનાપતિ'નો મિજાજ ધરાવતા યતીન્દ્રના સ્થાને ક્રાંતિકારો પર નજર રાખવા પાંચ સમિતિ પ્રયોજવામાં આવી, તેમાં ભગિની નિવેદિત સામેલ કરાયાં. ૧૯૦૨માં નિવેદિતા વડોદરા આવ્યાં, અને ભારતભક્તિથી સભર સંભાષણો આપ્યાં. ગાયકવાડે અરવિન્દને તેમનું સ્વાગત કરવા સ્ટેશન પર મોકલેલા. તેમણે નિવેદિતાનું સ્વાગત કર્યું અને પછી બંને મહારાજાને મળ્યાં.

એક વાર કેટલાક યુવકોને ગાંધીજીનું એક કથન ખૂંચ્યું. ગાંધીજીએ એવું કહેલું કે 'નિવેદિતા અસ્થિર અને ચંચળ સ્વભાવનાં હતાં.' અરવિન્દે તુરત પ્રત્યુત્તર આપ્યો: 'નિવેદિતા અને તે ચંચળ? બકવાસ છે. એ દઢ કાર્યકર્તા હતાં ત્યારે તેમણે મહારાજાને કહ્યું હતું કે ક્રાંતિકારોની સાથે કામ કરો.'

વડોદરામાં તેમના આગમનને અરવિન્દે સરસ રીતે નોંધેલું છે: 'એ મને મળ્યાં ત્યારે મને કહ્યું: મિસ્ટર ઘોષ, તમે શક્તિના પૂજારી છો. એ અહિંસામાં વિશ્વાસ રાખતાં નહોતાં. ખાસેરાવ જાધવ અને હું સ્ટેશને મળવા ગએલા. સ્ટેશન પાસેની ધર્મશાળાની ઈમારત જોઇને કહેલું: વાહ, કેટલી સુન્દર! જ્યારે કૉલેજની ઈમારત તેમને બદસૂરત લાગેલી! ખાસેરાવે મને કહેલું: જરાક પાગલ લાગે છે. ...રામકૃષ્ણ મિશનના લોકો તેમની કાર્યવાહીથી થોડાક ડરતા હતા; અને સૂચવેલું કે રાજકીય પ્રવૃત્તિઓથી આશ્રમને દૂર રાખે.'

એક વાર શ્રી પુરાણીએ અરવિન્દને પૂછેલું: 'મેં સાંભળ્યું છે કે નિવેદિતા થોડાંથોડાં ક્રાંતિકારી હતાં?' શ્રી અરવિન્દે કહ્યું: 'થોડાં થોડાં શું? તેઓ ક્રાંતિકારી નેતાઓમાંનાં એક હતાં. દરેક સ્થાને તેમનો સંપર્ક હતો. ખુલ્લી રીતે, નિઃસંકોચ પોતાની ક્રાંતિકારી યોજનાઓ વિષે વાતચીત કરતાં. જ્યારે એ ક્રાંતિ વિષે કહેતાં ત્યારે લાગતું કે સંપૂર્ણ આત્મા અને વ્યક્તિત્વ પ્રકાશે છે. તેમનો દિમાગ અને જીવન એટલાં સ્પષ્ટ હતાં. યોગની વાત અલગ છે. એ તો ક્રાંતિકાર્યો માટે જ જાણે કે આવ્યાં હતાં. એ અગ્નિ હતાં. તેમનું પુસ્તક "શ્રી મા કાલી" પ્રેરક અને ક્રાંતિકારી છે; જરા યે અહિંસક નહિ.'

શ્રી ગિરિજાશંકર રાય પોતાના પુસ્તક 'શ્રી અરવિન્દ ઍન્ડ બાંગ્લાર સ્વદેશી યુગ'માં અરવિન્દ-નિવેદિતા મિલનને આમ વર્ણવે છે. 'ભગિની નિવેદિતા અને અરવિન્દ પહેલી જ મુલાકાતમાં એકબીજા પ્રત્યે આકર્ષાયાં અને શક્તિ-સહયોગથી એક જ ઉદ્દેશ માટે કામ કરવા શપથબદ્ધ થયાં.' નિવેદિતાએ પૂછ્યું: 'કલકત્તાને આપની જરૂરત છે?' અરવિન્દ કહે: 'ના, હું પડદા પાછળ રહીશ. મારું કામ કાર્યકર્તાઓના નિર્માણનું છે.' નિવેદિતાએ અરવિન્દના હાથમાં હાથ મિલાવીને કહ્યું: 'મારા સહયોગમાં ખાતરી રાખજો. હું આપની સહકર્મી છું.'

કરેલા ભારતના આર્થિક શોષણ પર તેનો કેન્દ્રીય વિચાર રહેતો. પછીથી તેણે ત્યાં પણ બંગાળની જેમ 'સમિતિ' સ્થાપી. આ સમિતિમાં સુધીન્દ્રનાથ બોઝ, સારંગધર દાસ, જી. ડી. કુમાર આદિ સભ્યો બન્યા.

હુસેને પણ આ પ્રવૃત્તિઓમાં રસ લેવા માંડયો. પ્રવૃત્તિ ધીમેધીમે રંગ પકડવા લાગી. ૧૯૦૮માં ઑકલૅન્ડમાં 'હિન્દુસ્તાની એસોસીએશન' નામનું મંડળ રચાયું. તેના મંત્રી રામનાથ પુરીએ 'સ્વતંત્રતાનો પત્રિપત્ર' વિતરણ માટે મૂકયો; તો જી. ડી. કુમારે 'સ્વદેશી સેવક' નામે અખબાર શરૂ કર્યું. આ અખબારમાં પારી(સ)થી આવતા શ્યામજી કૃષ્ણ વર્માના 'ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ' તેમજ માદામ કામના' વંદે માતરમ'માંથી ઉદ્ધરણો લેવાતાં.

ઈ. ૧૯૧૧માં આવી એક 'ગુપ્ત સમિતિ' વાન્કુવરમાં સ્થપાઈ. તેના બે અગ્રણીઓ—હુસેન રહીમ ને સુંદરસિંઘ હતા. આ સમિતિની પહેલી બેઠકમાં કુમારે પોતાનું આક્રોશિત પ્રવચન આપી માતૃમુક્તિના રક્તબીના શપથ લેવડાવ્યા. આવી જ એક બીજી સંસ્થા 'યુનાઇટેડ ઇંડિયા લીગ' પણ સ્થપાઈ, જેના મુખ્ય વાહકો હુસેન રહીમ અને આત્મારામ હતા. સુંદરસિંઘે એ જ શહેરમાંથી 'આર્યન' નામનું સામયિક શરૂ કર્યું.

આ તીખા દિવસોમાં લાલા હરદયાળ અમેરિકા આવ્યા. હિંદુ જીવનદર્શનના એ બહુ મોટા વિદ્વાન હતા. એમનાં પ્રવચનો ભભૂકતી આગ જેવાં હતાં. સંગઠનની મર્યાદાની પાર જઈને તેમણે કરેલું ક્રાંતિભ્રમણ ઇતિહાસના વિદ્યાર્થીને રસપ્રદ પડે તેવું છે. અમેરિકામાં પણ તેમનું આગમન ભારતીય વિદ્યાર્થીઓમાં ઉત્સાહ આંદોલિત કરી ગયું. સ્ટૅનફર્ડ યુનિવર્સિટીમાં તે વ્યાખ્યાતા પણ બન્યા. અને પછી તુરત સ્થાપ્યું 'હિન્દુસ્તાની સ્ટુડન્ટ્સ ઍસોસીએશન'. પિસ્તોલ, બૉંબ અને પ્રચાર—આ ત્રિવિધ શસ્ત્રોનો તેમાં ઉપયોગ શરૂ થયો. વાન્કુવરમાં એક વાર જ્યારે કૅનૅડાના અધિકારીઓએ હુસેન રહીમના મકાન પર છાપો માર્યો ત્યારે ત્યાંથી ક્રાંતિ-સાહિત્ય અને બૉંબ સામગ્રી પ્રાપ્ત થયાં! પરિણામે સરકારે તેને 'માથાભારે યાદી'માં સામેલ કરી દીધો!

આ દરમિયાન તો ભારતીયોની સમિતિઓનાં માથાં અનેક જગ્યાએ દેખાવા માંડયાં હતાં. ઈ. ૧૯૧૨માં આવું એક સંગઠન ઑરેગૉનમાં ઊભું થયું, શિકાગો અને બર્કલેમાં પણ આમ બન્યું. આ બધી સંસ્થાઓને એક કરીને ઈ. ૧૯૧૨માં તેને 'ધ હિન્દુ એસોસીએશન ઑવ ધ પૅસિફિક કોસ્ટ'ના નામથી ઓળખાવવામાં આવ્યું. હરદયાળે સ્ટૅન-

ફર્ડ યુનિવર્સિટીમાંથી સંસ્કૃત અને ફિલસૂફીના વ્યાખ્યાતાપદેથી રાજીનામું આપ્યું અને આ પ્રવૃત્તિમાં સંપૂર્ણ સમય આપવા માંડયો. આ સંગઠનમાંના એક શ્રીમંત જ્વાલાસિંગે ભારતથી અમેરિકા અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ માટે છાત્રવૃત્તિ જાહેર કરી. અગાઉ પારી(સ) અને લંડનમાં શ્યામજી અને સરદારસિંહે દેશભક્ત યુવકોને બોલાવવા છાત્રવૃત્તિની જે યોજના કરી હતી તેનું અનુકરણ અહીં પણ થયું. લાલા હરદયાળ પછીથી સતત પ્રવાસી બની ગયા. કૅલિફૉર્નિયા અને ઑરેગૉન તેમના વિસ્તારો હતા. ૧૯ જાન્યુઆરી, ૧૯૧૩ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં મળેલી ઔદ્યોગિક કામદારો સમેતની વિશાળ સભાને તેમણે સંબોધી અને બે માસ પછી મોટા પાયા પર વિતરણ કરી શકાય તેવાં અખબારોના પ્રકાશનની યોજના અમલમાં મૂકી. આ પત્રોને 'ગદરપત્રો' તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૧૩ના માર્ચમાં મળેલી સંગઠન-બેઠકમાં આ પ્રકાશનનો નિર્ણય લેવાયો. તેને માટે ફાળો પણ એકત્ર કરવાનો નિર્ણય લેવાયો. આ સંસ્થા ત્યારથી 'ગદર' પાર્ટી તરીકે જાણીતી થઈ.

ગદર પત્રોના પ્રકાશનની સાથે ગુજરાતી ક્રાંતિકાર હુસેન રહીમનો અવિચ્છિન્ન સંબંધ રહ્યો. આ પત્રો વિવિધ ભાષામાં શરૂ થયાં; એના પરથી ખયાલ આવે છે કે જુદી જુદી ભાષાઓનાં સંકલન અને પ્રકાશનનું કેવું અઘરું કામ પાર પાડવામાં આવ્યું હશે!

૧ નવેંબર, ૧૯૧૩: 'ગદર'નો પહેલો અંક પ્રકાશિત થાય છે. સંસ્થાની બધી શાખાઓમાં તે પહોંચે છે. તેના પ્રકાશન-સમારંભમાં હરદયાળ ભવિષ્યવાણી ઉચ્ચારે છે: 'ભારતે જાગવું પડશે. થોડા દિવસોમાં જ યુદ્ધ આવી રહ્યું છે. જર્મની ઇંગ્લૅન્ડ સામે યુદ્ધ ખેલવા તલપાપડ છે. યુદ્ધ આવશે અને ભારતમુક્તિનો આપણો પુરુષાર્થ વધુ સફળતા મેળવશે'.

પત્રપ્રકાશન માટે ૧૯૧૪ની શિશિરમાં સાન ફ્રાન્સિસ્કોની વેલેન્સિયા સ્ટ્રીટમાં એક મકાન ખરીદવામાં આવે છે અને તેને ઐતિહાસિક નામ અપાય છે: 'યુગાન્તર આશ્રમ.' પછીથી અમેરિકામાંની તમામ ક્રાંતિ પ્રવૃત્તિની તે કર્મભૂમિ બની જાય છે. આ પત્રપ્રકાશનમાં 'ગદર'ની ગુજરાતી આવૃત્તિનું તંત્રી-કાર્ય હુસેન રહીમને સોંપવામાં આવ્યું. રામચંદ્ર પેશાવરી ઉર્દૂ આવૃત્તિના તંત્રી હતા. ગુરુમુખીને પણ મહત્ત્વ અપાયું. આ પત્રોની હજારો નકલ ભારત સુધી પહોંચી એટલું જ નહિ પણ યુદ્ધમોરચે લડતા ભારતીય લશ્કરમાં પણ વિતરિત થઈ.

ઈ. ૧૯૧૪ના મે મહિનામાં ગુજરાતી 'ગદર'નો આરંભ થયો. ૧૦મી મેના દિવસે તેનો પહેલો અંક પ્રકાશિત થયો. પીળા કાગળ પર છપાએલા એ પત્રમાં બ્રિટિશ શોષણ સામે ધારદાર ભાષા હતી ને 'ક્રાંતિના પ્રચારાર્થે વિના મૂલ્યે વિતરણ'ની ઘોષણા પણ હતી. ભારતીય ભાષા પરત્વે આમાં કેટલી દીર્ઘદૃષ્ટિ હતી તે તો આ વિધાન પરથી ખયાલ આવે છે: 'કોઈ પણ મહદ્ કાર્ય ઇતિહાસમાં પૂરું થયું હોય તો તે તેની પ્રાદેશિક ભાષાઓના આધારે; નહિ કે વિદેશી ભાષાથી!' આ પત્રો દુનિયાનાં જુદાં જુદાં સ્થાનેથી પકડાએલા ક્રાંતિકારો પાસેથી પોલીસતંત્રે જપ્ત કરેલાં. ખુદ જર્મન લશ્કરે પણ વિશ્વયુદ્ધમાં ભારતીયોની વચ્ચે આ પત્રોનું વિતરણ કરેલું. આ પત્રોમાં લાલા હરદયાળ ઉપરાંત એડ્વર્ડ ગૅમૅાન્સ, ફ્રેડરિક મૅકેન્ઝી અને બીજા ઉદારમતવાદીઓનાં લખાણો પણ આવતાં.

'ગદર પાર્ટી'નું એક યોજનાબદ્ધ માળખું હતું. સભ્યો, મુખ્ય કેન્દ્ર, પત્રો, રાષ્ટ્રગીત, પત્રિકાઓનું વિતરણ, સંપર્કકેન્દ્રો, જુદાજુદા સભ્યોને અન્ય દેશોમાં પ્રચારાર્થે મોકલવાની યોજના (જેમ કે આ યોજના હેઠળ ડેરા ઈસ્માઈલખાનના ખાનચંદને શાંગહાઈ મોકલાએલો, સુકુમાર ચૅટરજી અને દેશદી ચેંચિયાહ સિયામ પહોંચેલા, તારકનાથદાસને બર્લિન મોકલાયા. જોધસિંહ મનિલા ગયો હતો, ચૅટરજી પણ જર્મન કૉન્સલ સાથેના સંપર્કમાં હતો.), બૉમ્બ સામગ્રી ભારત પહોંચાડવાની પ્રવૃત્તિ, (જેના કારણે ભારતમાં ઘણાં સ્થાનોએ બૉમ્બવિસ્ફોટ શક્ય બન્યા) વગેરે. આ બધાં કાર્યો વર્ષો સુધી વ્યવસ્થિત ચાલ્યાં. લાલા હરદયાળ પર સરકારી નજર જતાં એ હદપાર થયા તે પછી પણ આ પ્રવૃત્તિ ચાલુ રહી. તેમાં 'કોમાગાટા મારુ'નો પ્રસંગ યાદગાર છે. એ પ્રસંગની સાથે હુસેન રહીમ પણ સંબંધ ધરાવતો હતો. આ પહેલાં બે વાર તે જેલ જઈ આવ્યો. પરિણામે વધુ ને વધુ દૃઢ થતો ગયો. 'ગદર'ના તંત્રીકાર્યે તેને વધુ વિશદ પણ બનાવ્યો. 'કોમાગાટા મારુ'ની ઘટના બની.

એક પંજાબી વ્યાપારી ગુરદિતસિંગે એક જાપાની વહાણ 'કોમાગાટા મારુ' ખરીદ્યું, અને હૉંગકૉંગ-શાંગહાઈ-યોકોહામાથી ભારતીય મુસાફરોને લાદીને નીકળ્યું. ત્યારે કૅનૅડા ઇમિગ્રેશન ઍક્ટ અન્વયે ભારે કડક બંદોબસ્ત રાખતું હતું. વિપ્લવીઓએ આ 'કોમાગાટા મારુ'ને હરતુંફરતું પ્રચારકેન્દ્ર જ બનાવી દીધું! કૅનૅડામાં આ આગંતુકો વિષે સરકાર અને પ્રજામાં તીખી પ્રતિક્રિયા હતી, તો ભારતીયોને લાગણી હતી.

'કોમાગાટા મારુ' ૨૩ મે, ૧૯૧૪ના રોજ ૩૫૧ શીખ અને ૨૧ મુસ્લિમો સાથે વાન્કૂવરના સાગરકિનારે લાંગર્યું. અધિકારીઓએ તેને રોક્યું; પણ મોટા ભાગના મુસાફરો શારીરિક રીતે પણ ગેરલાયક હતા એમ જણાવાયું અને થોડા સમય માટે વિશ્રામ લેવાની છૂટ અપાઈ. આની સાથે જ જાપાનીઝ માલિકે ગુરદિતસિંગ પાસેથી ૨૨,૦૦૦ ડૉલરનું વળતર માગ્યું. વાન્કૂવરના ભારતીયો હુસેન રહીમના પ્રમુખપદે મળ્યા, ફાળો એકત્ર કરાયો અને ગુરદિતસિંગને બચાવી લેવાયો. દરમિયાન વસાહતીઓને પ્રવેશ આપવા માટે ભારતીયોએ માગણી ઉઠાવી. ભારતમાં લૉર્ડ હાર્ડિંજે કહ્યું કે 'મને તેમના પ્રત્યે સહાનુભૂતિ છે પણ દિલગીર છું કે કંઈ કરી શકું તેમ નથી!' કૅનૅડાના સર્વોચ્ચ ન્યાયાલયે પણ પ્રવેશબંધીનો ચુકાદો આપ્યો. બે મહિનાના લાંબા સંઘર્ષ પછી 'કોમાગાટા મારુ'ને વાન્કૂવરનો કિનારો છોડવો પડ્યો અને ભારત તરફ પાછા વળવું પડ્યું. લાંબા સમય પછીના તેના આગમનને ભારતમાં બ્રિટિશરોએ ગોળીબારથી આવકાર્યું. તેમાં અનેક મુસાફરો મોતને ભેટ્યા.

આ વહાણના મુસાફરો બધા ભારતીયો હતા અને તેમનો ક્રાંતિપ્રવૃત્તિ સાથે સંબંધ હતો એટલા માટે બ્રિટિશ કોલંબિયા કૅનૅડામાં આ લોકોના ઉતરાણમાં નાખુશ હતી એ પ્રચારે ગરમી ફેલાવી. વાન્કૂવરમાં એ ગરમીએ હિંસા ભડકાવી. ઑગસ્ટમાં એક શીખની હત્યા થતાં આ લાગણી વધુ ઉશ્કેરાઈ. ૫ સપ્ટેમ્બર, ૧૯૧૪ના રોજ ત્યાંના સ્થાનિક ગુરુદ્વારામાંથી પિસ્તોલ દ્વારા ગોળીબારો થયા. ઇમિગ્રેશન ખાતાના એક વફાદાર નોકર બેલાસિંહે ભાગસિંહ નામના શીખને મારી નાખવાથી આ વાતાવરણ સર્જાયું હતું. મેવાસિંગે ઇમિગ્રેશન ખાતાના અધિકારી ડબ્લ્યુ. સી. હૉપકિન્સને ઠાર મારીને તેનો બદલો લીધો. પરિણામે તેના પર મુકદ્દમો ચાલ્યો ને ૧૧મી જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ તેને ફાંસીની સજા થઈ. કૅનૅડાવાસી ભારતીયોએ તેને 'શહીદ' તરીકે શ્રદ્ધાંજલિ આપી.

ગદર પાર્ટીએ આવાં બીજાં વિપ્લવી વહાણો—'કોરિયા', 'તોશા મોરુ', 'મિશિમા મારુ'ની યોજના પણ ઘડી કાઢી હતી. ત્યાર પછી વર્ષો સુધી અમેરિકા ભારતીય સ્વાતંત્ર્યવીરોની પ્રવૃત્તિકથા માટે જાણીતું રહ્યું. ભાઈ પરમાનંદ, રાજા મહેન્દ્ર પ્રતાપ અને રાસબિહારી વસુ જેવા ખ્યાતનામ ક્રાંતિકારો પણ ત્યાં ગયા, ને ગદર પાર્ટી દ્વારા જગતવ્યાપી પ્રચારનું મહત્ત્વનું કાર્ય થયું. એ પણ નોંધપાત્ર છે કે સાનફ્રાન્સિસ્કો અને બર્માના મુસ્લિમોએ ત્યાર પછી આ ચળવળમાં મોટો ભાગ ભજવ્યો હતો.

પરંતુ છગન ખેરાજ વર્મા? પછીનાં વર્ષોમાં એ નામ ક્યાંક ભૂંસાઈ ગયું છે. છેલ્લો તેનો સંબંધ 'કોમાગાટા મારુ' સાથેનો પ્રાપ્ત થાય છે. પછી આ બાહોશ ગુજરાતીએ શું કર્યું? ગદર પાર્ટીમાં તેનું કેવું સ્થાન રહ્યું, ને તેનું અવસાન ક્યારે થયું? રાજા મહેન્દ્ર પ્રતાપની આત્મકથા ને પ્રવાસયાત્રા, ભાઈ પરમાનંદની આત્મકથા, બ્રિટિશ દસ્તાવેજો અને ગદર પાર્ટીના વિસ્તૃત ઇતિહાસમાં યે ક્યાંય આ નામનો અણસાર નથી; એટલે આ બધા પ્રશ્નાર્થો ઇતિહાસનાવનમાં ક્યાંક ગોપિત થઈ ગયા છે. (ક્રમશઃ)

કૅમેરાની ક્લિકના કસબી
શ્રી ગિરીશ પરીખ



પાનબીના હોઠ, મોટું કપાળ, વાંકડિયા લાંબા વાળ, અને કશું શોધવા મથતી ચમકીલી આંખોવાળા તથા થોડી થોડી વારે વાળની લટોને કાન પરથી સરખી કરતા બાંધી દડીના યુવાન ગિરીશ પરીખ સર્જક પ્રતિભા ધરાવતા પ્રયોગશીલ ફોટોકલાકાર છે. તેઓ બા-રિલીફ, પોસ્ટર ઇફેક્ટ, સોલરાઈઝેશન અને એવી એવી ફોટો ટૅકનિકનો ઉચિત અને અનુપમ ઉપયોગ કરી સુંદર ફોટોચિત્રો સર્જે છે. ફ્લડ લાઈટનો ઉપયોગ કર્યા વિના પ્રકાશની પ્રમાણસર ઝાંય મેળવી માનવ પાત્રની લાક્ષણિક તાસીર ઉતારે છે. તેઓ દૃઢતાથી માને છે કે ફોટોગ્રાફીની કળા, ટૅકનિક ને પ્રોસેસ એ હૈયાસૂઝ, આવડત



જ્ઞાન અને કુતૂહલ



ભૂતકાળની યાદ ▷


ને કૌશલ્યનો પ્રશ્ન છે. આ સ્વાનુભવનો સરવાળો એટલે ફોટોકલાકાર, આ બધાંનું કૌશલ પોતાના પૂરતું ગોપવીને એનો લાભ અન્યને ન આપવો એ ફોટોકળાનું અપમાન છે.


કોઈ પણ ફોટો લેતી વખતે તેઓ સમગ્ર દૃષ્ટિએ નિરીક્ષણ કરે છે. કલાકોના કલાકો એનો અભ્યાસ કરે છે અને એમાં રહેલી પેલી જીવંત પળ ઊડી જાય એ પહેલાં જ એને સદાને માટે કૅમેરામાં ઝડપી લે છે. એટલે એમનાં ફોટોચિત્રોમાં તાજગી અને જીવંત ધબકાર જોવા મળે છે. આમ અશક્ય એવી પળોને જીવંત બનાવવા સતત મથામણ અનુભવતા અને ક્રિયાશીલ રહેતા આ ફોટોકલાકારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવાં અનેક ઈનામો મેળવ્યાં છે.


ઈ. સ. ૧૯૫૮માં ઍમેટર ફોટોગ્રાફર્સ ઑવ ગ્રેટબ્રિટનની ફોટો-હરીફાઈમાં ભાગ લીધો અને એમના ચિત્ર 'બબીઝ ઈન વૂડલૅન્ડ'ને બીજું ઈનામ મળ્યું. આજે પણ એ ત્યાંના સંગ્રહસ્થાનમાં ઝૂલે છે. બે વર્ષ પછી એમના બીજા એક ચિત્ર 'શૅડો ઍન્ડ સન-શાઈન' ને લંડનના



◁ વિચારમગ્ના. નીચે: રોજની ટૂંક. વહેલી સવારના હૂંફાળા તડકામાં કામનો આરંભ કરતા બૂટ-પૉલિશવાળા પર બારી પરની છાપરીના પડછાયા વડે નજર દોરી જતું સુંદર ચિત્ર-સંયોજન. લંડનના 'ધ ટાઈમ્સ' પત્રે યોજેલી ફોટો-હરીફાઈમાં આ ચિત્ર પ્રથમ ઈનામ પામ્યું હતું.







'અંત વિનાની ચર્ચા'. છાયાપ્રકાશનું સમતોલન અને પર્સ્પેક્ટિવ વડે ઊંડાણ દર્શાવતું રાત્રે લીધેલું ચિત્ર. જમણી બાજુ: 'કાગડા'. એક નવી બંધાતી ઈમારતની ટોચે સિમેન્ટ-કૉન્ક્રીટના કામ માટે બંધાએલા સળિયા પર એકઠા થતા કાગડાની પૂરતી સંખ્યા થવા માટે લાગટ ત્રણ દિવસ કલાકો સુધી રાહ જોઇને લીધેલું ચિત્ર. સળિયા ને કાગડા વડે રચાતી સુંદર ભાત.

'ધ ટાઈમ્સ' પત્ર તરફથી પ્રથમ ઈનામ મળ્યું. મુંબઈમાં બૉમ્બે પ્રેસિડેન્સી ફોટો હરીફાઈમાં પણ એ જ ચિત્રને ઈ. ૧૯૬૧નું પ્રથમ ઈનામ અને તામ્રપત્ર મળ્યું. એ જ વર્ષમાં સ્વીડનમાં આંતરરાષ્ટ્રીય ફોટોપ્રદર્શન યોજાયું એમાં પણ એમનાં બે ચિત્રોને રાષ્ટ્રીય કક્ષાનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં. આને કારણે ફોટોગ્રાફી આલમમાં તેમની ખ્યાતિ ફેલાઈ અને એ જ વર્ષમાં વિશ્વના અતિ ખ્યાતનામ અને અગ્રગણ્ય 'પૉપ્યુલર ફોટોગ્રાફી' મૅગેઝીને ફોટોગ્રાફીની નિર્ણાયક સમિતિમાં એમને લીધા. એ માટે એમની ઉપર ચાર પાનાં ભરીને જે પ્રશ્નો મોકલવામાં આવ્યા તેમાં કલા, સંગીત અને સાહિત્ય વિષયક પ્રશ્નોના જવાબો તેમણે દસેક દિવસમાં મોકલવાના હતા. ઈ. ૧૯૬૨-૬૩માં લંડનમાં યોજાએલી ફોટોગ્રાફી હરીફાઈમાં ક્રમાનુસાર તેમનાં બે ચિત્રો 'વર્કર્સ' અને 'ગિવ મી'ને બીજું-ત્રીજું ઈનામ મળ્યું. ઈ. ૧૯૬૫ના ગાળામાં રેલવે બોર્ડ-દિલ્હી દ્વારા યોજાએલા ફોટો-પ્રદર્શનમાં પણ એમનું ચિત્ર 'પાર્સલ્સ' બીજું ઈનામ લાવ્યું. તે પછી ૧૯૬૯ની જર્મન ફોટોગ્રાફી સોસાએટીની કૅલેન્ડર માટેની આંતરરાષ્ટ્રીય ફોટો હરીફાઈમાં પસંદ થએલાં તેર ચિત્રોમાં એમનું ચિત્ર પણ લેવાયું, અને ઈ. ૧૯૭૦માં જર્મનીમાં એમના એક ચિત્રને 'સિલ્વર પ્લૅક' મળી.

નાની વયે આપબળે આગળ વધેલા આ

નીચે: વહેલી સવારની લટાર. વૃક્ષોની હારમાળા, સામો પ્રકાશ અને બરાબર યોગ્ય સ્થાને મુકાએલાં પાત્રોથી ઊંડાણભર્યો ઉઠાવ લેતું ચિત્ર.



લોકચિત્રાણાની એક કલાત્મક પ્રયોજના

પૂર્ણતઃ ભારતીય સ્પર્શ અને આગવી કલાદૃષ્ટિ સાથે રોજિંદા વપરાશની અનેકવિધ સ્ટેશનરી, નિમંત્રણો અને અભિનંદન-પત્રો વગેરે જેવાં કલાત્મક સર્જનો માટે મુંબાઈની 'ચીમનલાલ પેપર કં.'* છેલ્લાં વર્ષોમાં ઘણી પ્રતિષ્ઠા પામી છે. ભારતીય સંસ્કૃતિના કોઈ ને કોઈ એક પાસાને કેન્દ્રસ્થ રાખીને ભારત સરકારના 'ટૂરિઝમ ડેવલપમેન્ટ કૉર્પોરેશન' માટે પાછલાં વર્ષોમાં એણે તૈયાર કરી આપેલી ડાયરીઓ એના વિવિધ પ્રકારના કાગળ, રંગ, રચના ને છપાઈની અનોખી રજૂઆતને કારણે વિદેશી પ્રવાસીઓ માટે કેવળ નોંધપોથી ન બની રહેતાં ભારતનું એક આકર્ષક ઉપયોગી સંભારણું બની રહે છે. એની આ જ પ્રણાલિ જારી રાખીને તૈયાર કરેલી આ વર્ષની ડાયરીનો કેન્દ્ર-વિચાર છે ભારતીય લોકચિત્રણાનો. પાકા પૂઠાની બાંધણી અને પાનેપાને ચીતરામણો મૂકવા સાથે દર માસના અંતે આવતાં પૃષ્ઠો પર આ લોકકળાનો માહિતીપ્રદ પરિચય પણ તેમાં સમાવ્યો છે. પાછલાં વર્ષોની બહુરંગી વૈવિધ્યભરી રચનાને બદલે આ વર્ષના આયોજનમાં કેવળ તપખીરી અને કાળા રંગની છપાઈમાં કરકસરની સાથોસાથ આ લોકકળાને સર્વથા ઉચિત એવી પ્રભાવક સાદગી દાખવવાનું કલાકૌશલ આ પ્રકારનાં કામને સમજી શકનારાં તથા વિવિધ કલાસ્વરૂપનાં ચાહકોની નિઃશંક પ્રશંસા માગી લે તેવું છે. (*મૅકમિલન બિલ્ડિંગ, મુંબાઈ-૧)



ઈંગ્લૅન્ડની ટિકિટો પર કલાકાર ટર્નર

બ્રિટિશ કલાકારોને ટપાલટિકિટ પર રજૂ કરવાની ઈ. ૧૯૬૭થી આરંભેલી શ્રેણીના અનુસંધાનમાં અને પોતાના એક શ્રેષ્ઠ કલાકાર જોસેફ મૅલોર્ડ વિલિયમ ટર્નર (ઓલ્ડ બ્લૅકબર્ડ)ની ૨૦૦મી જન્મજયંતી નિમિત્તે આ ફેબ્રુઆરી માસની ૧૯મી તારીખે બ્રિટને આ ચાર ખાસ ટિકિટો બહાર પાડી છે. ◐ પોતાની અગાઉના કોઈ પણ શ્રેષ્ઠ બ્રિટિશ કલાકાર કરતાં અનોખી રંગભભકવાળાં એનાં ચિત્રોમાં છબછબતા પ્રકાશથી દેદીપ્યમાન સ્વપ્નભોમ મૂર્ત થતી જણાય છે. ટેઈમ્સ નદીને કિનારે વીતેલા બચપણમાંથી વહાણો અને સાગર પ્રત્યેનો ઉત્કટ પ્રેમ કેળવી એણે સાગરનાં તોફાન, હિમપ્રપાત, ડૂબતાં જહાજો વગેરે સાગરી દૃશ્યોનાં અદ્વિતીય ચિત્રસર્જનો કર્યાં છે, અને એ બધાંમાં એની લાક્ષણિક રંગસૃષ્ટિ ઉપરાંત નેપોલિયનના વિગ્રહોએ ધણધણાવેલા યુરોપના વાતાવરણમાંથી જે આવેગ અને વિક્રમનાં તત્ત્વોની અસર ઝીલી છે તે તો ઈંગ્લૅન્ડને માટે ભાવતા આકર્ષણરૂપ બની રહી છે. મનની કોઈ અપરૂપ સૃષ્ટિ સમાં એનાં સાગરદૃશ્યોમાં ઇંગ્લૅન્ડને પોતાની સાગરશક્તિનું ગૌરવગાન દેખાયું છે. ◐ અહીં આપેલી આ ચાર ટિકિટો પર એની કિંમતના અનુક્રમે એની 'જલ-સમાધિ', 'બરફનું તોફાન', 'શસ્ત્રાગાર' અને 'સેઈન્ટ લૉરેન્ટ' નામની વિખ્યાત કૃતિઓના અંશ ભાગ આપ્યા છે. વિશેષતઃ દેશના મહાનુભાવોની બિરુદાવલી ને વિવિધ સંસ્થાઓની શતાબ્દીઓ વગેરેથી વધુ આગળ વધીને દેશના આવા અનેકવિધ ભવ્ય કલાવારસાને આ રીતે દુનિયાસમક્ષ રજૂ કરવામાં આપણી ટપાલટિકિટોનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો રહે તો તેમાં તાટસ્થ્ય જળવાવા સાથે આપણી સંસ્કૃતિનો પણ વ્યાપક પ્રસાર થાય.

ફોટોકલાકારનો જન્મ ઈ. ૧૯૩૨ની ૧૪ ડિસેમ્બરે અમદાવાદમાં થએલો. પિતા રતિલાલને નખ વડે કાગળ પર ચિત્ર-કૃતિઓ ઉપસાવવાનો શોખ; અને માતા ચંપાબહેનને ભરતગૂંથણની કલા હસ્તગત, એટલે અવનવીન ડિઝાઇનોમાં શાલ-ગાલીચા ગૂંથે. બાળપણમાં પોતાનાથી મોટા મહેશભાઈ માટે પિતાજી કૅમેરા લાવ્યા અને ગિરીશભાઈએ તેનો ઉપયોગ કર્યો... ફોટોગ્રાફીની ઝૂન સવાર થઈ અને મૅટ્રિકના અભ્યાસની સાથેસાથે કૅમેરાની કળા પણ વિકસાવી. મૅટ્રિક પછી મિલ-જિન સ્ટોર્સનો ધંધો આદર્યો પણ તેમાં ગોઠર્યું નહિ એટલે ઈ. સ. ૧૯૫૦ના ગાળામાં તેમણે પ્રયોગાત્મક ધોરણે ગુજરાતમાં પહેલી એવી 'ડ્રીમલૅન્ડ કાફેટેરિયા' નામની પશ્ચિમી ઢબની એક અલ્ટ્રામૉડર્ન રેસ્ટોરાં શરૂ કરી. પછી 'બાયર્સ' નામે એક અતિઆધુનિક ડિપાર્ટમેન્ટલ સ્ટોર ખોલ્યો. એમાં પણ કંઈ જામ્યું નહિ એટલે ખેંચાયા પત્રકારત્વમાં. પણ તેમાં યે ગોઠર્યું નહિ.

પરંતુ જીવનના આવા ચડાવ-ઉતારનો સાક્ષી રહ્યો કૅમેરા. આ બધા અનુભવોમાંથી પસાર થતાં થતાં તેમની દૃષ્ટિ તો બાળકોની ક્રીડામાં, મનુષ્યોના મહેરામણમાં ને પ્રકૃતિના મૌનમાં જીવનના ધબકારને શોધતી રહી ને જ્યાંથી મળી ત્યાંથી એ પળોને કૅમેરામાં સંઘરતા રહ્યા. ઈ. ૧૯૭૦માં શુદ્ધ ભારતીય આત્મા ધરાવતી 'ઈન્ટરનૅશનલ ફોટોગ્રાફી સોસાએટી'ની સ્થાપના પણ કરી. આજે પોતે તેના સેક્રેટરી છે.

ગિરીશભાઈ જે શીખ્યા અને જે અનુભવ્યું એનો નિચોડ પુસ્તકરૂપે પ્રગટ કરવા ચાહે છે. સત્યજિત રાયની માફક તેઓ પ્રયોગાત્મક ગુજરાતી ચલચિત્રો પણ બનાવવા ઈચ્છે છે. હાલમાં તેઓ 'ફિલૉસૉફી ઑવ ફોટોગ્રાફી' નામનું પુસ્તક લખી રહ્યા છે. દુનિયાના અનેક નામાંકિત ફોટોગ્રાફરોમાંથી એમણે ઘણી પ્રેરણા મેળવી છે. તેઓ માને છે કે 'ફોટોગ્રાફર માનવજીવનની વહેતી જતી દરેક કિંમતી પળને કૅમેરા વડે ઝડપી લઈને સદાને માટે મૌનમાં ભાલતી રાખે છે.'

યોસેફ મૅકવાન

કંકાવટી

સ્વ. સરલાદેવી સારાભાઈ

શ્રીમતી સરલાદેવી સારાભાઈનું તા. ૧૧-૧-'૭૫ના રોજ અમદાવાદ ખાતે ૮૦ વર્ષની વયે



દુઃખદ અવસાન થતાં ગુજરાતમાં એક પીઢ સમાજ-સેવિકાની ભારે ખોટ પડી છે.

તેઓ જાણીતા ઉદ્યોગપતિ સ્વ. અંબાલાલ સારાભાઈનાં પત્ની હોઈ, એક આદર્શ ગૃહિણી તરીકે તેઓ સારાભાઈ કુટુંબને શિક્ષણ, સમાજ-સેવા અને સંસ્કારનો કીમતી વારસો આપી ગયા છે. એમની ગાંધી ભક્તિને કારણે સારાભાઈ કુટુંબ ગાંધીજી સાથે નિકટ સંપર્કમાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં પણ એમણે આગળપડતો ભાગ લીધો હતો. ગુજરાતમાં કસ્તૂરબા ટ્રસ્ટનું જે કામ વિકસ્યું છે, એમાં એમનો મહત્ત્વનો ફાળો હતો. એમની નિરભિમાન સાદગીની સૌ પર ઊંડી છાપ પડતી.

સ્વ. વિક્રમ સારાભાઈ જેવા પુત્રરત્નની ભારતને ભેટ આપી જનાર સ્વ. સરલાદેવીની ચિરવિદાયથી ગુજરાતે એક સંસ્કારી, અધ્યયનશીલ સમાજસેવિકા અને ભીના હૃદયનાં ગાંધીભક્ત ગુમાવ્યાં છે. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ અને તેમના જીવનકાર્યને આગળ ધપાવવાની સૌને પ્રેરણા અર્પો. ('લોકજીવન')



પાછળ લઇને એક સાથે બાંધેલા વાળના ત્રણ ભાગ પાડી, મધ્ય ભાગના બે આડા ગોળ ગુચ્છ અને બાકીના બંને ભાગને એની આસપાસ ત્રિકોણાકારે ગોઠવીને કરેલું કેશગૂંફન.

આંગણાનાં ફૂલ (૫) ઍન્ટીરૂહિનમ

શિયાળો એટલે મોસમી ફૂલો માટેનો સર્વશ્રેષ્ઠ સમય. આ ઋતુમાં સંખ્યાબંધ જાતનાં ને રંગનાં ફૂલો થાય છે. એ બધાંને જોઈએ ત્યારે થાય કે આ જાતો રોપવી જોઈએ. પરંતુ ત્યારે તો એ ફૂલોના છોડ રોપવાની ઋતુ જતી રહી હોય છે. આવાં ફૂલોની ઘણીખરી જાતો પશ્ચિમમાંથી આવેલી હોઈ એનાં અંગ્રેજી નામોથી જ એ જાણીતી છે. આપણી ભાષામાં એનાં નામ પડયાં નથી, અને પાડીએ તો યે કદાચ બધે કોઈ સમજે નહિ. આ બધી જાતોને એની ઊંચાઇ અથવા તો એના રંગ પ્રમાણે યા ફૂલના આકાર પ્રમાણે વિવિધ જૂથમાં વહેંચી શકાય. એકંદરે ઊંચાઇને લક્ષમાં રાખીને જૂથો પાડીએ તો રોપતી વખતે પણ અનુકૂળ રહે.

શિયાળુ ફૂલછોડમાં અનેક જાત છે, પરંતુ શરૂઆત કરનારનો ગૂંચવાડો ટાળવા માટે વધુ સામાન્ય જાતોનાં કેટલાંક નામ જોઈએ.

ઊંચી વધતી જાતો: હૉલીહૉક, સૂરજમુખી (મોટી), સૂરજમુખી(નાની અથવા જાપાનિઝ), લેડીઝલેઈસ, ડાહલિયા(ઊંચા), હેલિક્રીઝમ વ૦

મધ્યમ કદની જાતો: ઍન્ટીર્હિનમ, કૅલિઑપ્સિસ, મખમલી (સીલોશિયા), કાર્નેશન, કૉર્નફ્લાવર, ક્રિસેન્થમમ (ઍન્યુઅલ), લાર્કસ્પર, પૉપી, સ્વીટ સુલતાન, વેલીડીઅમ વગેરે.

નીચી જાતો: પિટુનિયા, ફ્લૉક્સ, ઍસ્ટર, કૅલેન્ડુલા, કૅન્ડીટફ્ટ, ડાહલિયા (નીચા), ડાયન્થસ (પિંક), પૅન્ઝી, પૉર્ચ્યુલેકા વગેરે.

ઊંચી જાતો સામાન્ય રીતે એકથી બે મીટર ઊંચી થાય છે, મધ્યમ જાતો અર્ધા મીટરથી એક મીટર, અને નીચી દસ થી પચાસ સેન્ટીમીટર ઊંચી વધે છે. આમાં પણ કોઈ જાત થોડી વત્તાઓછી ઊંચી થાય તો એને ઊંચી ગણવી કે નીચી એ પ્રશ્ન ઊભો થાય. વળી ડાહલિયામાં ઊંચીનીચી બંને જાત પણ આવે છે. વળી કૉસ્મૉસ એ મુખ્યત્વે ચોમાસુ જાત છે પણ તે શિયાળામાં ય થઈ શકે છે. પરંતુ ચોમાસામાં તે ઊંચી થાય છે જ્યારે શિયાળામાં મધ્યમ થાય છે.

શિયાળુ જાતો દિવાળીની આસપાસ રોપવી અને સાત આઠ સેન્ટીમીટર ઊંચા રોપ થાય ત્યારે કાયમની ક્યારીઓમાં ફેરવવી.


શિયાળુ જાતો પૈકી એક જાત–ઍન્ટીરૂહિનમ (Antirhinum) વિષે આજે આપણે જોઇએ. આને સ્નૅપડ્રૅગન(Snapdragon)પણ કહે છે. છોડનાં પાન લાંબાં અને સાંકડાં હોય છે, પરંતુ બહુ અણીદાર હોતાં નથી. છોડ સીધા થાય છે અને ટોચે સીધી દાંડી પર ભરચક ફૂલ આવે છે. એક છોડ પર એક જાતના રંગનાં ફૂલ આવે છે, પરંતુ સામાન્ય રીતે મળતાં બીમાંથી વિવિધરંગી ફૂલવાળા છોડ નીકળે છે, એટલું જ નહિ, એક જાતના રંગના ફૂલમાં પણ આછી ઘેરી રંગઝાંય હોય છે, તેમજ ઘણી વાર બીજા રંગ પણ જોવા મળે છે. પાંખડીઓ નાની મોટી અને વિચિત્ર ઘાટની હોય છે.

આની કેટલીક જાતો વધારે ઊંચાઈની અને કેટલીક જાતો ઓછી ઊંચાઈની હોય છે. પસંદગી પ્રમાણે ખાત્રીલાયક બી મેળવ્યાં હોય તો ધારી ઊંચાઈના છોડ મેળવી શકાય છે.

ધરુ કાયમની જગ્યાએ ફેરવ્યા પછી લગભગ દોઢ-બે માસે ફૂલ આવવાં શરૂ થઇને દોઢ-બે મહિના સુધી આવતાં રહે છે. દાંડી ઉપર નીચેનાં ફૂલ પહેલાં ખીલીને ધીરે ધીરે ઉપરની બાજુ ખીલતાં જાયછે. ફૂલની દાંડી કાપીને ફૂલદાનીમાં ભરી હોય તો તે લાંબા વખત ટકે છે અને એટલે 'કટ ફ્લાવર' તરીકે એ ઘણાં ઉપયોગી છે.

ઍન્ટીરૂહિનમના ઉછેરમાં કેટલીક કાળજી રાખવી પડે છે. બીજા છોડની માફક તે છાંયામાં ન જોઈએ. વળી છોડ નાના હોય ત્યારે જમીનમાં થોડું વધારે પાણી અપાય તો છોડ કહોવાઈને મરી જાય છે. આ છોડને ખાતર વધારે પડે તો પણ છોડ વકરે છે અને ફૂલ ખૂબ ઓછાં થઈ જાય છે. એનાં બી પણ ખૂબ જ ઝીણાં હોય છે એટલે રોપતી વખતે બારીક રેતીની સાથે મેળવીને રોપીએ તો બી એકસરખાં રોપી શકાય.

મણિલાલ જ. શાહ



સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'ડેંડવું'

'ડેંડવું' એટલે ઝેરી ન હોય તેવો જળસાપ. 'મેહ-ઊજળી'ના એક દુહામાં કહ્યું છે : 'જળનાં ડેંડાં જેહ, દબાણાં થકાં ડસે.' આમાં 'ડેંડુ' એવું રૂપ વપરાયું છે, 'ડેંડુ'નું લઘુતાવાચક રૂપ 'ડેંડવું' —જેમ 'ઝાડ'-'ઝાડવું', 'શિયાળ'-'શિયાળવું', 'છોડ'-'છોડવો' વગેરે, તેમ 'ડેંડુ' ઉપરથી 'ડેંડવું'.

ગુજરાતમાં દસમી શતાબ્દીમાં રચાએલા હરિષેણકૃત 'બૃહત્કથાકોશ'માં 'ડિંડુક' એવું રૂપ મળે છે. પ્રાકૃતમાં 'ડેંડુઅં', ને તેમાંથી 'ડેંડું'. અપભ્રંશમાં વિસ્તારિત 'ડેંડુવઉં' ઉપરથી 'ડેંડવું' થયો.

સંસ્કૃતમાં તેમ જ પ્રાકૃત-અપભ્રંશમાં આ શબ્દ વિવિધ સ્વરૂપે મળે છે. સંસ્કૃતમાં મળતાં 'ડુંડુભ', ડુંડુભ' અને 'ડુંડુભ' એ રૂપોમાં 'ભ' પ્રત્યય છે, જે 'ટિટ્ટિભ', 'ગર્દભ', 'કરભ', 'શરભ', 'શલભ' વગેરે જેવાં ઘણાં પશુપક્ષીનાં નામોમાં રહેલો છે. તે પરથી પ્રાકૃત 'ડુંડુહ', 'ડુંડુહ', હિન્દી 'ડોડહા', 'ડોંડા'; હિંદી અને બંગાળી 'ઘોડ'; બંગાળી 'ઘોંડા'; મરાઠી 'ઘોડિયા' વગેરે બન્યા. સંસ્કૃતમાં પણ આ દેશી ભાષાઓના શબ્દો ઉપરથી 'ઘોડ' એવું રૂપ સ્વીકાર પામ્યું.

'ભ' પ્રત્યય વિનાનું રૂપ સંસ્કૃત 'ડુંડુ', હિન્દી 'ડોંડ' વગેરેમાં મળે છે. સૌરાષ્ટ્રમાં ગોહિલવાડમાં મહુવા નજીકના ગામ 'ડુંડુસ'ના નામનું મૂળ 'ડુંડવાસ' જણાય છે—તે ગામમાં નાગદેવનો ધરો છે, અને લોકો ડુંડાસિયા દાદાની માનતા રાખે છે.

બંને સ્વર 'ઉ'ને બદલે 'ઇ' હોય તેવાં રૂપ છે સંસ્કૃત 'ડિંડિભ', 'ડિંડિક'. એક ઇ કારવાળાં રૂપ સં. 'ડિંડુભ', 'ડિંડુક'; પાલિ 'ડેડુભ'; અપભ્રંશ 'ડેંડુહ', 'ડિંડુહ'; હિંદી 'ડેડહ', 'ડેંઢા'. ઉડિયા 'ઘેંડુઆ'; ગુજરાતી 'ડેંડુ', 'ડેંડવું'; સિંધી 'દેંડુબા' વગેરેમાં મળે છે.

કચુપર નામના વિદ્વાને સંસ્કૃત-પ્રાકૃતમાં વિવિધ રૂપે મળતા આ શબ્દના મૂળમાં આદિમ મુંડા ભાષાનો કોઇ શબ્દ હોવાનું સૂચવ્યું છે.

હરિવલ્લભ ભાયાણી

આહાર અને આરોગ્ય

'કુમાર'માં સવા સાત વર્ષ સુધી પ્રકટ થતી રહેલી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની 'આહાર અને આરોગ્ય'ની લેખમાળાનું ગ્રંથસ્વરૂપ* જોયું. આ દળદાર પુસ્તકનાં ૬૭૯ જેટલાં પૃષ્ઠોમાં વિસ્તૃત આહાર-આરોગ્ય વિષયક અનેક ઉપયોગી માહિતી સાથે લેખક પોતે ઍલોપથીના ડૉક્ટર હોવા છતાં આયુર્વેદના આ વિષયનાં અનેક ઉપયોગી વિધાનો, સંસ્કૃત સૂત્રો વગેરેની સાથે ડૉ. કાંતિલાલ છ. પંડ્યા, બાપાલાલ વૈદ્ય, ડૉ. કાંતિલાલ શાહ, ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ, કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ, ડૉ. વિનોદ ધુરંધર, ડૉ. જે. ડી. પાઠક, ડૉ. રંગપ્પા, ડૉ. ગોડબોલે, આચાર્ય પી. સી. રૉય, સાહેબસિંહ સોખે, સરદાર લતાર સિંહ, ડૉ. અનસારી, કવિ નાનાલાલ, ડૉ. શ્રીનિવાસન, ડૉ. વી. એન. પટવર્ધન, મૅક કૅરિસન, રૉબર્ટ હચિનસન, મૅક કૉલમ, ઍક્રોઈડ, જ્યૉર્જ બર્નાર્ડ શૉ, કનૈયાલાલ મુનશી, વૈદ્ય જાદવજી, રમણલાલ એન્જિનીઅર વગેરે આહાર-આરોગ્ય ક્ષેત્રની અને એ ક્ષેત્ર બહારની અનેક અધિકૃત અને અનુભવી વ્યક્તિઓનાં મંતવ્યો અને અનુભવો સાથે જુદાજુદા પ્રદેશોની આહાર વિષયક પ્રચલિત વિવિધ રસમો પાછળનાં કારણો અને તેના ગુણદોષ ઈત્યાદિ મૂકીને આ સમગ્ર લેખમાળાને કેવળ વૈજ્ઞાનિક ને નીરસ ન રાખતાં જનસામાન્યને પણ સરળતાથી સમજાય તેવી રોચક બનાવી છે. લેખક તથા પ્રકાશક બંને માટે એ અભિનંદનીય તથા વાચકો માટે એ આવકાર્ય અને ઉપયોગી છે.

કેટલીક વૈધાનિક ક્ષતિઓ તથા શુદ્ધિપત્રક છતાં યે રહી ગએલી થોડી છાપભૂલો બાદ કરતાં પાંત્રીસ જેટલાં પ્રકરણો અને વનસ્પતિ ઘી અંગેના એક પરિશિષ્ટમાં લેખકે જે અવનવી અને ઉપયોગી માહિતી ભરી છે તે જોતાં એમણે આ વિષયને અનેકવિધ દૃષ્ટિકોણથી અવલોકીને રજૂ કર્યો છે : દા. ત. રાસાયણિક ખાતર કરતાં છાણિયા ખાતરમાં પાકેલા ધાન્યોમાંના વધુ પોષણમૂલ્ય તરફ ધ્યાન ખેંચવા સાથે જણાવ્યું છે કે ચોખાને યોગ્ય રીતે વપરાય તો ઘઉં કરતાં પણ એ શ્રેષ્ઠ હોવા પ્રતિ ધ્યાન દોર્યું છે. વરસાદ કરતાં પીતના પાણીથી પાકેલા [illegible]માં વધુ ફૉસ્ફરસ, કૅલ્શ્યમ અને અન્ય ઉપયોગી ક્ષાર વધુ હોય છે; શિયાળા કરતાં વસંત ઋતુમાં પાકેલા ઘઉંમાં વધુ વિટામિનો હોય છે; બાજરીનો 'ઘસિયો' સસ્તો ને પોષક આહાર છે. વળી હોળી પર ધાણીચણા ખાવાનું મહત્ત્વ; બાવટા સાથે મઠનો લોટ ઉમેરવાથી દૂર થતી પ્રોટિનની ઊણપ; પંચમહાલમાં વપરાતા બાવટો, બંટી ને કોદરાના મિશ્રણ-'સાંગરુ'નું પોષણમૂલ્ય; મધુમેહના રોગી માટે જવનું મહત્ત્વ; કેરાલા તરફ વવાતા 'ટપીઓકા'નાં મૂળિયાંના સ્ટાર્ચમાંથી બનતા સાબુદાણાના ગુણ; વનસ્પત્યાહારીઓ માટે કઠોળનું પોષણમૂલ્ય; પાતળી ને ઘટ્ટ દાળ તથા વિવિધ પ્રદેશમાં એને ખાવાની રસમો પાછળનું રહસ્ય; બજારુ નાસ્તાઓને બદલે ફણગાવેલાં કઠોળ ને મઠિયાં વગેરે જેવા નાસ્તાનું મહત્ત્વ; દક્ષિણ ભારતમાં પ્રચલિત ઈડલી જેવી વાનગીના ગુણ; રોજિંદા આહારમાં મગફળી અને સોયાબીનના ઉમેરણના લાભ; મગફળીનાં દૂધ-માખણના ગુણ; વિવિધ વાનગીઓ દ્વારા દૂધ દહીં-છાશના ઉપયોગનું મહત્ત્વ; શાકભાજીનાં ઉપયોગી તત્ત્વો આપવા સાથે એના વપરાશની સાચી રીતો; સ્ટેઈનલેસ સ્ટીલની સરખામણીમાં લોઢાના વાસણમાં શાક રાંધવાના લાભ; ગળપણ માટે ખાંડના વપરાશથી થતું નુકસાન અને ગોળના લાભ; ગાય અને ભેંસના માખણ અને ઘીની સરખામણી; વિવિધ તેલના ગુણદોષ સાથે એમાં રંધાતી કે તળાતી વાનગીઓ તથા વારંવાર વપરાતા દાઝિયા તેલમાં કરેલી વાનગીઓ વચ્ચેનો તફાવત અને ગુણદોષ, વનસ્પતિ ઘી વિષેના એકબીજાથી વિરુદ્ધ એવા અભિપ્રાયો સામે એના દોષનું દર્શન; જમતી વેળા વચ્ચે કે પછીથી પાણી પીવાના ગુણદોષની ચર્ચા વગેરે સાથે આપણા લીલા-સૂકા મસાલાઓને પણ લેખક ભૂલ્યા નથી. રસોઈમાં એનું મહત્ત્વ, એના ગુણ, ગેરલાભ વગેરેને પણ એમણે સારી રીતે વર્ણવ્યા છે. દા. ત. મીઠાનું યોગ્ય પ્રમાણ ને આમલી તથા કોકમના ખટાશ તરીકેના ઉપયોગના લાભાલાભ એમણે સમજાવ્યા છે. પ્રાણિજ ચરબી, માંસાહાર, આજે જેનું ઘણાંને ઘેલું લાગ્યું છે એ ઈંડાંનું પોષણમૂલ્ય; વિવિધ વિટામિનો અને વિવિધ પદાર્થોમાં તેનું પ્રમાણ; વિટામિનોનો ગેરસમજભર્યો વપરાશ, વનસ્પત્યાહાર અને માંસાહારની તુલના અને સાત્ત્વિકતા ને આધ્યાત્મિકતા ઉપરાંત આહારશુદ્ધિની સાચી સમજ વગેરે આપવાનું પણ લેખક વિસર્યા નથી.

અને આ બધી માહિતીઓ સાથે એના સમર્થનમાં એમણે વિવિધ અવતરણો અને તુલનાત્મક વિધાનો કર્યાં છે. શરીરની રચના અને તેને અનુકૂળ તથા પોષક આહારની સમજ પણ એમણે સાંકળી લીધી છે. વિવિધ વય અને અવસ્થા પ્રમાણે યોગ્ય આહારની અગત્ય અને સમજ પણ એમણે આપી છે.

વળી આ બધી માહિતીઓ સાથે એના સમર્થનમાં એમણે વિવિધ અવતરણો અને તુલનાત્મક વિધાનો કર્યાં છે. શરીરની રચના અને તેને અનુકૂળ તથા પોષક આહારની સમજ પણ એમણે સાંકળી લીધી છે. વિવિધ વય ને

*પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. પૃ. ૬૭૯, પાકું પૂઠું. કિં. ૧૦ રૂપિયા.

અવસ્થા પ્રમાણે યોગ્ય આહારની અગત્ય અને સમજણ પણ એમણે આપી છે.

આમ, આપણા શરીરનું બંધારણ; આહારની અગત્ય; શુષ્ક ધાન્ય, શિંગી ધાન્ય, શાકભાજી, ફળ, દૂધ અને તેની બનાવટો; વિવિધ તેલ ને પ્રાણિજ ચરબી; મધ, ગોળ અને ખાંડ જેવા ગળપણની તુલના; ચા, કૉફી, દારૂ ને નીરા જેવાં વિવિધ પીણાં; તમાકુ, મસાલા, ખોરાકનાં ઘટકો, તેમનું સ્વરૂપ અને મહત્ત્વ, આહાર અને પચનતંત્ર; ઉપવાસ ને માંદગીમાં ખોરાક વગેરે વિષે પ્રકરણવાર વિસ્તૃત સમજણ આપીને લેખકે આહાર અને આરોગ્યનાં અનેક પાસાંને આવરી લઈને આ પુસ્તકની ઉપયોગિતા વધારી છે તથા એની સરળ અને રોચક રજૂઆત વડે જનસામાન્ય સુધી એને પહોંચાડવાની નેમ સફળતાપૂર્વક સિદ્ધ કરીને એક પ્રશંસનીય અને આવકાર્ય કર્યું છે.

(શ્રી બાપાલાલ વૈદ્યે ઉદાહરણરૂપ અવતરણો સાથે લખેલા વિસ્તૃત અવલોકનમાંથી તારવીને)

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

ગાંધીજીનો અક્ષરદેહ-૩૧ : ગાંધીજીનાં લખાણોના સર્વસંચયની યોજનામાં પ્રકાશિત થતા પ્રસ્તુત ગ્રંથમાં ૧૯૨૬ના જૂનની ૧૫મીથી નવેમ્બરની ૪થી સુધીનો ગાળો આવરી લેવામાં આવ્યો છે. મુખ્યત્વે એમના પત્રો અને થોડાં અન્ય લખાણોના આ ગ્રંથમાં એમની અહિંસા, અસ્પૃશ્યતાનિવારણ, અસહકાર અને આત્મસમર્પણની વિચારધારા વ્યક્ત થએલી છે. સત્ય અને અહિંસાનો સાધ્યસાધન-સંબંધ તેમજ અસ્પૃશ્યતાનિવારણની આવશ્યકતા પર તેમણે અહીં સમ્યક્ ભાર મૂકેલો જણાય છે. 'આ તે જીવદયા?' નામક લેખમાળામાં અહિંસા વિષેના એમના ખયાલો અને ક્રાંતિકારી દૃષ્ટિબિંદુ વ્યક્ત થયાં છે, તો 'નીતિનાશને માર્ગે' જેવી લેખમાળામાં સંતતિનિયમનની આવશ્યકતા પર યોગ્ય ભાર મૂકી તેના ઉપાયો તરીકે બ્રહ્મચર્ય અને સંયમને આગળ કર્યાં છે. દાણચોરીનાં ફાલેલા આ સમયમાં અને આઝાદી પછી સત્તાવીસ વર્ષે આપણે દેશાભિમુખ થયા વગર પરદેશી માલના બેફામ વપરાશમાં ભોગપ્રધાન બની ગયા છીએ ત્યારે, પરદેશી માલનો બહિષ્કાર કરવાની ને રેંટિયાના મૂલ્યસ્થાપના કરવાની એમની યોજના તે કાળે જેટલી મહત્ત્વની હતી તેથી પણ વિશેષ લાગ્યા વગર નહિ રહે. છાશવારે આજે સ્વાર્થસાધના માટે અસહકારને નામે હડતાલોની વાતો કરનાર ઔ પેઢી સમક્ષ અસહકારનો મર્મ શો છે તે પણ અહીં રજૂ થએલા ગાંધીજીના વિચારો દ્વારા જાણી શકાશે. આ ઉપરાંત ૪૫૯મા પૃષ્ઠ પરનું ગાંધીજીની સર્વત્યાગી ભાવનાનું વસિયતનામું પણ આ ગ્રંથનો અમૂલ્ય ભાગ બની રહે છે. (પાકું, પૃ. ૫૫૨, રૂ. ૧૬-૫૦)

ગાંધીજીનો અક્ષરદેહ-૩૨ : ઈ. ૧૯૨૬ની પાંચમી નવેમ્બરથી ૧૯૨૭ની ૨૦મી જાન્યુઆરી સુધીનો ગાળો આવરી લેતા આ ગ્રંથમાં એના પુરોગામી ગ્રંથની 'આ તે જીવદયા?' લેખમાળા પૂરી થાય છે, જેમાં સરળ ભાષામાં ગાંધીજીએ અહિંસાનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું છે. આ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કલાકાર
ના. શ્રી. બેન્દ્રે

જન્મ : ૨૧ ઑગસ્ટ, ૧૯૧૦, ઇંદોરમાં. ચિત્રકળા ઉપરાંત ન્યૂ યૉર્કમાં ગ્રાફિક કળા અને સેરામિક્સની પણ તાલીમ લીધી. ભારત ઉપરાંત, પ. એશિયા, ઇંગ્લૅન્ડ, મધ્ય યુરોપના અનેક દેશો અને અમેરિકામાં એમનાં ચિત્રો પ્રદર્શિત થએલાં છે. ઈ. ૧૯૫૨માં ચીન અને ૧૯૩૩માં જાપાન ગએલા ભારતના સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળના સભ્ય. વડોદરા યુનિ.ની ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સમાં ચિત્રકળાના પ્રોફેસર અને ડીન હતા. દિલ્હીની નૅશનલ ગૅલેરી ઑવ મૉડર્ન આર્ટના સંગ્રહ માટે ખરીદાતાં ચિત્રોની પસંદગી કરનારી સમિતિના ચેરમૅન. નૅશનલ ઍકૅડેમી ઑવ આર્ટ (લલિતકલા અકાદમી)ના ભૂતપૂર્વ વાઈસ ચેરમૅન. ઈ. ૧૯૭૪માં એના ફૅલો ચૂંટાયા. ઈ. ૧૯૬૯માં પદ્મશ્રી. ચિત્રકલા માટે સંખ્યાબંધ પારિતોષિકો પામનાર ખ્યાતનામ ચિત્રકાર.

૧. આપના પ્રિય ચિત્રકારો કોણ અને શા માટે?

ઉ. બૉનાર્ડ અને બ્રાક. બંને ફ્રેન્ચમેન. બૉનાર્ડ પરિસ્થિતિ અને વાતાવરણનો અચ્છો જાણકાર અને આલેખનાર. એની કૃતિમાં વિશાળતા અને વિશદતા દેખાશે. બ્રાકની દૃષ્ટિ જ કલાકારની. એનાં ચિત્રો સંપૂર્ણ અને સર્વાંગસુંદર. પશ્ચાદ્‌ભૂમાં વ્યાપક અવકાશ અને વાતાવરણ સર્જવાની એનામાં અજબ પ્રતિભા. એનાં ચિત્રોમાં વાસ્તવતા અને રહસ્યવાદ બંને જોવા મળે.

૨. આપની કલા વિષે કંઈ કહેશો?

ઉ. મારાં ચિત્રો ગૂઢ રહસ્યભર્યાં હોય છે. એમાંના પ્રતીક, વાસ્તવિકતા અને રહસ્યને સમજાવાય એ કરતાં આપોઆપ પારખતાં આવડવું જોઈએ. આ દૃષ્ટિએ જ બધી કલાકૃતિ નીરખવી જોઈએ. કલાકૃતિ સદાય આનંદરૂપ હોય છે.

૩. અને આપ સૌન્દર્ય કોને કહેશો?

ઉ. સપ્રમાણ, સુરેખ અને સર્વાંગીય રમ્યતાને. પેખતાં જ મનને અપૂર્વ શાંતિ અને અનેરો આનંદ આપે એ સૌન્દર્ય.

૪. છેલ્લાં ચાળીસેક વર્ષમાં હજારો દૃશ્યચિત્રો કરનાર આપને ક્યાંના સૌન્દર્યે વધુ આકર્ષ્યા?

ઉ. હિમાલયે. એના ભર્યાભર્યા સૌન્દર્યને જોતાં તૃપ્તિ જ નથી થતી. એનું ભવ્ય દર્શન માણસની ક્ષુલ્લકતા દર્શાવી એને વધુ ને વધુ ગતિ ને પ્રગતિ માટે પ્રેરે છે.

૫. આપના પર સૌથી વધુ પ્રભાવ કોનો?

ઉ. મારાં બાનો. અમે એમને 'માઈ' કહેતા. જાજ્વલ્યમાન, ધાર્મિક, ઉદાર અને સર્વ પ્રત્યે માયા તથા સમભાવ રાખનારાં એ હતાં.

૬. આપના જીવનનો આદર્શ?

ઉ. મળું એ સહુને સુખી કરવાનો. લાગણીવેડાથી પર રહી એની પ્રગતિમાં સહાયક બનવાનો.

૭. પણ આપ પોતે ખરેખર સુખી ખરા?

ઉ. ઈશ્વરે આપેલી જીવન જીવવાની તકમાં સુખી જ છું. સ્થિતપ્રજ્ઞ બનીએ તો દુઃખમાંથી યે સુખ મળી જ રહે.

૮. આપનું પ્રિય વાચન? અને અન્ય શોખ?

ઉ. તિલકની 'ભગવદ્‌ગીતા'. એમાં દર્શાવેલો કર્મયોગ મને બધા યોગમાં શ્રેષ્ઠ લાગે છે. આ ઉપરાંત ચિત્રકામ, બાગાયત અને સંગીતનો શોખ.

૯. ઈશ્વરમાં માનો છો ખરા?

ઉ. હા. પણ વ્યક્તિ તરીકે નહિ, શક્તિ તરીકે. એ શક્તિ આપણે જાતે જ પુરુષાર્થ કરીને વિકસાવવાની. જેટલી એ શક્તિ વધે એટલા પ્રમાણમાં ઈશ્વર અંતરમાં વધારે વ્યક્ત થાય.

ના શ્રી બેન્દ્રે

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૬૦] — કરાવનાર **જલન માતરી**



'રાઝ' નવસારવી

સાર્વજનિક હાઈસ્કૂલ આલીપોરમાં ઉપાચાર્ય તરીકે સેવા આપી રહેલા ભાઈ શ્રી સગીરઅહેમદ અલીજાન સૈયદ ગુજરાતી ગઝલ સાહિત્યમાં 'રાઝ' નવસારવી તરીકે જાણીતા છે. એમની રચનાઓ અવારનવાર ગુજરાતનાં શિષ્ટ સામયિકોમાં પ્રગટ થતી રહે છે.

નવસારીના વતની આ શાયર બી. એ., બી. એડ.ની ઉપાધિ ધરાવે છે. જન્મ તા. ૯-૧૨-૧૯૩૫. ઈ. ૧૯૫૧થી ગઝલલેખનથી શરૂઆત કરીને સતત ગઝલોનું સર્જન કરતા રહ્યા છે.

સૈયદ ખાનદાનના આ નબીરા પહેલી મુલાકાતમાં જ ખાનદાનીની છાપ મળનારના હૃદય ઉપર પાડી દેતા હોવા છતાં પોતે એમ માને છે કે બધા એમને શંકાભરી નજરે જ જોઈ રહ્યા છે. એ વાતને મનમાં દૃઢ કરીને 'આ તે કયા ગુનાની સજા મળી રહી છે' એવો પ્રશ્ન પૂછી રહેલા, માનવી કરતાં શબ્દનો ઈતબાર વધારે છે એ માટે શબ્દનો અવતાર ગ્રહણ કરવા ઈચ્છતા, પ્રેમ અંધ છે માટે એને સીધા માર્ગ ઉપર દોરી જવા માગતા આ યુવાન શાયરના શેરો'ની મજા લઈએ:

શંકાભરી નજરથી જુએ છે બધા મને
આ તે કયા ગુનાની મળી છે સજા મને?
પાછો જીવાડશે તું કયામતમાં ઓ ખુદા?
અહીં પૂરતી મળી છે જીવનની સજા મને.

∞

આપી રહ્યો છું દાદ હું મારા નસીબને,
નૌકા છે મારી, એમને હસ્તક સુકાન છે.
રૂપકમાં જિંદગીની હકીકતને હું કહું?
જાણે કોઈ સ્વમાનીએ ત્યાગેલું દાન છે.

∞

એવા જગતમાં નિંદાથી હું શી રીતે બચું?
લોકો જુએ છે દાગ જ્યાં ખુદ આફતાબમાં!
દીવાનગીનો 'રાઝ' હશે એ કયો પ્રકાર?
શોધું છું મારું નામ હું કોરી કિતાબમાં.

∞

તારા વિષેનો પ્રશ્ન અનાદિથી એક છે,
કિંતુ મળે છે હર યુગે ઉત્તર નવા નવા.
તારા મિલનની શક્યતા જીવંત રાખવા,
પેદા કરું છું રોજ હું અવસર નવા નવા.

∞

ન્યોચ્છાવરીની બાદ નીરવતા જ રહી ગઈ,
દિલ પણ ગયું ને દિલ તણો ધબકાર પણ ગયો.

∞

કોને ખબર કે કેવી છે દુનિયા બહારની?
વીતી ગયા છે કંઈક જમાના મકાનમાં.
એકલતા દૂર કરવા બહાનું મળી ગયું,
શોધી રહ્યો છું ચાંદ સિતારા મકાનમાં.

∞

આખા જગતના પંથ જ્યાં પૂરા થતા હતા,
મારા જ ઘરનાં દ્વાર હતા, કોણ માનશે?
શ્રદ્ધાને મારી જેથી અચળતા મળી ગઈ
એ એમના નકાર હતાં, કોણ માનશે?

∞

નભથી વધુ વિશાળ છે વિસ્તાર શબ્દનો
પામી શક્યું છે કોણ અહીં પાર શબ્દનો?
જોવા સવારી આવી છે જંગલના મૌનની,
ઊજવે છે આ શહેર એક તહેવાર શબ્દનો.

∞

મને ભૂલી ગયા છો કિંતુ તમને યાદ આવીશ હું,
ઘણી ભુલાએલી વસ્તુ સમયસર યાદ આવે છે.
બુલંદીની કદર તો થાય છે કિંતુ પતન વેળા
ખરે છે તારલો નીચે તો અંબર યાદ આવે છે.

∞

મારાં દુઃખોની કોઈને ક્યાંથી ખબર પડે?
એ વેળ દિલ તો હોય છે ઈશ્વરની આસપાસ.
જેને હમેશ નિતનવી મંઝિલની શોધ છે,
મંઝિલ ફરે છે એવા મુસાફરની આસપાસ.
પડશું અનેક વાર પણ કિસ્મત બની જશે,
સાચી દિશાનો પંથ છે ઠોકરની આસપાસ.

∞

મારા વગર જગતના તમાશાનું શું થશે?
બાળક નહિ રહે તો રમકડાંનું શું થશે?
ઉત્તેજના પ્રસંગમાં એના થકી તો છે,
આવી જશે તું સામે તો પરદાનું શું થશે?

જો કે મને તો કંઈક અનુભવ જુદા થયા;
નીપજે કમળ એ આશથી કાદવ બની ગયો.
ઈશ્વર બનીને શી રીતે રે'વાતે વિશ્વમાં?
સારુ થયું કે 'રાઝ' હું માનવ બની ગયો!

∞

કેવી અભૂતપૂર્વ હતી તારી ઝંખના?
જીવનને રાહતોથી વધુ આપદા ગમી.

∞

હતી ઈચ્છા કે ખોવાઈ જવાની મોજ માણીશું,
સતત તારી નજરમાં રહીને ખોવાઈ નથી શકતો.

∞

ખુલ્લો બરફ છે જાણે કે ધખધખતા તાપમાં,
અંતરની વાણી એમ સરે છે શહેરમાં.
મળતો નથી કોઈને કદી દમ નિરાંતનો,
દિનરાત એવું ચક્ર ફરે છે શહેરમાં.

∞

બાકી બીજું તો શું છે આ જીવનના ચિત્રમાં?
માયાનું રૂપ છે અને આશાનો રંગ છે.
આવે છે યાદ 'રાઝ' મને એમ તો ખુદા!
કિંતુ એ યાદમાં હજી દુનિયાનો રંગ છે.

∞

લાગ્યું કે તારા પ્રેમમાં કંઈ સ્થિરતા નથી,
દઈ દીધું એને મેં પછી ચંચળ હવાનું નામ.
નિર્માણ ડૂબવાનું હતું મારા ભાગ્યમાં,
બદનામ કોઈ કરશો નહિ નાખુદાનું નામ.

∞

અમે તારી ઉપેક્ષાથી ઉપેક્ષિત થઈ નથી શકતા,
ખબર છે, આયના પર ચિહ્નો અંકિત થઈ નથી શકતાં?

∞

છે કોણ બંધ પાંપણે હું એ નહિ કહું,
છે મારી ખુલ્લી આંખમાં દુનિયાની શૂન્યતા.

∞

છે હવે જુદા જ પ્રત્યાઘાત મારા મૌનના,
હાજરીમાં એમની મારાથી બોલાયું નહિ.
ક્યાં સુધી કરતે એ મારા આગમનનો ઇંતેજાર?
'રાઝ' મારા ઘર સુધી મારાથી પ્હોંચાયું નહિ.

∞

નહિતર જીવન વિષાદમાં અસ્થિર થઈ જતે,
ત્યાગીને સૌ વિચાર, અમે ચાલતા રહ્યા.

∞

હું એ વેધક નજરથી દિલ બચાવી એમ લાવ્યો છું,
કિનારે નાવ લાવે જેમ કો' તોફાની સાગરથી.

∞

દુનિયાના વ્યવહાર તો છે વિસ્મરણ સુધી,
છે દુશ્મની કે દોસ્તી માત્ર મરણ સુધી.
આવી ગયાં તમે અહીં બસ એ નવાઈ છે,
દરિયો કદી જતો નથી નાના ઝરણ સુધી.

ગાંધીજીનો અક્ષરદેહ-૩૪: ઈ. ૧૯૨૭ના જૂનની ૧૬મીથી સપ્ટેમ્બરની ૧૫મી સુધીના ત્રણ માસના ગાળાને આવરી લેતા આ ગ્રંથમાં મહાત્માજીના નન્દી હિલ્સ પર આરામ કર્યા બાદના બૅંગલોર, મદ્રાસ અને તામિલનાડના પ્રવાસની માહિતી છે, જેમાં એમણે ખાદી અને રેંટિયા વિષે, અસ્પૃશ્યતા વિષે, બાળવિધવા તેમજ દેવદાસીઓ વિષે, આરોગ્ય માટે સ્વચ્છતા પળાવવાની નગરપાલિકાની જવાબદારી વિષે પોતાના નીડર અને મક્કમ વિચારો દર્શાવ્યા છે. આ ઉપરાંત ગીતાના, વ્યક્તિગત ચારિત્ર્યના, તેમની ધર્મમાં આચારવિચારની એકવાક્યતાના માહાત્મ્ય પર પણ એમના ચોક્કસ વિચારો પણ અહીં જાણવા મળે છે. (પાકું પૂઠું, પૃ. ૩૫૩, રૂ. ૧૬-૫૦)

ગાંધીજી સાથે સવાલજવાબ: દેશવિદેશના નાનીમોટી વ્યક્તિઓએ ગાંધીજીને આધ્યાત્મિક, રાજકીય, આર્થિક, નૈતિક વગેરે અનેક વિષય પર પૂછેલા પ્રશ્નો અને તેના સાદી ભાષામાં ટૂંકા, મુદ્દાસર અને તર્કપૂર્ણ જે જવાબો તેમણે આપેલા તેનું મુકુલ કલાર્થીએ પ્રેરણાદાયી સંપાદન આમાં કર્યું છે. (કાચું; પૃ. ૧૩૦, રૂ. ૩॥)

મારું જીવનવૃત્તાંત-ભાગ ૨: મોરારજી દેસાઈના આત્મકથાના આ ઉત્તરાર્ધમાં ઈ. ૧૯૫૨માં એઓ મુંબાઈ રાજ્યના મુખ્ય મંત્રી બન્યા ત્યારથી તે ૧૯૬૯માં કેન્દ્રના નાયબ વડા પ્રધાનપદેથી રાજીનામું આપ્યું ત્યાં સુધીની રસિક અને સંઘર્ષમય કથા છે. એમણે વિવિધ પદે રહી આર્થિક, રાજકીય ને શૈક્ષણિક ક્ષેત્રે જે જે પગલાં ભર્યાં ને વિચારો રજૂ કર્યા તેમાં તેમની બુદ્ધિપ્રતિભા અને ચારિત્ર્યબળનાં દર્શન થાય છે. રાષ્ટ્રીય કક્ષાએ એક પ્રતિભાશાળી ગુજરાતી નેતાના વ્યક્તિત્વને સુપેરે રજૂ કરતી આ આત્મકથા પ્રભાવક ને પ્રેરણાદાયી છે. (પાકું પૂઠું, પૃ. ૪૯૮, રૂ. ૨૦)

મારી જીવનકથા: ગાંધીજીના ચુસ્ત અનુયાયી, પ્રસ્તાવનાકાર કાકાસાહેબના શબ્દોમાં 'નિષ્કામ સેવારૂપી હિંદુ આદર્શના નમૂના' જેવા મામાસાહેબ ફડકેની સરળ ભાષામાં લખાએલી આ આત્મકથા તેમના દેશઅર્પિત જીવન અને હરિજનસેવાનાં કાર્યોની દસ્તાવેજી દાસ્તાન છે. સ્વતંત્ર ભારતની પ્રગતિ માટે નવનિર્માણઝંખુઓને સર્જનાત્મક રાહે આગળ વધવાની યોગ્ય પ્રેરણા આપે તેવી કથા. (કાચું પૂઠું, પૃ. ૨૩૨, રૂ. ૫)

અનડા પ્રકાશન

ગાંધી માર્ગ, અમદાવાદ-૧

કરવેરા ધારા પરિચય: ગુજરાત યુનિવર્સિટીના દ્વિતીય વર્ષ બી. કૉમ.ના અભ્યાસક્રમના (દ્વિતીય વર્ષ એલએલ.બી.ના વિદ્યાર્થીઓને પણ ઉપયોગી) આ પાઠ્યપુસ્તકના લેખકો છે પ્રો. ગિરીશ બી. પટેલ, પ્રો. આર. એસ. પટેલ અને પ્રો. બી. સી. ઠક્કર (કાચું પૂઠું, પૃ. ૬૩૨, રૂ. ૧૮)

અલ્પ વિકસિત દેશોનું અર્થશાસ્ત્ર: પ્રથમ વર્ષ બી.એ.ના અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટેનું પ્રા. રમેશ શાહ ને હીરુભાઈ ભટ્ટે તૈયાર કરેલું પાઠ્યપુસ્તક (કાચું પૃ. ૨૫૨, રૂ. ૭)

અભિનવ શાળાસંચાલન: ગુજરાતની સર્વ યુનિવર્સિટીઓના બી. એડ.ના વિદ્યાર્થીઓ માટે ડૉ. દોલતભાઈ દેસાઈ, ડૉ. જયેન્દ્ર પરીખ અને પ્રા. કિશોર શાહે તૈયાર કરેલું પાઠ્યપુસ્તક. (કાચું, પૃ. ૩૬૦, રૂ. ૧૦)

ગુજરાતી સ્વાધ્યાય પોથી: ઈ. ૧૯૭૩-૭૪ના ગુજરાત રાજ્યના શ્રેણી આઠના નવા અભ્યાસક્રમ પ્રમાણે ડૉ. ધનવંત મ. દેસાઈ, રતિલાલ સાં. નાયક અને મોહનભાઈ બા. પટેલે તૈયાર કરેલી સુઘડ પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧-૨૦)

પ્રકાશન વિભાગ

પતિયાલા હાઉસ, નવી દિલ્હી-૧

હિન્દી પ્રકાશનો

સંપૂર્ણ ગાંધીવાઙ્મય-ભાગ ૫૧: ૧લી સપ્ટેમ્બરથી ૧૫મી નવેમ્બર ૧૯૩૨ સુધીનો ગાળો આવરી લેતા આ ગ્રંથમાં મુખ્યત્વે વિવિધ વ્યક્તિઓ પર લખાએલા ગાંધીજીના પત્રો દ્વારા અસ્પૃશ્યતાના કલંક સામે એમણે ઉપવાસની કરેલી જાહેરાત, તેના પ્રત્યાઘાતો, તેમાં વ્યક્ત થતી ગાંધીજીની ઈશ્વરશ્રદ્ધા, દલિતપ્રેમ તેમજ ગીતાવિષયક વિચારસરણીમાં આચારવિચારના સમન્વયની તેમની દૃષ્ટિ રજૂ થએલી છે. આશ્રમની સર્વધર્મ સમદૃષ્ટિવાળી ભાવના પણ અહીં વ્યક્ત થએલી જોઈ શકાશે. (કાચું પૂઠું, પૃ. ૫૭૨, રૂ. ૭-૫૦)

સંપૂર્ણ ગાંધીવાઙ્મય-ભાગ ૫૨: નવેમ્બર ૧૯૩૨ થી જાન્યુઆરી ૧૯૩૩ સુધીનો ગાળો આવરી લેતા આ ગ્રંથમાં જે પત્રો રજૂ થયા છે તેમાં ગાંધીજીના અસ્પૃશ્યતા વિરોધી વિચારો, સનાતનીઓ સાથેના વિચારસંઘર્ષો, હરિજનો માટે મંદિરપ્રવેશની હિમાયત, ઈશ્વર પરની શ્રદ્ધા, સત્યની ઉપાસના આદિ પ્રતીત થાય છે. આ ઉપરાંત બીમાર વ્યક્તિઓ પર લખાએલા અન્ય કેટલાક પત્રોમાં ગાંધીજી બીમારીને યાતના નહિ, પરંતુ ઈશ્વરની જ કોઈ યોજના સમજી સ્વીકારી લેવાની અને સહી લેવાની વાત કરી અજબ હિમ્મત બંધાવે છે. (કાચું પૂઠું, પૃ. ૫૩૭, રૂ. ૭-૫૦)

સંપૂર્ણ ગાંધીવાઙ્મય-ભાગ ૫૩: ઈ. ૧૯૩૩ના જાન્યુઆરીની ૧૧મીથી માર્ચની પાંચમી સુધીના ગાળાના પત્રોને આવરી લેતા આ ગ્રંથમાં ગાંધીજીની મુખ્યત્વે અસ્પૃશ્યતા સંબંધી સ્પષ્ટ અને જોરદાર દલીલો જોવા મળે છે. આમ છતાં ય એઓ અસ્પૃશ્યતા નિવારણને માત્ર સામાજિક સુધારણાનું જ કાર્ય ન ગણતાં આધ્યાત્મિક સંઘર્ષ ગણાવી તેની મૂલ્યસ્થાપના કરવા મથે છે. એમની અસ્પૃશ્યતાવિરોધી આ પ્રવૃત્તિઓનો અનેક સનાતનીઓ તરફથી જે વિરોધ ઊઠ્યો તેના સંઘર્ષની વાત અહીં મુખ્ય બની રહે છે. એ નિમિત્તે એઓ ઉપવાસ કરવા માગે છે, પરંતુ પોતાના ઉપવાસ દ્વારા, જે લઘુમતિ લોકો હરિજન માટે મંદિરનાં દ્વાર ખોલવા ન માગતા હોય તેમના પર પોતાની માન્યતા ઠોકી બેસાડવા માગતા નથી. અસહયોગ એમને માટે પ્રેમનું શસ્ત્ર છે. આજે જ્યારે ક્ષુદ્ર સ્વાર્થો માટે થતા ઉપવાસો અને અસહયોગથી જે કટુતા વ્યાપે છે તે કાળે ગાંધીજીની આ શસ્ત્ર-ફિલસૂફી સમજવામાં એમના આ પત્રો જરૂર ઉપયોગી થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૬૨૫, રૂ. ૭.૫૦)

અમર શહીદ ભગતસિંહ: ભારતની આઝાદીના પ્રારંભિક જંગમાં પોતાની અદ્વિતીય હિમ્મતથી અને દેશભક્તિથી કંપલાવનાર અને જાનફેરોશી કરનાર ક્રાંતિકારી યુવાન ભગતસિંહની વીરેન્દ્ર સિંધુની કલમે આલેખાએલી રોમાંચક જીવનકથા (કાચું, પૃ. ૭૪, રૂ. ૨-૫૦)

ભારત કે ગૌરવ-ભાગ ૬ઠ્ઠો: ભારતનાં ભિન્ન ભિન્ન રાજ્યોમાં વર્તમાન સમયમાં થઈ ગએલા રાજકીય પુરુષો, સામાજિક સુધારકો, વૈજ્ઞાનિકો, પ્રશંસકો વગેરે મળીને કુલ પચીસ મહાન વિભૂતિઓની આ પુસ્તકમાં વિવિધ લેખકોની કલમે ચરિત્રરેખા દોરાએલી છે તે પ્રેરણાદાયી વાચન પૂરું પાડે છે. (કાચું પૃ. ૧૭૪, રૂ. ૪)

રેડિયોનાટક: રેડિયોની શોધે નાટકના ક્ષેત્રમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. માત્ર શ્રાવ્ય જ રહેતા આ નાટ્યપ્રકારમાં રેડિયોનું પ્રદાન નોંધપાત્ર છે. ભારતની વિવિધ ભાષામાં રેડિયો પરથી પ્રસારિત થએલાં ૧૬ નાટકોનો આ સંચય આસ્વાદ્ય વાચન પૂરું પાડવાની સાથેસાથે એ પ્રકારના સર્જકોને માર્ગદર્શક પણ બની રહે તેમ છે. પુસ્તકના આરંભે ૧૨ પૃષ્ઠોનો ચિરંજીતે લખેલો રેડિયોનાટકના સ્વરૂપ અને તેના વિકાસનો લેખ પણ એ રીતે ઉપયોગી છે. (કાચું પૂઠું, પૃ. ૪૯૨, રૂ. ૧૦)

અન્ય નવાં પ્રકાશનો

ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિ કોશ ભાગ ૧- ગુજરાતી ભાષાસાહિત્યનું

શતરંજ

સુરેશ મોદી

છેલ્લાં અઢી વર્ષમાં આપણે એન્ડરસનથી માંડીને ફિશર સુધીના વિશ્વવિજેતાઓની રમતો જોઈ. એનો આનંદ માણવા સાથે શતરંજની રમતનો વિકાસ કેવી રીતે થયો તે પણ આપણે જોઈ શક્યા.

એન્ડરસન, મોર્ફીના જમાનામાં ખુલ્લી ને આક્રમણભરી રમત રમાતી. તે વખતના વિશ્વવિજેતા બીજા મહાન ખેલાડી સામે પણ એ રીતની રમત રમીને જીતી શકતા; પરંતુ આજે એ રીતે સાધારણ કલબના ખેલાડી સામે પણ જીતવું મુશ્કેલ છે.

આજના સાધારણ ખેલાડીનું શરૂઆતની પદ્ધતિઓનું જ્ઞાન સોએક વર્ષ પહેલાંના મહાન ગણાતા ખેલાડીઓ કરતાં પણ વધુ છે એમ કહેવામાં કંઈ ખોટું નથી. આ કહેવાનો આશય તે વખતના મહાન ખેલાડીઓને ઉતારી પાડવાનો કે તેમની રમતની ટીકા કરવાનો નથી, પણ શતરંજનું ધોરણ કેટલું ઊંચું આવી ગયું છે તે તરફ ધ્યાન દોરવાનો છે.

શતરંજના સિદ્ધાંતો શોધાતા ગયા તેમતેમ રમતનું ધોરણ સુધરતું ગયું. સાથે સાથે રમતની શૈલીમાં પણ ફેરફાર થતા ગયા. વહેલા અને સીધા આક્રમણથી જીતવું જેમ જેમ મુશ્કેલ થતું ગયું તેમ તેમ રમતમાં આક્રમણ અને કૉમ્બિનેશન ઓછાં આવતાં ગયાં અને રમત વધુ ને વધુ પોઝિશનલ બનતી ગઈ. આજના ખેલાડીઓએ આ અગાઉના ખેલાડીઓની રમતમાંથી, તેમનાં લખાણ પરથી અને પોતાના પ્રયોગોથી રમત સુધારી છે.

શતરંજનાં સાધારણ ધોરણ અને શૈલી બાબત આપણે જોયું તે દરેક ખેલાડીના રમતનાં ધોરણ અને શૈલીને પણ લાગુ પડે છે. જ્યારે તે રમત શીખે છે ત્યારે જૂના જમાનામાં રમાતી તેવી રમત રમવાથી આરંભ કરે છે. જેમ જેમ તેના વ્યૂહ અસફળ થતા જાય તેમ તેમ એ વધુ સારા પ્રયાસ કરતાં શીખે છે અને પરિણામે રમતના ધોરણમાં સુધારો થતો જાય છે. પણ આ રીતે શીખતાં અને રમત સુધારતાં ઘણો સમય લાગે. અલબત્ત, વાચન અને અભ્યાસથી તેને વેગ આપી શકાય છે.

જેમ સૈકાઓથી વૈજ્ઞાનિકોએ કરેલી શોધ આપણે શાળા, કૉલેજમાં થોડાં વર્ષોમાં શીખીએ છીએ તેમજ શતરંજના મહા ઉસ્તાદોએ કરેલી શોધનો પણ આપણે થોડો સમય લાભ લઈ શકીએ. શીખવાનો ક્રમ આપણે વિશ્વવિજેતાની રમતમાં જોયો તે પ્રમાણે હોય તો લાભ વધુ થાય છે.

આને લીધે જ દરેક શીખાઉ ખેલાડીને શરૂઆતમાં ખુલ્લી પદ્ધતિ અપનાવવાની સલાહ આપવામાં આવે છે. તે પછી ક્રમે ક્રમે અર્ધ ખુલ્લી, બંધ, ભારતીય અને છેલ્લે અત્યદ્યતન પદ્ધતિઓ અપનાવવી જોઈએ. નવા ખેલાડીઓએ આજના મહા ઉસ્તાદોની રમતનો અભ્યાસ કરતાં પહેલાં એન્ડરસન, મોર્ફીની રમતોનો અભ્યાસ કરવો જોઈએ તેમની આક્રમક રમતના પૂર્ણ પરિચય પછી જ ધીમે ધીમે એમની પછીના મહા ઉસ્તાદોની રમતોના અભ્યાસ વડે શીખવાથી તો યોગ્ય માર્ગદર્શન મળશે.

અધ્યયન આજે જ્યારે વ્યાપક બન્યું છે ત્યારે તે ભાષાના ઘડતરમાં ને સાહિત્યના સર્જનમાં અરબી-ફારસી તુર્કી શબ્દોએ જે ફાળો આપ્યો છે તે અતિ નોંધપાત્ર છે. પ્રસ્તુત બે ખંડોમાં ફારસી શબ્દોનો સાર્થ વ્યુત્પત્તિકોશ આપીને તે વિષયના અભ્યાસી પ્રાધ્યાપક ડૉ. છોટુભાઈ રણછોડજી નાયકે આપણી ભાષાના અભ્યાસીઓ માટે જે શ્રદ્ધેય ને શાસ્ત્રીય સામગ્રી પૂરી પાડી છે તેમાં એમનો નિષ્ઠાજન્ય શ્રમ અછતો રહેતો નથી. આ બે ખંડોથી આપણા કોશ-સાહિત્યમાં મૂલ્યવાન ઉમેરો થાય છે. (પ્રકા૦ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ૯. બંનેનું પાકું પૂંઠું; પ્રથમ ખંડનાં પૃ. ૩૯૨, બીજા ખંડનાં પૃ. ૨૯૨; પ્રત્યેકના રૂ. ૧૦)

ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ-વિકાસ: આજે જ્યારે પુરાતત્ત્વ અને સાહિત્યના ક્ષેત્રે સંશોધનની પ્રવૃત્તિ વેગ પકડતી જાય છે ત્યારે અર્વાચીન ભારતની હસ્તલિખિત પ્રતો તપાસવાનું અનિવાર્ય બને છે. એ માટે પ્રાચીન લિપિનો અભ્યાસ પણ જરૂરી બને. પ્રસ્તુત ગ્રંથમાં ઈ. ૧૫૦૦ સુધીમાં ગુજરાતમાં થએલો બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ-વિકાસ તજ્જ્ઞ ડૉ. પ્રવીણચંદ્ર ચીમનલાલ પરીખના આ મહાનિબંધમાં શ્રમપૂર્વક રજૂ થયો છે, તે જિજ્ઞાસુ અને અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. (પ્રકા૦ ઉપર મુજબ, પાકું પૂંઠું, પૃ. ૩૪૬. રૂ. ૧૨)

પ્રયત્ન: પુષ્પક પરમારની ગઝલ મુક્તકોનો આ સૌ પ્રથમ પ્રયત્ન આવકાર્ય છે. (પ્ર. પોતે જ, મલેકવાડી, ગોરવાડ પાસે, કપડવણજ; કાચું પૂંઠું, પૃ. ૨૮, રૂ. ૧)

'શનેરી'નો કવિ: સ્વ. કવિ મણિલાલ દેસાઈના કાવ્યસંગ્રહ 'રાનેરી'નો મનહર ચરાડવાએ કરાવેલો રસાસ્વાદ. (પ્રકા. પોતે જ, મીર સાહેબની હવેલી, ટાવર રોડ, અમરેલી; કાચું પૂંઠું, પૃ. ૭૬, રૂ. ૨)

બાળકેળવણીનો પ્રયોગ: શ્રી અનસૂયા બહેન સારાભાઈના બાળકેળવણી તરફી સનિષ્ઠ પ્રયોગનું નિરૂપણ કર્યું છે સંપાદક નગીનભાઈ શાહે. (પ્રકા૦ સ્વ. સોમનાથ દવે સ્મારક ટ્રસ્ટ, ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ-૧; કાચું પૂંઠું, પૃ ૩૨, રૂ ૧-૫૦)

સ્વાશ્રય સંઘનો અવાજ: સમાજને ઉપયોગી માર્ગદર્શન પૂરું પડી રહે તે માટે શરૂ થએલી સંસ્થા સ્વાશ્રય સંઘની આ પ્રથમ પુસ્તિકામાં યશોધર મહેતાના લેખોના સંક્ષેપો રજૂ થયા છે. (પ્રકા. સ્વાશ્રય સંઘ, ધી કાંટા, અમદાવાદ ૧; કાચું પૂંઠું, પૃ. ૨૪, રૂ. ૧)

ઉપનિષદોના પ્રદેશમાં: યશોધર મહેતાનું ઉપનિષદો પરનું વ્યાખ્યાન. (પ્રકા. અગમનિગમ મંડળ, અમદાવાદ-૧ પ્રાપ્તિસ્થાન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ કાચું પૂંઠું, પૃ. ૧૨, ૫૦ પૈ.)

સુખી જીવન માટે મનોવિજ્ઞાન: સૌરાષ્ટ્ર યુનિ. વિનયનના પ્રારંભિક મનોવિજ્ઞાનના અભ્યાસક્રમ પ્રમાણેનું સર્વશ્રી ચંદ્રકાન્ત પ્ર. પટેલ, મનસુખ એમ. ગોહિલ અને શશિકાન્ત રૉયે તૈયાર કરેલું પાઠ્ય પુસ્તક. (પ્રકા. અખિલ હિંદ પ્રકાશન, રતનપોળ, હાથીખાના અમદાવાદ-૧; કાચું પૂંઠું, પૃ ૪૩૦, રૂ ૧૫)

અનુસંધાન] **પ્રાચીન સિક્કા** [પૃષ્ઠ ૫૧થી

એ જાણવા માટે સિક્કાશાસ્ત્રની સામાન્ય જાણકારીની જરૂર પડે છે. આમ સિક્કાશાસ્ત્ર ઇતિહાસ-સંશોધકો ઉપરાંત સિક્કા-સંગ્રાહકો તથા સિક્કા-વિક્રેતાઓને પણ ઉપયોગી બન્યું છે.

આપણાં અનેક જૂનાં સ્થળોએ અવાર નવાર જૂના સિક્કા મળતા હોય છે. જૂની વસાહતોનાં ખંડેરોમાંથી એ ઘણી વાર આકસ્મિક રીતે પ્રકાશમાં આવે છે, તો કેટલીક વાર એવાં ખંડેરોના વ્યવસ્થિત ઉત્ખનનમાં પણ પ્રાપ્ત થાય છે. ઘણા લે.કો ચલણી નાણા તરીકે ઉપયોગી ન હોય તેવા જૂના સિક્કાઓ વેચી નાખે છે ને ઘણા સોનીઓ તથા કંસારાઓ એવા સિક્કા ઓગાળી નાખી એમાંની ધાતુનો લાભ લે છે. કેટલાક વળી એવા સિક્કા સિક્કા-વિક્રેતાઓને કે શ્રીમંત શોખીનોને વેચી એના વધુ દામ મેળવે છે. કલાકૃતિઓના સંગ્રહનો શોખ ધરાવતા વિદેશી શ્રીમંતો આવી વસ્તુઓનું મોં માગ્યું મૂલ્ય ચૂકવે છે, પરંતુ એથી આપણા દેશની એવી ઘણી અમૂલ્ય સાંસ્કૃતિક સંપત્તિ વિદેશોમાં તણાઈ જાય છે. જ્યારે જ્યારે જૂના સિક્કા જડતા જાય ત્યારે ત્યારે તેનો સારો ઉપયોગ તો તેની જે જે મ્યૂઝિયમને જરૂર હોય તેને તે ભેટ કે વેચાતા આપવાનો છે. વિવિધ દેશો કે પ્રદેશોના અને જુદા જુદા કાલના સિક્કાઓના સંગ્રહ, સૂચીકરણ, પ્રકાશન તથા અધ્યયન માટેનું સમુચિત સ્થાન મ્યૂઝિયમ જ છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

ફેબ્રુઆરી ૧૯૫૦ · સળંગ અંક ૩૧૪

કાપડ પરની વિવિધ ભાતોનાં રૂપ-સર્જન વિષે કલાકારો, વિદ્યાર્થીઓ ને ધંધાદારીઓને માર્ગદર્શન આપતો શ્રી લક્ષ્મીપ્રસાદ સેવકનો 'રૂપાંકન કલા' નામનો એક લેખ બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો. તે આજે પણ એટલો જ તાજગીભર્યો લાગશે:



કલાના હરકોઈ ક્ષેત્રમાં રૂપસર્જન (Design)નું તત્ત્વ વત્તેઓછે અંશે સમાએલું છે જ. કોઈ પણ શિલ્પ, સ્થાપત્ય કે ચિત્રકૃતિના સંયોજનમાં તે હોવા ઉપરાંત શિલ્પ-સ્થાપત્યની બારીક નકશીમાં તેમજ ચિત્રકૃતિએ નાં પાત્રોના વસ્ત્રવિધાન, અલંકાર વગેરેમાં રૂપાંકનનું સ્વરૂપ પ્રકટરીતે મળી આવે છે.

યંત્રયુગ બેઠા પહેલાં ભારતમાં આ કલા એટલી બધી વિકસેલી અને વૃદ્ધિ પામેલી કે દૂરદૂરના દેશોમાં પણ તે સન્માનિત થઈ હતી. કાશ્મીરના ઉચ્ચ કલાનકશીથી ભરેલા શાલદુશાલાએ નેપોલિયન સુધ્ધાંને પણ મોહિત કરેલો. પ્રચીન મીસર, ગ્રીસ તથા ઈટાલીની કલારસિક પ્રજાએ તો એ કલાને અપનાવી પોતાના જીવનવ્યવહારમાં ઉતારી હતી. કાશ્મીરના ગાલીચા, પડદા, રજાઇઓ, ચાદરો, શેત્રંજીઓ, શાલદુશાલા વગેરે ઉપરના અદ્‌ભુત ભરતકામ ઉપરાંત કાશીનાં વાસણો પરનું બેનમૂન કોતરકામ તથા પરાપૂર્વથી ચાલતી આવતી રંગોળી પૂરવાની આપણી પ્રથા વગેરે અત્યારે પણ સુપ્રસિદ્ધ છે સૌરાષ્ટ્ર અને ગુજરાતની ગ્રામ-સુંદરીઓની સુદૃઢ ને નમણી દેહલતાને સૌન્દર્ય બક્ષતાં ભાતીગળ ઘરચોળાં, બાંધણી, પટોળાં, ચૂંદડીઓ વગેરે રંગબેરંગી વસ્ત્રવિધાનમાં તથા એમના હાથે બનાવેલાં તોરણો, ચંદરવા, ચાકળા વગેરેમાં રૂપાંકન કલા લહેરી ઊઠે છે. આપણાં પ્રાચીન રમકડાંથી માંડી આજના શાંતિનિકેતનનાં ચામડાનાં પાકીટ સુધી પથરાએલી રૂપકલા પરદેશોમાં પણ પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

રૂપસર્જનનો વિષય એટલો બધો વૈવિધ્યભરપૂર અને વિસ્તૃત છે કે તેના એકએક વિષયનું બારીક પૃથક્કરણ કરવામાં આવે તો મોટું પુસ્તક ભરાય. પરદેશોમાં આ કલાના વિષયને સ્પર્શતાં અને તેની સમાલોચના કરતાં જાતજાતનાં પુસ્તકો પ્રકટ થએલાં છે, જેથી ત્યાંના કલાકારવર્ગ તથા ત્યાંના ઉદ્યોગોને તેનો પૂર્ણ લાભ મળે છે. રૂપાંકન કલાના અનેકવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલું છે. શિલ્પ સ્થાપત્ય, ભરતગૂંથણ, વાસણો પરની કલાનકશી, રંગોળી, કાગળ-કોતરકામ, ચામડા પરનું નકશીકામ (leather-embossing) આભૂષણો, વસ્ત્રો પરની છાપકલા આદિ અગણિત એનાં ક્ષેત્રો છે. પરંતુ પ્રસ્તુત લેખમાં તો માત્ર કાપડના ઉદ્યોગમાં તેની જે ઉપયોગિતા અને વિશિષ્ટતા છે તેને જ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો બે: અન્ન ને વસ્ત્ર. એટલે મનુષ્યે આદિકાળથી વસ્ત્રકલાને વિકસાવવા ને શોભાવવા અવિરત પ્રયત્નો કર્યા છે. જૂના કાળમાં લોકો ઘેર સૂતર કાંતી, હાથવણાટ દ્વારા કપડાં તૈયાર કરી, તે પર જોઈએ તેવા રંગોનાં ભરતગૂંથણ કરી કે જાત જાતની રૂપાકૃતિઓ લાકડાંનાં બીબાં વડે છાપી પોતાની રસવૃત્તિને પોષતા ને પ્રદર્શિત કરતા હતા. પરંતુ કાળક્રમે યંત્રયુગ બેસતાં હાથવણાટ તથા હાથછાપકામના એ ઉદ્યોગને સખ્ત ફટકો પડ્યો. જોકે યંત્ર દ્વારા પણ આ કલાનો તો ઉત્તરોત્તર વધુ ઉપયોગ થતો રહ્યો છે અને અર્વાચીન યુગમાં તેની ઉપયોગિતા અને મહત્તા એકદમ વધી ગઈ છે.

કાપડ પર રૂપસર્જનનું સંયોજન મુખ્યત્વે બે રીતે થાય છે: ૧) વણાટકામથી રજૂ કરેલી ભાતો (woven design) દ્વારા અને ૨) છાપીને રજૂ કરેલી રૂપાકૃતિ (printing design) દ્વારા.


વણાટકામની રૂપાકૃતિ સૂતર, રેશમ યા જરીના તારોના તાણાવાણા ગૂંથીને ઉપજાવાય છે. આ ગૂંથણીની રચના ખૂબ ખટપટી હોય છે. વણાટમાં જેટલા તાર લેવાના હોય તેટલા જ તારની મર્યાદામાં ભાત(રૂપાકૃતિ)નો ફરજિયાત સમાવેશ કરવો પડે છે, એટલે શરૂમાં 'ગ્રાફ પેપર' ઉપર આલેખેલાં સમચોરસ ખાનાંની મદદ લઇને વસ્ત્રના તાર પ્રમાણે ખાનાંની ગણત્રી કરી તેમાં તેની ભૂમિકા રચવી પડે છે. એકંદરે આ વિષય ઘણો અઘરો અને માથાકૂટ કરાવનારો ગણાયો છે. વળી વણાટકામ દ્વારા તૈયાર કરેલી રૂપાકૃતિ છાપેલી કૃતિ જેટલો ઉઠાવ આપતી નથી. આ પદ્ધતિથી ઓઢવા-પાથરવાના ચોરસા, ફૂલવેલ ગૂંથેલી કિનારીઓ, સાડીઓ વગેરે જાતનાં વસ્ત્રો 'જૅકાર્ડ' યંત્ર દ્વારા ગૂંથવામાં આવે છે.


એને મુકાબલે છાપેલી રૂપાકૃતિ (printed design) વધુ આકર્ષક અને રસમય હોય છે. એનું આલેખન મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચાએલું હોય છે: ૧) પ્રાકૃતિક આકારો (natural forms) દ્વારા, અને ૨) ભૌમિતિક આકારો (geometrical forms) દ્વારા.

પ્રાકૃતિક (કુદરતી) આકારોવાળી કૃતિઓમાં દેશદેશની પ્રકૃતિ અનુસાર માનવ પાત્રો, પશુપક્ષીઓ, ઝાડપાન, ફળફૂલ, વેલપત્તીઓ વગેરેને સુયોગ્ય અને લલિત વળાંકા આપી તેની આકર્ષક ગૂંથણી કરેલી હોય છે; જ્યારે ભૌમિતિક કલાકૃતિઓમાં બિંદુ, વર્તુળ, લંબગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, પંચકોણ, ષટ્કોણ, સપ્તકોણ, અષ્ટકોણ વગેરે આકૃતિઓનાં સંયોજનો વડે આલેખન થએલું હોય છે. કલાકારની કલ્પના આ બંને ક્ષેત્રોમાં યથેચ્છ વિહરતી નૈસર્ગિક, કાલ્પનિક, આલંકારિક, ભૌમિતિક, પ્રાચીન, અર્વાચીન, પૌર્વાત્ય, પાશ્ચાત્ય આદિ અનેકવિધ લયમાં જુદીજુદી રૂપાકૃતિઓનાં મનોહર આલેખનો સર્જે છે ને જુદાજુદા દેશની પ્રકૃતિ ને પ્રણાલિકા અનુસાર તેમાં સંયોજન અને ભાવનિરૂપણની રજૂઆત થાય છે.

આ રૂપાકૃતિઓનાં સંયોજન મુખ્યત્વે પાંચ રીતે થઈ શકે છે:

(૧) બિંદુ આકૃતિઓ (Spot Patterns): એમાં અસંખ્ય નાનાં તથા મોટાં બિન્દુઓ દ્વારા પ્રાકૃતિક અને ભૌમિતિક આકારોમાં નવીનવી





આ. ૧૧ ▽ કિનારીઓ માટેની રૂપાકૃતિઓ ▽ આ. ૧૨



રૂપાકૃતિઓ રચી શકાય છે. (જુઓ આકૃતિ નં. ૧ તથા ૨)

(૨) રેખાકૃતિઓ (Linear Patterns)માં જાડી, પાતળી, સીધી, ત્રાંસી; આડી, ઊભી, ગોળ અગર વાંકીચૂંકી રેખાઓ દ્વારા તરેહ-તરેહની આકૃતિઓ યોજાય છે. (જુઓ આકૃતિ નં. ૩ તથા ૪).

(૩) પટ્ટા-આકૃતિઓ (Striped Patterns)માં નાના તથા મોટા અથવા તો લાંબા અને પહોળા પટામાં જુદાજુદા પ્રકારની આકૃતિ-ઓની દૃષ્ટિગમ્ય ગોઠવણી કરી તેને પ્રાકૃતિક તથા ભૌમિતિક સ્વરૂપે આલેખવામાં આવે છે. (જુઓ આકૃતિ નં. ૫ તથા નં. ૬).

(૪) વિરોધી રૂપાંતર (આટાપાટા)ની આકૃતિઓ (Counter-changes)માં કૃતિઓનું સંયોજન એવી રીતે કરવામાં આવે છે કે જેથી કરીને પરસ્પરથી ભિન્ન એવી તેની આકારગૂંથણી અનુક્રમે વારાફરતી આવી શકે; જેને ખાલી અને રંગ પૂરેલા વિભાગ દ્વારા, અથવા તો પરસ્પરથી જુદા રંગો દ્વારા વિરોધાભાસી દર્શાવવામાં આવે છે. (જુઓ આકૃતિ નં. ૭ તથા નં. ૮).

(૫) બિછાતા-કૃતિઓ (All-over Patterns)માં ઉપરનાં બધી જાતનાં દૃષ્ટિબિન્દુઓનો સમાવેશ કરતી, પરંતુ છૂટીછવાઈ રીતે રજૂ-આત ન કરતાં ઘેરાવદાર અને જેમ બને તેમ ઓછી ખાલી જગ્યા વાળી, બિછાત માફક પથરાએલી પ્રાકૃતિક અને ભૌમિતિક આકૃતિઓ-ની રચના થઈ શકે છે. (જુઓ આકૃતિ નં. ૯ તથા નં. ૧૦).


આ સિવાય કિનારીઓ (borders) માટેની રૂપાકૃતિઓ પણ સર્જાવાય છે. (જુઓ આકૃતિ નં. ૧૧ તથા નં. ૧૨).


આ સર્વે રૂપાકૃતિઓની રચના હમેશાં એવા પ્રકારની હોવી જોઇએ કે જેથી તેનું અનુસંધાન (repeat) ચારે બાજુએ યોગ્ય અને એકધારી રીતે ચાલ્યા જ કરે. (જુઓ આકૃતિ નં ૯ તથા ૧૦ : તેમાં જાડી રેખાથી એક ચોરસ ખાનામાં તે આકૃતિનું મૂળ એકમ–unit–દર્શાવ્યું છે.) આ કૃતિમાં આ પ્રમાણે સાતત્યનો ખયાલ રાખવો જ જોઈએ. ગમે તેમ અસંબદ્ધરીતે બનાવેલી કૃતિની પુનરાવૃત્તિ કરવા માટેનું અનુસંધાન (re-peat) બેસી શકતું નથી. હવે આ સર્વે જાતની રૂપાકૃતિઓને કાપડ પર કેવી રીતે છાપવામાં આવે છે તે જોઈએ.

કાપડ પર મુખ્યત્વે નીચે દર્શાવ્યા પ્રમાણે આ કૃતિઓ છપાય છે : (૧) હાથ-બીબાંથી (Hand-Block Printing); (૨) વેલણચક્રથી (Roll Printing); (૩) છાંટથી (Spray Printing); (૪) જાળીના ફરમાથી (Screen Printing).

હાથ-બીબાથી વસ્ત્રને છાપવાની કલા માટે તો ભારત છેક પ્રાચીન યુગથી સુપ્રસિદ્ધ છે. કઠણ અને મજબૂત લાકડાના ટુકડા પર રૂપાકૃતિ ચીતરેલો પાતળો કાગળ પ્રથમ ચોંટાડી તેને બારીક છીણીઓ તથા ટાંકણાં જેવાં હથિયારોથી કોરીકોરીને રૂપાકૃતિની રેખાઓને ઊપસાવી લેવામાં આવે છે. પછી તે બીબા વડે મનગમતા રંગથી કાપડ છાપવામાં આવે છે. આકૃતિ વિવિધરંગી હોય તો જેટલા રંગોની એ કૃતિ હોય તે દરેક રંગ દીઠ જુદાંજુદાં લાકડાંનાં બીબાં કોતરી કાઢવા પડે છે. સામાન્ય રીતે આ બીબાંનું કદ ૬×૬×૩ ઇંચથી માંડીને ૨૦×૧૫×૩ ઇંચ સુધીનું હોય છે. છીપા તથા ભાવસાર લોકો આ માટે સેકાઓથી પ્રખ્યાત છે.

વેલણચક્ર (Roll Printing)થી છાપવાની કલા બહુ ઉપકારક નીવડી છે. મોટી મોટી મિલોમાં આ યંત્રથી દિવસના હજારો વાર કાપડ સુંદર અને સફાઈદાર રીતે ચોકસાઈથી છપાય છે. એમાં ત્રાંબાનાં જંગી વેલણચક્રો (Rollers ગરગડા) પર વૈજ્ઞાનિક પદ્ધતિથી રૂપા કૃતિને





કોતરવામાં આવે છે. લાકડાનાં બીબાંમાં આકૃતિઓ ઊપસાવીને કોતરવામાં આવે છે, જ્યારે આમાં, તેનાથી ઊલટી રીતે, 'રોલર'ની સપાટીમાં કૃતિને ઊંડી કોતરી કાઢવામાં આવે છે. પછી આવા બે 'રોલર' વચ્ચેથી યંત્રમાં જ્યારે કાપડ પસાર થાય છે ત્યારે રંગથી લેપાએલા એ 'રોલર'ના કોતરેલા ભાગમાં ભરાઈ રહેલા રંગ વડે કાપડ ઉપર છાપ પડે છે. જાપાનમાં તો આ રીતે કોરેલા લાકડાના 'રોલર' પણ વપરાતા. પણ એ 'રોલર' જલદી નાશ પામે છે, તેથી મુખ્યત્વે ત્રાંબાના 'રોલર'નો જ ઉપયોગ થાય છે. આમાં પણ જેટલા રંગની કૃતિ હોય તેટલા રોલર વપરાય છે.

છાંટપદ્ધતિ (Spray Printing)થી પણ કાપડ પર ઝીણી નકશી છાપી શકાય છે. ફક્ત એક જ રંગમાં માત્ર ઝીણી છાંટના પલટા દ્વારા આકૃતિના તેજ-છાયાના પ્રકારોનો સુસ્પષ્ટ ઉઠાવ આપી શકાય છે. પહેલાં જાડા કાગળ કે પતરામાં રૂપાકૃતિની Stencils કોતરી કાઢી તેના ઉપર રંગનાં દ્રાવણ ભરેલી પિચકારી (Spray-gun)થી બારીક છંટકાવ કરવામાં આવે છે. તેથી કાપડ પર તે રંગનાં ઝીણાં છાંટણાં છંટાય છે અને સમસ્ત કૃતિ આવા છંટકાવ વડે જ બની રહે છે. આ રંગ-પિચકારીમાંના છિદ્રને નાનું-મોટું કરીને છાંટકણો નાનાંમોટાં છાપી શકાય છે.

પણ આ સર્વ પ્રકારો કરતાં સૌથી સુંદર ઉઠાવ તો જાળીના ફરમા (Screen Printing)થી આવી શકે છે. કેટલીક કૃતિઓ એવી હોય છે કે જેનો ઉઠાવ લાકડાનાં બીબાંથી છપાય તો જ આવી શકે; જ્યારે કેટલીકનો ઉઠાવ રોલરથી અથવા તો છાંટ-પદ્ધતિથી જ આવે. પરંતુ જાળીના ફરમાની પદ્ધતિથી તો ગમે તેવી અઘરી કૃતિ પણ સુસાધ્ય થઈ શકે છે. વળી, આ પદ્ધતિથી મોટામોટા કદની આકૃતિઓ પણ સુરેખ અને રંગલાલિત્યથી ભરપૂર રીતે કાપડ પર છાપી શકાય છે. જો કોઈ આકૃતિ છાપવાની હોય તેને કાગળ પર દોરી, ધારદાર નરેણી કે બ્લેડથી કોતરી કાઢીને એ કાગળને જસત કે ત્રાંબાની અતિ ઝીણી જાળી પર ચોંટાડી, લાકડાના ચોકઠામાં બરાબર મઢી લેવામાં આવે છે. (જો કે હવે તો આ માટે રેશમ, નાયલોન વગેરેનું જાળીદાર મજબૂત કાપડ તૈયાર મળે છે.) ત્યાર બાદ છાપવાના વસ્ત્રને લાંબા ટેબલ પર, કરચલીઓ ન પડે તેવી રીતે, ગુંદર અથવા તો મીણથી ચોંટાડવામાં આવે છે. પછી તે કાપડ પર આકૃતિવાળું ચોકઠું મૂકી, તેની સોંસરી, તૈયાર કરેલા ઘટ્ટ રંગ વડે છાપ પાડવામાં આવે છે. ચોકઠામાં બેસાડેલા કાગળમાં કોરાએલી આકૃતિ પૂરતી ખુલ્લી રહેતી જાળીમાંથી રંગ કાપડ પર છપાય છે અને ભાત પડે છે. આમાં પણ જેટલા રંગની રૂપાકૃતિ કે ચિત્રકૃતિ હોય તેટલાં ચોકઠાં તૈયાર કરવાં પડે છે અને તેને, પરસ્પરનું અનુસંધાન (Repeat) મેળવી, એક પછી એક રંગોમાં છાપી પૂર્ણરીતે ઉઠાવ આપી શકાય છે.

ઉપર દર્શાવેલી પદ્ધતિઓની વિગતો જો ચિત્રકારના ધ્યાનમાં ન હોય તો તે આગળ વધી શકતો નથી, પરન્તુ જો તે સમગ્ર વસ્તુસ્થિતિ નજર સમક્ષ રાખી રૂપાકૃતિઓનું આલેખન કરે તો તે જરૂર જુદાજુદા દૃષ્ટિકોણવાળી અને વૈવિધ્યભરી નવીન કૃતિઓ સર્જાવી શકે છે. વળી તેનામાં સંયોજનકલા ઉપરાંત રંગવિધાનનું જ્ઞાન પણ ખાસ જરૂરી છે. કયી જાતની કૃતિમાં કયા રંગોની મિલાવટ પૂરી મોહકતા આપી શકશે તેનો તેણે પ્રથમથી સચોટ ખયાલ રાખવો ઘટે છે. સુંદર રંગપૂરણી સાદી કૃતિના આલેખનને પણ વધુ નયનરંજક બનાવી શકે છે. અને સંયોજન તથા રંગોના પરિપૂર્ણ જ્ઞાન માટે તો કુદરત જેવો અખૂટ ખજાનો બીજો એકે ય નથી. સંયોજકે વારંવાર તેને ખોળે જઈ યોગ્ય નિરીક્ષણ કરી, તે દ્વારા મળે તેટલું વિચારોનું વૈવિધ્ય મેળવવું જોઈએ. વળી, અજબ રંગ-મિશ્રિત પાંખોવાળાં પતંગિયાં, વિવિધરંગી પુષ્પો તથા પક્ષીઓનાં રંગ-બેરંગી પીંછાં વગેરેમાંથી પણ અદ્દભુત પ્રેરણા મળે છે.

આ કલામાં આલેખકને પોતાના હાથ પર પૂર્ણ પ્રભુત્વ હોવું જોઈએ. કારણ કે તેને અત્યંત ઝીણી નકશી સુસ્પષ્ટ અને સુરેખ રીતે આલેખવી પડે છે. શરૂઆતમાં એકાગ્રતા અને હાથનો મરોડ એટલે બધે દરજ્જે સુસાધ્ય નથી થતાં; પરંતુ મહાવરાથી ધીમેધીમે હાથ ઘડાઈ જાય છે.

આપણા કરતાં પરદેશીઓએ આ વિષયની સુંદર માવજત કરી છે અને તેના ઉપયોગના ફેલાવા માટે જુદાંજુદાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. ગુજરાતીમાં તો આ વિષે એકેય માર્ગદર્શક પુસ્તક પણ નથી* કે કોઈ પણ કલાસંસ્થાએ આ માટે ખાસ પ્રયત્નો કર્યા નથી; પરંતુ હવે જ્યારે કેળવણીમાં કલાને અગ્રસ્થાન મળવાનું છે ત્યારે આ ટૂંકી માહિતી ઉપયોગી થશે.

* આ જ લેખકે 'ટેક્ષ્સ્ટાઈલ ડિઝાઈન' (વસ્ત્ર-રૂપાંકન-કલા) નામે આ વિષયનું વિગતસભર સચિત્ર પુસ્તક હમણાં પ્રકટ કર્યું છે. —સં.

વૃક્ષ-વેલ પરિચય (૩૦) લીચી



લીચી ઉનાળાનું એક મધુર ફળ છે. ઉત્તર પ્રદેશમાં દેહરાદૂન, પંજાબમાં ગુરદાસપુર, બંગાળમાં હુગલી અને દક્ષિણમાં નીલગિરિની તળેટીનાં લીચી વખણાય છે, પણ બિહારના મુજફ્ફરપુરનાં લીચી સૌથી વધુ સ્વાદિષ્ટ ગણાય છે. મૂળ તો એ ચીનનું ફળ. મધ્યકાળમાં ચીની યાત્રીઓ એને અહીં લાવ્યા હશે. એનું નામ 'લી-ચી' પણ એ ચીનનું હોવાનું નિર્દેશે છે.

લીચીનું વૃક્ષ બીજ કરતાં કલમ વડે સારું ઊગે છે. અને દસબાર મીટર જેટલું વધી પંદર વીસ વર્ષ સુધી ફળ આપે છે; પણ બહુ નાજુક હોઈ ભેજવાળી હવામાં જ થાય છે ને એનાથી તાપ સહન નથી થતો. એનાં પાન એકાદ વેંત લાંબાં. અણિયાળાં અને ડાળખી પર સામસામાં ગોઠવાએલાં હોય છે. પાનખરમાં એ એકસાથે ખરી જતાં ન હોઈ એનું વૃક્ષ સદા લીલું લાગે છે ને સારો છાંયો આપે છે. લીચીની વિવિધ જાત હોઈ એનાં પાનની નસો જાત પ્રમાણે ઓછીવત્તી ઊપસેલી જોવા મળે છે.

લીચીનાં ફૂલ સફેદ અને આંબાની મંજરી જેવાં હોય છે અને એની પેઠે ઝૂમખાંમાં ઊગે છે. આ ફૂલ ખરી જતાં તેને સ્થાને તદ્દન ટચૂકડાં ફળ બેસે છે, જે ધીરેધીરે વધીને ઉનાળામાં કબૂતરનાં ઈંડાં જેવડાં થઈ પાકીને લાલ થાય છે. અણિયાળાં કાંગડાંવાળી એની છાલ સુકાતાં ભૂખરી ને પાતળા કોચલા જેવી બની રહે છે. તેની નીચે તાડફળીના ગર જેવો લચકાદાર મીઠો ગર અને તેની અંદર એક કે બે બીજ હોય છે. બીજ વિનાની પણ લીચી થાય છે. બીજી પણ કેટલીક જાત છે જેમાં 'શાહી' લીચી અત્યંત મીઠી, 'ગુલાબી' ખુશબોદાર અને 'ચાઈના' બહુ મોડી પાકનારી જાત છે.

લીચીની ફસલ થોડા સપ્તાહમાં જ પૂરી થઈ જાય છે.



અર્ઘ્યુકરી

પૃથ્વીને ધૂપિયેથી સરે ઊર્ધ્વમાં લલિત લોબાનની ધૂમ્ર સેરો
ભવ્ય મહેફિલના પૂર્વસંચાર શો નાભિથી ઊઠતો નાદ ઘેરો।
દલ અમંગલ અસદ્ તત્ત્વનાં ગાજતાં, તે પરાજિત થઇને વિલાયે
આજ આદિત્યની કિરણવીણા થકી પાર્થિવે દિવ્ય અવતીર્ણ થાયે.

—બાલમુકુન્દ દવે

સ્વ. જયશંકર ભોજક 'સુંદરી'

જૂની વ્યાવસાયિક રંગભૂમિની મર્યાદાઓમાં રહીને પોતાના અભિનયથી લોકહૈયાં ડોલાવનાર, નાટ્યકલાના આજીવન સાધક અને નવી રંગભૂમિના કલ્પનાશીલ વત્સલ માર્ગદર્શક



જયશંકર ભોજક (સુંદરી)નું ગયા માસમાં એમના વતન વીસનગરમાં અવસાન થતાં ગુજરાતી વ્યાવસાયિક રંગભૂમિના સુવર્ણયુગના રહ્યાસહ્યા સ્તંભોમાંનો એક સ્તંભ ભાંગી પડ્યો.

બચપણથી નાટકની રઢ લાગતાં ભણતરમાં એમનો જીવ જરાયે ખૂંપ્યો નહિ, અને એમાં દાદી ફાઈસ્ટ (શેઠ દાદાભાઈ થૂથી'ની નાટક કંપની માટે 'છોકરા' શોધવા નીકળેલા દુર્લભરામે રૂપાળા ગોળ ચહેરા, ચમકદાર આંખો, ગૌર વર્ણ અને મીઠા કંઠવાળા આ જયશંકર પર પસંદગી ઉતારતાં નવ વર્ષની વયે આકરી હઠ કરીને માતાપિતા પાસેથી રજા મેળવી એમણે નાટકના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો, ને એ માટે છેક કલકત્તા પહોંચ્યા. ઉર્દૂ નાટકોના એ જમાનામાં માર ખાઈ ખાઈને અભિનયની તાલીમ અને ઉર્દૂ લહેજા શીખીને એમણે નાટકમાં નાનીનાની ભૂમિકા ભજવવા માંડી. એક વર્ષ પછી દાદી શેઠની પાસે સ્ત્રીપાત્ર ભજવનાર સ્ત્રીઓ હોવા છતાં એમને 'ચતરા બકાવલી'માં નાયિકા 'ચતરા'નું પાત્ર ભજવવાની તક મળી એ એમની અભિનય શક્તિનું દ્યોતક હતું. પછી તો 'સિતમગર', 'જામે જહાં' વગેરેમાં પણ એવું જ કામ કર્યું. પરંતુ દસેક રૂપિયાના પગારે વતનથી અતિ દૂર હિજરાતા જયશંકરને અભિનય સિવાયની અન્ય પરિસ્થિતિઓએ તંગ કરી મૂક્યા હતા એટલે અઢી વર્ષે તેઓ પાછા ઘેર આવીને ફરી ભણવા બેઠા. નાટક છોડ્યું હતું પણ ભુલાયું નહોતું. એવામાં ફરી 'મુંબાઈ ગુજરાતી નાટક સમાજ'માં જોડાવાની તક મળી અને એમણે અળખામણું લાગતું ભણતર છોડી ફરી નાટકની દુનિયામાં પણ પ્રવેશ કર્યો.

પણ મુંબાઈનું વાતાવરણ જુદું હતું. અહીં તેઓ પોતાની શરતોએ આવ્યા હતા. મારપીટની અહીં બીક નહોતી, બાપુલાલ જેવા ગુરુ હતા અને અદાકારીનો અનુભવ પણ હતો. પોતાના સંવાદ સાથે જોડાઈ ગએલા ઉર્દૂ લહેજાને સ્થાને શુદ્ધ ગુજરાતી બોલવાની તાલીમ ને અભિનયને વધુ ઓપ આપી અહીંના પોતાના પહેલા જ નાટક 'સૌભાગ્ય સુંદરી'માં નાયિકા તરીકે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે જે અદાકારી એમણે રજૂ કરી તેને પ્રેક્ષકોએ અજબના ઉમળકાથી વધાવી લીધી અને ત્યારથી એમને 'સુંદરી'નું બિરુદ મળ્યું.

અને એ પછીના દાયકાઓમાં જયશંકરે સ્ત્રી પાત્રની ભજવણીમાં જે કીર્તિ મેળવી તે ભાગ્યે જ અન્ય કોઈ ગુજરાતી નટને મળી હશે. નાટકને અને નટને ઊતરતી કક્ષાના ગણનારા એ જમાનામાં પણ પ્રેક્ષકોનો એમને અનહદ પ્રેમ સાંપડ્યો હતો. એક બંગાળી અમલદારે અનેક ભેટસોગદો આપવા સાથે એમને અંગ્રેજીનાં વિખ્યાત નાટકોનો ખયાલ મળે એ સારુ અંગ્રેજી શીખવાની ખાસ વ્યવસ્થા કરી આપી હતી. એક વોરા સજ્જને એમને પુત્રવત્ ગણી એમના નામે ખાનગીમાં અલગ વેપાર કરી એમાંથી મેળવેલી કમાણીની મોટી રકમ એમને ભેટ ધરી હતી. (અને એ જ વેપારીના પલટાએલા દિવસોમાં જયશંકરે એ મોટી રકમ એમને આગ્રહપૂર્વક પાછી આપીને સહાયરૂપ બની પોતાની ઉચ્ચ ખાનદાની દર્શાવી હતી.) એક કપોળ ગૃહસ્થે તો એમને પોતાના કુટુંબી જેમ જ એમને સાચવીને અનેક ઉચ્ચ ઘરોમાં એમનો પ્રવેશ ને પરિચય કરાવ્યો હતો. ને જયશંકરે એ કુટુંબોમાં જોવા મળેલી અનેક શિષ્ટ સુઘડ નારીની લાક્ષણિકતાઓ ગ્રહણ કરીને પોતાના અભિનયને અવનવો ઓપ ચડાવ્યો હતો. આ જ રીતે તે સમયના અનેક નામાંકિત



'વિક્રમ ચરિત' (૧૯૦૩-'૪)માં રંભા (દૂધવાળીના વેષે રાણી)ના પાત્રમાં જયશંકર ફોટો · નસરવાનજી ભેદવાર

વિદ્વજ્જનોના સંપર્કથી તેમની સાહિત્યસમજ કેળવાઈ હતી ને એ સાહિત્યનાં નાનાવિધ સ્ત્રીપાત્રોને આત્મસાત્ કરી એકાંતમાં અભિનય વ્યાયામ કરી કરીને એમણે સ્ત્રીનાં અનેકવિધ સ્વરૂપોનું જ્ઞાન મેળવ્યું હતું.

નાટ્યક્ષેત્રમાં સામાન્ય એવાં વ્યસનો, ઠઠ્ઠામશ્કરી, અર્થહીન વાતો, પ્રમાદ અને કીર્તિના કેફ તથા ધનની લોલુપતાથી અલિપ્ત રહી એમણે આપસૂઝથી શિસ્તબદ્ધ રીતે પોતાની અભિનયશક્તિ અને પોતાના આગવા વ્યક્તિત્વનું ઘડતર કર્યું હતું. આમ, સાઠેકથી યે વધુ નાટકોમાં નાયિકાની ભૂમિકાઓ ભજવીને એમણે ગરવી ગુજરાતણનાં અનેક રૂપને રંગભૂમિ પર ચોટદાર રીતે સજીવ કરી બતાવ્યાં હતાં.

રંગભૂમિ પર પાંત્રીસ વર્ષ સુધી કામ કરી ઈ. ૧૯૩૨માં એમણે વ્યાવસાયિક રૂપે રંગભૂમિ પરથી નિવૃત્તિ લીધી. અને વતનમાં આવીને એક દુકાન કરી રહ્યા. પણ એમનો નાટક-રસ તો હજી યે જીવંત હતો. વીસનગરમાં એમણે 'સાહિત્ય-કલા-મંડળ' સ્થાપી અવેતન નાટ્યપ્રવૃત્તિ આરંભી. અને 'શંકિત હૃદય' તથા 'રૂપિયાનું ઝાડ' નાટકો રજૂ કર્યાં. એટલું જ નહિ, રંગભૂમિ વિષે લેખો પણ લખવા માંડયા. 'રંગભૂમિના મારા સહયોગીઓને' અને 'મારું સ્વપ્ન ફળશે કે સ્વપ્નનું અંડેર થશે' જેવા એમના લેખોમાં એમના હૃદયમાં રહેલી રંગભૂમિના ઉદ્ધારની લગની પ્રકટ થાય છે. તો બીજી બાજુ 'ભવાઈ અને તરગાળા' જેવા લેખમાં એમણે અનેક નવી માહિતી ભરી છે. એ ઉપરાંત પણ કેટલાક લેખો લખ્યા છે જેની ભાષામાં સાહિત્યિકપણાની છાંટ પણ વરતાઈ આવે છે.

ઈ. ૧૯૪૮માં ગુજરાત વિદ્યાસભાની શતાબ્દીજયંતી નિમિત્તે ભજવવા ધારેલા 'રાઇનો પર્વત' નાટક માટે તાલીમ આપવા એમને વીસનગરથી અમદાવાદ તેડાવ્યા ને તેઓએ ફરી નાટ્યપ્રવૃત્તિમાં પ્રવેશ કર્યો. અમદાવાદમાં એક નાટ્ય સંરક્ષણ સમિતિ રચવાનું ઠર્યું. જયશંકરે એમાં વિના વેતને સેવા આપવાનું સ્વીકાર્યું. આમાંથી 'નાટ્યવિદ્યામંદિર'ની કલ્પના જાગી ને જયશંકર તેના આચાર્ય બન્યા. આ નાટ્યવિદ્યામંદિરમાંથી 'નટમંડળ'નો જન્મ થયો અને એમના નિયામકપદ નીચે આ મંડળે સુંદર નાટકો રજૂ કરી પુનઃ નાટ્યક્ષેત્રમાં એક નવી જાગૃતિ આણી.

રંગભૂમિની એમની આવી સાડા ત્રણ દાયકાની સેવા દરમિયાન આઠેક હજાર વાર તેઓએ પ્રેક્ષકો સમક્ષ અભિનય આપ્યો હતો. તેમાં માત્ર 'મેનાગુર્જરી'માં પિતાની ભૂમિકા ભજવવા સિવાય બધાં જ નાટકોમાં એમણે સ્ત્રીપાત્ર ભજવેલું.

છેલ્લે છેલ્લે તેઓ અંતર્મુખ બની આધ્યાત્મિકતા તરફ વધુ ઢળવા લાગ્યા હોઈ ધર્મગ્રંથોના વાચનમાં સમય ગાળતા.

આમ, પ્રાથમિક તાલીમને બાદ કરતાં સ્વપ્રયત્ને પોતાની અભિનયશક્તિને કીર્તિના ઉચ્ચતમ શિખરે પહોંચાડનાર ને એ બદલ 'રણજિતરામ સુવર્ણચંદ્રક', ઈ.૧૯૬૩ની ગુજરાતી સાહિત્ય પરિષદના કલાવિભાગનું પ્રમુખપદ, અને ગુજરાત સરકાર તથા રાષ્ટ્રપતિનાં પારિતોષિકો તેમજ 'પદ્મભૂષણ'ના પદકથી વિભૂષિત આ અભિનેતા જયશંકર 'સુંદરી'ના જવાથી વ્યાવસાયિક ગુજરાતી રંગભૂમિ અને અવેતન નાટ્યપ્રવૃત્તિના પ્રારંભના ઇતિહાસનું એક અનોખું ઊજળું પ્રકરણ સમાપ્તિ પામ્યું છે.

ઈથિયોપિયા

ઈથિયોપિયામાં ઉપરાછાપરી દુકાળોથી જ્યારે હજારો માણસો મરી રહ્યા હતા ત્યારે પણ રાહત માટે મળેલાં નાણાં, ખોરાક વગેરેની ઉચાપત થતી હતી. પરિણામે લશ્કરી બળવો થયો અને દુનિયાના સૌથી પ્રાચીન રાજવંશનો અંત આવ્યો. તેમ છતાં ત્યાંની પ્રજાનો ઉદ્ધાર નથી થયો. લશ્કરમાં પણ સત્તા માટે ગળાકાપ સ્પર્ધા થઈ રહી છે. નવેમ્બરમાં પદભ્રષ્ટ શહેનશાહના પૌત્ર સહિત ૬૦થી વધુ લશ્કરી અને નાગરિક આગેવાનોને વગર તપાસે ઠાર મારવામાં આવ્યા ત્યારે સૌને આઘાત લાગ્યો.

ઈથિયોપિયાનો રાજવંશ આશરે ત્રણ હજાર વર્ષ જૂનો છે. અરબસ્તાનના દ્વિપકલ્પના નૈઋત્ય ભાગમાં આજે યમન છે ત્યાં શેબા નામનું રાજ્ય હતું. તે કાળે મિસર, ઈથિયોપિયા વગેરે આફ્રિકી દેશો સાથે હિંદને સારો વેપાર હતો. અરબી સમુદ્ર ઓળંગ્યા પછી પહેલી ધરતી જે ટાપુની આવે તેને ભારતી વહાણવટીઓએ 'સુખધરા' નામ આપેલું. આજે તે અંગ્રેજીમાં સોકોટ્રા અને લૅટિન કુળની ભાષાઓમાં સોકોતરા તરીકે ઓળખાય છે. તે પછી આજના યમનનો કાંઠો આવે, જ્યાં વેપારના કારણે શેબા નામનું સમૃદ્ધ રાજ્ય વસ્યું હતું. ત્યાંથી આપણા વહાણવટીઓ આગળ વધી રાતા સમુદ્રમાં ઈથિયોપિયા, સુદાન અને ઇજિપ્ત જતા.

બાઈબલમાં કથા છે કે શેબાની રાણીને ઈઝરાયેલના રાજા સોલોમનથી મેનેલિક નામનો પુત્ર થયો હતો. એ રાણીએ સામુદ્રધુનીને સામે પાર ઈથિયોપિયા પર રાજ્ય સ્થાપ્યું ને મેનેલિક તેનો પહેલો રાજા થયો. યુરોપ ખંડ ખ્રિસ્તી બન્યો તે પહેલાં મિસર દ્વારા ઈથિયોપિયા ખ્રિસ્તી દેશ



બન્યો હતો. હજી પણ તે ખ્રિસ્તી ધર્મનો કૉપ્ટિક સંપ્રદાય પાળે છે.

ઈથિયોપિયાનો મોટો ભાગ પહાડી છે. નીલ નદી (બ્લુ નાઈલ) અહીંથી નીકળીને સુદાનમાં પ્રવેશી મિસરમાં વહે છે. વેરાન મિસરની તે જીવાદોરી છે. આથી મિસરના પ્રાચીન રાજાઓ ઈથિયોપિયાના રાજાને ભેટ-સોગાદો મોકલ્યા કરતા હતા. હજારો વર્ષ દરમ્યાન ઘણા દેશોમાંથી વિવિધ પ્રજાઓ ઈથિયોપિયામાં આવી વસી છે. આથી આજે ત્યાં ૭૦ જેટલી ભાષાઓ બોલાય છે; પરંતુ મુખ્ય ભાષા આમહારી અને પછી અંગ્રેજી છે. જો કે આમહારી જાતિની પ્રજા માત્ર ૨૦ ટકા જેટલી છે, ને ૫૦ ટકા જેટલી ગાલ્લા જાતિની છે. તેઓ બુદ્ધિશાળી ને લડાયક છે અને ઢોરઉછેરનો ધંધો કરે છે. ઈથિયોપિયામાં આફ્રિકા અને એશિયાઈ લોકોનો રાંભુમેળો થયો છે, જેમાં સીદી, અરબ, યહૂદી, ગ્રીક, હિંદી વગેરે ઘણી જાતિના લોકો છે. પણ શહેનશાહની રાજકર્તા જાતિ આમહાર હોવાથી તેની ભાષા લઘુમતીમાં હોવા છતાં રાજકર્તા કોમની ભાષા છે.

સાતમી સદીમાં અરબસ્તાનમાંથી ઈસ્લામ ધર્મ આફ્રિકામાં આવ્યો તે પછી પણ, ઈથિયોપિયા પહાડી પ્રદેશ અને તેની પ્રજા સ્વતંત્ર મિજાજની હોવાથી તેનું કૉપ્ટિક ખ્રિસ્તી વ્યક્તિત્વ જળવાઈ રહ્યું. ૧૯મી સદીમાં યુરોપી દેશોએ શિકારી વરુઓની જેમ આફ્રિકા ખંડ પોતાની વચ્ચે વહેંચી લીધો ત્યારે પણ આ ખ્રિસ્તી દેશ બચી ગયો. તેમાં પ્રદેશભેદે જુદાંજુદાં રાજ્યો હતાં, અને તેમની વચ્ચે થતી લડાઈઓથી અરાજકતા ફેલાઈ હતી. પરંતુ ઈ. સ. ૧૮૮૯માં રાજા મેનેલિકે તે બધાં રાજ્યોને પોતાની આણ નીચે લાવીને પોતે શહેનશાહનું પદ ધારણ કર્યું. આ દેશને જીતી લેવા ઈટાલવીઓએ ચડાઈ કરી હતી, પણ ૧૮૯૬માં મેનેલિકે તેમને હરાવ્યા. ઈટાલીએ ઈરિટ્રીઆ જીતીને સંતોષ માન્યો.

ઈ. ૧૯૩૦માં હેઈલ સેલાસી ગાદી પર આવ્યા. તે પછી મુસૉલિનીના ઈટાલવી સૈન્યે ઈ. ૧૯૩૬માં ઈથિયોપિયા જીતી લઈ ને ૧૮૯૬ના પરાજયનું વેર વાળ્યું. રાષ્ટ્રસંઘ અને મહારાજ્યો આ સામ્રાજ્યવાદી આક્રમણના નિષ્ક્રિય પ્રેક્ષક બની રહ્યા. બીજા વિશ્વવિગ્રહમાં ઈટાલીનો પરાજય થયા પછી હેઈલ સેલાસી પાછા ગાદી પર આવ્યા. તેમને પશ્ચિમી મહાસત્તાઓએ પારિતોષિક રૂપે ઈટાલી હેઠળનું ઈરિટ્રીઆ પણ આપ્યું, જે ધર્મ અને પ્રજાની દૃષ્ટિએ ઈથિયોપિયાથી જુદું છે. તેની સોમાલી મુસ્લિમ પ્રજા અત્યારે પડોશના સોમાલિયા નામના મુસ્લિમ રાજ્યમાં ભળી જવા લડી રહી છે, અને લીબિયાના અરબ રાજ્યના માથાભારે સરમુખ્ત્યાર કર્નલ ગદ્દાફી તેને નાણાં તથા શસ્ત્રો આપે છે. ઈરિટ્રીઆ મળવાથી ઈથિયોપિયાને સાગરકાંઠો મળ્યો છે.

હેઈલ સેલાસીએ શોભા પૂરતી સંસદ અને લોકશાહી સંસ્થાઓ રચી હતી, પરંતુ સત્તા તો પોતાના જ હાથમાં રાખી હતી અને રાજતંત્ર તેમની કોમના, સ્થાપિત હિતો ધરાવનાર લોકોના હાથમાં હતું. જ્યારે શોષણ, રુશ્વતખોરી અને અન્યાયનો અતિરેક થયો અને દુકાળથી લોકો રિબાઈ રિબાઈને મરવા લાગ્યા ત્યારે લશ્કરે બળવો કર્યો, બુઝર્ગ શહેનશાહને પદભ્રષ્ટ કરી કેદ કર્યા, અને પછી લશ્કરમાં પણ સત્તા માટે સાઠમારી અને હત્યાઓ શરૂ થઈ. મહાસત્તાઓ વચ્ચેના ઠંડા વિગ્રહનો પવન અહીં પણ પહોંચ્યો છે. સોમાલિયા અને ઈથિયોપિયાનું સ્થાન રાતા સમુદ્ર અને અરબી સમુદ્રને જોડતી સામુદ્રધુની પર છે જે હિંદી મહાસાગરમાં આવવા માટે રશિયાના ધોરી માર્ગ પર છે. સોમાલિયામાં રશિયાની લાગવગ છે એવો અમેરિકાનો આક્ષેપ છે. તેનો અર્થ એ કે અમેરિકાને ઈથિયોપિયામાં પોતાની લાગવગ જોઈએ છે.

('નવનીત') —વિજયગુપ્ત મૌર્ય

નવી ભ્રમણાઓ


જમાનાની તાસીર પ્રમાણે લોકોના ખયાલો પણ બદલાતા રહે છે. વૈદક વિજ્ઞાનના વિકાસ અને આહાર-આરોગ્યના ખયાલો બદલાતાં જે કેટલાક ભ્રમ પણ પ્રસર્યા છે, તેમાં અમુક તો જોખમકારક પણ છે.

એક્સ-રે લેવડાવવાનો આજકાલ ઘણાને અભરખો થાય છે. અલબત્ત, એક્સ-રેની શોધથી વૈદક-વિજ્ઞાનમાં એક ક્રાંતિ આવી, પણ એ સાથે એનાં અમુક જોખમ પણ છે. એક્સ-રે લેવડાવવાના પ્રત્યેક પ્રસંગે એ ભલે ગમે તેટલી ઓછી માત્રામાં હોય તો યે એની કેટલીક હાનિકારક અસરો પણ શરીર પર થાય જ છે, અને લાંબે ગાળે પણ એ અસર ઘટતી નથી. અનુવંશિકતા પરની તેની માઠી અસરોની સાથે લ્યુકેમિયા, કૅન્સર, વંધ્યત્વ તથા ગર્ભસ્થ બાળકની વિકૃતિઓ વગેરેના કારણભૂત પણ એ બની શકે. જો નિષ્ણાત દાક્તરની સલાહ ન હોય તો એક્સ-રે લેવડાવવાનો આગ્રહ કદી રાખવા જેવો નથી. બીજી બાજુ ઘરમાં ક્યારેય કોઈના પર એક્સ-રેની અજમાયશ થઈ હોય તો તેના પ્રકાર વગેરેની નોંધ પણ રાખવી જ અને ફોટોગ્રાફ હોય તો તે પણ સાચવી રાખવો. ભવિષ્યમાં કદાચ દાક્તરને નિદાન કરવામાં સહાયક બની રહે. કદાચ ક્યારેય જરૂર પડે તો રેડિયોલૉજિસ્ટ પાસે જ એક્સ-રે લેવડાવવો, કેમ કે એમને જ ખરી ખબર હોય છે કે તેનો કેમ અને કેટલો ઉપયોગ સલામત છે; અને એક્સ-રેનાં ભયસ્થાનોથી પણ એ જાણકાર હોય છે.

આવું જ જોખમ વિટામિન્સ ને ખનિજ તત્ત્વોવાળી તથા એવી સર્વસુલભ દવાઓના વપરાશમાં પણ છે. ક્યાંકથી વાંચી-સાંભળીને, તમને પણ એ લેવાની જરૂર છે એમ આપમેળે નક્કી કરી, એ લેવા માંડો તે યોગ્ય નથી. જેમ ઘણાંને ઊંચાઈનો, ઊંડાણનો, સંકડાશનો, એકાંતનો એમ વિવિધ પ્રકારનો અજ્ઞાત ભય (ફોબિયા) હોય છે તેમ અમુક લોકો કોઈ કલ્પિત માંદગી કે અમુક તત્ત્વોની પોતાના શરીરમાં ખોટ છે તેવો ભય સતત રાખતા ફરે છે, અને એથી જે તે પ્રકારનું ઊટવૈદું પણ અજમાવતા રહે છે. દરેક વખતે કદાચ નહિ, પણ ક્યારેક તેઓ ન સુધારી શકાય તેવું જોખમ વહોરી લે છે.

બેભાન બનાવતી બંદૂકની ગોળી મારી પકડેલો વાઘ

સિંહને આપણા રાષ્ટ્રીય પ્રાણીનું ગૌરવ આપ્યા બાદ એની સંખ્યા ઘટતી જવાથી યા ચપળતા, હિંમત, સુંદરતા અને કદાચ સિંહ કરતાં મોટી સંખ્યામાં હોવાને કારણે હવે આપણે રાષ્ટ્રીય પ્રાણી તરીકે વાઘને સ્વીકાર્યો છે, અને એનાં રક્ષણ-સંવર્ધન માટે કાયદેસર વ્યવસ્થા કરી છે. પણ છતાં યે એની મૂલ્યવાન ખાલના લોભે યા ક્વચિત એના રંજાડને કારણે ચોરીછૂપીથી એનો શિકાર થતો રહે છે, તો બીજી બાજુ કંઈ ને કંઈ નવુંનવું ઊભું કરવાના અભરખામાં આપણે જંગલો સાફ કરી કરીને આપણી વન્યજીવ સૃષ્ટિના વસવાટની સગવડો પણ ઘણી ઘટાડી દેવા માંડી છે. પરિણામે પચાસેક વર્ષ પહેલાંની વાઘની ૪૦,૦૦૦ની સંખ્યા ઘટીને હવે માત્ર ૧૮૦૦ જેટલી રહી છે, અને ભય છે કે હજી યે તે ઘટતી રહીને કદાચ આપણા વાઘની હાલત પણ ગિરના સિંહ જેવી થઈ રહેશે. વાઘનું નામોનિશાન ભૂંસાઈ જતું અટકાવવા 'પ્રોજેક્ટ ટાઈગર' નામે એક આંતરરાષ્ટ્રીય યોજના હાથ ધરાઈ છે ને ભારતના વાઘના રક્ષણ-સંવર્ધન માટે એમાંથી સહાય પણ અપાય છે.



બેભાન બનાવતી બંદૂકની ગોળી. ચિત્રમાં બંદૂકની બાજુમાં બેભાન બનાવતી દવાની બાટલી અને બંદૂકથી છોડાતી ઇંજેકશન જેવી ગોળી. (જમણી બાજુ) ડૉક્ટર સીડનસ્ટિકર બંદૂક સાથે

થોડા માસ પૂર્વે કલકત્તા નજીક ગંગાના મુખ પાસે સુંદરવનમાં ઝારખલી નામે ગામમાં એકાદ માસથી એક વાઘે હાહાકાર મચાવી દીધેલો.



અભયારણ્યમાં છોડી મુકાએલો વાઘ 'સુંદરી'.

'સુંદરી' નામે ઓળખાતા આ વાઘે સંખ્યાબંધ ઢોર અને એક સ્ત્રીને મારી નાખ્યાનું મનાતું હતું. પણ વાઘને બચાવવાનું ધ્યેય હોઈ તથા એના નરભક્ષીપણા વિષે શંકા હોઈ 'સુંદરી'ને મારી ન નાખતાં જીવતો પકડવાનું વિચારાયું. પશ્ચિમ બંગાળનું સરકારી તંત્ર આ કાર્યમાં સફળ ન થવાથી એણે જંગલી પ્રાણીઓને બેભાન બનાવીને પકડવામાં નિષ્ણાત ડૉ. સીડનસ્ટિકરની મદદ માગી. સીડનસ્ટિકર અમેરિકાની ઈડાહો યુનિવર્સિટીની ડૉક્ટરેટ ધરાવે છે અને વૉશિંગ્ટનની સ્મિથ સોનિયન સંસ્થાના ઉપક્રમે નેપાલના ચિતવન જંગલમાં વન્યપ્રાણીઓનાં નિરીક્ષણાર્થે ત્યારે અહીં કામ કરી રહ્યા હતા. વાઘ-દીપડા જેવાં લગભગ ૨૫૦ પ્રાણીઓને પોતાની વિશિષ્ટ એવી બંદૂકની ગોળી વડે એમણે બેભાન બનાવ્યાં હતાં.

ગઈ ૧૬મી ઑગસ્ટે તેઓ ઝારખલી આવ્યા. સુંદરીને બેભાન કરીને પકડતાં એમને દસેક દિવસ લાગ્યા હતા, જેમાં છેલ્લે એમણે જંગલમાં પાણીની નજીક મારણ બાંધીને, એક હોડીમાં વનસ્પતિઓથી ઢાંકીને છુપાવેલા પાંજરામાં ચાર રાત સુધી સંતાઈ રહીને અંતે યોગ્ય તક સાધી સુંદરી પર પોતાની વિશિષ્ટ ગોળી છોડીને એને બેભાન બનાવી દીધો હતો. આ પછી એ જ પાંજરામાં એને પૂરીને માનવવસ્તીથી દૂર અભયારણ્યમાં લઈ જઈને ત્યાં સુંદરીને છોડી મૂકવામાં આવ્યો હતો. ભારતમાં આ રીતે બેભાન બનાવી, પકડીને અભયારણ્યમાં છોડી મુકાએલો આ પ્રથમ વાઘ છે. એથી એની રંજાડ ટળી ને વાઘ પણ બચી ગયો.

(ફોટો: 'યુસિસ'ના સૌજન્યથી)

અમેરિકન મેડિકલ એસોસીએશનની કાઉન્સિલ ઑવ ફૂડ ઍન્ડ ન્યૂટ્રિશન તો નાનાં બાળકોને ચૉકલેટ અને કોકો મિશ્રિત પદાર્થો પણ વધુ પ્રમાણમાં ન આપવાની સલાહ આપે છે, કેમ કે આ બંનેમાંનું કેફિન અને થીઓબ્રોમાઈન પણ શરીર માટે બહુ સારું નથી. એનાથી કદાચ સ્ફૂર્તિ કે તાજગી અનુભવાતી હશે, પણ સાથોસાથ શરીરમાંથી મૂત્ર તારવવાની કિડનીની કામગીરી, હૃદયના ધબકારા ને લોહીનું દબાણ વધે છે. જેમનાં શરીરનાં આંતરિક અવયવોનો હજી તો વૃદ્ધિવિકાસ થઈ રહ્યો છે તેવડાં બાળકોને માટે આ યોગ્ય નથી.

પોતાની સુંદરતા જોખમાવાના ભયે ઘણી સ્ત્રીઓ સ્તન્યપાન કરાવવાને બદલે બાળકને બહારનું દૂધ કે એવા પાઉડર પાય છે. પણ એમનો એ ડર પણ વાહિયાત છે. બાળકને માટે માતાના દૂધ જેટલો સલામત આહાર અન્ય એક પણ નથી. વળી એથી સ્ત્રીને માટે છાતીના કૅન્સરનો ભય ઘટે છે, તો બીજી બાજુ બાળક અને માતાને સાચી તૃપ્તિ મળે છે.

શરીર સુધારવા અંગે પણ કેટલાક ભ્રમ પ્રસરેલા છે. શક્તિવર્ધક ખોરાક ખાઈને કે (કરતા હોય તો) કસરતો કરીને રાતોરાત 'મરદ' બનવા ઈચ્છતા લોકોએ પણ સમજી લેવું જોઈએ કે શરીર જે પચાવી શકે તે જ અને તેટલો જ આહાર જેમ લેવો જોઈએ, તેમ શરીર સહી શકે તે અને તેટલો જ વ્યાયામ એણે કરવો જોઈએ. અતિરેક હમેશાં હાનિકારક છે.

ખરો માર્ગ એ જ છે કે પોતાની ખરી જરૂરિયાત શી ને કેટલી છે તે પ્રથમ બરાબર નક્કી કરીને, નિષ્ણાતની સલાહ લઈ ને પછી જ આગળ વધો.

ગણિત-ગમ્મત

૬	૧૬	૧૦
૮	૫	૨૪
૨૦	૧૨	૪

બાજુમાં આપેલા નવ ખાનાંવાળા ચોરસમાં બતાવેલી આડી તેમજ ઊભી હારોમાં મૂકેલી ત્રણત્રણ સંખ્યાઓના ગુણાકાર સરખા થાય છે.

૬ × ૧૬ × ૧૦ = ૯૬૦; ૮ × ૫ × ૨૪ = ૯૬૦ અને ૨૦ × ૧૨ × ૪ = ૯૬૦ એ આડી હારમાં તથા ૬ × ૮ × ૨૦ = ૯૬૦, ૧૬ × ૫ × ૧૨ = ૯૬૦ અને ૧૦ × ૨૪ × ૪ = ૯૬૦ એ ઊભી હારમાં.

આ ગુણાકારમાં ૧ ઉમેરતાં ૯૬૦ + ૧ = ૯૬૧ થાય છે. જે વર્ગ સંખ્યા છે. ૯૬૧ = ૩૧^{૨}. વળી, ખાનામાં વપરાએલી એકંદર નવ સંખ્યાનો સરવાળો ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે. જેમકે ૬ + ૧૬ + ૧૦ + ૮ + ૫ + ૨૪ + ૨૦ + ૧૨ ૪ = ૧૦૫. અને ૧૦૫ = ૧ + ૨ + ૩ + ૪ +............+ ૧૪ છે. એટલે કે, ૧૦૫ એ ૧થી ૧૪ સુધીના તમામ ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે.

એમ. એન. ખત્રી

બાફેલા ઘઉંની વધુ પોષક રોટલી

સંચામાં દળાવેલા કરતાં હાથે દળેલા ઘઉંનો લોટ વધુ પોષક મનાય છે. એથી વધુ પોષક તત્ત્વો મેળવવા એક નવી રીત રજૂ થઈ છે.

ઘઉં ઉપર એકાદ-બે આંગળ પાણી રહે એ રીતે એક વાસણમાં એને બારેક કલાક ભીંજવવા. ઘઉંની જાત અને હવામાન પ્રમાણે આ સમય ઓછોવત્તો કરવો પડે. આ રીતે પલળવાથી ઘઉંમાંનો મેંદો (સ્ટાર્ચ) અને એમાંનું પ્રોટીન વધુ સુપાચ્ય બને છે અને એમાં વિટામિનો પણ વધે છે. આમ પલાળેલા ઘઉંને પછી એ જ પાણીમાં દસેક મિનિટ બાફીને પોચા પાડી, એમાંનું પાણી નિતારી લઈને એ બફાએલા ઘઉંને વાટીને કે હાથઘંટીમાં નાખીને પીસવા. જરૂર લાગે તો પેલું નિતારેલું પાણી થોડું ઉમેરવું. આ રીતે તૈયાર કરેલી કણેકની બનાવેલી રોટલી વધુ પોષક અને વધુ સુપાચ્ય બને છે. ઘઉંની માફક બીજાં અનાજની કણેક પણ આ રીતે બનાવી શકાય. આવી કણેક અજમાવાઈ છે અને એમાં ઘી-તેલના મોવણની પણ જરૂર પડતી નથી.

રસ ધરાવનાર આ અંગે વધુ પૃચ્છા માટે શ્રી કાર્તિકેય મહાદેવીઆને (એ-૧૧, સી ફેઈસ પાર્ક, વૉર્ડન રોડ, મુંબાઈ–૪૦૦૦૨૬) લખી શકે છે.



ટપાલટિકિટની કથા ગયા વર્ષમાં મ્યુનિખ સ્ટેડિયમમાં 'વર્લ્ડ ફૂટબૉલ ચૅમ્પીઅનશિપ'ની સ્પર્ધા ચાલાઈ એ નિમિત્તની આ પશ્ચિમ જર્મનીની ટિકિટ છે. આ સ્પર્ધાને સ્મરણાંકિત કરતી પહેલી ટપાલટિકિટ ઈ. ૧૯૭૪માં બહાર પડેલી. ઈટાલી એ હરીફાઈમાં જીત્યું હતું. ઈ. ૧૯૬૬માં ઇંગ્લૅન્ડ આ સ્પર્ધામાં જીત્યું ત્યારે બ્રિટને 'ઇંગ્લૅન્ડ વિનર્સ' એવા શબ્દો સાથે ૪ પેન્સની એક ખાસ ટિકિટ બહાર પાડેલી. સંગ્રાહકોએ એ ટિકિટ મેળવવા એટલી તો માગ કરેલી કે થોડાં સપ્તાહો સુધી ત્યાંથી બાર ગણી કિંમતે એ ટિકિટો વેચાઈ હતી. આજે હવે એ મૂળ કિંમતથી યે અર્ધા ભાવે સુલભ બની ગઈ છે. □

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૧ / ૧૯૫૮. ઇજિપ્ત અને સીરિયાના જોડાણ દ્વારા 'સંયુક્ત આરબ પ્રજાસત્તાક'ની સ્થાપના. ઈ. ૧૯૨૨માં આ જ માસની ૨૮મી તારીખે બ્રિટિશ રક્ષણ તળેથી નીકળીને ઇજિપ્ત સ્વતંત્ર થયું હતું.

તા. ૧૦ / ૧૯૩૧. નવી દિલ્હી ખુલ્લું મુકાયું. છેક મહાભારતના કાળથી ઇન્દ્રપ્રસ્થ, હસ્તિનાપુર, તઘલખાબાદ, શાહજહાંબાદ વગેરે અનેક નામે વારંવાર વસેલા આ પાટનગરમાં અનેક સામ્રાજ્યો સ્થપાયાં, વિકસ્યાં અને નાશ પામ્યાં, પણ એનું રાજકીય મહત્ત્વ એકધારું સદા જળવાતું રહ્યું. ઈ. ૧૮૫૭માં અંગ્રેજોએ એ કબજે કર્યું. ઈ. ૧૯૧૨માં દિલ્હીમાં શાહી દરબારમાં પાંચમા જ્યૉર્જે અહીં હિંદુસ્તાનની રાજધાની માટે નવી નગરરચના કરવાની જાહેરાત કરી. લાલ કિલ્લાની દક્ષિણે યમુનાના કાંપના મેદાનમાં એ નવા રાજનગર માટેનો વિસ્તાર નિશ્ચિત થયો. એની બાંધણી માટે ભરતપુર ને ધોલપુરથી લાલ પથ્થરો લાવવા લગભગ ૧૨૯ કિ. મી. લાંબો ખાસ રેલમાર્ગ નખાયો. દીવાલ પર છાંયો પાડી

∞

મરણને આરે પહોંચેલા કૅન્સરના દર્દીઓને થતી અસહ્ય પીડામાંથી મુક્ત કરવા માટે લિવરપુલની વૉલ્ટન ઑસ્પિટલના 'સેન્ટર ફૉર પેઇન રિલીફ'એ એક નવી શસ્ત્રક્રિયા અખત્યાર કરી છે. મગજ સુધી પીડાના સંદેશા લઈ જતા જ્ઞાનતંતુઓનો વીજળીક પ્રવાહ વડે ગરદનમાં જ નાશ કરવાની આ શસ્ત્રક્રિયાથી પોણા ભાગના દર્દીઓને સંપૂર્ણ રાહત મળી હતી ને બીજા આઠ ટકા દર્દીઓને પણ સંતોષકારક અસર જણાઈ હતી.

પરદેશનાં પત્રમિત્રો

માત્ર વિદેશી અને પરદેશમાં વસતા હિંદી પત્રમિત્રોનાં જ નામ આ વિભાગમાં પ્રકટ થાય છે. વળી, અહીં પ્રકટ થતાં નામો ઉપરાંતની કોઈ યાદી અમારી પાસે રહેતી ન હોઈ વ્યક્તિગત રીતે એ મોકલવાનું શક્ય નથી; એટલે એ અંગે, તથા આ નામો પ્રકટ કરવા સિવાય એ વિષેની અન્ય કોઈ બાબતોની અમારી જવાબદારી ન હોઈ એ માટે પૃચ્છા ન કરવાની સૌ મિત્રોને વિનતિ છે.

નીચે આપેલા દરેક નામ-સરનામા પછી આ રીતે—(   ) કૌંસમાં પત્રમિત્રની જાતિ (M = પુરુષ, F = સ્ત્રી) અને વય દર્શાવ્યાં છે. પત્રવ્યવહાર અંગ્રેજીમાં કરવો.

(1) Michael Carey, 66 A Lower Main Street, Buncrana, Co. Donegal, Ireland—(M–16), General interests. (2) Andrew Akosa, Security Depot., P. O. Box 1, Prestea, Ghana—(M...19), General interests. (3) Sainey Faye, C/o President's Office, State House, Banjul, The Gambia, West—Africa—(M–19), Reading, hunting, Football. (4) Frank Ganavan, 3 Millbeg Cresc., Barlanark, Glasgow G 33 4 5Q, Scotland, Great Britain—(M—19), General interests.) (5) George McChesney, Hut 118, Cage 18, Maze Prison, Long Kesh, Nr. Lisburn, Co. Antrim, N. Ireland—(M—24), Reading, Viewcards. (6) W. Frank Fernando, St. Theresa Ice Factory, Marawila, Srilanka (Ceylon)—(M–25), Stamps, Viewcards, Coins, fishing, singing, dancing, cycling. (7) Christiane Scheiner, A–1180 Viena, Dempschergasse 15/4, Austria—(F–15), General interests. (8) Bente Ostbye, Tunveien 6, N–1580. Rygge, Norvay—(F–15), Korses, skiing, handball.

એને ઠંડી રાખવા છત્રાં, શાહી ગૌરવની નિશાની રૂપ કલાત્મક છત્રીઓ અને પથ્થરની જાળીઓ જેવી હિંદી સ્થાપત્યની વિશિષ્ટતાઓને સાંકળી લઈને પશ્ચિમી સ્થાપત્ય શૈલીની અહીંની સરકારી ઈમારતો રચાઈ અને કેન્દ્રમાં પાર્લમેન્ટના ગોળાકાર મકાનની આસપાસ કોઈ ને કોઈ ઐતિહાસિક સ્થાનોને સાંકળતા વિશાળ રાજમાર્ગો, તથા વાહનવ્યવહારને આસાનીથી થાળે પાડવા એ રાજમાર્ગોના મુખ્યમુખ્ય વિશાળ ગોળાકાર સંગમસ્થાનોની વિશિષ્ટ યોજના કરવામાં આવી. ઈ. ૧૯૩૧ની ૧૦મી ફેબ્રુઆરીએ આ નવા ભવ્ય સુંદર રાજનગરને નવી દિલ્હીના નામે ખુલ્લું મૂકયાની સત્તાવાર જાહેરાત થઈ.

તા. ૧૬ / ૧૬૦૦. ધર્મના સંકુચિત ખયાલો સામે બંડ જગાવવા બદલ રોમમાં જ્યોર્ડાનો બ્રૂનોને જીવતો બાળી મૂકવામાં આવ્યો.

તા. ૧૮ / ૧૮૪૫. હૃદયના પરમ ભાવાવેશભરી ઉત્કટ ભક્તિથી પ્રેરાઈ બંગાળમાં જેમણે એક નવા સંપ્રદાયની સ્થાપના કરી એ ચૈતન્ય મહાપ્રભુનો બંગાળમાં વિદ્યાના પીઠસ્થાન ગણાતા નવદ્વીપ(નદિયા)માં જન્મ.

તા. ૨૬ / ૧૮૪૬. 'બફેલો બિલ'નો જન્મ. જ્યારે સિનેમા વગેરે જેવાં મનોરંજનનાં સાધનો નહોતાં ત્યારે કેટલાક સાહસિક કાઉબૉય અને અમેરિકન ઈંડિયનોની એક મંડળી રચીને અમેરિકાની પ્રજાને વર્ષો સુધી સાહસભર્યાં વિવિધ્ કરતુતો બતાવીને એણે અજબ લોકચાહના પ્રાપ્ત કરેલી. એનું ખરું નામ તો હતું વિલિયમ કૉડી. આયોવામાં એનો જન્મ. ચૌદ વર્ષની વયે એ 'પૉની એક્સપ્રેસ' નામની અમેરિકાની ટપાલ વ્યવસ્થામાં ઘોડેસવાર ટપાલી તરીકે જોડાએલો અને એ કામગીરી દરમિયાન અમેરિકાના વિશાળ પ્રદેશનો તથા તેમાં વસતા રેડ ઇન્ડિયનોનો સારો પરિચય પામેલો. થોડાં વર્ષ પછી ઈંડિયનો સામે લડતા અમેરિકન સૈન્ય સાથે 'સ્કાઉટ' તરીકે પણ એણે કામ કર્યું.

પણ એનું 'બફેલો બિલ' નામ તો એણે અમેરિકામાં જ્યારે કૅન્સાસ-પૅસિફિક રેલમાર્ગ બંધાયો ત્યારે એના કામદારોને માંસ પૂરું પાડવા માટે લીધેલી કામગીરી દરમિયાન ત્યાંના 'બાઈસન'–જંગલી પાડાઓનો જે ઘાણ વાળી નાખ્યો તે પરથી પડેલું. એક જ વર્ષમાં એણે પાંચ હજાર જેટલા બાઈસન મારી નાખ્યા હતા. આ પછી એણે 'વાઈલ્ડ વેસ્ટ શૉ' નામે પોતાનું ઉપર કહ્યું તે સરકસ ઊભું કરેલું. ઘોડેસવારી ને બંદૂકબાજીનાં અજબગજબ સાહસો એ પ્રદર્શિત કરતો. પણ અમેરિકન બાઈસનોના મહા સંહારક તરીકે એ વધુ ખ્યાત (કે કુખ્યાત) છે.

માસમાસ(ફેબ્રુઆરી-માર્ચ)ના આકાશમાં

ક્રાન્તિવૃત્ત પરનાં રાશિમંડળો તથા તેની નજીકનાં અન્ય અને તારામંડળોના નિશ્ચિત આકાશી વિસ્તારનો તેમજ તેમાંના મુખ્ય તારાઓનો પરિચય આપણે કરીએ છીએ. એ રીતે મૃગમંડળ બાદ અહીં 'મિથુન' (Gemini) રાશિમંડળ અને તેની દક્ષિણનાં 'શુની' (Canis minor), એકશૃંગ (Monoeers) તથા 'શ્વાન' (Canis major) તારામંડળો અહીં દર્શાવ્યાં છે. તારામંડળનાં નામ સ્પષ્ટતા ખાતર નકશામાં કૌંસમાં દર્શાવ્યાં છે.


મિથુનમાં પુરુષ (Pollux) અને પ્રકૃતિ (Castor) એ બે મુખ્ય તેજસ્વી તારા છે. પ્રકૃતિની શ્વેત તેજસ્વિતા કરતાં પુરુષનું પીળાશ પડતું તેજ વધારે છે. ક્રાન્તિ વૃત્ત એટલે કે સૂર્યના આકાશમાર્ગ પર આ મંડળ આવેલું હોઈ સૂર્ય ઉપરાંત ચંદ્ર અને અન્ય ગ્રહો આ રાશિમંડળમાંથી પસાર થતા જોવા મળે છે. આ રીતે મિથુનના મુખ્ય તારા પુરુષ કે પ્રકૃતિની પાસે ચંદ્ર કે કોઈ ગ્રહ હોય ત્યારે એનું દર્શન પ્રેક્ષણીય બની રહે છે. હાલમાં આ રાશિમંડળમાં શનિ જોઈ શકાય છે. ઈ. ૧૭૮૧માં યુરેનસ અને ઈ. ૧૯૩૦માં પ્લુટો શોધાયા ત્યારે એ ગ્રહો આ રાશિમંડળમાં જ હતા.

પ્રકૃતિ એ મૂળ ત્રણ યુગ્મતારા છે, એટલે કે કુલ છ તારા છે. આ ઉપરાંત, દૂરબીનની સગવડ હોય તો આ મંડળમાં 'મે–૩૫' તારાગુચ્છ પણ દર્શનીય છે.

મિથુનની દક્ષિણે 'શુની' (કૂતરી) છે તો નાનકડું તારામંડળ, પણ તેમાંના મુખ્ય બેમાંથી એક પ્રભાસ (Procyon) એની તેજસ્વિતાને કારણે ધ્યાન ખેંચે છે. એની પાસેનો ચળકતો તારો Gomeisa નામે ઓળખાય છે.

બીજું પાસેનું તારામંડળ 'એકશૃંગ' વિસ્તારમાં મોટું છે ખરું, પણ એના ઝાંખા તારાઓને કારણે પ્રારંભિક આકાશદર્શનમાં એનો પરિચય પામવાથી વિશેષ એનું કોઈ મહત્ત્વ નથી.

પરંતુ ત્યાર પછી દક્ષિણે 'શ્વાન મંડળ' નાનકડા વિસ્તારમાં હોવા છતાં અનેક તેજસ્વી તારાઓને કારણે વધુ આકર્ષક બની રહે છે. શ્વાનનો મુખ્ય તારક 'વ્યાધ' (Sirius) નરી આંખે દેખાતા સમગ્ર આકાશમાં સૌથી વધુ તેજસ્વી તારો છે. આપણાથી એ માત્ર ૮-૭ પ્રકાશવર્ષ જેટલો જ દૂર હોવાથી પણ કદાચ એ વધુ તેજસ્વી દેખાતો હશે, પણ છતાં યે એ સૂર્ય કરતાં ૨૬ ગણો તેજસ્વી તો છે જ. નરી આંખે દેખાતા ઝાંખા તારા કરતાં તો એ હજાર ગણો તેજસ્વી દેખાય છે. વ્યાધ પોતે પણ એક યુગ્મ તારક છે. એમાં મુખ્ય તારાની આસપાસ પ્રદક્ષિણા કરતો વામન તારો લગભગ પૃથ્વી જેવડો છે, પણ એનું દળ પૃથ્વી કરતાં ૬,૦૦,૦૦૦ ગણું ઘટ્ટ છે. શ્વાન મંડળમાં બીજા યુગ્મ અને ત્રિપુટી તારા છે અને કેટલાંક તારાગુચ્છો પણ છે. મિથુન, એકશૃંગ અને શ્વાનમાં પણ રૂપવિકારી તારા છે.



— શે'ર —

ન કે ઉદ્યાન સમજીને, ન કે વેરાન સમજીને;
જીવું છું જિંદગાની એક હું તોફાન સમજીને.

— વલી લાખાણી —


ઈરાનના સૂફી સંત જલાલુદ્દીન રૂમી પોતાના શિષ્યો સાથે મુસાફરીએ હતા ત્યાં રસ્તામાં એક ખેતરમાં પચાસેક ફૂટ ઊંડા ચાર ખાડા ખોદેલા જોયા, અને ખેડૂત પાંચમો ખોદી રહ્યો હતો. શિષ્યોએ સાશ્ચર્ય આનું રહસ્ય પૂછતાં સંત બોલ્યા : 'આ માણસ ખેતર માટે પાણી મેળવવા આ ખાડા ખોદી રહ્યો છે, ને પાણી ન નીકળતાં ઉપરાઉપર બીજા ખાડા ખોદે જાય છે. પણ આના કરતાં પોતાનો શ્રમ ફક્ત સો-દોઢસો ફૂટનો એક જ ખાડો ખોદવા પાછળ ખર્ચ્યો હોત તો જરૂર પાણી મળત, અને આમ ખાડા ખોદાઈને તેનું ખેતર બગડત નહિ. વારંવાર પોતાની શ્રદ્ધા અને પોતાનું લક્ષ બદલનારના જીવનરૂપી ખેતરની આવી જ દુર્દશા થાય છે.'

કહેવતોના અર્થ : 'પાદવાની પહોંચ નહિ, ને ગોલંદાજ થવું.'—નાનું સરખું પણ કામ કરવાની શક્તિ વિનાના માણસો મોટાં પરાક્રમોના ફડાકા મારે તેના ઉપાલંભ માટે વપરાતી ગ્રામ્ય પણ સચોટ કહેવત.

અનેકાર્થી શબ્દ : **શક** = શંકા, સંશય; એક પ્રાચીન જાતિ; સંવત; શાલિવાહને ચલાવેલો એ નામનો સંવત; છાપ કે પ્રભાવ; શિવનાં સહસ્ર નામમાંનું એક.

લાકડાના વહેરને ગુંદરના પાણીમાં પલાળી તેમાં ગરમ કરેલું મીણ થોડું રેડવું. ત્યાર બાદ તેમાં સમાય તેટલું, મશીનમાંથી નીકળેલું નકામું ક્રૂડ ઑઇલ ઉમેરવું, એટલે કુંભારની માટીના જેવા રૂપમાં લોંદો બની જશે. પછી તેને વાસણમાં ઠારી દેવું. અને રૂપિયાભાર વજનનાં ચોસલાં પાડી લેવાં. સગડી સળગાવવા માટે એક ચોસલાને કોલસાના મધ્યભાગમાં મૂકી દીવાસળીથી તેને સળગાવવાથી તરત ચોસલું સળગવા માંડશે અને તે કોલસાને સળગાવશે.

—અંબુ રાવળ



વ્યાપારને ઓથે હિંદમાં યુરોપીય પગદંડો જમાવવા માંડેલી સત્તાઓએ સિક્કા પણ પાડવા માંડેલા, તેવા ત્રણ પ્રજાઓના (પોર્ટુગીઝ, ડચ અને ડૅનિશના) સિક્કા જેવા ફ્રેન્ચ પ્રજાએ શરૂઆતમાં પાડેલો 'હિંદી-ફ્રેન્ચ' સિક્કો આ છે.

> यदीच्छसि वशीकर्त्तुम्
> जगत् एकेन कर्मणा ।
> परापवाद सस्येभ्यो
> गां चरन्तीं निवारय ॥
>
> માત્ર એક જ કાર્ય વડે જો આખા જગતને વશ કરવાની ઈચ્છા હોય તો પરનિન્દારૂપી ખેતરોમાં ચરતી વાણી રૂપી ગાયને રોકતા રહો.

ચુંબકસોયવાળા હોકાયંત્રનો ઉપયોગ લોકો ત્રણ હજાર વર્ષથી કરે છે.

ટ્યૂબ વિનાની આંટાવાળી ફાઉન્ટન પેન ઊભરાઈ જતી હોય તો તેના આંટા પર વેસેલીન લગાડવાથી અટકશે. (ઈ. હા. વ્યાસ)

દર્દી : ક્યારેક તો એવું થાય છે કે ઝેર ખાઈને મરી જાઉં.

દાક્તર : એમ મરવાની કલ્પના તમે ન કરો, બધું મારા પર છોડી દો.

ભરચક બસમાં એક ફૅશનેબલ યુવતીને પડખે ઠસીને બેઠેલો એક નાનો છોકરો પોતાના નાકમાં આવેલી લીંટ સડાક સડાક કરતો ઊંચે ચડાવ્યે જતો હતો. અંતે તંગ આવી જઈને પેલીએ છોકરાને પૂછ્યું : 'અલ્યા, તારી પાસે રૂમાલ છે કે નહિ ?'

છોકરાએ જવાબ આપ્યો : 'છે, પણ હું તે કોઈને વાપરવા આપતો નથી.'



દુનિયામાં લગભગ ૭,૫૦,૦૦૦ જેટલી જાતની જીવાત જાણીતી છે, ને હજી ઉત્તરોત્તર વધુ ને વધુ જાતની જીવાતોની માહિતી મળતી જાય છે.